# પ્રાચીન સ્તવનાવલી

(૨૪ જીનેશ્વરના ૨૨૦ પ્રાચીન સ્તવન સંપુટ)



# પ્રાચીન સ્તવનાવલી

## (૨૪ જીનેશ્વરના ૨૨૦ પ્રાચીન સ્તવન સંપુટ)

પ્રાપ્તિ સ્થાન : શ્રી હસમુખભાઈ ચુડગર
૨જો માળ, ચીનુભાઈ સેન્ટર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# દુર્લભ તકો

- પુણ્યનો રસ ઉભરાય ત્યારે ગુણાનું દ્રષ્ટિ જન્મે.
- પુણ્યનો રસ છલકાય ત્યારે શ્રી વીતરાગ પરમાત્માના ગુણો ઓળખાય.
- અંતર-દ્રષ્ટિ ખૂબ નિર્મળ થાય ત્યારે શ્રી વીતરાગ પરમાત્માના ગુણો ગાવાની તક મળે. ભક્તિરાગના નામે મહોત્સવોમાં શાસન પ્રભાવનાના નામે ફિલ્મી સંગીતને જાણે અજાણે અગ્રપદ અપાતું જાય જે ઉચીત નથી. આ સ્તવન સંગ્રહની ઓડીયો કેસેટમાં શાસ્ત્રીય રાગ આધારીત અને દેશી ઢાળોમાં સ્તવનો ગવાયેલ છે.
- આત્મા વિકાસની પરમોચ્ચ ભૂમિકા નજીક આવે ત્યારે પરમાત્માના ગુણોની પ્રમોદભાવે ચિંતના કરવાનો ધન્ય અવસર મળે.

# કિંચિદ્ કથનં

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા બનાવવાનું અમોઘ સાધન છે... પ્રભુને રોજ ભજવા છતાં પરમાત્મામય બની શકાતું નથી... પ્રભુભજને આંખ ભીની થાય... અંતર ગદ્ગદ્ થાય... કાંઈક અનોખી અનુભૂતિ થાય એ માટેનો આંશિક પ્રયત્ન અદ્યતન સાધનો–ઓડીયો દ્વારા અને વર્તમાનકાલિન સંગીત વિશારદોના કંઠે શાસ્ત્રીય રાગની ઝલક જળવાય તેવા ઉદ્દેશથી આ સાથે ૨૨૦ સ્તવનોનો સંપુટ આમાં સંગ્રહિત છે... એકલા એકલા પણ ગાતો માનવ, નિજમસ્તીમાં મસ્ત કહેવાય... ચાલો ગાવા માટે અને પ્રભુભક્તિમાં તન્મય થવા તથા એ દ્વારા આત્માની અનુભૂતિમાં મહાલવા ડગ માંડીએ.

પૂર્વકાલિન મહાપુરૂષો–પ્રભુભક્તોના શબ્દો–રચના જેમાં સંગ્રહિત કરી છે તેમાંથી આ થોડોક રસાસ્વાદ છે...

**પં. નંદીભૂષણવિજયજી મ.**

# ઓડીયો સીડી ભાગ-૧


| ક્રમ | સ્તવન | સ્તવન સંખ્યા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | શ્રી ઋષભ જિણંદ સ્તવના | ૮ | ૧ |
| ૨. | શ્રી અજિતનાથ સ્વામી સ્તવના | ૯ | ૧૩ |
| ૩. | શ્રી સંભવનાથ જિન સ્તવના | ૧૧ | ૨૭ |
| ૪. | શ્રી અભિનંદન સ્વામી સ્તવના | ૧૩ | ૪૩ |
| ૫. | શ્રી સુમતિનાથ જિન સ્તવના | ૧૧ | ૬૧ |
| ૬. | શ્રી પદ્મપ્રભ ભગવાન સ્તવના | ૬ | ૭૫ |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથ સ્તવના | ૬ | ૮૩ |
| ૮. | શ્રી ચંદ્રપ્રભુ સ્તવના | ૬ | ૯૧ |
| ૯. | શ્રી સુવિધિનાથ સ્તવના | ૬ | ૧૦૩ |
| ૧૦. | શ્રી શીતલ જિન સ્તવના | ૧૦ | ૧૧૧ |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ સ્તવના | ૬ | ૧૨૩ |
| ૧૨ | શ્રી વાસુપૂજ્યજી સ્તવના | ૧૦ | ૧૩૩ |
| ૧૩. | શ્રી વિમલનાથ જિન સ્તવના | ૯ | ૧૪૭ |

## ઓડીયો સીડી ભાગ-૨


| ક્રમ | સ્તવન | સ્તવન સંખ્યા | પેજ નં. |
|---|---|---|---|
| ૧૪. | શ્રી અનન્તનાથ ભગવાન સ્તવના | ૬ | ૧૫૯ |
| ૧૫. | શ્રી ધર્મનાથ ભગવાન સ્તવના | ૬ | ૧૬૭ |
| ૧૬. | શ્રી શાંતિ જિન સ્તવના | ૧૦ | ૧૭૫ |
| ૧૭. | શ્રી કુંથુનાથ જિન સ્તવના | ૧૩ | ૧૯૧ |
| ૧૮. | શ્રી અરનાથ ભગવાન સ્તવના | ૬ | ૨૦૭ |
| ૧૯. | શ્રી મલ્લિનાથ ભગવાન સ્તવના | ૬ | ૨૧૫ |
| ૨૦. | શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવના | ૧૦ | ૨૨૫ |
| ૨૧. | શ્રી નમિનાથજી ભગવાન સ્તવના | ૬ | ૨૪૧ |
| ૨૨. | શ્રી નેમિનાથ સ્તવના | ૧૧ | ૨૪૯ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ ભગવાન સ્તવના | ૧૦ | ૨૬૫ |
| ૨૪. | શ્રી મહાવીરસ્વામી સ્તવના | ૧૨ | ૨૭૯ |
| ૨૫. | શ્રી સામાન્ય જિન સ્તવના... | ૧૦ | ૨૯૯ |
| ૨૬. | શ્રી શત્રુંજયધણી વિનતિરૂપ સ્તવના | ૧ | ૩૧૭ |
| | અંતિમ ભાવના.... | | ૩૨૧ |


જયોં જયોં
પ્રથમ જિણંદ
શ્રી ઋષભ જિણંદ વંદના
સ્વર : જયદીપ સ્વાદીયા



# જયોં જયોં પ્રથમ જિણંદ

૧. દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો – શ્રી વીરવિજયજી મહારાજ

૨. ઋષભદેવ હિતકારી જગતગુરુ – શ્રી યશોવિજયજી મહારાજ

૩. પ્રથમ-જિણેસર પૂજવા – શ્રી ખિમાવિજયજી મહારાજ

૪. જગચિંતામણિ જગગુરૂ – શ્રી પદ્મવિજયજી મહારાજ

૫. ઋષભ-જિણંદા ! ઋષભ-જિણંદા – શ્રી માનવિજયજી મહારાજ

૬. જગજીવન જગવાલ હો – શ્રી યશોવિજયજી મહારાજ

૭. સુગુણ સોભાગી સાચો સાહિબો હોજી – શ્રી કાંતિવિજય મહારાજ

૮. ઋષભ-જિનેશ્વર પ્રીતમ' માહરો રે – શ્રી આનંદઘનજી મહારાજ

# ૧. શ્રી ઋષભ જિણંદ સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય વીરવિજયજી મહારાજ**

દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો, દાદા દરિશન દ્યો;
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે; કોઈ આવે પગપાળે,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર. દાદા આદિ ૧.
શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચઢે પલાણે; હું આવું પગપાળે,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર, દાદા આદિ. ૨
કોઈ મૂકે સોના રૂપા, કોઈ મૂકે મહોર; હું મૂકું ચપટી ચોખા,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર. દાદા આદિ. ૩
શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર; હું મૂકું ચપટી ચોખા,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર. દાદા આદિ. ૪
કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ; કોઈ માંગે ચરણોની સેવા,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર. દાદા આદિ. ૫
પાંગળો માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ;
હું માંગું ચરણોની સેવા, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર; દાદા. આદિ. ૬
હીરવિજય ગુરૂ હીરલો ને, વીરવિજય ગુણ ગાય;
શેત્રુંજયના દર્શન કરતાં, આનંદ અપાર, હાં હાં આનંદ અપાર દાદા; આદિ. ૭

**कर्ता : श्री पूज्य वीरविजयजी महाराज**

दादा आदीश्वजी, दूरथी आव्यो, दादा दरिशन ध्यो;

कोई आवे हाथी घोडे, कोई आवे चढे पलाणे; कोई आवे पगपाळे,

दादाने दरबार, हां हां दादाने दरबार. दादा आदि. १.

शेठ आवे हाथी घोडे, राजा आवे चढे पलाणे; हुं आवुं पगपाळे,

दादाने दरबार, हां हां दादाने दरबार, दादा आदि. २

कोई मूके सेना रूपा, कोई मूके महोर; हुं मूकुं चपटी चोखा,

दादाने दरबार, हां हां दादाने दरबार. दादा आदि. ३

शेठ मूके सोना रूपा, राजा मूके महोर; हुं मूकुं चपटी चोखा,

दादाने दरबार, हां हां दादाने दरबार. दादा आदि. ४

कोई मांगे कंचन काया, कोई मांगे आंख; कोई मांगे चरणोनी सेवा,

दादाने दरबार, हां हां दादाने दरबार. दादा आदि. ५

पांगळो मांगे कंचन काया, आंधळो मांगे आंख;

हुं मांगुं चरणोनी सेवा, दादाने दरबार,

हां हां दादाने दरबार; दादा आदि. ६

हीरविजय गुरु हीरलो ने, वीरविजय गुण गाय;

शेत्रुंजयना दर्शन करतां, आनंद अपार, हां हां आनंद अपारदादा;आदि. ७

---

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

ઋષભદેવ હિતકારી જગતગુરુ ! ઋષભદેવ હિતકારી !
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ બ્રહ્મચારી–જગત૦ ॥૧॥
વરસીદાન દેઈ તુમ જગમેં, [૧] ઈલતિ ઈતિ નિવારી ।
તૈસી કાહી કરતું ! નાહી કરૂના, સાહિબ ! બેર હમારી જગત૦ ॥૨॥
માંગત નહીં હમ હાથી–ઘોરે, ધન[૨]–કણ–કંચન નારી ।
દિઓ મોહિ ચરન–કમલકી સેવા, યાહિ લગત મોહે પ્યારી–જગત૦ ॥૩॥
ભવલીલા–વાસિત સુર ડારે, તુમ પર સબહી ઉવારી ।
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી–જગત૦ ॥૪॥
એસો સાહિબ નહિ કોઉ જગમેં, યાસું હોય[૩] દિલદારી ।
દિલ હી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હક ખેંચે ગમારી–જગત૦ ॥૫॥
તુમ હી સાહિબ મૈં હૂં [૪] બંદા, યા મત દિઓ વિસારી ।
શ્રી નયવિજય વિબુધ સેવક કે, તુમ હો પરમ ઉપકારી–જગત૦ ॥૬॥

---

૧. ઉપદ્રવ ૨. અનાજ ૩. મનમેળ ૪. સેવક

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज**

ऋषभदेव हितकारी जगतगुरु ! ऋषभदेव हितकारी !
प्रथम तीर्थंकर प्रथम नरेसर, प्रथम यति ब्रह्मचारी-जगत० ॥१॥
वरसीदान देई तुम जगमें, [1] ईलति इति निवारी ।
तैसी काही करतुं ! नाही करुना, साहिब ! बेर हमारी-जगत० ॥२॥
मांगत नहीं हम हाथी-घोरे, धन[2]-कण-कंचन नारी ।
दिओ मोहि चरन-कमलकी सेवा, याहि लगत मोहे प्यारी - जगत ०॥३॥
भवलीला-वासित सुर डारे, तुम पर सबही उवारी ।
में मेरो मन निश्चिल कीनो, तुम आणा शिर धारी-जगत० ॥४॥
ऐसो साहिब नहि कोउ जगमें, यासुं होय [3] दिलदारी ।
दिल ही दलाल प्रेम के बीचे, तिहां हक खेंचे गमारी-जगत० ॥५॥
तुम ही साहिब मैं हूं [4] बंदा, या मत दिओ विसारी ।
श्री नयविजय विबुध सेवक के, तुम हो परम उपकारी-जगत० ॥६॥

---

**કર્તા : શ્રી પૂજ્ય ખિમાવિજયજી મહારાજ**

પ્રથમ-જિણેસર પૂજવા, સહિયર મ્હારી ! અંગ ઉલટ[1] ધરી આવ ! હો
કેસર ચંદન મૃગમદે[2] સહિ૦ સુંદર આંગી બનાવ ! હો
સહજ સલૂણો[3] મ્હારો, શમ-સુખલીનો મ્હારો
જ્ઞાનમાં ભીનો મ્હારો સાહિબો, સહિયર મ્હારી ! જયો ! જયો પ્રથમ-જિણંદ ! હો સહજ૦(૧)
ધન્ય મરૂદેવી કૂખને સહિ૦ વારી જાઉં વાર હજાર હો
સ્વર્ગ શિરોમણીને તજી, સહિ૦ જિહાં પ્રભુ લીએ અવતાર. હો-સહજ૦ (૨)
દાયક[4]-નાયક જન્મથી, સહિ૦ લાજ્યો સુરતરૂ[5]-વૃંદ હો
યુગલા-ધરમ-નિવારણો, સહિ૦ જે થયો પ્રથમ-નરિંદ હો-સહજ૦ (૩)
લોકનીતિ સહુ શીખવી, સહિ૦ દાખવા મુક્તિનો રાહ[6] હો
રાજ્ય ભળાવી પુત્રને, સહિ૦ પામ્યો ધર્મ-પ્રવાહ હો -સહજ૦ (૪)
સંયમ લેઈ સંચર્યો, સહિ૦ વરસ લગે વિણ આહાર હો શેલડી રસ સાટે[7] દીઓ,
સહિ૦ શ્રેયાંસને સુખ સાર[8] હો-સહજ૦ (૫)
મોટા મહંતની ચાકરી, સહિ૦ નિષ્ફળ કદી ય ન થાય હો
મુનિપણે નમિ-વિનમિ કર્યા સહિ૦ ખીણમાં ખેચર-રાય હો - સહજ૦ (૬)
જનનીને કીઓ ભેટણો, સહિ૦ કેવળ-રત્ન અનૂપ[9] હો
પહિલી માતા મોકલી, સહિ૦ જોવા શિવ-વહૂ-રૂપ હો - સહજ૦(૭)
પુત્ર નવાણું પરિવર્યો, સહિ૦ ભરતના નંદન આઠ હો
આઠ કરમ અષ્ટપદે, સહિ૦ યોગ-નિરોધે નાઠ હો-સહજ૦ (૮)
તેહના બિંબ સિદ્ધાચલે, સહિ૦ પૂજો પાવન-અંગ હો
ક્ષમાવિજય-જિન નિરખતાં, સહિ૦ ઉછળે હરખ-તરંગ હો-સહજ૦ (૯)

---

૧. હર્ષ-આનંદ ૨. કસ્તુરીથી ૩. સુંદર-શ્રેષ્ઠ ૪. દાતાઓના નાયક ૫. કલ્પવૃક્ષનો સમૂહ ૬. માર્ગ
૭. વાદળામાં ૮. ઉત્તમ ૯. અદ્‌ભુત-અપૂર્વ

**कर्ता : श्री पूज्य खिमाविजयजी महाराज**

प्रथम-जिणेसर पूजवा, सहियर म्हारी ! अंग उलट[१] धरी आव ! हो
केसर चंदन मृगमदे,[२] सहि० सुंदर आंगी बनाव ! हो
सहज सलूणो[३] म्हारो, शम-सुखलीनो म्हारो
ज्ञानमां भीनो म्हारो साहिबो, सहियर म्हारी ! ज्यो ! ज्यो प्रथम-जिणंद ! हो-सहज० (१)
धन्य मरुदेवी कूखने सहि० वारी जाउं वार हजार हो
स्वर्ग शिरोमणिने तजी, सहि० जिहां प्रभु लीए अवतार. हो-सहज०(२)
दायक[४]-नायक जन्मथी, सहि० लाज्यो सुरतरु[५] वृंद हो
युगला-धरम-निवारणो, सहि० जे थयो प्रथम-नरिंद हो-सहज० (३)
लोकनीति सहु शीखवी, सहि० दाखवा मुक्तिनो राह[६] हो
राज्य भळावी पुत्रने, सहि० पाम्यो धर्म-प्रवाह हो- सहज०(४)
संयम लेई संचर्यो, सहि० वरस लगे विण आहार हो
शेलडी रस साटे[७] दीओ, सहि० श्रेयांसने सुख सार[८] हो-सहज०(५)
मोटा महंतनी चाकरी, सहि० निष्फळ कदी य न थाय हो
मुनिपणे नमि-विनमि कर्या सहि० खीणमां खेचर-राय-हो-सहज० (६)
जननीने कीओ भेटणो, सहि०केवळ-रत्न अनूप[९] हो
पहिली माता मोकली, सहि० जोवा शिव-वहू-रूप हो-सहज० (७)
पुत्र नवाणुं परिवर्यो, सहि० भरतना नंदन आठ हो
आठ करम अष्टपदे, सहि० योग-निरोधे नाठ हो-सहज० (८)
तेहना बिंब सिद्धाचले, सहि० पूजो पावन -अंग हो
क्षमाविजय-जिन निरखतां, सहि० उछळे हरख-तरंग हो - सहज०(९)

---

**કર્તા : શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ**

જગચિંતામણિ જગગુરૂ, જગત શરણ આધાર–લાલ રે,
અઢાર કોડાકોડી સાગરે, ધરમ ચલાવણહાર–લાલ રે–જગ૦ (૧)
આસાઢ વદિ ચોથેં પ્રભુ, સ્વર્ગથી લિયે અવતાર–લાલ રે
ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર–લાલ રે–જગ૦(૨)
પાંચસેં ધનુષની દેહડી, સોવન વરણ શરીર–લાલ રે
ચૈતર વદિ આઠમેં લિયેં, સંજમ મહા–વડવીર–લાલ રે–જગ૦(૩)
ફાગુણ વદિ ઈગ્યારસેં, પામ્યા પંચમ નાણ–લાલ રે
મહા વદિ તેરસે શિવ વર્યા, જોગ નિરોધ કરી ઝાણ લાલ રે–જગ૦(૪)
ચોરાશી લાખ પૂર્વનું, જિનવર ઉત્તમ આય–લાલ રે
પદ્મવિજય કહે પ્રણમતાં, વહેલું શિવસુખ થાય લાલ રે–જગ૦(૫)

**कर्ता : श्री पूज्य पद्मविजयजी महाराज**

जगचिंतामणि जगगुरु, जगत शरण आधार-लाल रे,
अढार कोडाकोडी सागरे, धरम चलावणहार-लाल रे-जग०(१)
आसाढ वदि चोथें प्रभु, स्वर्गथी लिये अवतार-लाल रे
चैतर वदि आठम दिने, जनम्या जगदाधार-लाल रे-जग०(२)
पांचसें धनुषनी देहडी, सोवन वरण शरीर-लाल रे
चैतर वदि आठमें लियें, संजम महा-वडवीर-लाल रे-जग०(३)
फागुण वदि इग्यारसें, पाम्या पंचम नाण-लाल रे
महा वदि तेरसे शिव वर्या, जोग निरोध करी झाण लाल रे-जग०(४)
चोराशी लाख पूर्वनुं, जिनवर उत्तम आय-लाल रे
पद्मविजय कहे प्रणमतां वहेलुं शिवसुख थाय लाल रे-जग०(५)

---

**કર્તા : શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ**

ઋષભ-જિણંદા ! ઋષભ-જિણંદા, તુમ દરિશણ હુએ પરમાણંદા,
અહ-નિશિ ધ્યાઉં તુમ દીદારા,[1] મહિર[2] કરીને કરજ્યો પારા-ઋષભ (૧)
આપણને પૂંઠે[3] જે વળગા, કિમ સરે ? તેહને કરતાં અળગા[4]
અળગા કીધા પણ રહે વળગા મોર-પીંછ પરે ન હુએ ઉભગા[4] - ઋષભ (૨)
તુમ્હ પણ અળગા થયેં કિમ સરશે[6] ? ભગતી ભલી આકરષી લેશે,
ગગને ઊડે દૂરે પડાઈ[7], દોરીબળે હાથે રહી આઈ-ઋષભ (૩)
મુજ મનડું છે ચપળ સ્વભાવે, તોહે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે[8]
તું તો સમય-સમય બદલાયે, ઈમ કિમ પ્રીતિ-નિહાવો[9] થાયે ?-ઋષભ(૪)
તે માટે તું સાહિબ માહરો ! હું છું સેવક ભવો - ભવ તાહરો !
એહ સંબંધમાં મ હજો ખામી, વાચક માન કહે શિર-નામી-ઋષભ (૫)

**कर्ता : श्री पूज्य मानविजयजी महाराज**

ऋषभ-जिणंदा ! ऋषभ-जिणंदा ! तुम-दरिशण हुए परमाणंदा,
अह- निशि ध्याउं तुम दीदारा,[1] महिर[2] करीने करज्यो पारा-ऋषभ(१)
आपणने पूंठे[3] जे वळगा, किम सरे ? तेहने करतां अळगा[4]
अळगा कीधा पण रहे वळगा, मोर-पींछ परे न हुए उभगा[5] - ऋषभ (२)
तुम्ह पण अळगा थयें किम सरशे[6], भगती भली आकरषी लेशे,
गगने ऊडे दूरे पडाई[7], दोरीबळे हाथे रही आई-ऋषभ (३)
मुज मनडुं छे चपळ स्वभावे, तोहे अंतर्मुहूर्त प्रस्तावे[8]
तुं तो समय-समय बदलाये, ईम किम प्रीति-निहावो[9] थाये ?-ऋषभ (४)
ते माटे तुं साहिब माहरो ! हुं छुं सेवक भवो - भव ताहरो !
एह संबंधमां म हजो खामी, वाचक मान कहे शिर-नामी-ऋषभ (५)

---

૧. ચહેરો, મૂર્તિ ૨. મહેરબાની, કરુણા ૩. પાછળ ૪. જુદા ૫. દૂર=જુદા ૬. ચાલશે ૭. પતંગ
૮. સમયોચિત અનુકૂળ થાય ૯. પ્રેમનો નભાવ

**કર્તા : શ્રી પૂજ્ય ઉ. યશોવિજયજી મહારાજ**

જગજીવન જગવાલ[૧] હો, મરૂદેવીનો નંદ-લાલ રે
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહિ - આણંદ - લાલ રે જગ ૦(૧)
આંખડી અંબુજ[૨] પાંખડી, અષ્ટમી[૩]-શશિ-સમ ભાલ[૪]-લાલ રે
વદન[૫] તે શારદ[૬]- ચંદલો, વાણી અતિહિ-રસાળ -લાલ રે જગ ૦(૨)
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય[૭] સહસ ઉદાર-લાલ રે
રેખા કર-ચરણાદિ'કે, અભ્યંતર[૮] નહિ પાર-લાલ રે જગ૦ (૩)
ઈન્દ્ર-ચન્દ્ર રવિ-ગિરિ તણા, ગુણ[૯] લેઈ ઘડીઉં અંગ-લાલ રે
ભાગ્ય કિહાં થકી આવીયું ? અચરિજ એહ ઉત્તંગ-લાલ રે જગ ૦(૪)
ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ -લાલ રે
વાચક જશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ[૧૦] -લાલ રે જગ ૦ (૫)

**कर्ता : श्री पूज्य उ. यशोविजयजी महाराज**

जगजीवन जगवाल[१] हो, मरुदेवीनो नंद-लाल रे
मुख दीठे सुख उपजे, दरिशण अतिहि - आणंद -लाल रे जग० (१)
आंखडी अंबुज[२] पांखडी, अष्टमी[३]-शाशि-सम भाल[४]-लाल रे
वदन[५] ते शारद[६]-चंदलो, वाणी अतिहि-रसाळ-लाल रे जग०(२)
लक्षण अंगे विराजतां, अडहिय[७] सहस उदार-लाल रे
रेखा कर-चरणादि'के, अभ्यंतर[८] नहि पार-लाल रे जग० (३)
ईन्द्र-चंद्र रवि-गिरि तणा, गुण[९] लेई घडीउं अंग-लाल रे
भाग्य किहां थकी आवीयुं ? अचरिज एह उत्तंग - लाल रे जग० (४)
गुण सघळा अंगे कर्या, दूर कर्या सवि दोष-लाल रे
वाचक जश विजये थुण्यो, देजो सुखनो पोष[१०]-लाल रे जग० (५)

---

૧. જગતને વાલમ = પ્રિય અથવા જગવાલ = જગપાલ-જગતના પાલન કરનારા (આ અર્થમાં હો એ રાગપૂર્તિવાંચી શબ્દ ગણી જુદો સમજવો) ૨. કમળ ૩. આઠમના અર્ધવૃત્તાકાર ચંદ્ર જેવા ૪. કપાળ, લલાટ ૫. મુખ ૬. શરદઋતુની પૂર્ણિમાનો ચંદ્ર ૭. એક હજાર આઠ ૮. અંતરંગ ઉદાત્ત ગુણરૂપ લક્ષણો ૯. ઈંદ્રનું ઐશ્વર્ય, ચંદ્રની સૌમ્યતા, સૂર્યની તેજસ્વિતા, ગિરિ પર્વત = મેરૂ પર્વતની ધીરતા ૧૦. પોષણ = વધારો

**કર્તા : શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ**

સુગુણ (૨) સોભાગી સાચો સાહિબો હોજી, મીઠડો[1] આદિ જિણંદ,
મોહન (૨) સૂરતી[2] રૂડી દેખતાં હોજી, વાધે પરમ આણંદ–સુ૦ (૧)
સુંદર (૨) જિન ચિતડે ચડ્યો હોજી, ચોકસ પદહ[3] ઠરાય
વેધક (૨) તન મનનો થયો હોજી, ઉતારયો કિમ જાય ? –સુ૦ (૨)
તુજ ગુણ (૨) કહીવા મુજ જીભડી હોજી, રાતી રંગે રહંત
અંતર (૨) ગતની જે વાતડી હોજી, તે મુખે આવી ચડંત–સુ૦ (૩)
કામણ (૨) ગારો પ્યારો પ્રાણથી હોજી, ભેટણ ઉજમ[4] અંગ
ચંદન (૨) થી અતિ શીતલો હોજી, જગમાં ઉત્તમ સંગ–સુ૦(૪)
ત્રિકરણ (૨) શું તુજથી કરયો હોજી, નવલો પ્રેમ પ્રકાશ
દિલભરી (૨) કાંતિવિજય તણા હોજી, પૂરો પ્રેમ–પ્રકાશ–સુ૦(૫)

**कर्ता : श्री पूज्य कांतिविजयजी महाराज**

सुगुण (२) सोभागी साचो साहिबो होजी, मीठडो[1] आदि जिणंद,
मोहन (२) सूरती[2] रूडी देखतां होजी, वाधे परम आणंद–सु० (१)
सुंदर (२) जिन चितडे चड्यो होजी, चोकस पदह[3] ठराय
वेधक (२) तन मननो थयो होजी, उतारयो किम जाय ? - सु० (२)
तुज गुण (२) कहीवा मुज जीभडी होजी, राती रंगे रहंत
अंतर (२) गतनी जे वातडी होजी, ते मुखे आवी चडंत–सु०(३)
कामण (२) गारो प्यारो प्राणथी होजी, भेटण उजम[4] अंग
चंदन (२) थी अति शीतलो होजी, जगमां उत्तम संग–सु०(४)
त्रिकरण (२) शुं तुजथी करयो होजी, नवलो प्रेम प्रकाश
दिलभरी (२) कांतिविजय तणा होजी, पूरो प्रेम–प्रकाश–सु०(५)

---

૧. વ્હાલો ૨. ચહેરો ૩. સ્થાન ૪. ઉમંગવાળું

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

ઋષભ-જિનેશ્વર પ્રીતમ[1] માહરો રે, ઓર[2] ન ચાહું રે કંત[3] ।
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે[4] સાદિ-અનંત. ઋ૦ ॥૧॥
પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત-સગાઈ ન કોય ।
પ્રીત-સગાઈ રે "નિરૂપાધિક"[5] કહી રે, સોપાધિક[6] ધન ખોય ઋ૦ ॥૨॥
કોઈ કંત-કારણ કાષ્ટભક્ષણ[7] કરે રે, "મિલશું કંતને ધાય"[8]।
એ મેળો નવિ કહીયેં સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋ૦ ॥૩॥
એ પતિ-રંજન[9] અતિ[10]-ઘણો તપ કરે, પતિ-રંજન તન-તાપ[11] ।
એ પતિ-રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, "રંજન ધાતુ[12] -મિલાપ" ઋ૦ ॥૪॥
કોઈ કહે - "લીલા રે અ-લખ અ-લખ[13] તણી રે, લખ[14] પૂરે મન આશ" ।
દોષ-રહિતને લીલા નવિ ઘટે રે; લીલા દોષ-વિલાસ[15] ઋ૦ ॥૫॥
ચિત્ત પ્રસન્ન રે પૂજન -ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ ।
કપટ - રહિત થઈ આતમ-અરપણા રે, આનંદઘન પદ રેહ[16] ઋ૦ ॥૬॥

---

૧. ધણી ૨. બીજો ૩. ધણી ૪. સાદિ અનંત ભાંગો-એ જૈન સિદ્ધાંતનો પારિભાષિક શબ્દ છે, કે જેની આદિ છે પણ અંત નથી એવા ભાંગે કરીને ૫. ઉપાધિ= મમત્વ વગરની ૬. ઉપાધિ=રાગવાળી ૭. સતી થાય-બળી મરે છે ૮. દોડીને ૯. ધણીને રાજી કરવા ૧૦. બહુ જ ૧૧. શરીરને તપાવવું ૧૨. પ્રકૃતિના મળવાથી ૧૩. ન લખી શકાય એવી ૧૪. લાખો ૧૫. દોષની લ્હેર ૧૬. રેખા.

**कर्ता : श्री पूज्य आनंदधनजी महाराज**

ऋषभ-जिनेश्वर प्रीतम[1] माहरो रे, ओर[2] न चाहुं रे कंत[3] ।
रीझ्यो साहिब संग न परिहरे रे, भांगे[4] सादि-अनंत. ऋ० ॥१॥
प्रीत-सगाई रे जगमां सहु करे रे, प्रीत-सगाई न कोय ।
प्रीत-सगाई रे ''निरुपाधिक''[5] कही रे, सोपाधिक[6] धन खोय ऋ० ॥२॥
कोई कंत-कारण काष्टभक्षण[7] करे रे, ''मिलशुं कंतने धाय''[8]।
ए मेळो नवि कहीयें संभव रे, मेळो ठाम न ठाय. ऋ-० ॥३॥
ए पति-रंजन[9] अति[10]- घणो तप करे, पति-रंजन तन-ताप[11]।
ए पति-रंजन में नवि चित्त धर्युं रे, ''रंजन धातु[12]-मिलाप'' ऋ० ॥४॥
कोई कहे-''लीला रे अ-लख अ-लख[13] तणी रे, लख[14] पूरे मन आश'' ।
दोष-रहितने लीला नवि घटे रे; लीला दोष-विलास[15] ऋ० ॥५॥
चित्त प्रसन्न रे पूजन-फळ कह्युं रे, पूजा अखंडित एह ।
कपट-रहित थई आतम-अपरणा रे, आनंदधन पद रेह[16] ऋ० ॥६॥


પંથડો નિહાળુ રે
બીજા જિનતણો રે
શ્રી અજિતનાથ સ્વામી સ્તવના
સ્વર સંગીત : દક્ષેશ શાહ



પંથડો નિહાળુ રે
બીજા જિનતણા રે

# શ્રી અજિતનાથ સ્વામી સ્તવના


| | | | |
|---|---|---|---|
| ૧. | શુભ વેળા શુભ અવસરે રે | – | શ્રી પૂજ્ય હંસરત્નજી મહારાજ |
| ૨. | પ્રીતલડી બંધાણી રે | – | શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ |
| ૩. | પંથડો નિહાળું રે | – | શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ |
| ૪. | અજિત જિણંદશ્યું પ્રીતડી | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૫. | અજિતજિણંદા સાહિબ | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૬. | તું ગત મેરી જાને | – | શ્રી પૂજ્ય અમૃતવિજયજી મહારાજ |
| ૭. | અજિત–જિણેસર ! ચરણની સેવા | – | શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ |
| ૮. | જયકારી અજિત–જિનેશ | – | શ્રી પૂજ્ય મેઘવિજયજી મહારાજ |
| ૯. | અજિત–જિન ! તુમ શું પ્રીતિ | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિજી મહારાજ |

## ૨. શ્રી અજિતનાથ સ્વામી સ્તવના - ।

**કર્તાઃ શ્રી પૂજ્ય હંસરત્નજી મહારાજ**

શુભ વેળા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુ શું નેહ
વાધે મુજ મન વાલહો[૧] રે, દિન દિન બમણો નેહ-
અજિત- જિન! વીનતડી અવધાર,
મન માહરું લાગી રહ્યું રે તુજ ચરણે એકતાર - અજિત૦(૧)
હિયડું મુજ હેજાળવું[૨] રે, કરી ઉમાહો[૩] અપાર
ઘડીઘડીને અંતરે રે, ચાહે તુજ દીદાર[૪]- અજિત૦(૨)
મીઠો અમૃતની પરે રે, સાહેબ! તાહરો રે સંગ
નયણે નયણ નિહાળતાં રે, શીતળ થાય અંગ -અજિત૦(૩)
અવશ્યપણે[૫] એક ઘડી રે, જાયે તુજ વિણ જેહ
વરસાં સો મમ[૬] સાહિબા રે! મુજ મન લાગે તેહ - અજિત૦(૪)
તુજને તો મુજ ઉપરે રે, નેહ ન આવે કાંય
તો પણ મુજ મન લાલચી રે, ખિણ અળગો નવિ થાય - અજિત૦(૫)
આસંગાયત[૭] આપણો રે, જાણીને જિનરાય
દરશણ દીજે દીન પ્રતે રે, હંસરત્ન સુખ થાય - અજિત૦(૬)

---

૧. હે ! વ્હાલા ૨. પ્રેમભર્યું ૩. ઉમંગ ૪. ચેહરો=દર્શન ૫. પરાધીનપણે ૬. જેવી ૭. અત્યંત રાગવાળો.

कर्ता: श्री पूज्य हंसरत्नजी महाराज - 2

शुभ वेळा शुभ अवसरे रे, लाग्यो प्रभु शुं नेह
वाधे मुज मन वालहो रे, दिन दिन बमणो नेह -
अजित-जिन! वीनतडी अवधार,
मन माहरुं लागी रह्युं रे तुज चरणे एकतार-अजित०(१)
हीयडुं मुज हेजाळवुं रे, करी उमाहो अपार
घडीघडीने अंतरे रे, चाहे तुज दीदार-अजित०(२)
मीठो अमृतनी परे रे, साहेब! ताहरो रे संग
नयणे नयण निहाळतां रे, शीतळ थाय अंग-अजित०(३)
अवश्यपणे एक घडी रे, जाये तुज विण जेह
वरसां सो ममसाहिबा रे! मुज मन लागे तेह-अजित०(४)
तुजने तो मुज उपरे रे, नेह न आवे कांय
तो पण मुज मन लालजी रे, खिण अळगो नवि थाय-अजित०(५)
'आसंगायत' आपणो रे, जाणीने जिनराय
दरशण दीजे दीन प्रते रे, हंसरत्न सुख थाय-अजित०(६)

**કર્તાઃ શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ** ૩

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું;
જલદઘટા જિમ શિવસુત વાહન દાયજો. પ્રી.૧
નેહઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો;
મારે તો, આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુજ્જ જો પ્રી.૨
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરીને રહું,
બિરૂદ તમારૂં તરણતારણ જહાજ જો પ્રી.૩
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાળ જો;
તુજ કરૂણાની લહેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો પ્રી.૪
કરૂણાદ્રષ્ટિ કીધી રે સેવક ઉપરે;
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનવાંછિત ફળીયા રે જિન આલંબને,
કર જોડીને, મોહન કહે મનરંગ જો પ્રી.૫

**कर्ता: श्री पूज्य मोहनविजयजी महाराज** 4

प्रीतलडी बंधाणी रे अजित जिणंदशुं,
प्रभु पाखे क्षण एक मनें न सुहाय जो;
ध्याननी ताळी रे लागी नेहशुं;
जलदघटा जिम शिवसुत वाहन दायजो. प्री.१
नेहघेलुं मन मारुं रे प्रभु अलजे रहे,
तन मन धन ए कारणथी प्रभु मुज जो;
मारे तो, आधार रे साहिब रावळो,
अंतरगतनी प्रभु आगळ कहुं गुज्झ जो. प्री.२
साहेब ते साचो रे जगमां जाणीए,
सेवकनां जे सहेजे सुधारे काज जो;
एहवे रे आचरणे केम करीने रहुं,
बिरुद तमारुं तरणतारण जहाज जो. प्री.३
तारकता तुज मांहे रे श्रवणे सांभळी,
ते भणी हुं आव्यो छुं दीन दयाळ जो;
तुज करुणानी लहेरे मुज कारज सरे,
शुं घणुं कहीऐ जाण आगळ कृपाळ जो. प्री.४
करुणाद्रष्टि कीधी रे सेवक उपरे;
भव भय भावठ भांगी भक्ति प्रसंग जो;
मनवांछित फळीया रे जिन आलंबने,
कर जोडीने, मोहन कहे मनरंग जो. प्री.५

**કર્તાઃ શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ** 5

પંથડો[1] નિહાળું[2] રે બીજા જિનતણો રે, અ-જિત અજિત[3] ગુણધામ।
જે તેં જીત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિશ્યું મુજ નામ? -પં૦॥૧॥
ચરમ[4]-નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર।
જેણે નયણે કરી મારગ જોઈયેં રે, નયણ તે દિવ્ય[5] વિચાર -પં૦॥૨॥
પુરુષ - પરંપર[6] અનુભવ જોવતાં રે, અંધો-અંધ પુલાય[7]।
વસ્તુ વિચારે રે જો આગમ કરી રે, ચરણ-ધરણ[8] નહીં ઠાય -પં૦॥૩॥
તર્ક વિચારે રે, વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય।
અભિમત વસ્તુ રે વસ્તુગતેં કહે રે, તે વિરલા જગ જોય -પં૦॥૪॥
વસ્તુ-વિચારે રે દિવ્ય-નયણ તણો રે, વિરહ[9] પડ્યો નિરધાર[10]।
તરતમજોગે[11] તે તરતમ વાસના[12] રે, વાસિત બોધ આધાર -પં૦॥૫॥
કાળલબ્ધિ[13] લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ।
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન[14] મત[15] અંબ[16] -પં૦॥૬॥

---

૧. મારગ ૨. જોઉં ૩. કોઈથી ન જિતાય એ ગુણોના ઘર ૪. જ્ઞાનથી ઊપજતી અંતર દૃષ્ટિ વગરનું જોવું તે ચરમ-ચર્મ =ચામડાની કે બાહ્ય-ચક્ષુ વડે જોયું કહેવાય ૫. જ્ઞાનદૃષ્ટિ તાત્ત્વિક વિચારવાળી સમજણ. ૬. પરંપરા-ચાલતી આવેલી શિષ્ટપુરૂષમાન્ય રૂઢિ ૭. ચાલવાનું થાય છે. ૮. પગ મૂકવાની જગ્યા નથી. ૯. વિયોગ-અંતર ૧૦. નિશ્ચે કરીને ૧૧. ક્ષયોપશમની તરતમતા=ઓછાવત્તાપણાથી ૧૨. ઓછીવત્તી જ્ઞાનશક્તિ ૧૩. ભવસ્થિતિનો પરિપાક ૧૪. શુદ્ધાત્મદશા ૧૫. વિચાર ૧૬. ટેકાથી

**कर्ता: श्री पूज्य आनंदघनजी महाराज** 6

पंथडो निहाळुं रे बीजा जिनतणो रे, अ-जित अजित[३] गुणधाम ।
जे तें जीत्या रे तेणे हुं जीतीयो रे, पुरुष किश्युं मुज नाम?-पं०(१)

चरम-नयण करी मारग जोवतां रे, भूल्यो सयल संसार ।
जेणे नयणे करी मारग जोईयें रे, नयण ते दिव्य विचार-पं०(२)

पुरुष-परंपर अनुभव जोवतां रे, अंधो-अंध पुलाय[७] ।
वस्तु विचारे रे जो आगम करी रे, चरण-धरण[८] नहीं ठाय-पं०(३)

तर्क विचारे रे, वाद परंपरा रे, पार न पहोंचे कोय ।
अभिमत वस्तु रे वस्तुगतें कहे रे, ते विरला जग जोय-पं०(४)

वस्तु-विचारे रे दिव्य-नयण तणो रे, विरह[९] पड्यो निरधार
तरतमजोगे ते तरतम वासना रे, वासित बोध आधार-पं०(५)

काळलब्धि लही पंथ निहाळशुं रे, ए आशा अवलंब ।
ए जन जीवे रे जिनजी जाणजो रे, आनंदघन[१४] मत[१५] अंब[१६]-पं०(६)

**કર્તાઃ શ્રી પૂજ્ય યશોવિજયશ્રી મહારાજ** 7

અજિત જિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે!
માલતી-ફૂલે મોહીયો, કિમ બેસે હો? બાવળતરૂ ભૃંગ[1] કે - અજિત૦(૧)
ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલર[2] હો રતિ[3] પામે મરાળ[4] કે
સરોવર[5] - જલધર[6] જળ વિના, નવિ યાચે હો જગ ચાતક[7] - બાળ કે - અજિત૦(૨)
કોકિલ કલકૂજિત[8] કરે, પામી મંજરી[9] હો પંજરી[10] સહકાર[11] કે
ઓછા[12] તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયેં ગુણનો પ્યાર કે -અજિત૦(૩)
કમલિની[13] દિનકર[14] - કર ગ્રહે, વલી કુમુદિની[15] હો ધરે ચંદશું પ્રીતકે
ગૌરી[16] ગિરીશ[17] ગિરિધર[18] વિના, નાવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે-અજિત૦(૪)
તિમ પ્રભુશ્યું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાયકે
શ્રીનયવિજય સુગુરૂતણો, વાચક જશ હો નિત-નિત ગુણ ગાય કે - અજિત૦(૫)

**कर्ता: श्री पूज्य यशोविजयजी महाराज** 8

अजित जिणंदेश्युं प्रीतडी, मुज न गमे हो बीजानो संग के!
मालती–फूले मोहीयो, किम बेसे हो? बावळतरु भृंग के–अजित०(१)
गंगाजळमां जे रम्या, किम छीलर हो रति पामे मराळ के
सरोवर–जलधर जळ विना, नवि याचे हो जग चातक–बाळ के–अजित०(२)
कोकिल कलकूजित करे, पामी मंजरी हो पंजरी सहकार के
ओछा तरु वर नवि गमे, गिरु आशुं हो होयें गुणनो प्यार के–अजित०(३)
कमलिनी दिनकर–कर ग्रहे, वली कुमुदिनी हो धरे चंदशुं प्रीतके
गौरी गिरीश गिरिधर विना, नावि चाहे हो कमळा निज चित्त के–अजित०(४)
तिम प्रभुश्युं मुज मन रम्युं, बीजाशुं हो नवि आवे दायके
श्रीनयविजय सुगुरु तणो, वाचक जश हो नित–नित गुण गाय के–अजित०(५)

---

૧. ભમરો ૨. ખાબોચિયા ૩. આનંદ–સંતોષ ૪. હંસ ૫. શ્રેષ્ઠ તળાવનું પાણી ૬. મેઘ વિના=વરસાદના પાણી વિના ૭. ચાતકનું બાળક પણ એવી ટેવવાળું હોય છે કે વરસાદના પાણી વિના ઉત્તમ જળાશયના પાણીની ઈચ્છા સરખી કરતું નથી, એમ બીજી ગાથાના ઉત્તરાર્ધનો આશય જાણવો.) ૮. ટહુકાનું મીઠું ગૂંજન ૯. આંબાનો મહોર ૧૦. શ્રેષ્ઠ ૧૧. આંબો ૧૨. ગુણ શૂન્ય ૧૩. સૂર્ય–વિકાસી–કમળની જાતિ ૧૪. સૂર્યના કિરણો ૧૫. ચંદ્ર–વિકાસીની કમળની જાતિ ૧૬. પાર્વતી ૧૭. શંકર અહીં 'વિના' અધ્યાહારથી સમજવું ૧૮. શ્રી કૃષ્ણ=વિષ્ણુ

**કર્તાઃ શ્રી પૂજ્ય અમૃતવિજયજી મહારાજ** ૭

તું ગત મેરી જાને, જિનજી-તું૦,

મેં તો જગવાસી પ્રભુ સહી દુખરાશિ, સો તો તુંમસે ન છાને-તું૦(૧)

સબ લોકન મેં જો જીઉકી સત્તા, દેખત દરિસન-જ્ઞાને-તું૦(૨)

ઈન કારન કહા તુમસેં કેહવો, કહીએ તોન સુનો કાને--તુ૦(૩)

અપનોહીજ જાન નિવાજસ કીજે, દેઈ સમકિત દાને --તુ૦(૪)

માનો અજિતપ્રભુ! અરજ એ ઈતની, જયું અમૃત મન માને--તુ૦(૫)

**कर्ता: श्री पूज्य अमृतविजयजी महाराज** 10

तुं गत मेरी जाने, जिनजी–तुं०,

में तो जगवासी प्रभु सही दुखराशि, सो तो तुंमसे न छाने–तुं०(१)

सब लोकन में जो जीउकी सत्ता, देखत दरिसन–ज्ञाने–तुं०(२)

ईन कारन कहा तुमसें केहवो, कहीए तोन सुनो काने–तुं०(३)

अपनोहीज जान निवाजस कीजे, देई समकित दाने–तुं०(४)

मानो अजितप्रभु! अरज ए ईतनी, ज्युं अमृत मन माने–तुं०(५)

**કર્તાઃ શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**

અજિતજિણંદા સાહિબ! અજિતજિણંદા,
તું મેરા સાહિબ મૈં તેરા બંદા, સાહિબ અજિતજિણંદા,
જિતશત્રુ-નૃપ વિજયાદે-નંદા, લંછન ચરણે સોહે ગયંદા -સા૦(૧)
સકળ કરમ જીતી અ-જિત કહાયા, આપ બળે થયા સિદ્ધ સહાયા-સા૦
મોહનૃપતિ જે અટલ અટારો, તુમ આગે ન રહ્યો તસ ચારો -સા૦(૨)
વિષય-કષાય જે જગને નડિયા. તુમ ધ્યાનાનલ શલભ[1] જ્યું પડિયા-સા૦
દુશ્મન દાવ ન કોઈ ફાવે, તિણથી અજિત તુમ નામ સુહાવે-સા૦(૩)
અજિત થાઉં હું તુમચે નામ, બહોત વધારો પ્રભુ જગમાંહી મામ-સા૦
સકળ સુરાસર પ્રણમે પાયા, ન્યાયસાગરે પ્રભુના ગુણ ગાયા-સા૦(૪)

---

૧. પતંગિયું

**कर्ता: श्री पूज्य न्यायसागरजी महाराज** । २

अजितजिणंदा साहिब! अजितजिणंदा,
तुं मेरा साहिब में तेरा बंदा, साहिब अजितजिणंदा,
जितशत्रु–नृप विजयादे–नंदा, लंछन चरणे सोहे गयंदा–सा०(१)
सकळ करम जीती अ–जित कहाया, आप बळे थया सिद्ध सहाया–सा०
मोहनृपति जे अटल अटारो, तुम आगे न रह्यो तस चारो सा०(२)
विषय–कषाय जे जगने नड्यिा, तुम ध्यानानल शलभ[१] ज्युं पड्यिा–सा०
दुश्मन दाव न कोई फावे, तिणथी अजित तुम नाम सुहावे–सा०(३)
अजित थाउं हुं तुमचे नाम, बहोत वधारो प्रभु जगमांही माम–सा०
सकळ सुरासुर प्रणमे पाया, न्यायसागरे प्रभुना गुण गाया–सा०(४)

---

## કર્તાઃ શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ 13

અજિત-જિણેસર! ચરણની સેવા, હેવાયે[1] હું હળિયો
કહિયે[2] (કદીયે) અણ-ચાખ્યો પણ અનુભવ[3]-રસનો ટાણો[4] મળિયો.
પ્રભુજી! મહિર[5] કરીને આજ, કાજ હમારાં સારો[6] - પ્રભુજી૦(૧)
મુકાવ્યો પિણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો
ભક્તિભાવ ઊઠયો જે અંતર, તે કિમ રહે શરમાણો[7]! -પ્રભુજી૦(૨)
લોચન શાંતસુધારસ-સુભગા[8], મુખ મટકાળું[9] સુપ્રસન્ન
યોગ-મુદ્રાનો લટકો-ચટકો, અતિશય તો અતિઘન્ન-પ્રભુજી૦(૩)
પિંડ-પદસ્થ-રૂપસ્થે લીનો, ચરણ-કમળ તુજ ગ્રહિયાં,
ભ્રમરપરે રસ-સ્વાદ ચખાવો, વિરસો[10] કાં કરોં મહિયાં-પ્રભુજી૦(૪)
બાળ-કાળમાં વાર અનંતી, સામગ્રીયેં હું નવિ જાગ્યો,
યૌવન-કાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ! માગ્યો-પ્રભુજી૦(૫)
તું અનુભવ-રસ દેવા સમરથ, હું પણ અરથી[11] તેહનો
ચિત્ત-વિત્ત ને પાત્ર સંબંધે, અજર[12] રહ્યો હવે કેહનો- પ્રભુજી૦(૬)
પ્રભુની મહિરે તે રસ ચાખ્યો, અંતરંગ-સુખ પામ્યો;
માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન[13] -કામ્યો-પ્રભુજી૦(૭)

---

૧. ગાઢ અભ્યાસથી ૨. કહું છું કે, (અહીં ખરી રીતે કૌંસનો પાઠ બરાબર લાગે છે.) કદીપણ= ક્યારે પણ
૩. આત્મ-સ્વરૂપાનુભવનો જે રસ તેનો ૪. અવસર ૫. દયા ૬. કરી આપો ૭. શરમથી ગુપ્ત, છાનો
૮. સુંદર ૯. હસતું ૧૦. વિરસ=મન કચવાય તેમ ૧૧. ગરજવાન ૧૨. વિલંબ ૧૩. મનધાર્યું=ઈષ્ટ.

**कर्ता: श्री पूज्य मानविजयजी महाराज** 14

अजित-जिणेसर! चरणनी सेवा, हेवाये[1] हुं हळियो
कहिये[2] (कदीये) अण-चाख्यो पण अनुभव[3]-रसनो टाणो[4] मळियो.
प्रभुजी! महिर[5] करीने आज, काज हमारां सारो[6]-प्रभुजी०(१)
मुकाव्यो पिण हुं नवि मूकुं, चूकुं ए नवि टाणो
भक्तिभाव उठयो जे अंतर, ते किम रहे शरमाणो[7]!-प्रभुजी०(२)
लोचन शांतसुधारस-सुभगा[8], मुख मटकाळुं[9] सुप्रसन्न
योग-मुद्रानो लटको-चटको, अतिशय तो अतिघन्न-प्रभुजी०(३)
पिंड-पदस्थ-रुपस्थे लीनो, चरण-कमळ तुज ग्रहियां,
भ्रमरपरे रस-स्वाद चखावो, विरसो[10] कां करो महियां-प्रभुजी०(४)
बाळ-काळमां वार अनंती, सामग्रीयें हुं नवि जाग्यो,
यौवन-काळे ते रस चाख्यो, तुं समरथ प्रभु! माग्यो-प्रभुजी०(५)
तुं अनुभव-रस देवा समरथ, हुं पण अरथी[11] तेहनो
चित्त-वित्त ने पात्र संबंधे, अजर[12] रह्यो हवे केहनो-प्रभुजी०(६)
प्रभुनी महिरे ते रस चाख्यो, अंतरंग-सुख पाम्यो;
मानविजय वाचक ईम जंपे, हुओ मुज मन[13]-काम्यो-प्रभुजी०(७)

---

**કર્તાઃ શ્રી પૂજ્ય મેઘવિજયજી મહારાજ** 15

જયકારી અજિત-જિનેશ, મોહન મન-મહેલ-પ્રદેશ,
પાવન કરીએ પરમેશ રે, સાહિબજી! છો રે સોભાગી ॥૧॥
સાહિબજી! છો રે સોભાગી, તુજ સુરતિશું રતિ જાગી,
મુજ એક-રસે લય લાગી રે-સાહિબજી૦॥૨॥
જિનપતિ! અતિશય[1]-ઈતબારે, દેવ! સેવક રહું દરબારે,
અવસર[2] શિર કયું ન ચિંતા રે-સાહિબજી૦॥૩॥
ગુણવંતા ગરવ ન કીજે, હેતાલશું હેત ધરી જે,
પોતાવટ[3] પેરે પાળીજે રે- સાહિબજી૦॥૪॥
તુમબેઠા કૃતારથ હોઈ, સેવકનું કામ ન હોઈ,
તો પણ ન હુએ તુજ કાંઈ રે-સાહિબજી૦॥૫॥
સાહિબને ચાહીને જોવે, સેવક-જન નિજ શિર ઠોવે,
મેઘની સરસાઈ હોવે રે, સાહિબજી૦॥૬॥

**कर्ता: श्री पूज्य मेघविजयजी महाराज** 16

जयकारी अजित–जिनेश, मोहन मन–महेल–प्रदेश,
पावन करीए परमेश रे, साहिबजी! छो रे सोभागी (१)
साहिबजी! छो रे सोभागी, तुज सुरतिशुं रति जागी,
मुज एक–रसे लय लागी रे–साहिबजी०(२)
जिनपति! अतिशय[1]–ईतबारे, देव! सेवक रहुं दरबारे,
अवसर[2] शिर क्युं न चिंता रे–साहिबजी०(३)
गुणवंता गरव न कीजे, हेतालशुं हेत धरी जे,
पोतावट[3] पेरे पाळीजे रे–साहिबजी०(४)
तुम बेठा कृतारथ होई, सेवकनुं काम न होई,
तो पण न हुए तुज कांई रे–साहिबजी०(५)
साहिबने चाहीने जोवे, सेवक–जन निज शिर ठोवे,
मेघनी सरसाई होवे रे, साहिबजी०(६)

---

૧. વિશ્વાસે ૨. આ અવસરે તમારે માથે કેમ ચિંતા નથી ? (ત્રીજી ગાથાની બીજી લીટીનો અર્થ) ૩. પોતાના માણસ

**કર્તાઃ શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિજી મહારાજ** 17

અજિત-જિન ! તુમ શું પ્રીતિ બંધાણી-અજિત૦।।
જિતશત્રુ-નૃપ-નંદન નંદન[1], ચંદન-શીતલ વાણી-અજિત૦।।૧।।
[2]માત-ઉદર વસતે પ્રભુ ! તુમચી, અચરિજ એક કહાણી ।
સોગઠ-પાશે રમતે જીત્યો, પ્રીતમ-વિજયા રાણી- અજિત૦।।૨।।
તું હી નિરંજન રંજન-જગ-જન, તું હી અનંત-ગુણ-ખાણી ।
પરમાનંદ પરમ-પદ-દાતા, તુજ-સમકો નહિં નાણી! - અજિત૦।।૩।।
ગજ-લંછન કંચન-વાન-અનુપમ, માનું સોવન[3]-પિંગાણી ।
તુજ વદન પ્રતિબિંબિત શોભિત, વંદત સુર ઈંદ્રાણી - અજિત૦।।૪।।
અજિત-જિનેશ્વર ! કેશર-[4]ચરચિત, કોમલ કમલ-સમ-પાણી ।
જ્ઞાનવિમલ - પ્રભુ-ગુણ-ગુણ ભણતાં, શિલ (શિવ) સુખ-રયણની ખાણી-અજિત૦।।૫।।

**कर्ता: श्री पूज्य ज्ञानविमलसूरिजी महाराज** 18

अजित–जिन! तुम शुं प्रीति बंधाणी–अजित० ।।
जितशत्रु–नृप–नंदन [1]नंदन, चंदन–शीतल वाणी–अजित० ।।१।।
[2]मात–उदर वसते प्रभु! तुमची, अचरिज एक कहाणी ।
सोगठ–पाशे रमते जीत्यो, प्रीतम विजया–राणी–अजित० ।।२।।
तुं ही निरंजन रंजन–जग–जन, तुं ही अनंत–गुण–खाणी ।
परमानंद परम–पद–दाता, तुज–सम को नहिं नाणी! – अजित० ।।३।।
गज–लंछन कंचन–वान–अनुपम, मानुं सोवन[3] – पिंगाणी ।
तुज वदन प्रतिबिंबित शोभित, वंदत सुर ईंद्राणी–अजित० ।।४।।
अजित–जिनेश्वर ! केशर–[4]चरचित, कोमल कमल–सम–पाणी ।
ज्ञानविमल–प्रभु–गुण–गुण भणतां, शिल(शिव)–सुख–रयणनी खाणी–अजित० ।।५।।

---

૧. મનને પ્રસન્ન કરના ૨. ગર્ભાવાસમાં રહ્યા ૩. સોનાથી રંગ્યા હોય તેમ ૪. પૂજાએલ–વિલેપાયેલ


સંભવનાથ સોહામણા રે
શ્રી સંભવનાથ જિન સ્તવના
સ્વર સંગીત : શ્રી નયેનશ જાની



## સંભવનાથ સોહામણા રે

# શ્રી સંભવનાથ જિન સ્તવના

| | | | |
|---|---|---|---|
| ૧. | સંભવ-જિનવર ! ખૂબ બન્યો રે, | - | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ |
| ૨. | સેવો સંભવનાથ જુગતે બે કર જોડી | - | શ્રી પૂજ્ય હંસરત્નજી મહારાજ |
| ૩. | સાહિબ સેવિયે હો | - | શ્રી પૂજ્ય હરખચંદજી મહારાજ |
| ૪. | મુને સંભવ જિનશ્યું પ્રીત | - | શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ |
| ૫. | સંભવજિન ! તુમ્હસ્યું લય લાગી | - | શ્રી પૂજ્ય કનકવિજયજી મહારાજ |
| ૬. | સંભવનાથ સોહામણા રે | - | શ્રી પૂજ્ય માણેકમુનિ મહારાજ |
| ૭. | સંભવજિન ! સંભવ સમતા તણો રે | - | શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ |
| ૮. | સમકિતદાતા સમકિત આપો | - | શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ |
| ૯. | સંભવ જિનવર વિનતી અવધારો | - | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૧૦. | સંભવ-સાહિબ મારો, હું તાહરો | - | શ્રી પૂજ્ય રુચિરવિમલજી મહારાજ |
| ૧૧. | સંભવજિન ! અવધારીયે | - | શ્રી પૂજ્ય કીર્તિવિમલજી મહારાજ |

# ૩. સંભવનાથ જિન સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ**

સંભવ–જિનવર ! ખૂબ બન્યો રે, અવિહડ[૧] ધર્મ–સનેહ
દિન–દિન તે વધતો અછેરે, કબહી ન હોવે છેહ[૨]
સોભાગી જિન ! મુજ મન તુંહી સુહાય
એ તો બીજા નાવે દાય[૩] હું તો લળી–લળી[૪] લાગું પાય–સોભાગી૦(૧)
દૂધમાંહી જિન ઘૃત વસ્યું રે, વસ્તુમાંહી સામર્થ
તંતુમાહી જિમ પટ વસ્યો રે, સૂત્રમાંહી જિમ અર્થ–સોભાગી૦(૨)
કંચન પારસ–પહાણમાં રે, ચંદનમાં જિમ વાસ[૫]
પૃથ્વીમાંહી જિમ ઓષધી રે, કાર્યે કારણ વાસ – સોભાગી૦(૩)
જિમ સ્યાદ્વાદે નવ મિલે રે, જિમ ગુણમાં પર્યાય
અરણીમાં પાવક[૬] વસ્યો રે, જિમ લોકે ખટકાય–સોભાગી૦(૪)
તિણપરે તું મુજ ચિત્ત વસ્યો રે, સેના–માત–મલ્હાર
જો અ–ભેદ બુદ્ધિ મિલે રે, શ્રી જ્ઞાનવિમલ–સુખકાર–સોભાગી૦(૫)

---

૧. ન જાય તેવો દઢ ૨. નાશ ૩. અનુકૂળ ૪. ઝૂકી–ઝૂકી ૫. સુગંધ ૬. અગ્નિ

**कर्ता : पूज्य श्री ज्ञानविमलसूरि महाराज**

संभव-जिनवर ! खूब बन्यो रे, अविहड धर्म-स्नेह
दिन-दिन ते वधतो अछेरे, कबही न होवे छेह
सोभागी जिन ! मुज मन तुंही सुहाय
ए तो बीजा नावे दाय हुं तो लळी-लळी लागुं पाय - सोभागी ०(१)
दूधमांही जिम घृत वस्युं रे, वस्तुमांही सामर्थ
तंतुमांही जिम पट वस्यो रे, सूत्रमांही जिम-अर्थ-सोभागी०(२)
कंचन पारस-पहाणमां रे, चंदनमां जिन वास
पृथ्वीमांही जिम ओषधी रे, कार्ये कारण वास-सोभागी०(३)
जिम स्याद्‌वादे नव मिले रे, जिम गुणमां पर्याय
अरणीमां पावक वस्यो रे, जिम लोके खटकाय-सोभागी०(४)
तिणपरे तुं मुज चित्त वस्यो रे, सेना-मात मल्हार
जो अ-भेद बुद्धि मिले रे, श्री ज्ञानविमल-सुखकार-सोभागी०(५)

-----

**કર્તા : શ્રી પૂજ્ય હંસરત્નજી મહારાજ**

સેવો સંભવનાથ જુગતે બે કર જોડી
ચોસઠ સુરપતિ પદયુગ[1] જેહના, પ્રણમે હોડાહોડિ
સમવસરણ મન-રંગે સેવે, સુર નર કોડાકોડિ-સેવો૦...(૧)
દેશના વચન સુધારસ ચાખે, ભવિજન મત્સર મોડી[2]
નયણાનંદી પ્રભુ-મુખ નિરખે, મિથ્યા[3] ભ્રમ વિછોડી[4]-સેવો૦...(૨)
અજર અમર સમતારસ ભાવી, મમતા-બંધન છોડી
પ્રભુ-સેવાથી શિવ-પદ પામી, જેહમાં નહિ કોઈ ખોડિ-સેવો૦...(૩)
માનવ-ભવનો લાહો લેવો સુમતિ કરી સંઘોડી[5]
એક-મના ભવિ જિન આરાધો, દેવ દયાકર દોડી-સેવો૦...(૪)
હંસના સાહેબ પાસે હેજે, ઈમ માગું કર જોડી
પદ-પંકજની સેવા દીજે, ભવ-ભવનાં દુખ ત્રોડી-સેવો૦...(૫)

**कर्ता : श्री पूज्य हंसरत्नजी महाराज**

सेवो संभवनाथ जुगते बे कर जोडी
चोसठ सुरपति पदयुग जेहना, प्रणमे होडाहोडि
समवसरण मन-रंगे सेवे, सुर नर कोडाकोडि-सेवो०...(१)
देशना वचन सुधारस चाखे, भविजन मत्सर मोडी
नयणानंदी प्रभु-मुख निरखे, मिथ्या भ्रम विछोडी-सेवो०...(२)
अजर अमर समतारस भावी, ममता-बंधन छोडी
प्रभु-सेवाथी शिव-पद पामी, जेहमां नहि कोई खोडि-सेवो०...(३)
मानव-भवनो लाहो लेवो सुमति करी संघोडी
एक-मना भवि जिन आराधो, देव दयाकर दोडी-सेवो०...(४)
हंसना साहेब पासे हेजे, ईम मागुं कर जोडी
पद-पंकजनी सेवा दीजे, भव-भवनां दुख त्रोडी-सेवो०...(५)

---

૧. બે ચરણ ૨. છોડી ૩. ખોટો ભ્રમ ૪. છોડી ૫. સહચારી

**કર્તા : શ્રી પૂજ્ય હરખચંદજી મહારાજ** - 5

સાહિબ સેવિયે હો, સંભવનાથ જિનંદ
સાવત્થિનગરી ભલી હો, પિતા જિતારિ નરિંદ
લંછન તુરંગમ દીપતો હો, રાની સેના માતા નંદ-સાહિબ૦(૧)
ઉંચપનો ધનુષ ચારસે હો, મુખ શોભિત રાકાચંદ[૩]
સાઠ લાખ પૂરવકી સ્થિતિ[૪] હો, દીપત દેહ દિનંદ-સાહિબા૦(૨)
જૈનધરમ પરકાસીયો હો, પ્રભુ મેરો ભવદુખદંદ
હરખચંદ હરખે કરી હો, પ્રણમે પ્રભુ પદ[૬]-અરવિંદ-સાહિબ૦(૩)

**कर्ता : पूज्य श्री हरखचंदजी महाराज** 6

साहिब सेविये हो, संभवनाथ जिनंद
सावत्थिनगरी भली हो, पिता जितारि नरिंद
लंछन तुरंगम दीपतो हो, रानी सेना माता नंद -साहिब०(१)
उंचपनो धनुष चारसे हो, मुख शोभित राकाचंद
साठ लाख पूरवकी स्थिति हो, दीपत देह दिनंद-साहिबा०(२)
जैनधरम परकासीयो हो, प्रभु मेरो भवदुखदंद
हरखचंद हरखे करी हो, प्रणमे प्रभु पद-अरविंद-साहिब०(३)

---

૧. ઘોડો ૨. પુત્ર ૩. પૂનમનો ચંદ્ર ૪. આયુષ્ય ૫. સૂર્ય ૬. ચરણકમળ

**કર્તા : શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ**

મુને સંભવ જિનશ્યું પ્રીત, અવિહડ[1] લાગી રે
કાંઈ દેખત પ્રભુ મુખઃ ચંદ, ભાવઠ[2] ભાગી રે... (૧)
જિન સેના-નંદન[3] દેવ, દિલડે વસીયો રે
પ્રભુ-ચરણ નમે કર જોડ, અનુભવ-રસીયો રે...(૨)
તોરી ધનુ[4]સય-ચ્યાર પ્રમાણ, ઊંચી કાયા રે
મનમોહન કંચનવાન, લાગી તોરી માયા રે...(૩)
પ્રભુ રાયજિતારિ[5]-નંદ નયણે દીઠો રે
સાવથ્થીપુર-શણગાર, લાગે મુને મીઠો રે...(૪)
પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવે રે
પણ મુગતિવધૂ વશી-મંત્ર, પાઠ ભણાવે રે...(૫)
મુજ રઢ[6] લાગી મનમાંહે, તુજ ગુણ કેરી રે
નહિ તુજ મૂરતિને તોલ[7], સૂરત[8] ભલેરી[9] રે...(૬)
જિન ! મહેર કરી ભગવાન, વાન[10] વધારો રે
શ્રીસુમતિવિજય ગુરુ-શિષ્ય, દિલમાં ધારો રે...(૭)

---

૧. ન જાય તેવી ૨. ભટકવાનું ૩. પુત્ર ૪. ચારસો ધનુષ્ય પ્રમાણ ૫. સૂત્ર ૬. ગાઢ પ્રીતિ

कर्ता : श्री पूज्य रामविजयजी महाराज

मुने संभव जिनश्युं प्रीत, अविहड लागी रे
कांई देखत प्रभु मुखः चंद, भावठ भागी रे...(१)
जिन सेना-नंदन देव, दिलडे वसीयो रे
प्रभु-चरण नमे कर जोड, अनुभव-रसीयो रे...(२)
तोरी धनुसय-च्यार प्रमाण, ऊंची काया रे
मनमोहन कंचनवान, लागी तोरी माया रे...(३)
प्रभु रायजितारि-नंद नयणे दीठो रे
सावथ्थीपुर-शणगार, लागे मुने मीठो रे...(४)
प्रभु ब्रह्मचारी भगवान, नाम सुणावे रे
पण मुगतिवधू वशी-मंत्र, पाठ भणावे रे...(५)
मुज रढ लागी मनमांहे, तुज गुण केरी रे
नहि तुज मूरतिने तोल, सूरत भलेरी रे...(६)
जिन ! महेर करी भगवान, वान वधारो रे
श्रीसुमतिविजय गुरु-शिष्य, दिलमां धारो रे...(७)

---

૭. જેવી ૮. ચહેરો ૯. સુંદર ૧૦. ઉત્સાહ

**કર્તા : શ્રી પૂજ્ય કનકવિજયજી મહારાજ** 9

સંભવજિન ! તુમ્હસ્યું લય લાગી ! ચિત્ત[1] પ્રભુ-પય-અનુરાગી-જિનજી સુખકારી
પ્રેમઈ પ્રીતિ અખંડિત જાગીત, ભય ભાવઠ સબ ભાગી રે - જિનજી સુખકારી
હું જાનું તુમ્હ બલિહારી રે - જિનજી સુખકારી..॥૧॥
મુજ મન મોહ્યું તુઝ મુખ-મટકઈ, લાગી [2]લાલ ત્રિલોચન લટકઈ રે - જિ.સુ.
અનોપમ ત્રિભુવન મોહઈ, સુંદર સૂરતિ સોહઈ રે - જિનજી સુખકારી..॥૨॥
લાગ્યો રંગ [3]અભંગ [4]કરારી, હું તન ધન મન જાઓ વારી રે - જિ.સુ.
આણી મન માંહઈ [5]એક-તારી, કીજઈ સેવા સારી રે - જિ.સું. ॥૩॥
દરસન દીઠઈ હુઈ આનંદ, પ્રભુ મોહન વલ્લી કંદ રે - જિનજી સુખકારી।
અલવેસર આતમ-આધાર, ગિરુઓ ગુણ-ભંડાર રે-જિ.સુ. ॥૪॥
વૃદ્ધિવિજય કવિરાજનો સીસ, માંગઈ એ બગસીસ-જિનજી સુખકારી।
કનકવિજય કહઈ કરૂણા આણી, દીજઈ અવિચલ-પદ ગુણ ખાણી રે
-જિનજી સુખકારી ॥૫॥

**कर्ता : श्री पूज्य कनकविजयजी महाराज** 10

संभवजिन ! तुम्हस्युं लय लागी ! चित्त प्रभु-पय-अनुरागी रे-जिनजी सुखकारी
प्रेमई प्रीति अखंडित जागी, भय भावठ सब भागी रे- जिनजी सुखकारी
हुं जानुं तुम्ह बलिहारी रे - जिनजी सुखकारी.. ॥१॥
मुज मन मोह्युं तुझ-मुख मटकई, लागी लाल त्रिलोचन लटकई रे - जि.सु.
अनोपम त्रिभुवन मोहई, सुंदर सूरति सोहई रे - जिनजी सुखकारी .. ॥२॥
लाग्यो रंग अभंग करारी, हुं तन धन मन जाओ वारी रे - जि.सु.
आणी मन मांहई एक-तारी, कीजई सेवा सारी रे - जि.सुं. ॥३॥
दरसन दीठई हुई आनंद, प्रभु मोहन वल्ली कंद रे - जिनजी सुखकारी ।
अलवेसर आतम-आधार, गिरुओ गुण-भंडार रे - जि.सु. ॥४॥
वृद्धिविजय कविराजनो सीस, मांगई ए बगसीस रे - जिनजी सुखकारी ।
कनकविजय कहई करुणा आणी, दीजई अविचल-पद गुण खाणी रे
- जिनजी सुखकारी ॥५॥

---

૧. પ્રભુજીના ચરણોનો ૨. લાલચ ૩. ટૂટે નહીં તેવો ૪. દઢ ૫. એકાગ્રતા

**કર્તા : શ્રી પૂજ્ય માણેકમુનિ મહારાજ** 11

સંભવનાથ સોહામણા રે, શરણાગત-પ્રતિપાલ રે -રાજ !।
લળી લળી લાગું પાયરે રેં, સાહિબ ! નિજર નિહાર રે - રાજ ! ...॥૧॥
મુજરો જિનેસર ! માનજ્યો રે, માતા સેના નંદ રે - રાજ ! ।
ચાહે નયન-ચકોરડાં રે, તુઝ મુખ શારદ ચંદ રે-રાજ ! મુજરો ૦...॥૨॥
આજ સફલ દિન માહરો રે, દીઠો દેવ દયાલ રે, - રાજ ! ।
દુઃખ નાઠો સવિ દેહનો રે, મીટો અમીઅ રસાલ રે-રાજ ! મુજરો ૦ ...॥૩॥
મન માન્યાની પ્રીતડી રે, છેં જગમઈ જિનરાય રે-રાજ ! ।
એક દીઠઈ દિલ [1]ઉલટાઈ રે, એક દીઠઈ ઉલાસ રે-રાજ! મુજરો ૦...॥૪॥
મૂરતિ તોરી મન વસી રે, સૂરતિ કે મનોહાર રે-રાજ ! ।
વલી વલી લેઉ ઓવરણાં રે, તીન ભુવન શિણગાર રે-રાજ ! મુજરો ૦... ॥૫॥
રંગ લાગો જિનરૂપશું રે, જેહવો ચોલ મજીઠ રે-રાજ ! ।
માણેક મુનિ ઈમ વિનવઈ રે, સુખ હોવઈ તુમ દીઠ રે-રાજ ! મુજરો ૦ ...॥૬॥

**कर्ता : श्री पूज्य माणेकमुनि महाराज** 12

संभवनाथ सोहामणा रे, शरणागत-प्रतिपाल रे-राज ! ।
लळी लळी लागुं पायले रे, साहिब ! निजर निहाल रे - राज ! ...॥१॥
मुजरो जिनेसर ! मानज्यो रे, माता सेना नंद रे - राज !
चाहे नयन-चकोरडां रे, तुझ मुख शारद चंद रे - राज ! मुजरो ० ...॥२॥
आज सफल दिन माहरो रे, दीठो देव दयाल रे, - राज ! ।
दुःख नाठो सविदेहनो रे, मीटो अमीअ रसाल रे - राज ! मुजरो० ... ॥३॥
मन मान्यानी प्रीतडी रे, छें जगमई जिनराय रे-राज ! ।
एक दीठई दिल उलटाई रे, एक दीठई उलास रे - राज ! मुजरो० ...।।४॥
मूरति तोरी मन वसी रे, सूरति के मनोहार रे राज ! ।
वली वली लेउ ओवरणां रे, तीन भुवन शिणगार रे - राज ! मुजरो० ...॥५॥
रंग लागो जिनरुपशुं रे, जेहवो चोल मजीठ रे - राज ! ।
माणेक मुनि ईम विनवई रे, सुख होवई तुम दीठ रे - राज ! मुजरो ० ...॥६॥

---

૧. ફરી જાય

**કર્તા : શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ**

સંભવજિન ! [1]સંભવ સમતા તણો રે, સકળ ભવિકને જાણ
પ્રભુ દેખીને દ્વેષ જ ઉપજે રે, તે મિથ્યાત[2]-અયાણ[3]-સંભવ૦(૧)
વિષય[4] વિરૂપ-વિપાક જ છંડીયે રે, ધરીયે સહજ-સભાવ-સંભવ૦...
પર-પરિણતિ[5] તે સવિ દૂરે તજે રે, ઉલ્લસે આતમ[6]-ભાવ-સંભવ૦(૨)
કરુણા મૈત્રી માધ્યસ્થ્ય મુદિતા રે, ભાવન-વાસિત સાર;
ચરણ-કરણ-ધારા તે આચરે રે, ઉપશમ-રસ જલધાર - સંભવ૦(૩)
શ્લાઘા-નિંદા એ દોએ સમ ગણે રે, નહીં મન રાગ ને રોષ;
પ્રભુ[7]-ગુણ પ્રભુતાને તે અનુભવે રે, હોયેં ભાવનો પોષ-સંભવ૦(૪)
અનુક્રમે કેવલનાણ ભજે ભજે રે, સુખ-સંભવ-સમુદાય;
કીરતિવિમલ પ્રભુને ચરણે રહે રે, શિવલચ્છી ઘર થાય-સંભવ૦(૫)

---

૧. ઉત્પત્તિ ૨. મિથ્યાત્વી ૩. અજ્ઞાની ૪. વિષયોના અનિષ્ટ પરિણામને ૫. પુદ્ગલભાવની પરિણતિ
૬. આત્મ સ્વરૂપ ૭. પ્રભુના ગુણની પ્રભુતાને

**कर्ता : पूज्य श्री लक्ष्मीविजयजी महाराज** 6 14

संभवजिन ! संभव समता तणो रे, सकळ भविकने जाण
प्रभु देखीने द्धेष ज उपजे रे, ते मिथ्यात-अयाण-संभव०(१)
विषय विरुप-विपाक ज छंडीये रे, धरीये सहज-सभाव-संभव०...
पर-परिणति ते सवि दूरे तजे रे, उल्लसे आतम-भाव-संभव०(२)
करुणा मैत्री माध्यस्थ मुदिता रे, भावन-वासित सार;
चरण-करण-धारा ते आचरे रे, उपशम-रस जलधार - संभव०(३)
श्लाधा-निंदा ए दोए सम गणे रे, नहीं मन राग ने रोष;
प्रभु-गुण प्रभुताने ते अनुभवे रे, होयें भावनो पोष-संभव०(४)
अनुक्रमे केवलनाण भजे भजे रे, सुख-संभव-समुदाय;
कीरतिविमल प्रभुने चरणे रहे रे, शिवलच्छी घर थाय - संभव ०(५)

**કર્તા : શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ**

સમકિતદાતા સમકિત આપો, મન માંગે થઈ મીઠું
છતિ[1] વસ્તુ દેતાં શ્યું શોચો, મીઠું જે સહુએ દીઠું
પ્યારા પ્રાણથકી છો રાજ ! સંભવ-જિનજી ! મુજને,
ઈમ મત જાણો જે આપે લહીએ, તે લાધું શું લેવું
પર પરમારથ પ્રીછી[2] આપે તેહ જ કહીયેં દેવું-પ્યારા૦...(૧)
અર્થી[3] હું તું અર્થ[4]-સમર્પક, ઈમ મત કરજ્યો હાંસું,
પ્રગટ હતું તુજને પણ પહિલાં, એ હાંસાનું પાસું,-પ્યારા૦...(૨)
પરમ પુરૂષ તુમે પ્રથમ ભજીએ, પામ્યા ઈમ પ્રભુતાઈ[5]
તેણે રૂપે તુમને એ ભજીયેં, તિણે તુમ હાથ વડાઈ-પ્યારા૦...(૩)
તુમે સ્વામી હું સેવાકામી, મુજ રે સ્વામી નિવાજે[6]
નહિ તો હઠ માંડી માંગતાં કિણવિધિ સેવક લાજે-પ્યારા૦...(૪)
જોતે[7] જોતિ મિળે મત પ્રીછો, કુણ લહસે ? કુણ ભજશે ?
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર નીર નય કરશે-પ્યારા૦...(૫)
ઓળગ[8] કીધી જે લેખે[9] આવી, ચરણ-ભેટ પ્રભુ દીધી
રૂપ-વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી-પ્યારા૦...(૬)

---

૧. વિદ્યમાન ૨. ઓળખાવી આપે ૩. યાચક ૪. વસ્તુને આપનાર ૫. મોટાઈ ૬. પ્રસન્ન થાય
૭. જ્યોતિ મળ્યે ૮. સેવા ૯. સફળ.

**कर्ता : श्री पूज्य मोहनविजयजी महाराज**

समकितदाता समकित आपो, मन मांगे थई मीठुं
छति वस्तु देतां श्युं शोचो, मीठुं जे सहुए दीठुं
प्यारा प्राणथकी छो राज ! संभव-जिनजी ! मुजने,
ईम मत जाणो जे आपे लहीए, ते लाधुं शुं लेवुं
पण परमारथ प्रीछी आपे तेह ज कहीयें देवुं-प्यारा०...(१)
अर्थी हुं तुं अर्थ-समर्पक, ईम मत करज्यो हांसुं
प्रगट हतुं तुजने पण पहिलां, ए हांसानुं पासुं, - प्यारा०...(२)
परम पुरुष तुमे प्रथम भजीए, पाम्या ईम प्रभुताई
तेणे रुपे तुमने ए भजीयें, तिणे तुम हाथ वडाई - प्यारा० ...(३)
तुमे स्वामी हुं सेवाकामी, मुज रे स्वामी निवाजे
नहि तो हठ मांडी मांगतां किणविध सेवक लाजे-प्यारा०...(४)
जोते जोति मिळे मत प्रीछो कुण लहसे ? कुण भजशे ?
साची भक्ति ते हंसतणी परे, खीर नीर नय करशे - प्यारा०...(५)
ओळग कीधी जे लेखे आवी, चरण-भेट प्रभु दीधी
रुप-विबुधनो मोहन पभणे, रसना पावन कीधी-प्यारा०...(६)

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ** 17

સંભવ જિનવર વિનતી અવધારો ગુણ-જ્ઞાતા રે
ખામી નહિ મુજ ખિજમતે[1] કદીય હોશ્યો ફળ-દાતા રે - સંભવ૦(૧)
કર જોડી ઊભો રહું, રાતિ-દિવસ તુમ ધ્યાને રે !
જો મનમાં આણો નહીં, તો શું કહિયે થાને ર - સંભવ (૨)
ખોટ ખજાને કો નહીં, દીજે વંછિત દાનો રે
કરુણા-નિજરે પ્રણુતણી, વાધે સેવક[3]-વાનો રે-સંભવ૦(૩)
કાળ[4]-લબ્ધિ નહી મતિ ગણો, ભાવ-લબ્ધિ તુજ હાથે રે
લડથડતું[5] પણ ગજ-બચ્ચું, ગાજે ગજવર-સાથે રે - સંભવ ૦(૪)
દેશ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે
વાચક જશ કહે સાંઈશું, ફળશે એ મન (મુજ) સાચું રે - સંભવ૦ (૫)

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** 18

संभव जिनवर विनती, अवधारो गुण-ज्ञाता ते
खामी नहि मुज खिजमते कदीय होश्यो फल-तादा रे - संभव0(१)
कर जोडी ऊभो रहुं, राति-दिवस तुम ध्याने रे !
जो मनमां आणो नहीं, तो शुं कहिये थाने रे - संभव0(२)
खोट खजाने को नहीं, दीजे वंछित दानो रे
करुणा-निजरे प्रणुतणी, वाधे सेवक-वानो रे - संभव0(३)
काळ-लब्धि नही मति गणो, भाव-लब्धि तुज हाथ रे
लडथडतुं पण गज-बच्चुं, गाजे गजवर-साथे रे-संभव0(४)
देश्यो तो तुमही भला, बीजा तो नवि याचुं रे
वाचक जश कहे सांईशुं, फळशे ए मन (मुज) साचुं रे - संभव0 (५)

---

૧. સેવામાં ૨. છાને = એકાંતમાં અર્થાત્ આટલા રા-દિવસ તમારા ધ્યાનમાં ઉભા રહેવા છતાં પણ જો તમે મનમાં ન આણો તો એકાંતમાં બોલાવી તમને શું સમજાવવું ? અહીં, થાને રે, આવો પણ પાઠ જૂની પ્રતોમાં મળે છે. તો તે મારવાડી ભાષાના આધારે 'તમને એવો અર્થ કરી તમને શું કહેવું?'' એમ અર્થસંગતિ થઈ શકે ૩. સેવકનો ઉમંગ
૪. ભવિતવ્યતાના પરિપાકે અમુક વિવિક્ષિત કાળનો પરિપાક થયે છતે-તે જ્ઞાયો પશમિક-ભાવની પ્રાપ્તિ
૫. અંતરંગ જ્ઞાનાદિ ગુણોની ક્ષાયોપશમિક અવસ્થા ૬. વયરૂપી કાળની દૃષ્ટિએ નાનું હોવાથી ચાલવામાં લથડીયાં ખાતું.

**કર્તા : શ્રી પૂજ્ય રુચિરવિમલજી મહારાજ** 19

સંભવ-સાહિબ મારો, હું તાહરો ! સેવક સિરદાર કિ ।
મહેર કરી મુજ ઉપરે, ઉતારો હો ! ભવ-સાયર-પાર કિ-સં૦ ॥૧॥
[1]આનન અદ્‌ભુત [2]ચંદલે, તેં મોહ્યોં હો ! મુજ નયણ-ચકોર કિ ।
મનડું મિલવા તુમહૈં, પ્રભુજીસ્યું હો ! જિમ મેહાં મોર કિ-સં૦ ।।૨॥
હું નિ-ગુણો પણ તારીએ, ગુણ-અવગુણ હો ! મત આણો ચિત્ત કિ ।
બાંહ્ય ગહ્યાં નિરવાહીએ, સુ-સનેહી હો ! સયણાંની રીત કિ-સં૦ ॥૩॥
સાર સંસારે તાહરી, પ્રભુ-સેવા હો ! સુખદાયક દેવ કિ ।
દિલ ધરી દરસણ દીજીએ, તુમ ઓલગ હો ! કીજીયેં નિત્યમેવ કિ-સં૦ ॥૪॥
ચોતીસ અતિશય સુંદરું, [3]પુરંદર હો ! સેવે ચિત લાય કિ ।
રૂચિર પ્રભુજી પય સેવતા, સુખ-સંપત્તિ હો ! અતિ આણંદ થાય કિ-સં૦ ॥૫॥

**कर्ता : श्री पूज्य रुचिरविमलजी महाराज** 20

संभव-साहिब मारो, हुं ताहरो हो ! सेवक सिरदार कि ।
महेर करी मुज उपर, उतारो हो ! भव-सायर-पार कि-सं.0 ॥१॥
आनन अद्‌भुत चंदले, तें मोह्यों हो ! मुज नयण-चकोर कि ।
मनडुं मिलवा तुमहैं, प्रभुजीस्युं हो ! जिम मेहां मोर कि - सं0 ॥२॥
हुं नि-गुणो पण तारीए, गुण-अवगुण हो ! मत आणो चित्त कि ।
बांह्य गह्यां निरवाहीए, सु-सनेही हो ! समयणांनी रीत कि-सं0 ॥३॥
सार संसारे ताहरी, प्रभु-सेवा हो ! सुखदायक देव कि ।
दिल धरी दरसण दीजीए, तुम ओलग हो ! कीजीयें नित्यमेव कि-सं.0 ॥४॥
चोतीस अतिशय सुंदरु, पुरंदर हो ! सेवे चित लाय कि ।
रुचिर प्रभुजी पय सेवता, सुख-संपत्ति हो ! अति आणंद थाय कि- सं0 ॥५॥

---

૧. મુખ ૨. ચંદ્ર ઉપર ૩. ઈંદ્ર

**કર્તા : શ્રી પૂજ્ય કીર્તિવિમલજી મહારાજ** ૯.૩.।

સંભવજિન ! અવધારીયે, સેવકની અરદાસો રે
તું જિનજી સોહામણો, પુણ્યે પામ્યો ખાસો રે-સં૦(૧)
જિતારિ-કુલ ચંદલો, સેના માત મલ્હારો રે
મન-વંછિત પ્રભુ પૂરણો, અશ્વ-લંછન સુખકારો રે -સં૦(૨)
સાવત્થી નયરી ભલી, જિહો, જનમ્યા શ્રી જિનરાયો રે
ધાનના સંભવ નિપન્યા, તેણે સંભવ નામ ઠરાયો રે-સં.૦(૩)
દુરિતારી શાસનસુરી, યક્ષ ત્રિમુખ સેવે પાયો રે
સંઘના વંછિત પૂરવે, વળી સંકટ દૂર પલાયો રે-સં૦(૪)
નામે નવનિધિ સંપજે, ઘરે કમળા પૂરે વાસો રે
ઋદ્ધિ સિદ્ધિ કીર્તિ ઘણી, તુમ્હ ધ્યાને શિવ-સુખવાસો રે૦સં૦(૫)

**कर्ता : श्री पूज्य कीर्तिविमलजी महाराज** 22

संभवजिन ! अवधारीये, सेवकनी अरदासो रे
तुं जिनजी सोहामणो, पुण्ये पाम्यो खासो रे - सं०(१)
जितारि-कुल चंदलो, सेना मात मल्हारो रे
मन-वंछित प्रभु पूरणो, अश्व-लंछन सुखकारो रे-सं०(२)
सावत्थी नयरी भली, जिहो जनम्या श्री जिनरायो रे
धानना संभव निपन्या, तेणे संभव नाम ठरायो रे - सं०(३)
दुरितारी शासनसुरी, यक्ष त्रिमुख सेवे पायो रे
संघना वंछित पूरवे, वळी संकट दूर पलायो रे-सं०(४)
नामे नवनिधि संपजे, घरे कमळा पूरे वासो रे
ऋद्धि सिद्धि कीर्ति घणी, तुम्ह ध्याने शिव-सुखवासो रे-सं०(५)


અભિનંદનજિન ! દરિસણ તરસીયેં
શ્રી અભિનંદન સ્વામી
સ્વર સંગીત : વિનોદ રાગી



# અભિનંદનજિન ! દરિસણ તરસીયેં

## શ્રી અભિનંદન સ્વામી

| | | | |
|---|---|---|---|
| ૧. | અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવ | – | શ્રી પૂજ્ય વીરવિજયજી મહારાજ |
| ૨. | અભિનંદનજિન ! દરિસણ તરસીયેં, | – | શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ |
| ૩. | સખી ! મૌંને દેખણ દેઈ ! મોરો મન | – | શ્રી પૂજ્ય ઋષભસાગરજી મહારાજ |
| ૪. | તુજ ગુણ–કમળ–પરાગ સુગંધી | – | શ્રી પૂજ્ય હંસરત્નજી મહારાજ |
| ૫. | અભિનંદનજીન વંદીએ, સુણ ખાણી | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૬. | તુમ્હે જોજ્યો જોજ્યો રે, વાણીનો | – | શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ |
| ૭. | તેરે નેનોંકી મેં બલિહારી, માનું છકી | – | શ્રી પૂજ્ય અમૃતવિજયજી મહારાજ |
| ૮. | ક્યું જાણું ક્યું બની આવહી | – | શ્રી પૂજ્ય દેવચંદ્રજી મહારાજ |
| ૯. | અભિનંદન અરિહંતજી રે લોલ, કાંઈ | – | શ્રી પૂજ્ય જીવણવિજયજી મહારાજ |
| ૧૦. | અભિનંદન–ચંદન નવો, શીતલ | – | શ્રી પૂજ્ય ભાવપ્રભસૂરિ મહારાજ |
| ૧૧. | જૈનકો મારગ મસ્ત હે, સુણો | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૧૨. | અભિનંદન અરિહંતજી, અવધારો | – | શ્રી પૂજ્ય નયવિજયજી મહારાજ |
| ૧૩. | અભિનંદનસો ને હમારે, અભિનંદસે નેહ | – | શ્રી પૂજ્ય હરખચંદજી મહારાજ |

## ૪. શ્રી અભિનંદન સ્વામી સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય વીરવિજયજી મહારાજ** /

અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવ દુઃખ ભંજણહારા;
યે દુનિયા દુઃખ કી ધારા, પ્રભુ ઈનસે કરો નિસ્તારા અભિ. ૧
હું કુમતિ કુટિલ ભરમાયો, દુરિત કરી દુઃખ પાયો;
અબ શરણ લીયો હે થારો, મુજે ભવજલ પાર ઉતારો. અભિ. ૨
પ્રભુ શીખ હૈયે નવિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી;
ઈન કર્મો કી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી. અભિ. ૩
તુમે કરૂણાવંત કહાવો, જગતારક બિરૂદ ધરાવો;
મેરી અરજીનો એક દાવો, ઈણ દુઃખસે ક્યું ન છુડાવો. અભિ. ૪
મેં વિરથા જનમ ગુમાયો, નહીં તન ધન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પરસંગ પામી, નહીં વીરવિજયકું ખામી. અભિ. ૫

**कर्ता : श्री पूज्य वीरविजयजी महाराज** 2

अभिनंदन स्वामी हमारा, प्रभु दुःख भंजणहारा;
ये दुनिया दुःख की धारा, प्रभु ईनसे करो निस्तारा. अभि.१
हुं कुमति कुटिल भरमायो, दुरित करी दुःख पायो;
अब शरण लीयो हे थारो, मुजे भवजल पार उतारो; अभि. २
प्रभु शीख हैये नवि धारी, दुर्गतिमां दुःख लीयो भारी;
ईन कर्मो की गति न्यारी, करे बेर बेर खुवारी. अभि. ३
तुमे करूणावंत कहावो, जगतारक बिरूद धरावो;
मेरी अरजीनो एक दावो, ईस दुःखसे क्युं न छुडावो. अभि . ४
में विरथा जनम गुमायो, नहीं तन धन स्नेह निवार्यो;
अब पारस परसंग पामी, नहीं वीरविजयकुं खामी. अभि. ५

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

અભિનંદનજિન ! દરિસણ[૧] તરસીયેં,[૨] દરિસણ દુર્લભ દેવ ! ।
મત-મત-ભેદે રે જો જઈ પૂછીયેં, સહુ થાપે ''અહમેવ''[૩]-અ૦ ॥૧॥
સામાન્યે[૪] કરી દરિસણ દોહિલું, નિર્ણય[૫] સકળ વિશેષ ।
મદમેં[૬] ઘેર્યો રે અંધો કિમ કહે ? રવિ-શશિ-રૂપ-વિલેષ[૭]-અ૦ ॥૨॥
હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈયેં, અતિ-દુર્ગમ નય-વાદ ।
આગમ-વાદે હો ગુરૂ-ગમ કો નહીં, એ સબળો વિષવાદ-અ૦ ॥૩॥
ઘાતી-ડુંગર આડા અતિઘણા, તુજ દરિસણ જગનાથ ! ।
ધીઠાઈ[૮] કરી મારગ સંચરૂં, સેંગૂ[૯] કોઈ ન સાથ-અ૦ ॥૪॥
''દરિસણ''-''દરિસણ''-રટતો જો ફિરૂં, તો રણ-રોઝ સમાન ।
જેહને પિપાસા હો અમૃત-પાનની, કિમ ભાંજે વિષ-પાન-અ૦ ॥૫॥
તરસ[૧૦] ન આવે હો મરણ-જીવનતણો, સીઝેં જો દરિસણ કાજ ।
દરિસણ દુર્લભ, સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ-અ૦ ॥૬॥

**कर्ता : पूज्य श्री आनंदघनजी महाराज**

अभिनंदनजिन ! दरिसण तरसीयें, दरिसण दुर्लभ देव ! ।
मत-मत-भेदे रे जो जई पूछीयें, सहु थापे ''अहमेव''-अ० ॥१॥
सामान्ये करी दरिसण दोहिलुं, निर्णय सकळ विशेष ।
मदमें घेर्यो रे अंधो किम कहे ? रवि-शशि-रूप-विलेष-अ० ॥२॥
हेतु-विवादे हो चित्त धरी जोईयें, अति-दुर्गम नय-वाद ।
आगम-वादे हो गुरू-गम को नहीं, ए सबळो विषवाद-अ० ॥३॥
घाती-डुंगर आडा अतिघणा, तुज दरिसण जगनाथ ! ।
धीठाई करी मारग संचरूं, सेंगू कोई न साथ-अ० ॥४॥
''दरिसण''-''दरिसण'' रटतो जो फिरूं, तो रण-रोझ समान ।
जेहने पिपासा हो अमृत-पाननी, किम भांजे विष-पान-अ० ॥५॥
तरस न आवे हो मरण-जीवनतणो, सींझे जो दरिसण काज ।
## ૮. શ્રી ચંદ્રપ્રભુના સ્તવનો

**કર્તા : શ્રી મોહનવિજયજી મહારાજ**

ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ, હાં રે નિત્ય કરીએ રે, નિત્ય કરીએ.
કરીએ તો ભવજલ તરીએ... હાં રે ચઢતે પરિણામ...૧
લક્ષ્મણા માતા જનમીયા જિનરાયા, જિન ઉડુપતિ લંછન પાયા;
એ તો ચંદ્રપુરીના રાયા... હાં રે નિત્ય લીજે નામ ચંદ્રપ્રભની...૨
મહસેન પિતા જેહના પ્રભુ બળીયા, મને જિનજી એકાંતે મળીયા;
મારા મનના મનોરથ ફળીયા... હાં રે દીઠે દુઃખ જાય. ચંદ્રપ્રભની...૩
દોઢસો ધનુષની દેહડી જિન દીપે, તેજે દિનકર, ઝીપે;
સુર કોડી ઉભા સમીપે... હાં રે નિત્ય કરતા સેવ. ચંદ્રપ્રભની...૪
દશ લાખ પૂર્વનું આઉખું જિન પાળી, નિજ આતમને અજવાળી;
દુષ્ટ કર્મના મર્મને ટાળી... હાં રે લહ્યું કેવળજ્ઞાન ચંદ્રપ્રભની...૫
સમેતશિખર ગિરિ આવિયા પ્રભુ રંગે, મુનિ કોડી સહસ પ્રસંગે,
પાળી અણસણ ઉલટ અંગે... હરિ પામ્યા પરમાનંદ. ચંદ્રપ્રભની...૬
શ્રી જિન ઉત્તમ રૂપને જે ધ્યાવે, તે કીર્તિ કમલા પાવે;
મોહનવિજય ગુણ આવે... હાં રે આપો અવિચલ રાજ. ચંદ્રપ્રભની...૭

**कर्ता : श्री पूज्य मोहनविजयजी महाराज** 2

चंद्रप्रभनी चाकरी नित्य करीए, हां रे नित्य करीए रे, नित्य करीए.
करीए तो भवजल तरीए... हां रे चढते परिणाम...१
लक्ष्मणा माता जनमीया जिनराया, जिन उडुपति लंछन पाया;
ए तो चंद्रपुरीना राया... हां रे नित्य लीजे नाम चंद्रप्रभनी...२
महसेन पिता जेहना प्रभु बळीया, मने जिनजी एकांते मळीया;
मारा मनना मनोरथ फळीया... हां रे दीठे दुःख जाय. चंद्रप्रभनी...३
दोढसो धनुषनी देहडी जिन दीपे, तेजे दिनकर झीपे;
सुर कोडी उभा समीपे... हां रे नित्य करता सेव. चंद्रप्रभनी...४
दश लाख पूर्वनुं आउखुं जिन पाळी, निज आतमने अजवाळी;
दुष्ट कर्मना मर्मने टाळी.. हां रे लह्युं केवळज्ञान चंद्रप्रभनी...५
समेतशिखर गिरि आविया प्रभु रंगे, मुनि कोडी सहस प्रसंगे,
पाळी अणसण उलट अंगे.. हांरे पाम्या परमानंद. चंद्रप्रभनी...६
श्री जिन उत्तम रूपने जे ध्यावे, ते कीर्ति कमला पावे;
मोहनविजय गुण गावे... हां रे आपो अविचल राज. चंद्रप्रभनी...७

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

ચંદ્ર પ્રભુ મુખ-ચંદ્ર, સખિ૦ ! મુને દેખણ દે ! ઉપશમ-રસનો કંદ, સખિ૦ !
સેવે સુર-નર-વૃંદ, સખિ૦ ! વત - કલિ - મલ - દુઃખ, દંદ - સખિ૦ ॥૧॥
સુહુમ નિગોદે ન દેખીયો, સખિ૦-બાદર અતિહિ વિશેષ - સખિ૦ !
પુઢવી-આઉ ન દેખીઓ, સખિ૦ તેઉ-વાઉ ન લેશ - સખિ૦ ॥૨॥
વનસ્પતિ અતિ-ઘણ[2] દીહા[3], સખિ૦ દીઠો નહિય દિદાર - સખિ૦ !
બિ-તિ-ચઉરિંદી જળલિહા[4], સખિ૦ ગતસન્ની પણ[5] ધાર-સખિ૦ ॥૩॥
સુર-તિરિ-નરય નિવાસમાં, સખિ૦ મનુજ અનારજ સાથ-સખિ૦ !
અપજત્તા-પ્રતિભાસમાં[6] સખિ૦ ચુતર ન ચઢીયો હાથ-સખિ૦...॥૪॥
ઇમિ અનેક થલ જાણીયે, સખિ૦ દરિસણ વિણ જિનદેવ-સખિ૦ !
આગમથી મતિ આણીયે, સખિ૦ કીજે નિરમલ સેવ-સખિ૦... ॥૫॥
નિર્મલ સાધુ-ભગતિ લહી, સખિ૦ યોગ-અવંચક હોય-સખિ૦ !
કિરિયા-અવંચક તિમ સહી, સખિ-ફળ-અવંચક જોય-સખિ૦...॥૬॥
પ્રેરક અવસર[7] જિનવરૂ, સખિ૦ મોહનીય ક્ષય થાય-સખિ૦ !
કામિત-પૂરણ-સુરતરૂ, સખિ૦ આનંદઘન પ્રભુ પાય-સખિ૦...॥૭॥

---

૧. પાપ, મલ અને દુઃખોના સમૂહથી રહિત ૨. ઘણા ૩. દિવસ ૪. જળચર જીવો ૫. અસંજ્ઞી
૬. સમજણવાળા= પર્યાપ્તમાં ૭. આ અવસરે શ્રી તીર્થંકર દેવ પ્રેરકરૂપે મળી જાય તો

**कर्ता : पूज्य श्री आनंदधनजी महाराज** ५

चंद्र प्रभु मुख-चंद्र, सखि० ! मुने देखण दे ! उपशम-रसनो कंद, सखि० !
सेवे सुर-नर-वृंद, सखि० ! वत-कलि-मल-दुःख, दंद-सखि० ॥१॥
सुहुम निगोदे न देखीयो, सखि०-बादल अतिहि विशेष-सखि० !
पुढवी-आउ न देखीओ, सखि० तेउ-वाउ न लेश-सखि० ॥२॥
वनस्पति अति-घण दीहा सखि० दीठो नहिय दिदार-सखि० !
बि-ति-चउरिंदी जळलिहा, सखि० गतसन्नी पण धार-सखि०..॥३॥
सुर-तिरि-नरय निवासमां, सखि० मनुज अनारज साथ-सखि० !
अपजत्ता-प्रतिभासमां सखि० चतुर न चढीयो हाथ०-सखि०..॥४॥
इम अनेक थल जाणीये, सखि० दरिसण विण जिनदेव-सखि० !
आगमथी मति आणीये, सखि० कीजे निरमल सेव-सखि०.. ॥५॥
निर्मल साधु-भगति लही, सखि० योग-अवंचक होय-सखि !
किरिया-अवंचक तिम सही, सखि-फळ-अवंचक जोय-सखि०.. ॥६॥
प्रेरक अवसर जिनवरु, सखि० मोहनीय क्षय थाय-सखि० !
कामित-पूरण-सुरतरु, सखि० आनंदघन प्रभु पाय-सखि०..॥७॥

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરી મહારાજ** 5

શ્રી ચંદ્રપ્રભ-સાહિબા રે, ચંદ્ર[1] કિરણ સમ દેહ-મનરા માન્યા;
નિત્ય[2]-ઉદય નિ-કલંક[3] તું રે, અનુપમ અચરિજ એહ-મનરા૦
આવો ! આવો ! હો વખાણ[4] તું તો ત્રિભુવન[5]-ભાસક ભાણ[6]-મનરા૦ (૧)
તુજ સમ ગણના-કારણે રે, જે રેખા પ્રથમ સુચંગ-મનરા૦
તે આકાશે નિપની રે, ત્રિભુવન[7]-પાવનગંગ[8]-મનરા૦(૨)
અવર ન કો તુમ સારિખો રે, છોડ્યો ખટિકા-ખંડ-મનરા૦
તે કૈલાસ-રૂપા સમો રે; મહિયલમાંહે અખંડ-મનરા૦ (૩)
તાહરા ગુણ તુમમાં રહ્યા રે, એહ મિલે નહિ પર[9] પાસ-મનરા૦
તેણે હેતે કરી જાણીયેં રે; ત્રિભુવન તાહરો દાસ-મનરા૦ (૪)
દોષાકર[10] તુમ પદ રહ્યો રે, સેવાસારે[11] ખાસ-મનરા૦
દોષરહિત[12] તનુ[13] તાહરૂં રે જ્ઞાનવિમલ-સુ-પ્રકાશ-મનરા૦ (૫)

---

૧. ચંદ્રના કિરણ જેવું શરીર ૨. હંમેશ ઉદયવાળુ ૩. કલંકરહિત ૪. શ્રેષ્ઠ ૫. ત્રણ-ભુવનને પ્રકાશિત કરનાર ૬. સૂર્ય ૭. ત્રણ-ભુવનને પવિત્ર કરનારી ૮. ગંગાનદી, બીજા પાસે, ૧૦ ચંદ્ર ૧૧. કરે છે. ૧૨. દોષ વગરનું ૧૩. શરીર.

**कर्ता : श्री पूज्य ज्ञानविमलसूरी महाराज** 6

श्री चंद्रप्रभ-साहिबा रे, चंद्र किरण सम देह-मनरा मान्या;
नित्य-उदय नि-कलंक तुं रे, अनुपम अचरिज एह-मनरा०
आवो ! आवो ! हो वखाण ! तुं तो त्रिभुवन-भासक भाण-मनरा०(१)
तुज सम गणना-कारणे रे, जे रेखा प्रथम सुचंग-मनरा०
ते आकाशे निपनी रे, त्रिभुवन-पावनगंग-मनरा०(२)
अवर न को तुम सारिखो रे, छोड्यो खटिका-खंड-मनरा०
ते कैलास-रुपा समो रे; महियलमांहे अखंड-मनरा०(३)
ताहरा गुण तुममां रह्या रे, एह मिले नहि पर पास-मनरा०
तेणे हेते करी जाणीयें रे; त्रिभुवन ताहरो दास-मनरा०(४)
दोषाकर तुम पद रह्यो रे, सेवासारे खास-मनरा०
दोषरहित तनु ताहरुं रे ज्ञानविमल-सु-प्रकाश-मनरा०(५)

**કર્તા : શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ**

ચંદ્રપ્રભની ચાકરી, મુને લાગી મીઠી
જગમાં જોડી જેહની[1], કિહાં દીસે ન દીઠી–ચંદ્ર૦ (૧)
પ્રભુને ચરણે માહરૂં, મનડું લલચાણું
કુણ છે બીજો જગે ? જિણે જોયે પલટાણું[2]–ચંદ્ર૦ (૨)
કોડિ[3] કરી પણ અવર[4] કો, મુજ હિયડે નાવે
સુરતરૂફૂલે[5] મોહિયો, કિમ આક[6] સોહાવે–ચંદ્ર૦(૩)
મુજ પ્રભુ મોહનવેલડી, કરૂણાશું ભરીઓ
પ્રભુતા પૂરી ત્રિભુવને, ગુણ–મણિનો દરિઓ–ચંદ્ર૦(૪)
જિમ જિમ નિરખું નયણડે, તિમ હિયડું હુલસે[7]
એક ઘડીને અંતરે, મુજ મનડું તલસે[8]–ચંદ્ર૦ (૫)
સહજ[9]–સલૂણો સાહિબો, મળ્યો શિવનો સાથી
સહજે જીત્યો જગતમેં, પ્રભુની સેવાથી–ચંદ્ર૦(૬)
વિમળવિજય ગુરૂ શિષ્યનો, શિષ્ય કહે કર જોડી
રામવિજય પ્રભુ નામથી, લહે સંપદ કોડિ–ચંદ્ર૦(૭)

---

૧. જે પ્રભુની ૨. ફરી શકે ૩. ક્રોડ પ્રયત્ન ૪. બીજા કોઈ ૫. કલ્પવૃક્ષના ફળથી. ૬ આકડો
૭. ઉમંગભેર પ્રસન્ન થાય ૮. ઝંખના કરે ૯. સ્વાભાવિક રીતે સુંદર

**कर्ता : पूज्य श्री रामविजयजी महाराज** 8

चंद्रप्रभनी चाकरी, मुने लागी मीठी
जगमां जोडी जेहनी, किहां दीसे न दीठी-चंद्र०(१)
प्रभुने चरणे माहरुं, मनडुं ललचाणुं
कुण छे बीजो जगे ? जिणे जोये पलटाणुं-चंद्र (२)
कोडि करी पण अवर को, मुज हियडे नावे
सुरतरूफूले मोहियो, किम आक सोहावे-चंद्र०(३)
मुज प्रभु मोहनवेलडी, करूणाशुं भरीओ
प्रभुता पूरी त्रिभुवने, गुण-मणिनो दरिओ-चंद्र०(४)
जिम जिम निरखुं नयणडे, तिम हियडुं हुलसे
एक घडीने अंतरे, मुज मनडुं तलसे-चंद्र०(५)
सहज-सलूणो साहिबो, मळ्यो शिवनो साथी
सहजे जीत्यो जगतमें, प्रभुनी सेवाथी-चंद्र०(६)
विमळविजय गुरु शिष्यनो, शिष्य कहे कर जोडी
रामविजय प्रभु नामथी, लहे संपद कोडि-चंद्र०(७)

**કર્તા : શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ**

ચંદ્રપ્રભ જિન ચંદ્ર તણી પેરે, શીતલ જેહની કાંતિ
મૂર્તિ ન વળી નિરખી મિથ્યાતણી, ભાંજી ભવની ભ્રાંતિ... (૧)
કર જોડીને કરું હું વિનતિ, મન તે કરે વાંરવાર
તું દુઃખ-ટાલક પાલક જગે સુણ્યા, શરણાગત આધાર...(૨)
વિષયાતુરથી ગહિલો જિમ ભમ્યો, ગમ્યો કાલ અનંત
સંત દશામાં પામી તાહરું, મુખ દેખી ગુણવંત...(૩)
ક્ષણ એક દિલથી તું નવિ ઉતરે, જીવન તું જગદીશ
દીઠે મીઠી આંખ જ ઉઘડે, સાહિબ વિસવાવીશ... (૪)
લાલચ એક છે મારે મન ખરી, દાખશે સુખનો ઠામ
દેશે દાનવિમલ મયા કરી, પહોચશે સઘળી હામ...(૫)

**कर्ता : श्री पूज्य दानविमलजी महाराज** 10

चंद्रप्रभ जिन चंद्र तणी पेरे, शीतल जेहनी कांति
मूर्ति न वळी निरखी मिथ्यातणी, भांजी भवनी भ्रांति...(१)
कर जोडीने करुं हुं विनति, मन ते करे वांरवार
तुं दुःख-टालक पालक जगे सुण्या, शरणागत आधार...(२)
विषयातुरथी गहिलो जिम भम्यो, गम्यो काल अनंत
संत दशामां पामी ताहरुं, मुख देखी गुणवंत...(३)
क्षण एक दिलथी तुं नवि उतरे, जीवन तुं जगदीश
दीठे मीठी आंख ज उघडे, साहिब विसवावीश...(४)
लालच एक छे मारे मन खरी, दाखशे सुखनो ठाम
देशे दानविमल मया करी, पहोचशे सघळी हाम...(५)

**કર્તા : શ્રી પૂજ્ય દેવચંદ્રજી મહારાજ**

શ્રી ચંદ્રપ્રભ જિન-પદ સેવા, હેવાયે જે હળિયાજી ।
આતમ-ગુણ-અનુભવથી મળિયા, તે ભવભયથી ટળિયાજી-શ્રી૦... ॥૧॥
દ્રવ્યસેવ વંદન-નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી ।
ભાવ અભેદ થાવાની ઈહા, પરભાવે નિઃકામોજી-શ્રી૦... ॥૨॥
ભાવસેવ અપવાદે નૈગમ, પ્રભુ-ગુણને સંકલ્પેજી ।
સંગ્રહ-સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી-શ્રી૦... ॥૩॥
વ્યવહારે બહુમાન જ્ઞાનનિજ, ચરણે નિજ-ગુણ રમણાજી ।
પ્રભુ-ગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાને સ્મરણાજી-શ્રી૦... ॥૪॥
શબ્દે શુક્લ-ધ્યાનારો હણ, સમભિરૂઢ ગુણ દશમેજી ।
બીએ[1] શુક્લ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અ-મમેંજી-શ્રી૦... ॥૫॥
ઉત્સર્ગે સમક્તિ-ગુણ પ્રગટ્યે, નૈગમ પ્રભુતા અંશેજી ।
સંગ્રહ આતમસત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસે-શ્રી૦...॥૬॥
ઋજુસૂત્રે શ્રેણિ-પદસ્થે, આત્મશક્તિ પ્રકાશેજી ।
પથાખ્યાત પદ શબ્દ-સ્વરૂપે, શુદ્ધ-ધર્મ ઉલ્લાસેજી-શ્રી૦...॥૭॥
ભાવસયોગી અયોગી શૈલેશે, અંત્ય દુગ-નય જાણેજી ।
સાધનતા એ નિજ-ગુણ-વ્યક્તિ, તે સેવના વખાણેજી-શ્રી૦...॥૮॥
કારણ ભાવ તેહ અપવાદે કાર્ય રૂપ ઉત્સર્ગેજી ।
આત્મભાવ તે ભાવદ્રવ્યપદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગોજી-શ્રી૦...॥૯॥
કારણભાવ-પરંપર-સેવન, પ્રગટે કાર્ય-ભાવોજી ।
કાર્ય-સિદ્ધે કારણતા-વ્યય, શુચિ પરિણામિક ભાવોજી-શ્રી૦ ...॥૧૦॥
પરમ ગુણી-સેવન તન્મયતા, નિશ્ચય-ધ્યાને ધ્યાવેજી ।
શુદ્ધાતમ અનુભવ-આસ્વાદી દેવચંદ્ર-પદ પાવેજી-શ્રી૦...॥૧૧॥

---

૧. શુક્લધ્યાનના બીજા પાયે

**कर्ता : पूज्य श्री देवचंद्रजी महाराज** 12

श्री चंद्रप्रभ जिन-पद सेवा, हेवाये जे हळियाजी ।
आतम-गुण-अनुभवनी मळिया, ते भवभयथी टळयाजी-श्री०..॥१॥
द्रव्यसेव वंदन-नमनादिक, अर्चन वळी गुणग्रामोजी ।
भाव अभेद थावानी इहा, परभावे निःकामोजी-श्री०..॥२॥
भावसेव अपवादे नैगम, प्रभु-गुणने संकल्पेजी ।
संग्रह-सत्ता तुल्यारोपे, भेदाभेद विकल्पेजी-श्री०..॥३॥
व्यवहारे बहुमान ज्ञाननिज, चरणे निज-गुण रमणाजी ।
प्रभु-गुण आलंबी परिणामे, ऋजुपद दयाने स्मरणाजी-श्री०..॥४॥
शब्दे शुक्ल-ध्यानारोहण, समभिरूढ गुण दशमेजी ।
बीअ शुक्ल अविकल्प एकत्वे, एवंभूत ते अ-ममेंजी-श्री..॥५॥
उत्सर्गे समकित-गुण प्रगट्ये, नैगम प्रभुता अंशेजी ।
संग्रह आतमसत्तालंबी, मुनिपद भाव प्रशंसे-श्री०..॥६॥
ऋजुसूत्रे श्रेणि-पदस्थे, आत्मशक्ति प्रकाशेजी ।
यथाख्यात पद शब्द-स्वरूपे, शुद्ध-धर्म उल्लासेजी-श्री०..॥७॥
भावसयोगी अयोगी शैलेशे, अंत्य दुग-नय जाणेजी ।
साधनता ए निज-गुण-व्यक्ति, ते सेवना वखाणेजी-श्री०..॥८॥
कारण भाव तेह अपवादे कार्य रूप उत्सर्गेजी ।
आत्मभाव ते भावद्रव्यपद,बाह्य प्रवृत्ति निसर्गोजी-श्री०..॥९॥
कारणभाव-परंपर-सेवन, प्रगटे कार्य-भावोजी ।
कार्य-सिद्धे कारणता-व्यय, शुचि परिणामिक भावोजी-श्री०..॥१०॥
परम गुण-सेवन तन्मयता, निश्चय-ध्याने ध्यावेजी ।
शुद्धातम अनुभव-आस्वादी देवचंद्र-पद पावेजी-श्री०..॥११॥

# શ્રી સુવિધિનાથ



સ્વર સંગીત : વિનુભાઈ રાગી

## શ્રી સુવિધિનાથ



### શ્રી સુવિધિનાથના સ્તવનો


| | | | |
|---|---|---|---|
| ૧. | મૈં કીનો નહીં તુમ બીન | – | શ્રી યશોવિજયજી મહારાજ |
| ૨. | અરજ સુણો એક સુવિધિ–જિણેસર | – | શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ |
| ૩. | પ્રભુની વાણી જોર રસાળ | – | શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ |
| ૪. | તાહરી અજબ શી જોગની મુદ્રા રે | – | શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ |
| ૫. | દરશનિયાનો સ્વામી પ્યારો | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૬. | સુવિધિ–જિનેસર ! સાંભળો | – | શ્રી પૂજ્ય કેશરવિમલજી મહારાજ |

## ૯. શ્રી સુવિધિનાથના સ્તવનો

**કર્તા : શ્રી યશોવિજયજી મહારાજ**

મેં કીનો નહીં તુમ બીન ઔર શું રાગ... (૨)
દિન દિન વાન વધત ગુન તેરો, જ્યું કંચન પર ભાગ;
ઔરનમે હૈ કષાયોકી કાલિમા, સો ક્યું સેવા લાગ... મૈં.૧
રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગમ ગરૂડ તે કહીયે, ઔર વિષય વિષ નાગ...મૈં. ૨
ઔર દેવ જલ છિલ્લર સરીખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરુ જગ વાંછિત પૂરણ, ઔર તો સૂકે સાગ...મૈં.૩
તુ પુરૂષોત્તમ, તું હીં નિરંજન, તું શંકર વડભાગ;
તુ બ્રહ્મા, તું બુદ્ધ મહાબલ, તુંહીં જ દેવ વિતરાગ... મૈં. ૪
સુવિધાનાથ તુમ ગુન ફુલન કો મેરો દિન હૈ બાગ,
જશ કહે, ભ્રમર રસિક હોય તાકો દિજે ભક્તિ પરાગ... મૈં. ૫

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** 2
मैं कीनो नहीं तुम बीन और शुं राग.. (२)
दिन दिन वान वधत गुन तेरो, ज्युं कंचन पर भाग;
औरनमे है कषायोकी कालिमा, सो क्युं सेवा लाग...मैं.१
राजहंस तुं मान सरोवर, और अशुचि रूचि काग;
विषय भुजंगम गरूड ते कहीये, और विषय विष नाग...मैं.२
और देव जल छिल्लर सरीखे, तुं तो समुद्र अथाग;
तुं सुरतरु जग वांछित पूरण, और तू सूके साग...मैं.३
तुं पुरूषोत्तम, तुं हीं निरंजन तुं शंकर वडभाग;
तुं ब्रह्मा, तुं बुद्ध महाबल, तुंहीं ज देव वितराग...मैं.४
सुविधिनाथ तुम गुन फुलन को मेरो दिल है बाग,
जश कहे भ्रमर रसिक होय ताको दिजे भक्ति पराग...मैं.५

**કર્તા : શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ** ૩

અરજ સુણો એક સુવિધિ-જિણેસર, પરમ-કૃપાનિધિ તુમે પરમેસર,
સાહિબા ! સુજ્ઞાની ! જોવો તો વાત છે માન્યાની
કહેવાઓ પંચમ[1]-ચરણના ધારી, કિમ આદરી અશ્વની અસવારી -સાહિબા૦ (૧)
છો ત્યાગી શિવવાસ વસો છો, દઢરથસુત રથે કિમ બેસો છો-સાહિબા૦
આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો, હરિ-હરાદિકને કીણ વિધ નડશ્યો -સાહિબા૦(૨)
ધુરથી[2] સકળ સંસાર નિવાર્યો કિમ ફરી દેવ-દ્રવ્યાદિક ધાર્યો-સાહિબા૦
તજી સંજમને પાશ્યો ગૃહવાસી, કુણ આશાતના તજશે ચોરાશી -સાહિબા૦(૩)
સમકિત-મિથ્યા મતમે નિરંતર, ઈમ કિમ ભાંજશે પ્રભુજી અંતર-સાહિબા૦
લોક તો દેખશે તેહવું કહેશ્યે, ઈમ જિનતા તુમ કિણ વિધ રહશ્યે -સાહિબા૦(૪)
પણ હવે શાસ્ત્રગતે મતિ પહોંચી, તેહથી મેં જોયું ઊંડું આલોચી[3]-સાહિબા૦
ઈમ કીધે પ્રભુતાઈ ન ઘટે, સાંહમું ઈમ અનુભવ ગુણ પ્રગટે -સાહિબા૦(૫)
હય-મય યદ્યપિ તું આરોપાએ[4] તો પણ સિદ્ધપણું ન લોપાએ-સાહિબા૦
જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ, પણ કંચનની કંચનતા ન જાએ -સાહિબા૦(૬)
ભક્તની કરણી દોષ ન તુમને, અઘટિત કેહવું અજુક્તને અમને-સાહિબા૦
લોપાએ નહિ તું કોઈથી સ્વામી, મોહનવિજય કહે શિરમાની -સાહિબા૦(૭)

---

૧. પાંચમા = યથાખ્યાત ચારિત્રના ૨. પ્રથમથી ૩. વિચારી ૪. બેસાડાય છે

कर्ता : पूज्य श्री मोहनविजयजी महाराज ५

अरज सुणो एक सुविधि-जिणेसर, परम-कृपानिधि तुमे परमेसर,
साहिबा ! सुज्ञानी ! जोवो तो वात छे मान्यानी
कहेवाओ पंचम-चरणना धारी, किम आदरी अश्वनी असवारी -साहिबा० (१)
छो त्यागी शिववास वसो छो, दृढरथसुत रथे किम बेसो छो - साहिबा०
आंगी प्रमुख परिग्रहमां पडशो, हरि-हरादिकने कीण विध नडश्यो - साहिबा०(२)
धुरथी सकळ संसार निवार्यो, किम फरी देव-द्रव्यादिक धार्यो - साहिबा०
तजी संजमने पाश्यो गृहवासी, कुण आशातना तजशे चोराशी -साहिबा०(३)
समकित-मिथ्या मनमें निरंतर, ईम किम भांजशे प्रभुजी अंतर-साहिबा०
लोक तो देखशे तेहवुं कहेश्ये, इम जितना तुम किण विध रहश्ये -साहिबा०(४)
पण हवे शास्त्रगते मति पहोंची, तेहथी में जोयुं ऊंडुं आलोची-साहिबा०
इम कीधे प्रभुताइ न घटे, सांहमुं इम अनुभव गुण प्रगटे -साहिबा०(५)
हय-मय यद्यपि तुं आरोपाए तो पण सिद्धपणुं न लोपाए-साहिबा०
जिम मुगटादिक भूषण कहेवाए, पण कंचननी कंचनता न जाए -साहिबा(६)
भक्तनी करणी दोष न तुमने , अघटित केहवुं अजुक्तने अमने-साहिबा०
लोपाए नहि तुं कोईथी स्वामी, मोहनविजय कहे शिरनामी -साहिबा०(७)

**કર્તા : શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ** 5

પ્રભુની વાણી જોર રસાળ, મનડું સાંભળવા તલસે
સ[1]-જલ-જલદ જિમ ગાજતો જાણું વરસે અમૃતધાર-મનડુંo
સાંભળતાં લાગે નહીં, ખિણ ભૂખને તરસ લગાર-મનડુંo...(૧)
તિર્યંચ મનુષ્યને દેવતા સહુ, સમજે નિજ નિજ વાણ-મનડુંo
યોજન[2]-ખેત્રે વિસ્તરે, નય-ઉપનય રતનની ખાણ-મનડુંo...(૨)
બેસે હરિ[3]-મૃગ એકઠા, ઊંદર-માંજારના[4] બાળ-મનડુંo
મોહ્યા પ્રભુની વાણીયે, કોન કરે કેહની આળ[5]-મનડુંo...(૩)
સહસ વરસ જો નિગમે[6], તોહે તૃપ્તિ ન પામે મન્ન-મનડુંo
શાતાયે સહુ જીવના, રોમાંચિત હુવે તન્ન-મનડુંo...(૪)
વાણી સુવિધિ-જિણંદની, શિવરમણીની દાતાર-મનડુંo
વિમલવિજય ઉવઝાયનો, શિષ્ય રામ લહે જયકાર-મનડુંo...(૫)

**कर्ता : श्री पूज्य रामविजयजी महाराज** 6

प्रभुनी वाणी जोर रसाळ, मनडुं सांभळवा तलसे
स-जल-जलद जिम गाजतो, जाणुं वरसे अमृतधार
सांभळतां लागे नहीं, खिण भूखने तरस लगार-मनडुं0...(१)
तिर्यंच मनुष्यने देवता सहु, सजे निज निज वाण-मनडुं0
योजन-खेत्रे विस्तरे, नय-उपनय रतननी खाण-मनडुं0...(२)
बेसे हरि-मृग एक्ठा, ऊंदर-मांजारना बाळ-मनडुं0
मोह्या प्रभुनी वाणीये, कोन करे केहनी आळ-मनडुं0...(३)
सहस वरस जो निगमे, तोहे तृप्ति न पामे मन्न-मनडुं0
शाताये सहु जीवना, रोमांचित हुवे तन्न-मनडुं0...(४)
वाणी सुविधि-जिणंदनी, शिवरमणीनी दातार-मनडुं0
विमलविजय उवझायनो, शिष्य राम रहे जयकार-मनडुं0...(५)

---

૧. પાણીવાળા=આષાઢી-મેઘની ૨. એક યોજન = ચાર ગાઉના વિસ્તારમાં ૩. સિંહ-હરણ ૪. બિલાડી ૫. નુકસાન ૬. જાય

**કર્તા : શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ** 7

તાહરી અજબ[1] શી જોગની મુદ્રા રે, લાગે મુને મીઠી રે
એ તો ટાળે મોહની નિદ્રા રે, પ્રત્યક્ષ દીઠી રે
લોકોત્તર શી જોગની મુદ્રા, વાલ્હા મારા–નિરૂપમ આસન સોહે
સરસ રચિત શુક્લધ્યાનની ધારે, સુર–નરનાં મન મોહે રે–લાગે૦(૧)
ત્રિગડામાં રતન સિંહાસન બેસી વાલ્હા૦ ચિહું દિશે ચામર ઢળાવે
અરિહંતપદ પ્રભુતાનો ભોગી, તો પણ જોગી કહાવે રે – લાગે ૦(૨)
અમૃત ઝરણી મીઠી તુજ વાણી વાલ્હા૦ જેમ આષાઢો ગાજે
કાનમારગ થઈ હિયડે પેસી, સંદેહ મનના ભાજે રે–લાગે૦(૩)
કોડિગમે ઊભા દરબારે વાલ્હા૦ જયમંગળ સુર બોલે
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે, દીસે ઈમ તૃણ તોલે રે – લાગે (૪)
ભેદ લહું નહિં જોગ[2] જુગતિનો વાલ્હા૦ સુવિધિ જિણંદ ! બતાવો
પ્રેમ શું કાંતિ કહે કરી કરુણા, મુજ–મનમંદિર આવો રે–લાગે૦(૫)

**कर्ता : पूज्य श्री कांतिविजयजी महाराज** 8

ताहरी अजब शी जोगनी मुद्रा रे, लागे मुने मीठी रे
ए तो टाळे मोहनी निद्रा रे, प्रत्यक्ष दीठी रे
लोकोत्तर शी जोगनी मुद्रा, वाल्हा मारा-निरूपम आसन सोहे
सरस रचित शुक्लध्याननी धारे, सुर-नरनां मन मोहे रे-लागे०(१)
त्रिगडामां रतन सिंहासन बेसी वाल्हा० चिहुं दिशे चामर ढळावे
अरिहंतपद प्रभुतानो भोगी, तो पण जोगी कहावे रे-लागे०(२)
अमृत झरणी मीठी तुज वाणी वाल्हा० जेम आषाढो गाजे
कानमारग थइ हियडे पेसी, संदेह मनना भाजे रे-लागे०(३)
कोडिगमे ऊभा दरबारे वाल्हा० जयमंगळ सुर बोले
त्रण भुवननी रिद्धि तुज आगे, दीसे इम तृण तोले रे-लागे०(४)
भेद लहुं नहिं जोग जुगतिनो वाल्हा० सुविधि जिणंद ! बतावो
प्रेम शुं कांति कहे करी करुणा, मुज मन-मंदिर आवो रे-लागे०(५)

---

૧. અપૂર્વ ૨. યોગની રીતિ = નીતિનો

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ** 9

દરશનિયાનો[1] સ્વામી પ્યારો લાગે મ્હારા રાજિંદા
તુંહી જ બ્રહ્મા બ્રાહ્મણ જાણે, વૈષ્ણવ વિષ્ણુ વખાણે–મ્હારા૦દરિ૦(૨)
રૂદ્ર તપસ્વી તુજને ભાખેં, સઘળા તુજ દિલ રાખે–મ્હારા૦ દરિ૦(૩)
જૈન જિનેદ્રં કહે શિવદાતા, બુદ્ધ બૌધમત રાતા–મ્હારા૦ દરિ૦ (૪)
કૌલિક કૌલ કહી ગુણ ગાતા, ષટ દરશણનો તાતા–મ્હારા૦ દરિ૦(૫)
રૂપ અનેક સ્પટિકમાં ભાસે, વર્ણ[2] ઉપાધિને[3] પાસે[4]–મ્હારા૦દરિ૦(૬)
ખટ દરશન સવિ તુજને ધ્યાવે, એક અનેક કહાવે–મ્હારા૦દરિ૦(૭)
વિવિધ–રૂપ જળ ભૂમિ–વિભાગે, તિમ તું દરશન લાગે–મ્હારા૦દરિ૦(૮)
કેવળ ધ્યાન–ગમ્ય દિલ રાજે, કેવળજ્ઞાન વિરાજે–મ્હારા૦દરિ૦(૯)
ન્યાયસાગર પ્રભુ સુવિધિ મલ્હાવે, મહાનંદ પદ પાવે–મ્હારા૦દરિ૦(૧૦)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज** 10

दरशनियानो स्वामी प्यारो लागे म्हारा राजिंदा
तुंही ज ब्रह्मा ब्राह्मण जाणे, वैष्णव विष्णु वखाणे-म्हारा०(२)
रूद्र तपस्वी तुजने भाखें, सघळा तुज दिल राखे-म्हारा०दरि०(३)
जैन जिनेद्रं कहे शिवदाता, बुद्ध बौधमत राता-म्हारा०दरि०(४)
कौलिक कौल कही गुण गाता, षट दरशणनो ताता-म्हारा०दरि०(५)
रूप अनेक स्फटिकमां भासे, वर्ण उपाधिने पासे-म्हारा०दरि०(६)
खट दरशन सवि तुजने ध्यावे, एक अनेक कहावे-म्हारा०दरि०(७)
विविध-रुप जळ भूमि-विभागे, तिम शुं दरशन लागे-म्हारा०दरि०(८)
केवळ-ध्यान-गम्य दिल राजे, केवळज्ञान विराजे-म्हारा०दरि०(९)
न्यायसागर प्रभु सुविधि मल्हावे, महानंद पद पावे-म्हारा०दरि०(१०)

---

૧. સમ્યગ્દર્શનનો ૨. રંગ ૩. બાહ્યચીજના ૪. સંયોગથી

**કર્તા : શ્રી પૂજ્ય કેશરવિમલજી મહારાજ** પ

સુવિધિ-જિનેસર ! સાંભળો, તું પ્રભુ નવનિધિ દાય-સાહિબજી ।
તુજ સુ-પસાયે સાહિબા, મન-વાંછિત ફળ થાય-સાહિબજી ! સુવિધિ૦ ॥૧॥
તું સાહિબ સમરથ લહી, બીજાશું કેહી પ્રેમ ? -સાહિબજી ।
છોડી સરોવર હંસલો, છીલ્લર રીઝે કેમ ? -સાહિબજી ! સુવિધિ૦ ॥૨॥
રયણ-ચિંતામણિ પામીને, કુણ કાચે લોભાય-સાહિબજી ।
કલ્પતરૂ-છાયા લહી, કુણ બાવલ કને જાય ?-સાહિબજી ! સુવિધિ૦ ॥૩॥
થોડી હી અધિકી ગણું, સેવા તુમચી દેવ-સાહિબજી ।
કરે ગંગાજલ-બિંદુઓ, નિર્મલ સર નિતમેવ-સાહિબજી ! સુવિધિ૦ ॥૪॥
સમરથ દેવ ? સિર-તિલો, ગુણનિધિ ગરીબ-નિવાજ-સાહિબજી ।
મોહે નિવાજો મયા કરી, સાહિબ ! સુવિધિ-જિનરાજ-સાહિબજી ! સુવિધિ૦ ॥૫॥
તુજ ચરણે મુજ મન રમે, જેમ ભ્રમર અરવિંદ-સાહિબજી ।
કેશર કહે સુવિધિ-જિના, તુમ દરિસણ સુખ-કંદ-સાહિબજી ! સુવિધિ૦ ॥૬॥

**कर्ता : पूज्य श्री केशलविमलजी महाराज** 12

सुविधि-जिनेसर ! सांभळो, तुं प्रभु नवनिधि दाय-साहिबजी ।
तुज सु-पसाये साहिबा, मन-वांछित फळ थाय-साहिबजी ! सुविधि ॥१॥
तुं साहिब समरथ लही, बीजाशुं केही प्रेम ? - साहिबजी ।
छोडी सरोवर हंसलो, छील्लर रीझे केम ? - साहिबजी ! सुविधि० ॥२॥
रयण-चिंतामणि पामीने, कुण काचे लोभाय-साहिबजी ।
कल्पतरू-छाया लही, कुण बावल कने जाय ?- साहिबजी ! सुविधि० ॥३॥
थोडी ही अधिकी गणुं, सेवा तुमची देव-साहिबजी ।
करे गंगाजल-बिंदुओ, निर्मल सर नितमेव- साहिबजी ! सुविधि० ॥४॥
समरथ देव ? सिर-तिलो, गुणनिधि गरीब-निवाज-साहिबजी ।
मोहे निवाजो मया करी, साहिब ! सुविधि-जिनराज- साहिबजी ! सुविधि० ॥५॥
तुज चरणे मुज मन रमे, जेम भ्रमर अरविंद-साहिबजी ।
केशर कहे सुविधि-जिना, तुम दरिसण सुख-कंद- साहिबजी ! सुविधि० ॥६॥

---


શ્રી શીતલજિન ભેટીયે
શ્રી શીતલ જિન સ્તવના
સ્વર સંગીત : મયંક ઓઝા



## શ્રી શીતલજિન ભેટીયે

# શ્રી શીતલ જિન સ્તવના


૧. અટક્યો ચિત્ત હમારોરી – શ્રી પૂજ્ય હરખચંદજી મહારાજ
૨. શ્રી શીતલજિન ! ભેટીયેં – શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ
૩. રામાનંદન પાપ-નિકંદન – શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ
૪. તુજ મુખ-સનમુખ નિરખતાં – શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ
૫. તુજશું રંગ લાગ્યો – શ્રી પૂજ્ય ઉદયરત્નજી મહારાજ
૬. શીતલ જિનવર સ્વામીજી – શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ
૭. શીતલ-જિન મોહે પ્યારા – શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ
૮. શીતલ-જિનની સાહ્યબી – શ્રી પૂજ્ય દાનવિજયજી મહારાજ
૯. શ્રી શીતલજિન-વંદીએ – શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ
૧૦. શીતળ જિનપતિ લલિત – શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ

# ૧૦. શ્રી શીતલ જિન સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય હરખચંદજી મહારાજ** -1

અટક્યો ચિત્ત હમારોરી, જિન ચરણ કમલમેં; અટક્યો
શીતલનાથ જિનેશ્વર સાહિબ ! જીવન-પ્રાણ આધારોરી-જિન૦(૧)
માતા નંદાદેવીકા નંદન, દઢરથ-નૃપકો પ્યારોરી
શ્રીવત્સ લંછન જનમ ભદ્દિલપુર, કુલ ઈક્ષ્વાગ ઉજવાલોરી-જિન૦(૨)
નેઉ ધનુષ શરીર સુશોભિત, કનકબરન અનુકારોરી
એક લાખ પૂરવ થિતિ કહિયત, નામ લિયાં નિસતારોરી-જિન૦(૩)
દીનદયાલ જગત-પ્રતિપાલક, અબ મોહે પાર ઉતારોરી
હરખચંદ કે સાહિબ સાચે, હું તો દાસ તુમારોરી-જિન૦(૪)

**कर्ता : पूज्य श्री हरखचंदजी महाराज** 2

अटक्यो चित्त हमारोरी, जिन चरण कमलमें; अटक्यो
शीतलनाथ जिनेश्वर साहिब ! जीवन-प्राण आधारोरी-जिन० (१)
माता नंदादेवीका नंदन, दृढरथ-नृपको प्यारोरी
श्रीवत्स लंछन जनम भद्धिलपुर, कुल ईक्ष्वाग उजवालोरी-जिन०(२)
नेउ धनुष शरीर सुशोभित, कनकबरन अनुकारोरी
एक लाख पूरव थिति कहियत, नाम लियां निसतारोरी-निज०(३)
दीनदयाल जगत-प्रतिपालक, अब मोहे पार उतारोरी
हरखचंदके साहिब साचे, हुं तो दास तुमारोरी-जिन०(४)

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ** 3

શ્રી શીતલજિન ! ભેટીયેં, કરી ભગતેં ચોખું[1] ચિત્ત હો
તેહશ્યું કહો છાનું કિશ્યું ? જેહને સોંપ્યાં તન-મન વિત્ત હો - શ્રી૦(૧)
દાયકનામે[2] છે ઘણા પણ તું સાયર તે કૂપ હો
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર[3] તેજ-સ્વરૂપ હો-શ્રી૦(૨)
મોટો જાણી આદર્યો; દારિદ્ર ભાંગો જગતાત હો
તું કરૂણાવંત-શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો - શ્રી૦(૩)
અંતરયામી સવી લહો, અમ મનની જે છે વાત હો
મા આગળ મોસાળનાં, શ્યાં વરણવવાં[4] અવદાત ? હો-શ્રી (૪)
જાણો તો તાણો કિશું, સેવા-ફળ દીજે દેવ હો
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજમન ટેવ હો - શ્રી૦ (૫)

**कर्ता : पूज्य श्री यशोविजयजी महाराज** 4

श्री शीतलजिन ! भेटीयें, करी भगतें चोखुं चित्त हो
तेहश्युं कहो छानुं किश्युं ? जेहने सोंप्यां तन-मन वित्त हो - श्री0 (१)
दायकनामे२ छे घणा पण तुं सायर ते कूप हो
ते बहु खजुआ तगतगे, तुं दिनकर तेज-स्वरुप हो-श्री0 (२)
मोटो जाणी आदर्यो; दारिद्र भांगो जगतात हो
तुं करुणावंत-शिरोमणि, हुं करुणापात्र विख्यात हो - श्री 0 (३)
अंयरयामी सवी लहो, अम मननी जे छे वात हो
मा आगळ मोसाळनां, श्यां वरणववां अवदात ? हो - श्री 0 (४)
जाणो तो ताणो किशुं, सेवा-फळ दीजे देव हो
वाचक जश कहे ढीलनी, ए न गमे मुजमन टेव हो- श्री 0 (५)

---

૧. નિર્મળ ૨. દાતા તરીકેનું નામ ધરાવનાર ૩. સૂર્ય ૪. વર્ણન

**કર્તા : શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ** 5

રામાનંદન પાપ-નિકંદન, શીતલ શીતલ-વાણી
બલિહારી લ્યો મોહન ! તાહરી, ભાવભગતિ ચિત આંણી ૦ ... (૧)
મીઠડા મુજ લાગો છો રાજ ! તુમ સેવામાં રહેશું,
ખાંતે[૧] ખિજમતિ કરતાં ખાસી, જે કહિશો તે સહેશું મી૦ ...(૨)
મહિમાસાગર દેવ દયાકર, રાજ ! રૂચો છો અમને
વિક્ટી[૨] દૂરે કરશ્યો તોહિ, છોડીશું નહિ તુમને-મીઠડા૦ ...(૩)
દિલરંજન ખિણ દિલમાં આવી, દૂર રહો છો હટકી,
નાચત રસભરી લાજ વિરાજે, કહો કિણપરે ઘુંઘટકી ? - મીઠડાં ૦ ...(૪)
આલિયમ[૩] રૂપથકી તું ન્યારો, માલ્યમ[૪] ભવસાગરનો,
આલિય રહિત મહીતણો નાયક, જાલિમ મુગતિ-નગરનો-મીઠડા ૦ ... (૫)
છેદે દુરિત[૫] ભવ-ભય ભેદે, તુજ કરૂણાનો અંશ
પ્રેમ સરોવરમાં ઈમ ઝીલે, કાંતિ ધવલ ગુણ હંસ. મી ૦ ...(૬)

**कर्ता : श्री पूज्य कांतिविजयजी महाराज** 6

रामानंदन पाप-निकंदन, शीतल शीतल-वाणी
बलिहारी ल्यो मोहन ! ताहरी, भावभगति चित आंणी ० ....(१)
मीठडा मुज लागो छो राज ! तम सेवामां रहेशुं,
खांते खिजमति करतां खासी, जे कहिशो ते सहेशुं मी० .....(२)
महिमासागर देव दयाकर, राज ! रुचो छो अमने
विकटी दूरे करश्यो तोहि, छोडीशुं नहि तुमने-मीठडा०.... (३)
दिलरंजन खिण दिलमां आवी, दूर रहो छो हटकी,
नाचत रसभरी लाज विराजे, कहो किणपरे घुंघटकी ? - मीठडां ० .....(४)
आलियम रुपथकी तुं न्यारो, माल्यम भवसागरनो,
आलिम रहित महीतणो नायक, जालिम मुगति-नगरनो-मीठडा०.... (५)
छेदे दुरित भव-भय भेदे, तुज करुणानो अंश
प्रेम सरोवरमां ईम झीले, कांति धवल गुण हंस. मी ० .....(६)

---

**કર્તા : શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ**

તુજ મુખ-સનમુખ નિરખતાં, મુજ લોચન અમી કરંતા હો - શીતલ જિનજી૦
તેહની શીતલતા વ્યાપે[1], કિમ રહિવાયે કહો તાપે હો - શી૦(૧)
તુજ નામ સુણ્યું જબ કાને, હઈયડું આવે તવ સાને[2] હો - શીતલ૦
મુરછાયો[3] માણસ વાટે, જિન સજ્જ[4] હુયે અમૃત - છાંટે હો - શીતલ૦(૨)
શુભ-ગંધને તરતમ યોગે, આકુલતા હુઈ ભોગે હો - શી૦
તુજ અદ્ભુત દેહ-સુવાસે, તેહ મિટી ગઈ રહત ઉદાસે હો - શીતલ૦(૩)
તુજ ગુણ[5]-સંસ્તવને રસના, છાંડે અન્ય[6]-લવની તૃષ્ણા હો - શીતલ૦
પૂજાયે તુજ તનુ ફરસે, ફરસન શીતલ થઈ ઉલસે હો - શીતલ૦(૪)
મનની ચંચલતા ભાંગી, સવિ છંડી થયો તુજ રાગી હો - શીતલ-
કવિ માન કહે તુજ સંગે, શીતલતા થઈ અંગો-અંગે હો - શીતલ૦(૫)

**कर्ता : पूज्य श्री मानविजयजी महाराज**

तुज मुख-सनमुख निरखतां, मुज लोचन अमी करंता हो-शीतल जिनजी०
तेहनी शीतलता व्यापे, किम रहिवाये कहो तापे हो - शी ०(१)
तुज नाम सुण्युं जब काने, हईयडुं आवे तव साने हो - शीतल०
मुरछायो माणस वाटे, जिम सज्ज हुये अमृत - छांटे हो - शीतल०(२)
शुभ-गंधने तरतम योगे, आकुलता हुई भोगे हो - शी०
तुज अद्‌भुत देह-सुवासे, तेह मिटी गई रहत उदासे हो - शीतल०(३)
तुज गुण-संस्तवने रसना, छांडे अन्य-लवनी तृष्णा हो - शीतल०
पूजाये तुज तनु फरसे, फरसन शीतल थई उलसे हो - शीतल०(४)
मननी चंचलता भांगी, सवि छंडी थयो तुज रागी हो - शीतल०
कवि मान कहे तुज संगे, शीतलता थई अंगो-अंगे हो - शीतल०(५)

---

૧. ફેલાય છે તે, ૨. ઠેકાણે ૩. બે-ભાન થયેલ ૪. સારો ૫. ગુણની સ્તવનામાં ૬. બીજા પદાર્થની

**કર્તા : શ્રી પૂજ્ય ઉદયરત્નજી મહારાજ** 9

તુજશું રંગ લાગ્યો રંગ, લાગ્યો સાતે ધાત,
શ્રી જિનરાજ ! તુજશું રંગ લાગ્યો ત્રિભુવન નાથ...૨
મુજ મનડામાં તું વસ્યો રે, જયું કુસુમમાં વાસ રે,
અલગો ન રહું એક ઘડી રે, સંભાળું શ્વાસોશ્વાસ રે...૧
શીતલ સ્વામિ જે દિને રે, દીઠો તુમ દેદાર રે,
તે દિનથી મન માહરૂં રે, લાગ્યું તાહરી લાર...૨
મધુકર ચાહે માલતીને, ચાહે ચન્દ્ર ચકોર,
તિન મુજ મનમાં તાહરી રે, લાગી લગન અતિજોર રે...૩
ભર્યા સરોવર ઉમટે રે, નદીયાં નીર ન માય,
તો પણ ચાહે મેઘકું, જિમ ચાતક જગમાય...૪
તિમ મુજ મનમાં તુમ વિના રે, ન આવે બીજો કોઈ રે.
ઉદય વંદે પદ સેવના. દીયો સન્મુખ જોય...૫

**कर्ता : पूज्य श्री उदयरत्नजी महाराज** 10

तुजशुं रंग लाग्यो रंग, लाग्यो साते धात,
श्री जिनराज ! तुजशुं रंग लाग्यो त्रिभुवन नाथ...२
मुज मनडामां तुं वस्यो रे, ज्युं कुसुममां वास रे,
अलगो न रहे एक घडी रे, संभाळु श्वासोश्वास रे...१
शीतल स्वामि जे दिने रे, दीठो तुम देदार रे,
ते दिनथी मन माहरु रे, लाग्युं ताहरी लार...२
मधुकर चाहे मालतीने, चाहे चन्द्र चकोर,
तिम मुज मनमां ताहरी रे, लागी लगन अतिजोर रे...३
भर्या सरोवर उमटे रे, नदीयां नीर न माय,
तो पण चाहे मेघकुं, जिम चातक जगमाय...४
तिम मुज मनमां तुम विना रे, न आवे बीजो कोई रे,
उदय वंदे पद सेवना, दीयो सन्मुख जोय...५

**કર્તા : શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ** 11

શીતલ જિનવર સ્વામીજી, હું તો જાઉં તુજ બલિહારી રે
ગર્ભ થકી નિજ તાતની, તેં તો વેદના તાપ નિવારી રે... (૧)
મીઠી વાણી તાહરી જાણે, શાંત સુધારસ ધારા રે
પર મત મીઠા બોલના, એ આગલે શા તસ ચારા રે ... (૨)
પેખી વદન નયણાં ઠરે, જેમ દર્શન ચંદ ચકોરા રે
કહે તો કહીને દાખવું, ઈણ જીભે સાહિબ મારા રે ... (૩)
જાણ આગળ કહેવો કિસ્યો નહીં જસ વાત અજાણી રે
લોકાલોક વિચારણા, ધારક કેવળ નાણી રે... (૪)
અજ્ઞાની જ્ઞાની તણો, લેખવે મનમાં આજો રે
દાન દયા કરી આપો, વિમલ મને સુખ ઝાઝો રે... (૫)

**कर्ता : श्री पूज्य दानविमलजी महाराज** 12

शीतल जिनवर स्वामीजी, हुं तो जाउं तुज बलिबारी रे
गर्भ थकी निज तातनी, तें तो वेदना ताप निवारी रे.... (१)
मीठी वाणी ताहरी जाणे, शांत सुधारस धारा रे
पर मत मीठा बोलना, ए आगले शा तस चारा रे.... (२)
पेखी वदन नयणां ठरे, जेम दर्शन चंद चकोरा रे
कहे तो कहीने दाखवुं, ईण जीभे साहिब मारा रे... (३)
जाण आगळ कहेवो किस्यो नहीं जस वात अजाणी रे
लोकालोक विचारणा, धारक केवळ नाणी रे... (४)
अज्ञानी ज्ञानी तणो, लेखवे मनमां आजो रे
दान दया करी आपो, विमल मने सुख झाझो रे... (५)

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

શીતલ-જિન મોહે પ્યારા ! સાહિબ ! શીતલ જિન મોહે પ્યારા ॥

ભુવન [1]વિરોચન પંકજ-લોચન, જિઉકે જિઉ હમારા - સાહિબ ૦ ॥૧॥

જ્યોતિશું જ્યોત મિલત જબ ધ્યાવેં, હોવત નહિં તબ ન્યારા ।

બાંધી મુઠી ખુલે જબ માયા, મિટે મહા ભ્રમ-ભારા-સાહિબ૦ ॥૨॥

તુમ ન્યારે તબ સબહી ન્યારા, અંતર-કુટુંબ ઉદારા ।

તુમહી નજીક નજીક હૈ સબહી ઋદ્ધી અનંત અપારા-સાહિબ૦ ॥૩॥

વિષય [2]લગનકી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ-ધારા ।

ભઈ મગનતા તુમ ગુણ-રસની, કુણ કંચણ ! કુણ દારા ! સાહિબ ૦ ॥૪॥

શીતલતા ગુણ [3]હોર કરત તુમ, ચંદન કાષ્ઠ બિચારા ।

નામ હી તુમ તાપ હરત હૈ [4]વાકું ઘસત ઘસારા-સાહિબ૦॥૫॥

કરહુ કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા ।

જસ કહે જનમ-મરણ-ભય ભાગે, તુમ નામે ભવપારા-સાહિબ૦॥૬॥

---

૧. સૂર્ય ૨. તૃષ્ણા ૩. હોડ = બરાબરી ૪. તેને

कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज १५

शीतल-जिन मोहे प्यारा ! साहिब ! शीतल जिन मोहे प्यारा ॥
भुवन विरोचन पंकज-लोचन, जिउके जिउ हमारा-साहिब० ॥१॥
ज्योतिशुं ज्योत मिलत जब ध्यावें, होवत नहिं तब न्यारा ।
बांधी मुठी खुले जब माया, मिटे महा भ्रम-भारा-साहिब० ॥२॥
तुम न्यारे तब सबही न्यारा, अंतर-कुटुंब उदारा ।
तुमही नजीक नजीक है सबही ऋद्धि अनंत अपारा-साहिब० ॥३॥
विषय लगनकी अगनि बुझावता, तुम गुण अनुभव-धारा ।
भइ मगनता तुम गुण-रसनी, कुण कंचण ! कुण दारा ! साहिब० ॥४॥
शीतलता गुण होर करत तुम, चंदन काष्ठ बिचारा ।
नाम ही तुम ताप हरत है वाकुं घसत घसारा-साहिब० ॥५॥
करहु कष्ट जन बहुत हमारे, नाम तिहारो आधारा ।
जस कहे जनम-मरण-भय भागे, तुम नामे भवपारा - साहिब ० ॥६॥

---

**કર્તા : શ્રી પૂજ્ય દાનવિજયજી મહારાજ** 15

શીતલ–જિનની સાહ્યબી, સાંભળતાં હો ! સહુને સુખ થાય કે
વૃક્ષ અશોક વિરાજતો, શિર ઉપરે હો ! જસ શીતલ છાંય કે–
સાહિબ એહવા સેવિયે, જસ સોહે હો ! પ્રાતિહાર જ આઠ કે – સા૦ ॥૧॥
ફૂલ–[1]પગર ઢીંચણ લગે, બહુ પરિમલ હો ! મધુકર ઝંકાર કે ।
દિવ્ય–ધ્વનિ તિમ દીપતી, એક યોજન હો ! જેહનો વિસ્તાર કે – સા૦ ॥૨॥
ઉજ્જવલ [2]અમર–દીપ જિસ્યાં, ચિહું પાસે હો ? ચઉ ચામર ઢલંત કે ।
કનક ઘડ્યું રયણે જડ્યું, સિંહાસન હો ! પ્રભુને સોહંત કે–સા૦ ॥૩॥
શિર પૂંઠે સૂરજ પરે, ભામંડલ હો ! ઝળહળ ઝલકંત કે ।
[3]અણવાઈ અંબર તલે, સુર–દુંદુભિ હો [4]સખરી વાજંત કે–સા૦ ॥૪॥
છત્રત્રય શિર–ઉપરેં, અતિ ઉજ્જવલ હો ! જસ કાંતિ અપાર કે ।
તે જિનવર મુનિ–દાનને, આપો ! આપો ! હો ! નિજ પદ અધિકાર કે–સા૦ ॥૫॥

**कर्ता : पूज्य श्री दानविजयजी महाराज** 16

शीतल-जिनની साहबी, सांभळतां हो ! सहुने सुख थाय के
वृक्ष अशोक विराजतो, शिर उपरे हो ! जस शीतल छांय के-
साहिब एहवा सेविये, जस सोहे हो ! प्रातिहार ज आठ के-सा० ॥१॥
फूल-पगर ढींचल लगे, बहु परिमल हो ! मधुकर झंकार हो ।
दिव्य-ध्वनि तिम दीपती, एक योजन हो ! जेहनो विस्तार के-सा० ॥२॥
उज्जवल अमर-नदी जिस्यां, चिंहु पासे हो ? चउ चामर ढलंत के ।
कनक घड्युं रयणे जड्युं, सिंहासन हो ! प्रभुने सोहंत के-सा० ॥३॥
शिर पूंठे सूरज परे, भामंडल हो ! झळहळ झलकंत के ।
अणवाई अंबर तले, सुर-दुंदुभि हो सखरी वाजंत के-सा० ॥४॥
छत्रत्रय शिर-उपरें, अति उज्जवल हो ! जस कांति अपार के ।
ते जिनवर मुनि-दानने, आपो ! आपो ! हो ! निज पद अधिकार के-सा० ॥५॥

---

૧. ઢગલા ૨. ગંગા નદી ૩. વગાડનાર વગર (આપોઆપ) વાગતી ૪. સુંદર

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**

શ્રી શીતલજિન-વંદીએ-અરિહંતાજી, શીતલ દર્શન જાસ-ભગવંતાજી
વિષય કષાયને શમાવવા - અરિ૦ અભિનવ જાણે બરાસ - ભગ ૦ ...(૧)
બાવનાચંદન પરિકરે-અરિ૦ કંટકરૂપ[1] સુવાસ-ભગ૦
તિમ કંટક[2] મન માહરૂ-અર૦ તુમ ધ્યાને હોવે શુભ વાસ - ભગ ૦ ... (૨)
નંદન નંદા માતનો-અરિ ૦ કરે આનંદિત લોક-ભગ ૦
શ્રી દઢરથ નૃપ કુલદિનમણિ-અરિ૦ જિત મદ માન ને શોક-ભગ ૦ ...(૩)
શ્રીવત્સ લંછન મિત્તિ રહે-અરિ૦ પગકમળે સુખકાર-ભગ૦
મંગલિકમાં તે થયો અરિ૦ તે ગુણ પ્રભુ આધાર-ભગ ૦ ...(૪)
કેવળ કમળા આપીયે-અરિ૦ તો વાધે જગ મામ[3]-ભગ ૦
ન્યાયસાગરની વિનંતિ-અરિ૦ સુણો તિહું જગના સ્વામિ - ભગ૦ ...(૫)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज**

श्री शीतल जिन-वंदीए-अरिहंताजी, शीतल दर्शन जास-भगवंताजी
विषय कषायने शमाववा - अरि - अभिनव जाणे बरास - भग ०... (१)
बावनाचंदन परिकरे-अरि० कंटकरुप सुवास-भग०
तिम कंटक२ मन माहरु-अरि-तुम ध्याने होवे शुभ वास-भग० ...(२)
नंदन नंदा मातनो-अरि० करे आनंदित लोक-भग ०
श्री दढरथ नृप कुलदिनमणि-अरि० जिन मद मान ने शोक - भग ० ...(३)
श्रीवत्स लंछन मित्ति रहे-अरि० पगकमळे सुखकार - भग ०
मंगलिकमां ते थयो - अरि ० ते गुण प्रभु आधार-भग० ...(४)
केवळ कमळा आपीये-अरि ० तो वाधे जग माम३-भग०
न्यायसागरनी विनंति-अरि० सुणो तिहुं जगना स्वामि-भग ० ...(५)

---

૧. ઓછાશ ૨. કાંટાળાઝાડ ૩. મહિમા

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

શીતળ જિનપતિ લલિત[1]-ત્રિ-ભંગી[2], વિવિધ-ભંગી[3] મન મોહરે ।
કરૂણા કોમળતા તીક્ષ્ણતા ઉદાસીનતા સોહેરે-શીતળ ૦॥૧॥
સર્વ-જંતુ-હિત-કરણી કરૂણા, કર્મ[4]-વિદારણ તીક્ષણરે ।
હાન[5]-દાનરહિત પરિણામી, ઉદાસીનતા વિક્ષણરે-શીતળ ૦॥૨॥
પરપ-દુઃખ-છેદન-ઈચ્છા કરૂણા, તીક્ષ્ણ પર-દુઃખ રીઝેરે ।
ઉદાનસીનતા ઉભયવિલક્ષણ,[6] એક ઠામેં કિમ સીઝેરે ? શીતળ ૦॥૩॥
અભયદાન તે કરૂણા,[7] મળક્ષય તીક્ષ્ણતા ગુણભાવે[8] રે; ।
પ્રેરક[9] વિણકૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે - શીતળ ૦ ॥૪॥
શક્તિ[10] વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગંથતા સંયોગેરે ।
યોગી ભોગી વક્તા મૌની , અનુપયોગી ઉપયોગી રે - શીતળ ૦ ॥૫॥
ઈત્યાદિક બહુ-ભંગ ત્રિ-ભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે ।
અ-ચરિજ-કારી ચિત્ર-વિચિત્રા, આનંદઘન-પદ લેતી રે - શીતળ ૦ ॥૬॥

---

૧. સુંદર ૨. ત્રણ-ત્રણ ભાંગાવાલી ૩. અનેક પ્રકારની ચીજો ૪. કર્મને નાશ કરવા માટે ૫. છોડવું કે લેવું તેનાથી રહિત પરિણામવાળા ૬. બીજાના દુઃખને દૂર કરવાની ઈચ્છા તે કરૂણા, બીજાના દુઃખમાં રાજી થવું તે તીક્ષ્ણતા, અને બંનેથી નિરપેક્ષ રહેવું તે ઉદાસીનતા, આ ત્રણ બાબતો પરસ્પર વિરોધી, એક જગ્યાએ કેમ સંભવે ? (ત્રીજી ગાથાનો અર્થ) ૭. કર્મના ક્ષયથી ૮. ગૌણપણે ૯. પ્રેરક તરીકે રહ્યા વિના સાહજિક પરિણતિ ૧૦. આ ગાથામાં નય-વિશેષથી પાંચ જાતની ત્રિભંગીઓ જણાવી છે, જેનો રહસ્યાર્થ વિવેચનમાંથી જોઈ લેવો.

**कर्ता : श्री पूज्य आनंदधनजी महाराज** 20

शीतळ जिनपति ललित-त्रि-भंगी, विविध-भंगी मन मोहेरे ।
करुणा कोमळता तीक्ष्णता उदासीनता सोहेरे-शीतळ ० ।।१।।
सर्व-जंतु-हित-करणी करुणा, कर्म-विदारण तीक्षण रे ।
हान-दानरहित परिणामी, उदासीनता विक्षणरे-शीतळ ०।।२।।
परख-दुःख-छेदन-ईच्छा करुणा, तीक्ष्ण पर-दुःख रीझेरे ।
उदासीनता उभयविलक्षण, एक ठामें किम सीझेरे ? शीतळ ० ।।३।।
अभयदान ते करुणा, मळक्षय तीक्ष्णता गुणभावे रे;
प्रेरक विणकृति उदासीनता, इम विरोध मति नावे रे - शीतळ ० ।।४।।
शक्ति व्यक्ति त्रिभुवन प्रभुता, निर्ग्रंथता संयोगे रे ।
योगी भोगी वक्ता मौनी, अनुपयोगी उपयोगी रे - शीतळ ० ।।५।।
इत्यादिक बहु-भंग त्रि-भंगी, चमत्कार चित्त देती रे ।
अ-चरिज-कारी चित्र-विचित्रा, आनंदधन-पद लेती रे - शीतळ ० ।।६।।

# શ્રી શ્રેયાંસનાથ



સ્વર સંગીત : વિનુભાઈ રાગી

# શ્રી શ્રેયાંસનાથ



## શ્રી શ્રેયાંસનાથના સ્તવનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી શ્રેયાંસ-જિન અંતરજામી | – | શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ |
| ૨. | શ્રી શ્રેયાંસ-જિનેસરૂ ! સેવકની | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |
| ૩. | શ્રી શ્રેયાંસ-જિણંદજી ! અવધારો | – | શ્રી પૂજ્ય નયવિજયજી મહારાજ |
| ૪. | શ્રેયાંસજિણંદ ઈગ્યારમા, તેહશું | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૫. | મેરો મન કિતહી ન લાગે; | – | શ્રી પૂજ્ય અમૃતવિજયજી મહારાજ |
| ૬. | શ્રી શ્રેયાંસ-જિણંદનું | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |

# ૧૧. શ્રી શ્રેયાંસનાથના સ્તવનો

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ** - ।

શ્રી શ્રેયાંસ-જિન અંતરજામી, આતમ-રામી નામીરે ।
અધ્યાતમ-મત પૂરણ પામી, સહજ-મુક્તિ-ગતિ-ગામીરે-શ્રી૦ ॥૧॥
સયલ-સંસારી ઈંદ્રિય-રામી, મુનિ-ગુણ આતમ-રામીરે ।
મુખ્યપણેજે આતમરામી, તે કેવળ નિઃકામીરે-શ્રી૦ ॥૨॥
નિજ[1]-સ્વરૂપે જે કિરિયા સાધેં, તે અધ્યાતમ લહિયે રે ।
જે કિરિયા કરી ચઉગતિ સાધેં, તે ન અધ્યાતમ કહિયે રે-શ્રી૦ ॥૩॥
નામ-અધ્યાતમ ઠવણ-અધ્યાતમ, દ્રવ્ય-અધ્યાતમ છંડો રે ।
ભાવ-અધ્યાતમ નિજ ગુણ સાધેં, તો તેહથી રઢ મંડો રે - શ્રી૦ ॥૪॥
શબ્દ[2]-અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ[3] આદરજ્યો રે ।
શબ્દ-અધ્યાતમ ભજના જાણી, દાન-ગ્રહણ મતિ ધરજ્યો રે-શ્રી૦ ॥૫॥
અધ્યાતમ તે જે વસ્તુ[4] વિચારી, બીજા જાણ લેબાસી રે[5] ।
વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે, આનંદઘન-મન-વાસી રે - શ્રી૦ ॥૬॥

---

૧. આ ગાથામાં જેનાથી આત્મા કર્મની નિર્જરા કરી પોતાના સહજ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરે તેને શ્રેષ્ઠ અધ્યાતમ કહેલ છે, શુષ્ક અધ્યાત્મ કે શુષ્ક જ્ઞાનયોગની અસારતા જણાવી છે ૨. શબ્દનયથી અધ્યાત્મ ૩. વૃત્તિઓની નિર્વિકલ્પતા ૪. આત્મતત્ત્વની શુદ્ધિ ૫. વેષધારી.

**कर्ता : पूज्य श्री आनंदघनजी महाराज** - २

श्री श्रेयांस-जिन अंतरजामी, आतम-रामी नामी रे ।
अध्यातम-मत पूरण पामी, सहज-मुक्ति-गति-गामीरे-श्री० ॥१॥
सयल-संसारी इंद्रिय-रामी, मुनि-गण आतम-रामीरे ।
मुख्यपणे जे आतमरामी, ते केवळ निःकामीरे-श्री० ॥२॥
निज-स्वरूपे जे किरिया साधें, ते अध्यात्म लहिये रे ।
जे किरिया करी चउगति साधें, ते न अध्यातम कहिये रे-श्री० ॥३॥
नाम-अध्यातम ठवण-अध्यातम, द्रव्य-अध्यातम छंडो रे ।
भाव-अध्यातम निज गुण साधें, तो तेहथी रढ मंडोरे-श्री० ॥४॥
शब्द-अध्यातम अरथ सुणीने, निर्विकल्प आदरज्यो रे ।
शब्द-अध्यातम भजना जाणी, दान-ग्रहण मति धरज्यो रे-श्री० ॥५॥
अध्यातम ते जे वस्तु विचारी, बीजा जाण लेबासी रे ।
वस्तु-गतें जे वस्तु प्रकाशे, आनंदघन-मत-वासी रे-श्री ॥६॥

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ**-૩

શ્રી શ્રેયાંસ-જિનેસરૂ ! સેવકની હો કરજો સંભાળ[1] તો
રખે ! વીસારી મૂક્તા, હોય મોટા હો જગે દીન-દયાળ તો-શ્રી૦(૧)
મુજ સરિખા છે તાહરે, સેવકની હો બહુ કોડાકોડ તો
પણ સુ-નજર નિરખીઓ, કિમ દીજે ? હો પ્રભુ તેહને છોડ ! તો-શ્રી૦(૨)
મુજને હેજ છે અતિઘણું, પ્રભુ ! તુમથી હો જાણું નિરધાર તો
તો તું નિપટ નિરાગીઓ, હું રાગી હો એ વચન-વિચાર તો-શ્રી૦(૩)
વળી ન્હાનું મન માહરૂં, હું તો રાખું હો તુમને તે માંહિ
તો હું રાગી પ્રભુ ! તાહરો, એકાંગી હોય ગ્રહીયેં પ્રભુ-બાંહિ તો-શ્રી૦(૪)
નિ-ગુણો નવિ ઉવેખીએ, પોતાવટ[2] હો ઈમનો હેં સ્વામિ તો
જ્ઞાનવિમલ-પ્રભુ ! શું કરો ? વિણુ અંતર હો સેવક એકનાત તો-શ્રી૦(૫)

---

૧. સારવાર ૨. વહેતાપણું

कर्ता : श्री पूज्य ज्ञानविमलजी महाराज -4.

श्री श्रेयांस-जिनेसरू ! सेवकनी हो करजो संभाळ तो
रखे ! वीसारी मूकता, होय मोटा हो जगे दीन-दयाळ तो-श्री०(१)
मुज सरिखा छे ताहरे, सेवकनी हो बहु कोडाकोड तो
पण सु-नजर निरखीओ, किम दीजे ? हो प्रभु तेहने छोड ! तो-श्री०(२)
मुजने हेज छे अतिघणुं, प्रभु ! तुमथी हो जाणुं निरधार तो
तो तुं निपट निरागीओ, हुं रागी हो ए वचन-विचार तो-श्री०(३)
वळी न्हानुं मन माहरू, हुं तो राखुं हो तुमने ते मांहि
तो हुं रागी प्रभु ! ताहरो, एकांगी होय ग्रहीयें प्रभु-बांहि तो-श्री०(४)
नि-गुणो नवि उवेखीए, पोतावट हो इमनो हें स्वामि तो
ज्ञानविमल-प्रभु ! शुं करो ? विणु अंतर हो सेवक एकतान तो-श्री०(५)

**કર્તા : શ્રી પૂજ્ય નયવિજયજી મહારાજ** ૬

શ્રી શ્રેયાંસ-જિણંદજી ! અવધારો અરદાસ લાલ રે
દાસ કરી જો લેખવો[૧], તો પૂરો મન-આશ-લાલ રે શ્રી ૦(૧)
મોટા-નાના આંતરું, લેખવે[૨] નહિ દાતાર-લાલ રે
સમ-વિષમ સ્થલ નવિ ગણે, વરસંતો જલધાર[૩]-લાલ રે શ્રી ૦(૨)
નાનાને મોટા મિલ્યા, સહી તે મોટા થાય-લાલ રે
વાહુલીયા[૪] ગંગા મિલ્યા, ગંગપ્રવાહ કહાય-લાલ રે શ્રી ૦(૩)
મોટાને મોટા કરો, એ તો જગતણી રીત-લાલ રે
નાના જો મોટા કરો, તો તુમ્હ પ્રેમ-પ્રતીત-લાલ રે શ્રી ૦(૪)
ગુણ અવગુણ નવિ લેખવે, અંગીકૃત જે અમંદ-લાલ રે
કુટિલ કલંકી જિમ વહ્યો, ઈશ્વર શિશે ચંદ-લાલ રે શ્રી ૦(૫)
અવગુણીયે પણ ઓલગ્યો, ગુણવંત તું ભગવંત-લાલ રે
નિજ-સેવક જાણી કરી, દીજે સુખ અનંત-લાલ રે શ્રી ૦(૬)
ઘણી શી વિનંતી કીજીયે ? જગજીવન જિનનાહ-લાલ રે
નયવિજય કહે કીજીએ, અંગીકૃત-નિરવાર-લાલ રે શ્રી ૦(૭)

---

૧. ગણો ૨. ગણતા ૩. મેઘ ૪. નાના પ્રવાહો

**कर्ता : श्री पूज्य नयविजयजी महाराज** -६

श्री श्रेयांस-जिणंदजी ! अवधारो अरदास लाल रे
दास करी जो लेखवो, तो पूरो मन-आश-लाल-रे श्री०(१)
मोटा-नाना आंतरुं, लेखे नहि दातार-लाल रे
सम-विषम स्थल नवि गणे, वरसंतो जलधार-लाल-रे श्री०(२)
नानाने मोटा मिल्या, सही ते मोटा थाय-लाल रे
वाहुलीया गंगा मिल्या, गंगप्रवाह कहाय-लाल-रे श्री०(३)
मोटाने मोटा करो, ए तो जगतणी रीत-लाल रे
नाना जो मोटा करो, तो तुम्ह प्रेम-प्रतीत-लाल-रे श्री०(४)
गुण अवगुण नवि लेखवे, अंगीकृत जे अमंद-लाल रे
कुटिल कलंकी जिम वह्यो, ईश्वर शिशे चंद-लाल-रे श्री०(५)
अवगुणीये पण ओलग्यो, गुणवंत तुं भगवंत-लाल रे
निज-सेवक जाणी करी, दीजे सुख अनंत-लाल-रे श्री०(६)
घणी शी विनंती कीजीये ? जगजीवन जिननाह-लाल रे
नयविजय कहे कीजीए, अंगीकृत-निरवाह-लाल-रे श्री०(७)

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**

શ્રેયાંસજિણંદ ઈગ્યારમા, તેહશું તુજ લાગ્યું મન્નરે
તે અળગું કદિયે નવિ રહે, જિમ ભાત પટોળે વન્નરે–શ્રે૦(૧)
પ્રભુ નિરાગી જાણી કરી, મેં જોડ્યું એ એકંગરે હવે એક રૂપ જે એ હોયે,
એટલે અમે નાહ્યા ગંગરે શુભ ધ્યાનના ગંગ તરંગરે–શ્રે૦(૨)
વિષ્ણુભૂપ વિષ્ણુમાવડી, નંદન ગુણમણિ–ખાણિરે
એકલમલ્લના ઉપમાનથી, ખડગીનું લંછન જાણિ રે–શ્રે૦(૩)
પ્રભુ ચોળરંગ નવિ ઊતરે, જાયે તે રંગ પતંગરે,
ઓછા કાચા બહુ કરે, ગિરૂઆ હોયે સહજ અભંગરે–શ્રે૦(૪)
ઈમ જાણી નિજ દાસને, નિજ સમ ગુણ કીજે નાથરે
એતી ન્યાયસાગરજી વિનતી, તારો મુજને ગ્રહી હાથરે–શ્રે૦(૫)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज**

श्रेयांसजिणंद इग्यारमा, तेहशुं मुज लाग्युं मन्नरे
ते अळगुं कदिये नवि रहे, जिम भात पटोळे वन्नरे–श्रे०(१)
प्रभु निरागी जाणी करी, में जोड्युं ए एकंगरे हवे एक रूप जे ए होये,
एटले अमे नाह्या गंगरे शुभ ध्यानना गंग तरंगरे–श्रे०(२)
विष्णुभूप विष्णुमावडी, नंदन गुणमणि–खाणिरे
एकलमल्लना उपमानथी, खडगीनुं लंछन जाणि रे–श्रे०(३)
प्रभु चोळरंग नवि उतरे, जाये ते रंग पतंग रे,
ओछा काचा बहु करे, गिरूआ होये सहज अभंगरे–श्रे०(४)
इम जाणी निज दासने, निज सम गुण कीजे नाथरे
एती न्यायसागर विनती, तारो मुजने ग्रही हाथरे–श्रे०(५)

---

**કર્તા : શ્રી પૂજ્ય અમૃતવિજયજી મહારાજ** -9

મેરો મન કિતહી ન લાગે; મેરો૦
સુખકર શ્રી શ્રેયાંસજિનંદ સો, પ્રેમ બઢ્યો ગુનરાગે–મેરો૦...(૧)
સમતા ભરી તુજ સૂરત નીકી, દેખતરી હિત જાગે
લગન લગી અટક્યો રહે અહનિશિ, અલિ જ્યૌં કમલપરાગે–મેરો૦...(૨)
એતી નિવાજસ[1] કરત મેં રાજી ગુન એક વિભાગે
કહે અમૃત ઈતનો હી દીજે, કછુઅ ન ચાહું આગે–મેરો૦...(૩)

**कर्ता : श्री पूज्य अमृतविजयजी महाराज** -10

मेरो मन कितही न लागे; मेरो०
सुखकर श्री श्रेयांसजिनंद सो, प्रेम बढ्यो गुनरागे–मेरो०...(१)
समता भरी तुज सूरत नीकी, देखतरी हित जागे
लगन लगी अटक्यो रहे अहनिशि, अलि ज्यौं कमलपरागे–मेरो०...(२)
एती निवाजस करत में राजी, तुम गुन एक विभागे
कहे अमृत इतनो ही दीजे, कछुअ न चाहुं आगे–मेरो०...(३)

---

૧. બક્ષીસ

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ** -11

શ્રી શ્રેયાંસ-જિણંદનું, મેં નિરખ્યું હો !
અપૂરવ મુખ-ચંદ તો । નયન-ચકોરા ઉલ્લસ્યા,
સુખ પામ્યા હો ! જિમ સુરતરૂ-કંદ તો-શ્રી૦ ॥૧॥
[1]બિહુ-પખે પૂરણ સર્વદા, ત્રિભુવનમાં હો ! એ પ્રગટે પ્રકાશતો ।
ઉદયકરણ અહનિશ છે, વળી કરતો હો ! ભવિ-કુમુદ-વિકાશતો-શ્રી૦ ॥૨॥
[2]દોષાકર કદીએ નહીં, નિ-કલંકી હો ! નહિ જલધિ-પ્રસંગ તો ।
[3]મિત્ર ઉદય કરે અતિ ઘણો, [4]પક્ષપાતી હો ! નહિ જેહ અ-સંગ તો-શ્રી૦ ॥૩॥
તેજ થકી સવિ [5]તમ હરે, નવિ રૂંધે હો ! વાદલ જસ છાયતો ।
ગુરૂ-બુધ જન સેવે સદા, શુભ-કામે હો ! ધરે તાસ સહાયતો-શ્રી૦ ॥૪॥
અનુભવ[6]-જલનિધિ-ઉલ્લસે, આનંદિત હો ! હોવે ! ભવિજન[7] કોકતો ।
સરસ-સુધારસ-વચણથી, વળી નાશે હો ! મિથ્યા-મત-શોક-તો-શ્રી૦ ॥૫॥
જ્ઞાનવિમલ-પ્રભુતા ઘણી, જસ નામે હો ! હોઈ અધિક આણંદ તો ।
વિષ્ણુ-નૃપતિ-કુલ-દિન[8]-મણિ, અગીઆરમો હો ! વંદુ જિનચંદ તો-શ્રી૦ ॥૬॥

---

૧. પ્રભુજી બંને પક્ષે=માતૃપક્ષ અને પિતૃપક્ષ અગર વ્યવહારથી નિશ્ચયથી, ચંદ્ર તો શુક્લપક્ષમાં પૂર્ણ થાય-કૃષ્ણપક્ષમાં ઘટે. ૨.દોષાકર=ચંદ્ર પણ પ્રભુજી દોષના, આકર=ખાણ નથી ૩. ચંદ્ર તો મિત્ર=સૂર્યનો અસ્ત થાય ત્યારે ઉગે, પણ પ્રભુજી તો મિત્રભાવે સહુનો ઉદય કરનાર છે ૪. ચંદ્ર તો પક્ષ =કૃષ્ણપક્ષમાં પાતી=પડવાવાળો, ક્ષીણ કલાવાળો, પણ પ્રભુજીની પક્ષપાતી=રાગ-દ્વેષવાળા નથી ૫. અંધકાર ૬. સમુદ્ર ૭. ચકોરપક્ષી ૮. સૂર્ય

**कर्ता : श्री पूज्य ज्ञानविमलजी महाराज** -12

श्री श्रेयांस-जिणंदनुं, में निरख्युं हो !
अपूरव मुख-चंद तो । नयन-चकोरा उल्लस्या,
सुख पाम्या हो ! जिम सुरतरू-कंद तो-श्री० ॥१॥
बिहु-पखे पूरण सर्वदा, त्रिभुवनमां हो ! ए प्रगटे प्रकाशतो ।
उदयकरण अहनिश छे, वळी करतो हो ! भवि-कुमुद-विकाशतो-श्री० ॥२॥
दोषाकर कदीए नहीं, नि-कलंकी हो ! नहि जलधि-प्रसंग तो ।
मित्र उदय करे अति घणो, पक्षपाती हो ! नहि जेह अ-संग तो-श्री० ॥३॥
तेज थकी सवि तम हरे, नवि रूंधे हो ! वादल जस छायतो ।
गुरू-बुध जन सेवे सदा, शुभ-कामे हो ! धरे तास सहायतो-श्री० ॥४॥
अनुभव-जलनिधि-उल्लसे, आनंदित हो ! होवे ! भविजन-कोकतो ।
सरस-सुधारस-वयणथी, वळी नाशे हो ! मिथ्या-मत-शोक तो-श्री० ॥५॥
ज्ञानविमल-प्रभुता घणी, जस नामे हो ! होइ अधिक आणंद तो ।
विष्णु-नृपति-कुल-दिन-मणि, अगीआरमो हो ! वंदु जिनचंद तो-श्री० ॥६॥

# વાસુપૂજ્ય જિન વંદીએ



## શ્રી વાસુપૂજ્ય જિન સ્તવના



સ્વર સંગીત : મયંક ઓઝા





# શ્રી વાસુપૂજ્ય જિન સ્તવના

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી વસુપૂજ્ય નરેસરૂ | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૨. | શ્રી વસુપૂજ્ય નરેસરૂ રે | – | શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ |
| ૩. | વાસુપૂજ્ય-જિન અંતરજામી | – | શ્રી પૂજ્ય રતનવિજયજી મહારાજ |
| ૪. | વસુપૂજ્ય-નૃપ-કુલ ચંદલો | – | શ્રી પૂજ્ય કેસરવિમલજી મહારાજ |
| ૫. | વાસુપૂજ્ય જિન વંદીએ | – | શ્રી પૂજ્ય મેઘવિજયજી મહારાજ |
| ૬. | અંતરજામી હો કે શિવગતિ | – | શ્રી પૂજ્ય જિનવિજયજી મહારાજ |
| ૭. | વસુપૂજ્ય નૃપકુળ મંડણો | – | શ્રી પૂજ્ય ભાણચંદ્રજી મહારાજ |
| ૮. | મનમંદિર નાથ વસાઓ ! | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૯. | શ્રી વસુપૂજ્ય-નરિંદનોજી | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ |
| ૧૦. | સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |

# ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ** 1

શ્રી વસુપૂજ્ય-નરેસરૂ, તાત જયા જસ માતારે,
લંછન મહિષ[1] સોહામણો, વરણે પ્રભુ અતિ રાતા રે,
ગાઇયેં જિન ગુણ ગહગહી[2] ૦......... (૧)
શ્રી વાસુપૂજ્ય જિણેસરૂ, ચંપાપુરી અવતાર રે,
વરષ બોંતેર લાખ આઉખું, સત્તરિ[3] ધનુ તનુ સાર રે ગાઇયેં ૦..... (૨)
ખટ શત સાથે સંયમ લિયેં, ચંપાપુરી શિવગામી રે,
સહસ બહોત્તેર પ્રભુ તણા, નમિયેં મુનિ શિરનામી રે, ગાઇયેં ૦........(૩)
તપ-જપ-સંયમ-ગુણ-ભરી, સાહુણી લાખ વખાણી રે,
યક્ષ કુમાર સેવા કરે, ચંડા દેવી મેં જાણી રે. ગાઈ યેં ૦ .......(૪)
જન-મન[4]-કામિત-સુરમણિ, ભવ-દેવ[5]-મેહ-સમાન રે,
કવિ જશવિજય કહે સદા, હૃદય-કમળ ધરો ધ્યાન રે, ગાઇયેં ૦.......(૫)

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** 2

श्री वसुपूज्य-नरेसरु, तात ज्या जस माता रे,
लंछन महिष[1] सोहामणो, वरणे प्रभु अति राता रे,
गाईयें जिन गुण गहगही[2] ०.......(१)
श्री वासुपूज्य जिणेसरु, चंपापुरी अवतार रे,
वरष बोंतेर लख आउखुं, सत्तरि[3] धनु तनु सार रे गाईयें ०.....(२)
खट शत साथे संयम लियें, चंपापुरी शिवगामी रे,
सहस बहोत्तेर प्रभु तणा, नमियें मुनि शिरनामी रे, गाईयें ०..........(३)
तप-जप-संयम-गुण-भरी, साहुणी लाख वखाणी रे,
यक्ष कुमार सेवा करे, चंडा देवी में जाणी रे. गाई ये०.............(४)
जन-मन[4]-कामित-सुरमणि, भव-देव[5]-मेह-समान रे,
कवि जशविजय कहे सदा, हृदय-कमळ धरो ध्यान रे, गाईयें०......(५)

---

**કર્તા શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ** - 3

શ્રી વસુપૂજ્ય નરેસરૂ રે, નંદ[1] જયા જસ માય
શ્રી વાસુપૂજ્યને પૂજતાં રે, મંદિર રિદ્ધિ ભરાય
ભવિક-જન ! પૂજો એ જિનરાય,
જિમ-ભવ-જલધિ તરાય-ભવિક ૦ મુગતિનો એહ ઉપાય ભવિક૦(૧)
સોહે સોવન-સિંહાસનેરે, કુકુંમ[2]-વરણી કાય
જિન કંચનગિરિ ઉપરે રે, નૂતન[3]-ભાણ સુહાય - ભવિક૦(૨)
લંછન મિસિ[4] વિનતિ કરે રે, મહિષીસુત[5] જસ પાય
લોકે હું સંતાપીઓ રે છુટું તુમ્હ પસાય-ભવિક૦(૩)
મન[6] રંજે એ રાતડો રે, એ તો જુગતો[7] ન્યાય
પણ જે ઉજ્જવલ મન કરે રે, તે તો અચરિજ થાય - ભવિક૦(૪)
બાર[8] ઉઘાડેં મુગતિનાં રે, બારસમો જિનરાય
કીર્તિવિજય ઉવઝાયનો રે, વિનયવિજિય ગુણ ગાય-ભવિક૦(૫)

**कर्ता : श्री पूज्य विनयविजयजी महाराज** - 4

श्री वसुपूज्य नरेसरु रे, नंद[1] जया जस माय
श्री वासुपूज्यने पूजतां रे, मंदिर रिद्धि भराय
भविक-जन ! पूजो ए जिनराय,
जिम भव-जलधि तराय-भविक ० मुगतिनो एह उपाय भवकि ०(१)
सोहे सोवन-सिंहासने रे, कुकुंम[2]-वरणी काय
जिन कंचनगिरि उपरे रे, नूतन[3]-भाण सुहाय-भविक० (२)
लंछन मिसि[4] विनति करे रे, महिषीसुत[5] जस पाय
लोके हु संतापीओ रे छुटुं तुम्ह पसाय-भविक० (३)
मन[6] रंजे ए रातडो रे, ए तो जुगतो[7] न्याय
पण जे उज्जवल मन के रे, ते तो अचरिज थाय - भविक०(४)
बार[8] उघाडें मुगतिनां रे, बारसमो जिनराय
कीर्तिविजय उवझायनो रे, विनयविजय गुण गाय-भविक०(५)

---

**કર્તા : શ્રી પૂજ્ય રતનવિજયજી મહારાજ** -5

વાસુપૂજ્ય-જિન અંતરજામી, હું પ્રણમું શિરનામી રે-મારા અંતરજામી !
ત્રિ-કરણ-જોગે ધ્યાન તમારૂં, કરતાં ભવ-ભય વારૂ રે-મારા ૦... ॥૧॥
ચોત્રીશી અતિશય શોભાકારી, તુમચી જાઉં બલિહારી રે-મારા ૦।
ધ્યાન-વિન્નાણે શક્તિ-પ્રમાણે, સુરપતિ ગુણ વખાણે રે - મોરા ૦... ॥૨॥
દેશના દેતાં તખત બિરાજે, જલધરની પેરે ગાજે રે - મારા ૦।
વાણી સુધા-રસ-ગુણ-મણિ-ખાણી, ભાવ ધરી સુણે પ્રાણી રે - મારા૦... ॥૩॥
દુવિધ ધરમ ધ્યાનિધિ ભાખે, હેતુ જુગતે પ્રકાશે રે - મારા ૦ ।
ભેદ-રહિત પ્રભુ નિરખો મુજને, તો શોભા છે તુજને રે-મારા ૦...॥૪॥
મુદ્રા સુંદર દીપે તાહરી, મોહ્યા અમર નર-નારી રે-મારા ૦ ।
સાહેબ સમતા-રસનો દરીયો, માર્દવ-ગુણથી ભરીયો રે - મારા૦... ॥૫॥
સહજાનંદી સાહિબ સાચો, જેમ હોયે હીરો જાચો રે મારા૦ ।
પરમાતમ પ્રભુ-ધ્યાને ધ્યાવો, અક્ષય-લીલા પાવો રે - મારા ૦... ॥૬॥
રક્ત-વર્ણ દીપે-તનુ-કાન્તિ, જોતાં ટળે ભવ-ભ્રાંતિ-રે-મારા૦।
ઉત્તમવિજય-વિબુધનો શીશ, રતનવિજય સુ-જગીશ રે-મારા૦... ॥૭॥

**कर्ता : पूज्य श्री रतनविजयजी महाराज** -6

वासुपूज्य-जिन अंतरजामी, हुं प्रणमुं शिरनामी रे - मारा अंतरजामी !
त्रि-करण-जोगे ध्यान तमारुं, करतां भव-भय वारु रे - मारा ०... ॥१॥
चोत्रीश अतिशय शोभाकारी, तुमची जाउं बलिहारी रे - मारा ० ।
ध्यान-विन्नाणे शक्ति-प्रमाणे, सुरपति गुण वखाणे रे-मोरा ० ...॥२॥
देशना देतां तखत बिराजे, जलधरनी पेरे गाजे रे-मारा ० ।
वाणी सुधा-रस-गुण-मणि-खाणी, भाव धरी सुणे प्राणी रे - मारा ०...॥३॥
दुविध धरम दयानिधि भाखे, हेतु जुगते प्रकाशे रे-मारा ० ।
भेद-रहित प्रभु निरखो मुजने, तो शोभा छे तुजने रे- मारा० ... ॥४॥
मुद्रा सुंदर दीपे ताहरी, मोह्या अमर नर-नारी रे-मारा ०।
साहेब समता-रसनो दरीयो, मार्दव-गुणथी भरीयो रे -मारा ०... ॥५॥
सहजानंदी साहिब साचो, जेम होये हीरो जाचो रे - मारा ० ।
परमातम प्रभु-ध्याने ध्यावो, अक्षय-लीला पावो रे - मारा ०॥६॥
रक्त-वर्ण-दीपे-तनु-कान्ति, जोतां टळे भव-भ्रांति-रे-मारा ० ।
उत्तम विजय-विबुधनो शीश, रतनविजय सु-जगीश रे - मारा ० ...॥७॥

**કર્તા : શ્રી પૂજ્ય કેસરવિમલજી મહારાજ**

વસુપૂજ્ય-નૃપ-કુલ ચંદલો, શ્રી વાસુપૂજ્ય જિનરાય રે ।
રાણી-જયા-ઉર હંસલો, મહિષ-લંછન જસ પાય રે -
શ્રી વાસુપૂજ્ય-જિન ! વિનતી, સુણ ત્રિભુવન-જયકારી રે ।
મનહ મનોરથ પૂરવો, અંતર દૂર નિવારી રે - શ્રી વાસુ ॥૨॥
મહિયલ તું મહિમા-નીલો, નહિ કોઈ તાહરી જોડી રે ।
જિમ સૂરજ સમ કો નહિં ! તારા-ગણની કોડી રે - શ્રી વાસુ ૦॥૩॥
જે તુમ જાણપણું અછે, બીજામાં નહિ તેહોરે ।
તિમિર નવિ તારા હરે, ચંદ હરે છે જેહો રે-શ્રી વાસુ ૦॥૪॥
મોહ્યો મુજ મન-હંસલો, તુજ ગુણ-ગંગ-તરંગે રે ।
'અવર-સુરા-છિલ્લર-જલે, તે કિમ રાચે ? રંગે રે - શ્રી વાસુ ૦॥૫॥
ભાવ-ભગતે પ્રભુ ! વિનવું સુણ સ્વામી ! અરદાસ રે ।
કેશર-વિમલ કહે સાહિબા ! પૂરો મુજ મન આશ રે - શ્રી વાસુ ૦॥૬॥

**कर्ता : पूज्य श्री केसरविमलजी महाराज**

वसुपूज्य-नृपकुल-चंदलो, श्री वासुपूज्य-जिनराय रे ।
राणी-जया-उर-हंसलो, महिष-लंछन जस पाय रे-
श्री पासुपूज्य-जिन ! विनती, सुण त्रिभुवन-जयकारी रे ।
मनह मनोरथ पूरवो, अंतर दूर निवारी रे - श्री वासु ० ॥२॥
महियल तुं महिमा-नीलो, नहि कोई ताहरी जोडी रे ।
जिम सूरज सम को नहिं ! तारा-गणनी कोडी रे - श्री वासु ० ॥३॥
जे तुम जाणपणुं अछे, बीजामां नहि तेहोरे ।
तिमिर नवि तारा हरे, चंद हरे छे जेहो रे - श्री वासु ० ॥४॥
मोह्यो मुजब मन-हंसलो, तुज गुण-गंग-तरंग रे ।
'अवर-सुरा-छिल्लर-जले, ते किम राचे ? रंग रे - श्री वासु ०॥५॥
भाव-भगते प्रभु ! विनवुं सुण स्वामी ! अरदास रे ।
केशर-विमल कहे साहिबा ! पूरो मुज मन आश रे - श्री वासु ० ॥६॥

---

**કર્તા : શ્રી પૂજ્ય મેઘવિજયજી મહારાજ** -૯

વાસૂપૂજ્ય જિન વંદીએ, ભાવ ધરી ભગવંત રે - જિનપતિ જશધારી ।
દીઠો દેવ દયાળ તે, નયણાં [1]હેજે હસંત રે-જિન ૦. ॥૧॥
હરિ-હર [2]જેણે વશ કર્યા, ઈન્દ્રાદિક જસ દાસ રે - જિન૦ ।
તે મન્મથનો મદ હર્યો, તે પ્રભુ ! કીધો ઉદાસ રે-જિન૦ ॥૨॥
[3]મયણ [4]મયણ-[5]રે ગાળીયો, પધ્યાન-અનળ-બળ-દેખ રે-જિન૦
કામિન-કોમળ-વયણ શું, ચૂક્યો નહિ [6]રાઈ-રેખ રે-જિન૦ ॥૩॥
નાણ-દરિસણ-ચરણ તણો, જે ભંડાર જયંવત રે-જિન ૦।
આપ તરી પર તારવા, તું અ-વિચળ બળવંત રે-જિન ૦... ॥૪॥
મન મેરો તુમ [7] પાંખલી, રસીયો ફરે દિન-રાત રે, - જિન ૦।
[8]સરસ-મેઘને [9]વરસવે રે, નાચે મોર વિખ્યાત રે-જિન૦... ॥૫॥

**कर्ता : श्री पूज्य मेघविजयजी महाराज** -१०

वासुपूज्य जिन वंदीए, भाव धरी भगवंत रे - जिनपति जशधारी ।
दीठो देव दयाळ ते, नयणां [1] हेजे हसंत रे-जिन ०॥१॥
हरि-हर [2]जेणे वश कर्या, ईन्द्रादिक जस दास रे - जिन ० ।
ते मन्मथनो मद हर्यो, तें प्रभु ! कीधो उदास रे - जिन ० ॥२॥
[3]मयण [4]मयण-परे गाळीयो, [5]ध्यान-अनळ-बळ- देख रे-जिन०
कामिन-कोमळ-वयण शुं, चूक्यो नहि [6]राई-रेख रे-जिन० ॥३॥
नाण-दरिसण-चरण तणो, जे भंडार जयंवत रे-जिन० ।
आप तरी पर तारवा, तुं अ-विचळ बळवंत रे-जिन ०... ॥४॥
मन मेरो तुम [7]पांखली, रसीयो फरे दिन-रात रे, - जिन० ।
[8]सरस-मेघने [9]वरसवे रे, नाचे मोर विख्यात रे-जिन ०... ॥५॥

---

**કર્તા : શ્રી પૂજ્ય જિનવિજયજી મહારાજ**

અંતરજામી હો કે શિવગતિ ગામી–મ્હારા લાલ
મુજ મન મંદિર હો કે, થયો વિસરામી–મ્હારા લાલ
સુ–દિશા જાગી હો કે ભાવઠ[૨] ભાગી–મ્હારા લાલ
પ્રભુ–ગુણ–રાગી હો કે હુઓ વડભાગી–મ્હારા લાલ... (૧)
મિથ્યા સંકટ હો કે દૂર નિવારી–મ્હારા લાલ
સમક્તિ–ભૂમિ હો કે સુ[૩]–પરે સમારી–મ્હારા લાલ
કરુણા શુચિ[૪]–જળ હો કે તિહાં છંટકાવી–મ્હારા લાલ
શમ–દમ કુસુમની હો કે શોભા બનાવી–મ્હારા લાલ... (૨)
મહકે શુભ[૫]–રુચિ હો કે પરિમલ[૬] પૂરી – મ્હારા લાલ
જ્ઞાન સુદીપક હો કે જ્યોતિ સ–નૂરી–મ્હારા લાલ
ધૂપઘટી તિહાં હો કે ભાવના કેરી, મ્હારા લાલ
સુમતિ ગુપતીની હો કે રચના ભલેરી–મ્હારા લાલ૦...(૩)
સંવર બિછાણા[૮] હો કે તપ–જપ તકિયા–મ્હારા લાલ
ધ્યાન સુખાસન હો કે તિહાં પ્રભુ વસિયા–મ્હારા લાલ
સુમતિ સહેલી હો કે સમતા સંગે–મ્હારા લાલ
સાહિબ મિલિયા હો કે અનુભવ રંગે – મ્હારા લાલ૦... (૪)
ધ્યાતા ધ્યેયે હો કે પ્રીત બંધાણી–મ્હારા લાલ
બારમા જિનશ્યું હો કે મનુ[૯] સંગે આણી–મ્હારા લાલ
ક્ષમાવિજય બુધ હો કે મુનિ જિન ભાષે મ્હારા લાલ
એહ અવલંબને હો કે સવિ સુખ પાસે–મ્હારા લાલ...(૫)

**कर्ता : श्री पूज्य कांतिविजयजी महाराज** -12

अंतरजामी हो के शिवगति गामी-म्हारा लाल
मुज मन मंदिर हो के, थयो विसरामी-म्हारा लाल
सु-दिशा जागी हो के भावठ[२] भागी-म्हारा लाल
प्रभु-गुण-रागी हो के हुओ वडभागी-म्हारा लाल... (१)
मिथ्या संकट हो के दूर निवारी-म्हारा लाल
समक्ति-भूमि हो के सु[३]-परे समारी-म्हारा लाल
करुणा शुचि[४]-जळ हो के तिहां छंटकावी-म्हारा लाल
शम-दम कुसुमनी हो के शोभा बनावी-म्हारा लाल... (२)
महके शुभ[५]-रुचि हो के परिमल[६] पूरी - म्हारा लाल
ज्ञान सुदीपक हो के ज्योति स-नूरी - म्हारा लाल
धूपघटी तिहां हो के भावना केरी, म्हारा लाल
सुमति गुपतीनी हो के रचना भलेरी-म्हारा लाल०...(३)
संवर बिछाणा[७] हो के तप-जप तकिया-म्हारा लाल
ध्यान सुखासन हो के तिहां प्रभु वसिया-म्हारा लाल
सुमति सहेली हो के समता संगे - म्हारा लाल
साहिब मिलिया हो के अनुभव रंगे - म्हारा लाल०...(४)
ध्याता ध्येये हो के प्रीत बंधाणी - म्हारा लाल
बारमां जिनश्युं हो के मनु[८] संगे आणी-म्हारा लाल
क्षमाविजय बुध हो के मुनि जिन भाषे म्हारा लाल
अेह अवलंबने हो के सवि सुख पासे - म्हारा लाल... (५)

**કર્તા : શ્રી પૂજ્ય ભાણચંદ્રજી મહારાજ** -13

વસુપૂજ્ય નૃપકુળ મંડણો, વાસુપૂજ્ય જિનરાય-જિનવર !
વસ્તુત્વ પ્રકાશતા, વાસવ પૂજિત પાય. -જિનવર
બરિહારી તુમ નામને, જેહથી કોડી કલ્યાણ, જિનવર !
નામથી દુઃખ દોહગ ટળે, મળે સુખ નિરવાણ-જિન૦ બલિ૦ ॥૨॥
નામનું સમરણ જે કરે, પ્રતિદિન ઉગતે ભાણ-જિન૦।
તે કમળા વિમળા લહે, પણ કરે કોઈ સુજાણ-જિન૦બલિ૦ ॥૩॥
ચંદન[1] પન્નગબંધન, [2]શિખિ-રવે વિખરી જાય-જિન૦।
કર્મ બંધન તેમ જીવથી, છૂટે તુમ નામ-પસાય-જિન૦ બલિ૦ ॥૪॥
સંઘન ઘનાઘનની ઘટા, વિઘટે પવન પ્રચંડ-જિન૦।
[3]મયગલનો મદ કિમ રહે, જિહાં વસે [4]મૃગપતિ ચંડ-જિન ૦ બલિ૦ ॥૫॥
[5]સહસ-કિરણ જિહાં ઉગીયો, તિહાં કિમ રહે અંધકાર-જિન૦
તિમ પ્રભુનામ જિહાં વસે, તિહાં નહીં કર્મ વિકાસ-જિન૦બલિ૦ ॥૬॥
ભાણ કહે મુનિ વાઘનો, નિતુ સમરૂં તુમ નામ - જિન ૦ ।
જિમ શિવકમળા સુખ લહુ,, માહરે એહીજ કામ-જિન-૦ બલિ૦ ॥૭॥

**कर्ता : श्री पूज्य भाणचंद्रजी महाराज**

वसुपूज्य नृपकुळ मंडणो, वासुपूज्य जिनराय-जिनवर ।

वस्तु तत्व प्रकाशता, वासव पूजित पाय. - जिनवर

बलिहारी तुम नामने, जेहथी कोडी कल्याण,-जिनवर ।

नामथी दुःख दोहग टळे, मळे सुख निरवाण-जिन बलि० ॥२॥

नामनुं समरण जे करे, प्रतिदिन उगते भाण-जिण० ।

ते कमळा विमळा लहे, पण करे कोई सुजाण-जिन० बलि० ॥३॥

चंदन[१] पन्नबंधन, [२]शिखि-रवे विखरी जाय-जिन ०।

कर्म बंधन तेम जीवथी, छूटे तुम नाम-पसाय-जिन ० बलि० ॥४॥

संघन घनाघननी घटा, विघटे पवन प्रचंड-जिन० ।

[३]मयगलनो मद किम रहे, जिहां वसे [४]मृगपति चंड-जिन०बलि० ॥५॥

[५]सहस-किरण जिहां उगीयो, तिहां किम रहे अंधकार-जिन०।

तिम प्रभुनाम जिहां वसे, तिहां नहीं कर्म विकार-जिन ०बलि० ॥६॥

भाण कहे मुनि वाघनो, नितु समरुं तुम नाम-जिन० ।

जिम शिवकमळा सुख लहु,, माहरे एहीज काम-जिन-० बलि० ॥७॥

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ** -15

મનમંદિર નાથ વસાઓ[1] ! રસિયા,-મન૦

તું હીજ હજાણે[2] લિખો કરિ ચોખું, દુરિત દોહગ રજ જાયેં ઘસિયા-મન૦(૧)

મનમંદિર સાહિબ જબ વસિયા, ગુણ આવે સવિ ધસમસિયા-મન૦(૨)

દર્શન ફરશન દુર્લ્લભ પામી, હૃદયકમળ મુજ ઉલ્લસિયા - મન૦(૩)

મનમોહન મનમંદિર બેસી, કર્મ અહિતકો લ્યે તસીયા[3]-મન૦(૪)

વાસુપૂજ્ય જિન મનમથારિ[4] જાણી, વિષય-વિકાર અલગા ખસીયા-મન૦(૫)

ન્યાયસાગર પ્રભુ સેવા કરતાં, અંતરંગ ગુણ સવિ હસિયા[5]-મન૦(૬)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज** -16

मनमंदिर नाथ वसाओ[1] ! रसिया, - मन०

तुं हीज हजाणे[2] लिखो करि चोखुं, दुरित दोहग रज जायें घसिया-मन०(१)

मनमंदिर साहिब जब वसिया, गुण आवे सवि धसमसिया-मन०(२)

दर्शन परशन दुर्ल्लभ पामी, हृदयकमळ मुज उल्लसिया - मन०(३)

मनमोहन मनमंदिर बेसी, कर्म अहितको ल्ये तसीया[3] - मन० (४)

वासुपूज्य जिन मनमथारि[4] जाणी, विषय-विकार अलगा खसीया-मन०(५)

न्यायसागर प्रभु सेवा करतां, अंतरंग गुणसवि हसिया[5]-मन०(६)

---

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ** -17

શ્રી વસુપૂજ્ય-નરિંદનોજી, નંદન ગુણ[1]મણિધામ
વાસુપૂજ્ય-જિન રાજીયોજી, અતિશય[2]-રત્ન-નિધાન
પ્રભુ ! ચિત્ત ધરીને અવધારો[3] મુજ વાત૦...(૧)
દોષ સયલ સુજ સાંસહોજી[4] સ્વામી ! કરી સુપસાય
તુમ ચરણે હું આવીઓજી, મહિર[5] કરો મહારાય-પ્રભુ૦(૨)
કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અ-વિધિ અ-સદાચાર
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતીવાર-પ્રભુ૦(૩)
જબે મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર
પુણ્યે પ્રગટે શુભ-દશાજી, આયો તુમ હજૂર-પ્રભુ૦(૪)
જ્ઞાનવિમલ પ્રભુ ! જાણનેજી[6], શું કહેવું બહુવાર
દાસ-આશ પૂરણ કરોજી, આપો સમકિત સાર-પ્રભુ૦(૫)

**कर्ता : पूज्य श्री ज्ञानविमलसुरि महाराज** -18

श्री वसुपूज्य नरिंदनोजी, नंदन गुण[1]मणिधाम
वासुपूज्य-जिन राजीयोजी, अतिशय[2]-रत्न-निधान
प्रभु ! चित्त धरीने अवधारो[3] मुज वात० ...(१)
दोष सयल सुज सांसहोजी[4], स्वामी ! करी सुपसाय
तुम चरणे हुं आवीओजी, महिर[5] करो महाराय-प्रभु०(२)
कुमति कुसंगति संग्रहीजी, अ-विधि अ-सदाचार
ते मुजने आवी मिल्याजी, अनंत अनंतीवार-प्रभु०(३)
जबे में तुमने निरखीयाजी, तव ते नाठा दूर
पुण्ये प्रगटे शुभ-दशाजी, आयो तुम हजूर-प्रभु०(४)
ज्ञानविमल प्रभु ! जाणनेजी[6], शुं कहेवुं बहुवार
दास-आश पूरण करोजी, आपो समक्ति सार-प्रभु०(५)

---

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું, ચિતડું અમારું ચોરી લીધું
સાહિબા ! વાસુપૂજ્ય જિણંદા, મોહના ! વાસુપૂજ્ય જિણંદા,
અમે પણ તુમશું કામણ કરશું, ભગતેં ગ્રહી મન-ઘરમાં ઘરશું - સાહિબા૦(૧)
મન-ઘરમાં ધરીયા-શોભા, દેખત નિત રહેશે ! થિર થોભા
મને વૈકુંઠ અ[૧]-કુંઠિત-ભગતે, યોગી ભાખે અનુભવ-યુગતે-સાહિબા૦(૨)
કલેશ[૨] વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર
જો વિશુદ્ધ-મન ઘર તુમે આયા, પ્રભુ તો અમે નવનિધિ રિદ્ધિ પાયા-સાહિબા૦(૩)
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા[૩] ખડખડ દુઃખ સહેવું-સાહિબા૦(૪)
ધ્યાયક ધ્યેય ધ્યાનગુણ એકે, ભેદ[૪]-છેદ કરશું હવે ટેકે[૫]
ખીરનીર પરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે હલશું-સાહિબા૦(૫)

-----------------------------------------------------------------

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** - 20

स्वामी ! तुमे कांई कामण कीधुं, चितडुं अमारुं चोरी लीधुं
साहिबा ! वासुपूज्य जिणंदा, मोहना ! वासुपूज्य जिणंदा,
अमे पण तुमशुं कामण करीशुं, भगतें ग्रही मन-घरमां धरशुं - साहिबा०(१)
मन-घरमां धरीया घर-शोभा, देखत नित रहेशे ! थिर थोभा
मने वैकुंठ अ[१]-कुंठित-भगते, योगी भाखे अनुभव-युगते-साहिबा०(२)
कलेश[२] वासित मन संसार, कलेश रहति मन ते भवपार
जो विशुद्ध-मन घर तुमे आया, प्रभु तो अमे नवनिधि रिद्धि पाया-साहिबा०(३)
सात राज अलगा जई बेठा, पण भगते अम मनमां पेठा
अलगाने वलग्या जे रहेवुं ते भाणा[३] खडखड दुःख सहेवुं-साहिबा०(४)
ध्यायक ध्येय ध्यानगुण ऐके, भेद[४]-छेद करशुं हवे टेके[५]
खीरनीर परे तुमशुं मिलशुं, वाचक यश कहे हेजे हलशुं-साहिबा०(५)



# સેવો ભવિયા વિમલ જિનેશ્વર
## શ્રી વિમલનાથ જિન સ્તવના



સ્વર સંગીત : દક્ષેશ શાહ / વિનોદ રાગી (આદિજીન વિનતિ)



## સેવો ભવિયા વિમલ જિનેશ્વર
## શ્રી વિમલનાથ જિન સ્તવના

| | | | |
|---|---|---|---|
| ૧. | વિમલનાથ-મુખ-ચંદલો રે | - | શ્રી પૂજ્ય માણેકમુનિજી મહારાજ |
| ૨. | વિમલ જિનેસર ! તાહરો રે | - | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૩. | વિમલજિનેસર વચણ સુણીને | - | શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ |
| ૪. | દુઃખ દોહગ દૂરેં ટલ્યારે | - | શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ |
| ૫. | સજની ! વિમલ-જિનેસર પૂજીયેં | - | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૬. | સેવો ભવિયા વિમલ જિનેશ્વર | - | શ્રી પૂજ્ય યશોવિજયજીમહારાજ |
| ૭. | પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો | - | શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ |
| ૮. | વિમલ-જિનેસર ! જગધણી ! | - | શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ |
| ૯. | વિમલ જિનેસર સુણ ! મુજ વિનંતિ | - | શ્રી પૂજ્ય દાનવિજયજી મહારાજ |

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવના

**કર્તાઃ શ્રી પૂજ્ય માણેકમુનિ મહારાજ।**

વિમલનાથ-મુખ-ચંદલો રે, સોહે અભિનવ-ચંદ-મનડું મોહેજી ।

મોહે તે સુર-નર દેખીને રે, [૧]સારે મોહ્યા ઈન્દ્ર-નરિંદ-દુખડું ખોહેજી૦..(૧)

નહી કલંક નહી ખીણતા રે, નહી રાહુ દુઃખ-દંદ-મનડું૦ ।

સકલ કંલાએ શોભતા રે, નહિ [૨]વાસર હુંતી મંદ-દુઃખ૦..(૨)

વિમલ-પ્રભાએ વિશ્વનો રે, કરતો [૩]તિમિર-[૪]નિકંદ-મનડું૦ ।

ભવિજન-નયન-ચકોર ને રે, દેતો રતિ આનંદ-દુઃખ૦..(૩)

નયન અમી-રસ વરસતો રે, લસત સદા સુખકંદ-મનડું ।

સબલ તાપન ઘન-કર્મનો રે, હરતો તેહનો ફંદ-દુઃખ૦(૪)

ત્રિભુવન-ભાવ પ્રકાશતો રે, રમતો પરમાનંદ-મનડું૦ ।

માણેકમુનિ કહે ભાવશું રે, પ્રણમું એહ જિણંદ-દુઃખ૦..(૫)

---

૧. બધા ૨. દિવસ ૩. અંધારૂ ૪. નાશ

**कर्ता: श्री पूज्य माणेकमुनिजी महाराज** 2

विमलनाथ-मुख-चंदलो रे, सोहे अभिनव-चंद-मनडुं मोहेजी।

मोहे ते सुर-नर देखीने रे, [1]सारे मोह्या ईन्द्र-नरिंद-दुखडुं खोहेजी०...॥१॥

नहीं कलंक नही खीणता रे, नहीं राहु दुःख-दंद-मनडुं०।

सकल कंलाए शोभता रे, नहि [2]वासर हुंती मंद-दुःख०॥२॥

विमल-प्रभाए विश्वनो रे, करतो [3]तिमिर-[4]निकंद-मनडुं०।

भविजन-नयन-चकोर ने रे, देतो रति आनंद-दुःख०॥३॥

नयन अमी-रस वरसतो रे, लसत सदा सुखकंद-मनडु०।

सबल तापन घन-कर्म्मनो रे, हरतो तेहनो फंद-दुःख०॥४॥

त्रिभुवन-भाव प्रकाशतो रे, रमतो परमानंद-मनडुं०।

माणेकमुनि कहे भावशुं रे, प्रणमुं ऐह जिणंद-दुःख०॥५॥

**કર્તાઃ શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**

વિમલ જિનેસર! તાહરો રે, અતુલ અચિંત પ્રભાવ
ગુરૂ પણ નિજ પર સમ કહ્યા રે, તરવા ભવજળ નાવ
વિમલજિન! તુમશું ધર્મ સનેહ-વિમલ૦(૧)
જિમ ચાતકને મેહ-વિ૦, જિમ પ્રાણી ને દેહ-વિમલ૦
અબુધ[1] વિબુધ[2] કરે તુરતમાં રે, રૂપી અરૂપી કીધ;
કરમી અકરમી કરે રે, યોગી અયોગી સિદ્ધ -વિમલ૦(૨)
લંછન મિસિ[3] સેવા કરેં રે, વિનતિ કરણ વરાહ
ભૂમિ ભારથી ઉભગો રે, દિઓ સુખ નિતુ જગનાહ-વિમલ૦(૩)
શ્રીકૃતવર્મ નૃપ નંદનો રે, શ્યામા માતા જાત
વિમલ મતિ પ્રભુ ધ્યાઈ યેં રે, તો હોયે વિમલ અવદાત-વિમલ૦(૪)
તેર ક્રિયા ટાળી જિણે રે, તેરસમા જિનભાણ
ન્યાયસાગર કહે ભવ-ભવે રે, શિર ધરૂં તેહની આણ-વિમલ૦(૫)

**कर्ता: श्री पूज्य न्यायसागरजी महाराज**

विमल जिनेसर! ताहरो रे, अतुल अचिंत प्रभाव
गुरु पण निज पर सम कह्या रे, तरवा भवजळ नाव
विमलजिन! तुमशुं धर्म सनेह-विमल०(१)
जिम चातकने मेह-वि०, जिम प्राणी ने देह-विमल०
अबुध विबुध करे तुरतमां रे, रूपी अरूपी कीध;
करमी अकरमी करे रे, योगी अयोगी सिद्ध-विमल०(२)
लंछन मिसि सेवा करें रे, विनति करण वराह
भूमि भारथी उभगो रे, दिओ सुख नितु जगनाह-विमल०(३)
श्रीकृतवर्म नृप नंदनो रे, श्यामा माता जात
विमल मति प्रभु ध्याई यें रे, तो होये विमल अवदात-विमल०(४)
तेर क्रिया टाळी जिणे रे, तेरसमा जिनभाण
न्यायसागर कहे भव-भवे रे, शिर धरुं तेहनी आण-विमल०(५)

---

૧. મૂર્ખ ૨. પંડિત ૩. બહાને

**કર્તાઃ શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ** 5

વિમલજિનેસર વયણ સુણીને, વિમલતા નિજ ઓલખાણી રે
પુદગલ તત્ત્વાદિક ભિન્ન સત્તા, સિદ્ધ સમાન પિછાણી રે ...વિ૦(૧)
પુદગલ-સંગથી પુદગલમય, નિજ ખીર-નીર પરે અપ્પા રે
એતા દિન લગે એહિ જ ભ્રાંતિ, પુદગલ અપ્પા થપ્પા રે...વિ૦(૨)
માનું અબ મેં વાણી સુણીને, નિજ આતમરિદ્ધિ પાઈ રે
ગૃહ-અંતરગત નિધિ બતલાવત, લહે આણંદ સવાઈ રે...વિ૦(૩)
અપ્પા લહ્યો ત્યું દેહને અંતર, ગુણ અનંત નિધાન રે
આવારક આચાર્ય આવરણ, જાણ્યા ભેઅ અમાન રે...વિ૦(૪)
સિદ્ધસમાન વિમલતા નિજ તે, કરવા પ્રગટ સ્વભાવ રે
વિમલજિન ઉત્તમઆલંબન, પદ્મવિજય કરે દાવ રે...વિ૦(૫)

**कर्ता: श्री पूज्य पद्मविजयजी महाराज** 6

विमलजिनेसर वयण सुणीने, विमलता निज ओलखाणी रे
पुदगल तत्त्वादिक भिन्न सत्ता, सिद्ध समान पिछाणी रे–वि०(१)
पुदगल–संगथी पुदगलमय, निज खीर–नीर परे अप्पा रे
एता दिन लगे एहि ज भ्रांति, पुदगल अप्पा थप्पा रे–वि०(२)
मानुं अब में वाणी सुणीने, निज आतमरिद्धि पाई रे
गृह–अंतरगत निधि बतलावत, लहे आणंद सवाई रे–वि०(३)
अप्पा लह्यो त्युं देहने अंतर, गुण अनंत निधान रे
आवारक आचार्य आवरण, जाण्या भेअ अमान रे–वि०(४)
सिद्धसमान विमलता निज ते, करवा प्रगट स्वभाव रे
विमलजिन उत्तम आलंबन, पद्मविजय करे दाव रे–वि०(५)

**કર્તાઃ શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

દુઃખ દોહગ દૂરેં ટલ્યારે, સુખ-સંપદશ્યું ભેટ ।

ધીંગ[1] ધણી માથે કિયોરે, [2]કુણ ગંજે નર-ખેટ?

વિમળજિન! દીઠા લોયણ આજ ।

મારા સીઝયા વાંછિત કાજ-વિમળ૦..(૧)

ચરણ-કમળ કમળા[3] વસેરે, નિર્મળ-થિર પદ[4] દેખ!

સ-મળ અ-થિર પદ પરિહરીરે, પંકજ[5] પામર[6] પેખ-વિમળ૦..(૨)

મુજ મન તુજ પદ-પંકજે રે, લીણો[7] ગુણ-મકરંદ[8]

રંક[9] ગણે મંદર ધરારે, ઇંદ-ચંદ-નાગંદ-વિમળ૦..(૩)

સાહિબ! સમરથ તું ધણીરે, પામ્યો પરમ-ઉદાર!

મન-વિસરામી[10] વાલહોરે, આતમચો[11] આધાર-વિમળ૦..(૪)

દરિશણ[12] દીઠેં જિનતણું રે, સંશયન રહે વેધ[13]

દિનકર કર ભર પસરતાં રે, અંધકાર-પ્રતિષેધ-વિમળ૦..(૫)

અમીય-ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય ।

શાંત-સુધા-રસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય-વિમળ૦(૬)

એક અરજ સેવક તણીરે, અવધારો[14] જિનદેવ ।

કૃપા કરી મુજ દીજીયેં રે, આનંદઘન-પદ-સેવ-વિમળ૦(૭)

---

૧. મોટો-સમર્થ ૨. દુન્યવી દૃષ્ટિએ મહાપરાક્રમી પણ બીજાની હવે કોણ પરવા કરે !
૩. લક્ષ્મી ૪. સ્થાન ૫. કમળ ૬. તુચ્છ ૭. આસક્ત થયો ૮. ફૂલનો રસ ૯. આપના ગુણમાં લીન બનેલું મારું મન સોનાના મેરૂ પર્વતને તેમજ ઈંદ્ર, ચંદ્ર અને નાગકુમારના ઈંદ્રને પણ રાંક-તુચ્છગણ છે ૧૦. મનને સાંત્વન આપનાર ૧૧. આત્માનો ૧૨. મુખ ૧૩. આવરણ ૧૪. સ્વીકારો.

**कर्ता : श्री पूज्य आनंदधनजी महाराज**

दुःख-दोहग दूरें टल्यारे, सुख-संपदश्युं भेट।
धींग धणी माथे कियोरे, कुण गंजे नर-खेट? -
विमळजिन! दीठा लोयण आज।
मारा सीझया वांछित काज-विमळ..।।१।।

चरण-कमळ कमळा वसेरे, निर्मळ-थिर पद[४] देख!
स-मळ अ-थिर पद परिहरीरे, पंकज पामर[६] पेख-विमळ..।।२।।

मुज मन तुज पद-पंकजे रे, लीणो गुण-मकरंद
रंक गणे मंदर धरारे, ईद-चंद-नागंद-विमळ..।।३।।

साहिब! समरथ तुं धणीरे, पाम्यो परम-उदार।
मन-विसरामी वालहोरे, आतमचो आधार-विमळ..।।४।।

दरिशण दीठें जिनतणुं रे, संशय न रहे वेध
दिनकर कर भर पसरतां रे, अंधकार-प्रतिषेध-विमळ.०..।।५।।

अमिय-भरी मूरति रची रे, उपमा न घटे कोय।
शांत-सुधा-रस झीलती रे, निरखत तृप्ति न होय-विमळ.०..।।६।।

एक अरज सेवक तणीरे, अवधारो जिनदेव!
कृपा करी मुज दीजीयें रे, आनंदघन-पद-सेव-विमळ.०..।।७।।

**કર્તાઃ શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

સજની! વિમલ-જિનેસર પૂજીયેં, લેઈ કેસર ઘોળાઘોળ,[1]

સજની! ભગતિ-ભાવના ભાવિયેં, જિમહોઈ ઘેર રંગરોળ[2]

સજની! વિમલ૦(૧)

સજની! કંપિલપુર કૃતવર્મનો[3] નંદન શ્યામા-જાત,

સજની! અંક[4] વરાહ[5] વિરાજિતો, જેહના શુચિ[6]-અવદાત[7]

સજની! વિમલ૦(૨)

સજની! સાઠ ધનુષ તનુ ઉચ્ચતા વરષ સાઠ લાખ આય,

સજની! એક સહસશ્યું વ્રત લિયે, કંચન-વરણી કાય,

સજની! વિમલ૦(૩)

સજની! સમેતશિખર શિવપદ લહ્યું, મુની અડસઠ હજાર,

સજની! એક લાખ પ્રભુ સાહુણી, વળી અઠ સત નિરધાર.

સજની! વિમલ૦(૪)

સજની! ષણમુખ-વિદિતા પ્રભુ તણે, શાસન ઘર અધિકાર,

સજની! શ્રી નયવિજય વિબુધ તણા, સેવકને જયકાર,

સજની! વિમલ૦(૫)

---

૧. ખૂબ ઘસેલું ૨. મોટો ઉત્સવ ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. લંછન ૫. ભૂંડ ૬. પવિત્ર ૭. વંશ

कर्ताः श्री पूज्य यशोविजयजी महाराज १०

सजनी! विमल–जिनेसर पूजीयें, लेई केसर घोळाघोळ,
सजनी! भगति–भावना भावियें, जिम होइ घेर रंगरोळ
सजनी! विमल० (१)

सजनी! कंपिलपुर कृतवर्मनो नंदन श्यामा–जात,
सजनी! अंक वराह विराजितो, जेहना शुचि–अदावत
सजनी! विमल० (२)

सजनी! साठ धनुष तनु उच्चता वरष साठ लाख आय,
सजनी! एक सहसश्युं व्रत लिये, कंचन–वरणी काय,
सजनी! विमल० (३)

सजनी! समेतशिखर शिवपद लह्युं, मुनी अडसठ हजार,
सजनी! एक लाख प्रभु साहुणी, वळी अठ सत निरधार.
सजनी! विमल० (४)

सजनी! षणमुख–विदिता प्रभु तणे, शासन धर अधिकार,
सजनी! श्री नयविजय विबुध तणा, सेवकने जयकार,
सजनी! विमल० (५)

---

**કર્તાઃ શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ** ।।

સેવો ભવિયા વિમલ જિનેશ્વર, દુલહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનું દર્શન લહેવું, તે આળસમાંહી ગંગાજી. સેવો.૧
અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સેવો.૨
ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળે પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. સેવો.૩
તત્ત્વ પ્રીતિકર પાણી પાયે, વિમલા લોકે આજીજી;
લોયણ ગુરુ પરમાન્ન દીયે તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી. સેવો.૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલ તણે જે હિંયડે આવે, તેહ જણાવે બોલીજી. સેવો.૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક જસ કહે સાચુંજી;
કોડી કપટ જો કોઈ દિખાવે, તોયે પ્રભુ વિણ નવિ રાચુંજી. સેવો.૬

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** 12

सेवो भविया विमल जिनेश्वर, दुलहा सज्जन संगाजी;
एहवा प्रभुनुं दर्शन लहेवुं, ते आळसमांही गंगाजी. सेवो. १
अवसर पामी आलश करशे, ते मूरखमां पहेलोजी;
भूख्याने जिम घेबर देतां, हाथ न मांडे घेलोजी. सेवो. २
भव अनंतमां दरिशन दीठुं, प्रभु ऐहवा देखाडेजी;
विकट ग्रंथि जे पोळे पोळियो, कर्मए विवर उघाडेजी. सेवो. ३
तत्त्व प्रीतिकर पाणी पाये, विमला लोके आंजीजी;
लोयण गुरु परमान्न दीये तव, भ्रम नांखे सवि भांजिजी. सेवो. ४
भ्रम भांग्यो तव प्रभुशुं प्रेमे, वात करुं मन खोलीजी;
सरल तणे जे हिंयडे आवे, तेह जणावे बोलीजी. सेवो. ५
श्री नयविजय विबुध पय सेवक, वाचक जस कहे साचुंजी;
कोडी कपट जो कोई दिखावे, तोये प्रभु विण नवि राचुंजी. सेवो. ६

---

**કર્તાઃ શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ** 13

પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો
રાગ દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાળો;
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું, હો પ્રભુજી.૧
મોહ લેસ ફરસ્યો નહીં તુજને, મોહ લગન મુજ પ્યારી;
તું અકલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી, હો પ્રભુજી.૨
તું હી નિરાગી ભાવપદ સાથે, હું આશા સંગ વિલુધ્ધો;
તું નિશ્ચલ હું ચલ તું સીધો, હું આચરણે ઉંધો, હો પ્રભુજી.૩
તુજ સ્વભાવથી અવળા મારા, ચરિત્ર સકલ જગે જાણ્યાં;
એહવા અવગુણ મુજ અતિભારી, ન ઘટે તુજ મુખ આણ્યાં, હો પ્રભુજી.૪
પ્રેમનવલ જો હોઈ સવાઈ, વિમલનાથ મુખ આગે;
કાંતિ કહે ભવરાન ઉતરતાં, તો વેળા નવિ લાગે, હો પ્રભુજી.૫

**कर्ता : श्री पूज्य कांतिविजयजी महाराज** 14

प्रभुजी ! मुज अवगुण मत देखो
राग दशाथी तुं रहे न्यारो, हुं मन रागे वाळो;
द्वेष रहित तुं समता भीनो, द्वेष मारग हुं चालुं, हो प्रभुजी. १
मोह लेस फरस्यो नहीं तुंजने, मोह लगन मुज प्यारी;
तुं अकलंकित कलंकित हुं तो, ए पण रहेणी न्यारी, हो प्रभुजी. २
तुं ही निरागी भावपद साथे, हुं आशा संग विलुध्धो;
तुं निञ्लि हुं चल तुं सीधो, हुं आचरणे उंधो, हो प्रभुजी. ३
तुज स्वभावथी अवळा मारा, चरित्र सकल जगे जाण्यां;
ऐहवा अवगुण मुज अतिभारी, न घटे तुज मुख आण्यां, हो प्रभुजी. ४
प्रेम नवल जो होइ सवाई, विमलनाथ मुख आगे;
कांति कहे भवरान उतरतां, तो वेळा नवि लागे, हो प्रभुजी. ५

---

**કર્તાઃ શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ** 15

વિમલ-જિનેસર! જગધણી! કલ્પતરૂ[૧] અભિરામ-મોરા લાલ,
તાદ્દશ[૨] દાન-દાતા પ્રભુ! મુજ ન આપે શિવ-ઠામ-મોરા લાલ-વિમલ૦(૧)
કેવળ દોષ તે માહરો, નિર્દોષી ગુણખાણ મોરા૦
છિદ્ર-કુંભે[૩] જળ નવિ રહે, સાયર-દોષ ન જાણ-મોરા૦વિમલ૦(૨)
રત્ન-દ્વીપે બહુ-ધના, ભાગ્ય-હીન શોચંત-મોરા૦
ચિંતામણિ આગે લહી, નિજ[૪]-લોચન મીંચંત-મોરા૦વિમલ૦(૩)
પંથી પામ્યો સાથને, શાતાશું[૫] સુવંત-મોરા૦
ભૂખ્યાને ભોજન મિલે, આદરથી ન કરંત-મોરા૦વિમલ૦(૪)
તે પણ સ્વામી! તુમવિના, કહેવાનું કુણ કામ? મોરા૦
કહેતાં કીર્તિ નાથની, લખમી લહે કલ્યાણ-મોરા૦વિમલ૦(૫)

**कर्ताः श्री पूज्य लक्ष्मीविमलजी महाराज** -16

विमल-जिनेसर! जगधणी! कल्पतरु अभिराम-मोरा लाल,
तादृश दान-दाता प्रभु! मुज न आपे शिव-ठाम-मोरा लाल-विमल०(१)
केवळ दोष ते माहरो, निर्दोषी गुणखाण मोरा०
छिद्र-कुंभे[३] जळ नवि रहे, सायर-दोष न जाण-मोरा०विमल०(२)
रत्न-द्वीपे बहु-धना, भाग्य-हीन शोचंत-मोरा०
चिंतामणी आगे लही, निज[४]-लोचन मींचंत-मोरा०विमल०(३)
पंथी पाम्यो साथने, शाताशुं[५] सुवंत-मोरा०
भूख्याने भोजन मिले, आदरथी न करंत-मोरा०विमल०(४)
ते पण स्वामी! तुम बिना, कहेवानु कुण काम? मोरा०
कहेतां कीर्ति नाथनी, लखमी लहे कल्याण-मोरा०विमल०(५)

---

૧. કલ્પવૃક્ષ ૨. તેવા ૩. કાણા ઘડામાં ૪. પોતાની આંખો ૫. સુખેથી

**કર્તાઃ શ્રી પૂજ્ય દાનવિજયજી મહારાજ** 17

વિમલ જિનેસર સુણ! મુજ વિનતિ રે, તું [1]નિ-સનેહી આપ ।
હું સ-સનેહી છું પ્રભુ-ઉપરે રે, ઈમ કિમથાશે? મિલાપ-વિમલ૦(૧)
નિ-સનેહી-જન વશ આવે નહિ રે, કીજે કોડી ઉપાય ।
તાલી એકણ-હાથે બજાવતાં રે, ઉદ્યમ નિષ્ફળ થાય-વિમલ૦(૨)
રાત-દિવસ રહિયે કર જોડીને રે, ખિજમત કરીએ રે ખાસ ।
તો પણ જે નજરે આણે નહિ રે, તે શું દેશ્યે! શાબાશ-વિમલ૦(૩)
ભગત-વચ્છલ જિન ભક્તિ-પસાયથી રે, ચઢશે કાજ પ્રમાણ ।
ઈમ થિર નિજ મન કરીને જે રહે રે, લહે ફલ તે [2]નિરવાણ-વિમલ૦(૪)
મેં પોતે મન થિર કરી આદર્યો રે, તું પ્રભું! દેવ દયાલ ।
આપ-વડાઈ નિજ મન આણીને રે, દાનવિજય પ્રતિપાલ-વિમલ૦(૫)

**कर्ता: श्री पूज्य दानविजयजी महाराज** 18

विमल जिनेसर सुण! मुज विनति रे, तुं नि–सनेही आप।
हुं स–सनेही छुं प्रभु–उपरे रे, इम किम थाशे? मिलाप–विमल०।।१।।
नि–सनेही–जन वश आवे नहि रे, कीजे कोडी उपाय।
ताली एकण–हाथे बजावतां रे, उद्यम निष्फळ थाय–विमल०।।२।।
रात–दिवस रहिये कर जोडीने रे, खिजमत करीए रे खास।
तो पण जे नजरे आणे नहि रे, ते शुं देश्ये! शाबाश–विमल०।।३।।
भगत–वच्छल जिनभक्ति – पसायथी रे, चढशे काजप्रमाण।
ईम थिर निज मन करीने जे रहे रे, लहे फल ते निरवाण–विमल०।।४।।
में पोते मन थिर करी आदर्यो रे, तुं प्रभु! देव दयाल!
आप–वडाई निज मन आणीने रे, दानविजय प्रतिपाल–विमल०।।५।।

---

૧. નિરાગી ૨. છેવટે

શ્રી અનન્તનાથ ભગવાન
નિર્વાણ સ્થળ ટૂંક – સમ્મેતશિખર



સ્વર સંગીત : અલ્પેશ રાગી



શ્રી અનન્તનાથ ભગવાન

## શ્રી અનન્તનાથજીના સ્તવનો


| | | | |
|---|---|---|---|
| ૧. | અનંત-જિણંદ ! અવધારીયેં | – | શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ |
| ૨. | અનંત-જિણેસર ! આપણો હો લાલ | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ |
| ૩. | ધાર તલવારની સોહિલી દોહિલી | – | શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ |
| ૪. | નયરી અયોધ્યા ઉપનારે | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૫. | સેવો ! ભવિયણ ! નાથ ! અનંત | – | શ્રી પૂજ્ય ભાવવિજયજી મહારાજ |
| ૬. | શ્રી અનંતપ્રભો સંતહૃદયે વિભો | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |

## ૧૪. શ્રી અનન્તનાથ ભગવાન સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ** -1

અનંત-જિણંદ ! અવધારીયેં, સેવકની અરદાસ[1]-જિનજી૦
અનંત અનંત ગુણ તુમતણા, સાંભરે શ્વાસોશ્વાસ-જિ૦અ૦(૧)
સુરમણિ-સમ તુમ સેવના, પામીયેં પુણ્ય-પંડૂર[2]-જિન૦
કિમ પ્રમાદ તણે વશે, મુકું અધખિણ દૂર ? - જિ૦અ૦(૨)
ભગતિ જુગતિ મનમેં વસો, મનરંજન મહારાજ-જિનજી૦
સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ-જિ૦અ૦(૩)
શ્યું મીઠાં[3] ધીઠાં[4] દિયેં, તેહનો નહિ હું દાસ-જિન૦
સાથે સેવક સંભવી[5], કીજે જ્ઞાન પ્રકાશ-જિ૦અ૦(૪)
જાણને શ્યું કહેવું ઘણું ? એક વચન મેલાપ-જિન૦
મોહન કહે કવિ-રૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ-જિ૦અ૦(૫)

**कर्ता : पूज्य श्री मोहनविजयजी महाराज** -2

अनंत-जिणंद ! अवधारीयें, सेवकनी अरदास-जिनजी0
अनंत अनंत गुण तुमतणा, सांभरे श्वासोश्वास-जि0अ0(१)
सुरमणि-सम-तुम सेवना, पामीयें पुण्य-पंडूर-जिन0
किम प्रमाद तणे वशे, मुकुं अधखिण दूर ?-जि0अ0(२)
भगति जुगति मनमें वसो, मनरंजन महाराज-जिनजी0
सेवकनी तुमने अछे, बांह्य ग्रह्यानी लाज-जि0अ0(३)
श्युं मीठां धीठा दियें, तेहनो नहि हुं दास-जिन0
साथे सेवक संभवी, कीजे ज्ञान प्रकाश-जि0अ0(४)
जाणने श्युं कहेवुं घणुं ? एक वचन मेलाप-जिन0
मोनह कहे कवि-रूपनो, भक्ति मधुर जिम द्राख-जि0अ0(५)

---

૧. વિનતિ ૨. નિર્મળ-ઘણા ૩. મધુરા ૪. આશ્વાસનો ૫. સંભાળી

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ** - ૩

અનંત-જિણેસર ! આપણો હો લાલ અંતરયામી[1] એહ રે-એ જિનજી વારૂ
નેહ નિબિડ[2] નિશ્ચય[3] થયો રે લાલ, જિમ પત્થરની[4] રેહ રે-એ-અનંત૦(૧)
અંત કર્યો તેં કર્મનો હો લાલ, પામી ક્ષાયિક ભાવ રે-એ૦
ગુણ અનંત તેહથી લહ્યા રે લાલ, પ્રગટ્યો સહજ સુભાવ રે-એ-અનંત૦(૨)
બેઠો અનંત-પાંચમે હો લાલ, આઠ અનંત કરી હાથ રે-એ૦
નાથ નહિં કો તાહરો રે લાલ, ભણીયે ત્રિભુવનનાથ રે-એ-અનંત૦(૩)
એતા દિન નવિ જાણીઓ હો લાલ, તાહરૂં અનંત-સરૂપ રે-એ૦
સુયશા માતા જેહની રે લાલ, તાત સિંહસેન-ભૂપ રે-એ-અનંત૦(૪)
કાળ અનંતે મેં પામીઓ હો લાલ, હવે કિમ છોડ્યો જાય રે ? -એ૦
જ્ઞાનવિમલ સુખ પોખવા રે લાલ, અવિચલ તુંહી સહાય-રે-એ-અનંત૦(૫)

**कर्ता : श्री पूज्य ज्ञानविमलसूरि महाराज** - ४

अनंत-जिणेसर ! आपणो हो लाल अंतरयामी एह रे-ए जिनजी वारू
नेह निबिड निश्चय थयो रे लाल, जिम पत्थरनी रेह रे-ए०अनंत०(१)
अंत कर्यो तें कर्मनो हो लाल, पामी क्षायिक भाव रे-ए०
गुण अनंत तेहथी लह्या रे लाल, प्रगट्यो सहज सुभाव रे-ए०अनंत०(२)
बेठो अनंत-पांचमें हो लाल, आठ अनंत करी हाथ रे -ए०
नाथ नहिं को ताहरो रे लाल, भणीये त्रिभुवननाथ रे-ए०अनंत०(३)
एता नि नवि जाणीओ हो लाल, ताहरुं अनंत-सरूप रे-ए०
सुयशा माता जेहनी रे लाल, तात सिंहसेन-भूप रे-ए०अनंत०(४)
काळ अनंते में पामीओ हो लाल, हवे किम छोड्यो जाय रे ? -ए०
ज्ञानविमल सुख पोखवा रे लाल, अविचल तुंही सहाय रे-ए०अनंत०(५)

---

૧. મનોગત ભાવોને જાણનાર સર્વજ્ઞ ૩. ગાઢ ૩. નક્કી ૪. પત્થરની રેખાની જેમ ૫. પોષણ કરવા

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ** - ૬

ધાર તલવારની સોહિલી દોહિલી, ચૌદમાં જિનતણી ચરણ-સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા[1] સેવના ધારપ[2] રહે ન દેવા...૧
એક કહે "સેવીએ વિવિધ કિરિયા કરી", ફળ અનેકાંત[3] લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહિ લેખે...૨
ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકી, મોહ નડિયા કલિકાલ રાજે...૩
"વચન નિરપેક્ષ[6] વ્યવહાર જૂઠો" કહ્યો, "વચન સાપેક્ષ[7]" વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી-આદરી કાંઈ રાચો...૪
દેવગુરૂ ધર્મ શુદ્ધિ કહો કિમ કહે ? કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ?
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કહી, છારપર લીંપણું તેહ જાણો...૫
પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું, ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો...૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે...૭

---

૧. જાદુઈ ખેલ કરનાર ૨. સેવારૂપી ધાર પર ૩. સ્યાદ્વાદ દષ્ટિથી ૪. સાધ્ય લક્ષ્યની જાગૃતિ વિનાની
૫. રઝળતા રહે ૬. સ્વચ્છંદ-મતિ કલ્પિત ૭. શાસ્ત્રાજ્ઞાશુદ્ધ ૮. અવશ્ય-જરૂર

**कर्ता : श्री पूज्य आनंदघनजी महाराज**

धार तलवारनी सोहिली दोहिली, चौदमां जिनतणी चरण-सेवो;
धार पर नाचता देख बाजीगरा सेवना धारप रहे न देवा...१
एक कहे ''सेवीए विविध किरिया करी'', फळ अनेकांत लोचन न देखे;
फळ अनेकांत किरिया करी बापडा, रडवडे चार गतिमांहि लेखे...२
गच्छना भेद बहु नयन निहाळतां तत्त्वनी वात करतां न लाजे;
उदर भरणादि निज काज करतां थकी, मोह नडिया कलिकाल राजे...३
''वचन निरपेक्ष व्यवहार जूठो'' ''कह्यो'' वचन सापेक्ष व्यवहार साचो;
वचन निरपेक्ष व्यवहार संसार फळ, सांभळी-आदरी कांई राचो...४
देवगुरु धर्मनी शुद्धि कहो किम रहे ? किम रहे शुद्ध श्रद्धान आणो ?
शुद्ध श्रद्धान विण सर्व किरिया कही, छारपर लींपणुं तेह जाणो...५
पाप नहीं कोई उत्सूत्र भाषण जिस्युं, धर्म नहीं कोई जगसूत्र सरिखो;
सूत्र अनुसार जे भविक किरिया करे, तेहनुं शुद्ध चारित्र परिखो...६
एह उपदेशनो सार संक्षेपथी, जे नरा चित्तमां नित्य ध्यावे;
ते नरा दिव्य बहु काळ सुख अनुभवी, नियत आनंदघन राज पावे...७

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

નયરી અયોધ્યા ઉપનારે, સિંહસેન કુલચંદ
સીંચાણો લંછન ભલોરે, સુયશા માતાનો[1] નંદ
ભવિક જિન ! સેવો દેવ અનંત (૧)
વરસ ત્રીશ લાખ આઉખું રે, ઉંચા ધનુષ પચાશ,
કનક-વરણ[2] તનુ સોહતો રે, પૂરે જગ-જન-આશ.-ભવિક૦(૨)
એક સહસશ્યું વ્રત ગ્રહીરે, સમેતશિખર નિર્વાણ[3],
છાસઠ સહસ મુનીશ્વરૂં રે, પ્રભુના શ્રુત-ગુણ-જાણ-ભવિક૦(૩)
બાસઠ સહસ સુ-સાહુણી રે, પ્રભુજીનો પરિવાર,
શાસનદેવી અંકુશીરે, સુર પાતાલ ઉદાર-ભવિક૦(૪)
જાણે નિજ મન દાસનું રે, તૂં જિન ! જગ હિતકાર,
બુધ જશ પ્રેમેં વિનવે રે, દીજે મુજ દીદાર[4]-ભવિક૦(૫)

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज**

नयरी अयोध्या उपनारे, सिंहसेन कुलचंद
सींचाणो लंछन भलोरे, सुयशा मातानो नंद
भविक जन ! सेवो देव अनंत (१)
वरस त्रीश लाख आउखुं रे, उंचा धनुष पचाश,
कनक-वरण तनु सोहतो रे, पूरे जग-जन-आश.-भविक०(२)
एक सहसश्युं व्रत ग्रहीरे, समेतशिखर निर्वाण,
छासठ सहस मुनीश्वरूं रे, प्रभुना श्रुत-गुण-जाण-भविक०(३)
बासठ सहस सु-साहुणी रे, प्रभुजीनो परिवार,
शासनदेवी अंकुशीरे, सुर पाताल उदार-भविक०(४)
जाणे निज मन दासनुं रे, तूं जिन ! जग हितकार,
बुध जश प्रेमें विनवे रे, दीजे मुज दीदार-भविक०(५)

---

૧. માતાનો પુત્ર ૨. સોનાના વર્ણવાળું ૩. મોક્ષ ૪. પ્રયત્ન દર્શન

**કર્તા : શ્રી પૂજ્ય ભાવવિજયજી મહારાજ** -૯

સેવો ! ભવિયણ ! નાથ ! અનંત ! ચઉદશમો જિન-અનંત સુહાકર[1],
અનંત-ગુણાકર કીરતિ અનંત-સેવો૦(૧)
વંશ-ઈક્ષાગ-નંદનવન-સુરતરૂ, સીંહસેન-રાય-નંદન-સંત
સુજસા જસવતી હુઈ જગમાં, જે જિનને જનમી[2] ગુણવંત-સેવો૦(૨)
નયરી અયોધ્યા પ્રભુનો મહિમા, મહિમાંહે વ્યાપે સુ-મંહત
કંચન-કાંતિ દેહ જસ સોહે, સુર [3]ગુરૂ કેરો ગરવ હરંત-સેવો૦(૩)
ત્રીસ લાખ વત્સર જસ જીવિત, સીંચાણો લંછન સોહંત
ધનુષ પચાશ ઉન્નત તનું ઓપે[4], રૂપે ત્રિભુવન-મન મોહંત-સેવો૦(૪)
સુર પાતાલ અંકુશાદેવી, ચરણ-કમલ જસ રમલિ[5] કરંત
ભાવમુનિ મનમાંહિ ધ્યાવે, તે જિનનું અભિધાન સુમંત-સેવો૦(૫)

**कर्ता : श्री पूज्य भावविजयजी महाराज**-१०

सेवो ! भवियण ! नाथ ! अनंत ! चउदशमो जिन-अनंत सुहाकर,
अनंत-गुणाकर कीरति अनंत-सेवो०(१)
वंश-ईक्षाग-नंदनवन-सुरतरू, सींहसेन-राय-नंदन संत
सुजसा जसवती हुई जगमां, जे जिनने जनमी गुणवंत-सेवो०(२)
नयरी अयोध्या प्रभुनो महिमा, महिमांहे व्यापे सु-महंत
कंचन-कांति देह जस सोहे, सुर गुरु केरो गरव हरंत-सेवो०(३)
त्रीस लाख वत्सर जस जीवित, सींचाणो लंछन सोहंत
धनुष पचाश उन्नत तनुं ओपे, रूपे त्रिभुवन-मन मोहंत-सेवो०(४)
सुर पाताल अंकुशादेवी, चरण-कमल जस रमलि करंत
भावमुनि मनमांहि ध्यावे, ते जिननुं अभिधान सुमंत-सेवो०(५)

---

૧. સુખનો ખજાનો-સુખને કરનાર ૨. જન્મ આપ્યો ૩. બૃહસ્પતિનો અથવા સુર દેવોમાં ગુરૂ=શ્રેષ્ઠ=ઈન્દ્રનો
૪. શોભે ૫. ક્રિડા

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ.** ૫

શ્રી અનંતપ્રભો સંતહૃદયે વિભો ! ગુણ અનંતા રહે ધ્યાન રૂપા
અતિશયવંત મહંત જિનરાજીયા, વાજિયા પરિ સદા સકળ રૂપા–શ્રી૦(૧)
જ્ઞાનદર્શન સુખ સમક્તિાખય–થિતિ, અરૂપી અવગાહના અખય ભાવે
વીર્ય અનંત એ અષ્ટક ઉપનું આઠ કૃત કર્મ કેરે અભાવે–શ્રી૦(૨)
શ્યેન નિજ ક્રૂરતા ટાળવા તુમ પદેં, લંછન મિસિ રહ્યો સેવ સારે
સદયતા સુભગતાદિક ગુણ તુમ તણી, સેવના પાવનાનેં આધારે–શ્રી૦(૩)
સિંહસેન ભૂપ સુજસા તણો નંદનો, ચૌદમો ચૌદ ભૂયગામ પાળે,
ચઉદ ગુણઠાણ સોપાન ચઢી નિજ ગુણ, આવતા આપમાંહિ સંભાળે–શ્રી૦(૪)
અનંતજિન–સેવથી અનંત–જિનવર તણી, ભક્તિની ભક્ત નિજ શક્તિ સારૂં
ન્યાયસાગર કંહે અવનિતળે જોયતાં, એહ સમ અવરી નહી કોય તારૂ–શ્રી૦(૫)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज** -12

श्री अनंतप्रभो संतहृदये विभो ! गुण अनंता रहे ध्यान रूपा
अतिशयवंत महंत जिनराजीया, वाजिया परि सदा सकळ रूपा-श्री०(१)
ज्ञानदर्शन सुख समक्तिाखय-थिति, अरूपी अवगाहना अखय भावे
वीर्य अनंत ए अष्टक उपनुं, आठ कृत कर्म केरे अभावे-श्री०(२)
श्येन निज क्रूरता टाळवा तुम पदें, लंछन मिसि रह्यो सेव सारे
सदयता सुभगतादिक गुण तुम तणी, सेवना पावनानें आधारे-श्री०(३)
सिंहसेन भूप सुजसा तणो नंदनो, चौदमो चौद भूयगाम पाळे,
चउद गुणठाण सोपान चढी निज गुण, आवता आपमांहि संभाळे-श्री०(४)
अनंतजिन-सेवथी अनंत-जिनवर तणी, भक्तिनी भक्त निज शक्ति सारुं,
न्यायसागर कहे अवनितळे जोयतां, एह सम अवर नहीं कोय तारु-श्री०(५)

શ્રી ધર્મનાથ ભગવાન
શેઠ હઠીસિંહ જિનાલય – અમદાવાદ.



સ્વર સંગીત : અલ્પેશ રાગી



શ્રી ધર્મનાથ ભગવાન

## શ્રી ધર્મનાથજીના સ્તવનો

| | | | |
|---|---|---|---|
| ૧. | ધર્મ-જિનેશ્વર ગાઊં રંગશું | – | શ્રી આનંદઘનજી મહારાજ |
| ૨. | થાશું પ્રેમ બન્યો છે રાજ | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૩. | ધર્મનાથનેં સેવતાં રે | – | શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ |
| ૪. | ધરમ-જિણંદ ! તુમે લાયક સ્વામી | – | શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ |
| ૫. | ધર્મ જિણંદ ! તેરે ધર્મ કી મેરા | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૬. | ધર્મ જિનેસર વંદીએ, હેજ | – | શ્રી પૂજ્ય રૂચિરવિમલજી મહારાજ |

## ૧૫. શ્રી ધર્મનાથ ભગવાન સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

ધર્મ-જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ[૧] મ પડજ્યો હો પ્રીત-જિણેસર !
બીજો મન-મંદિર આણું નહીં, એ અમ કુળવટ-રીત-જિણેસર ! ધર્મ૦ ॥૧॥
ધરમ-ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ - જિણેસર ! ।
ધર્મજિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ-જિણેસર ! ધર્મ૦ ॥૨॥
પ્રવચન-અંજન[૨] જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ-નિધાન[૩]-જિણેસર !
હૃદયનયણ[૪] નિહાળે જગધણી[૫], મહિમા મેરૂ-સમા-જિણેસર ! ધર્મ૦ ॥૩॥
દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ-જિણેસર !
પ્રેમ-પ્રતીત[૬] વિચારો ઢૂંકડી, ગુરૂગમ લેજ્યો રે જોડ-જિણેસર ! ધર્મ૦ ॥૪॥
એકપખી[૭] કિમ પ્રીત પરવડે[૮], ઉભય[૯] મિલ્યાં હોવે સંધ[૧૦] - જિણેસર !
હું રાગી હું મોહે ફંદીયો, તું નિરાગી નિરબંધ-જિણેસર ! ધર્મ૦ ॥૫॥
પરમ-નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઓલંઘી હો જાય-જિણેસર !
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો-અંધ પુલાય-જિણેસર ! ધર્મ૦ ॥૬॥
નિરમળ[૧૧]-ગુણ-મણિ-રોહણ-ભૂધરા, મુનિ-જન-માનસ-હંસ-જિણેસર !
ધન્ય તે નગરી ! ધન્ય વેળા-ઘડી, માત-પિતા કુળ-વંશ-જિણેસર ! ધર્મ૦ ॥૭॥
મન-મધુકર વર કર જોડી કહે, પદ-કજ[૧૨] નિકટ નિવાસ-જિણેસર !
ઘન-નામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ-જિણેસર ! ધર્મ॥૮॥

---

૧. પંડિત થવું ૨. જ્ઞાનરૂપી અંજન ૩. આત્મતત્ત્વરૂપ શ્રેષ્ઠ નિધાન ૪. અંતરના ચક્ષુથી ૫. પરમાત્માનો મેરૂસમાન મહિમા ૬. પ્રેમની ખાત્રી ૭. એકતરફી ૮. નભે ૯.બંને (=સેવ્ય-સેવક) ૧૦. પ્રેમ ૧૧. નિર્મળ ગુણરૂપ મણિ માટે રોહણાચલ પર્વત જેવા ૧૨. ચરણકમળ

कर्ता : श्री पूज्य आनंदघनजी महाराज -2

धर्म-जिनेश्वर गाऊं रंगशुं, भंग म पडज्यो हो प्रीत-जिणेसर।
बीजो मन-मंदिर आणुं नहीं, ए अम कुळवट-रीत-जिणेसर। धर्म०॥१॥
धरम-धरम करतो जग सहु फिरे, धर्म न जाणे हो मर्म-जिणेसर।।
धर्मजिनेश्वर चरण ग्रह्या पछी, कोई न बांधे हो कर्म-जिणेसर। धर्म०॥२॥
प्रवचन-अंजन जो सद्‌गुरु करे, देखे परम-निधान-जिणेसर।
हृदयनयण निहाळे जगधणी, महिमा मेरू-समा-जिणेसर। धर्म०॥३॥
दोडत दोडत दोडत दोडीओ, जेती मननी रे दोड-जिणेसर।
प्रेम-प्रतीत विचारो ढूंकडी, गुरुगम लेज्यो रे जोड-जिणेसर। धर्म०॥४॥
एकपखी किम प्रीत परवडे, उभय मिल्यां होवे संघ-जिणेसर।
हुं रागी हुं मोहे फंदीयो, तुं निरागी निरबंध-जिणेसर। धर्म०॥५॥
परम-निधान प्रगट मुख आगळे, जगत ओलंघी हो जाय-जिणेसर।
ज्योति विना जुओ जगदीशनी, अंधो-अंध-पुलाय-जिणेसर। धर्म०॥६॥
निरमळ-गुण-मणि-रोहण-भूधरा, मुनि-जन-मानस-हंस-जिणेसर।
धन्य ते नगरी। धन्य वेळा-घडी, मात-पिता कुळ-वंश-जिणेसर। धर्म०॥७॥
मन-मधुकर वर कर जोडी कहे, पद-कज निकट निवास-जिणेसर।
धन-नामी आनंदघन सांभळो, ए सेवक अरदास-जिणेसर। धर्म०॥८॥

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

થાશું[1] પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશ્યો[2] તો લેખે
મેં રાગી પ્રભુ ! થેં છો નિરાગી અણજુગતે[3] હોએ હાંસી
એકપખો જે નેહ નિરવહવો, તે માંહી કીસી શાબાશી ? થાંસું૦ (૧)
નિ-રાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમેં નવિ આણું
ફળે અ[5]-ચેતન પણ જિમ સુરમણિ[6], તિમ તુમ ભગતિ પ્રમાણું-થાંસું૦(૨)
ચંદન શીતલતા ઉપજાવે, અગનિ તે શીત મિટાવે
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ-પ્રેમ સ્વભાવે-થાંસું૦(૩)
વ્યસન[7] ઉદય જલધી અનુહરે, શશિને તેજ સંબંધે
અણુસંબંધે કુમુદ અણુહરે, શુદ્ધ-સ્વભાવ પ્રબંધે-થાંસું૦(૪)
દેવ અનેરા તુમથી છોટા થેં જગમાં અધિકેરા
જશ કહે ધર્મજિણેસર ! થાસું, દિલ માન્યા હૈ મેરા-થાંસું૦(૫)

---

૧. તમારાથી ૨. નભાવશો ૩. યોગ્ય સંબંધ ન હોઈ ૪. એક તરફી ૫. જડ ૬. ચિંતામણી ૭. પૌરાણિક માન્યતા પ્રમાણે આ ગાથાનો અર્થ આ પ્રમાણે. સમુદ્રમાંથી દેવાસુરોએ મંથન કરી ચૌદ રત્નો મેળવ્યાં, તેમાં ચંદ્રની ઉત્પત્તિ થઈ. એટલો ચંદ્ર પોતાનો પુત્ર હોઈ અમાસના દિવસે ચંદ્રની કળાઓ ક્ષીણ થવા રૂપે વ્યસન=દુઃખના ઉદયે જલધિ=સમુદ્ર પણ મોટી ભરતીના કારણે જાણે અબુહરે=ઉછળે અને ચંદ્ર પાછળ ઊંચો નીચે થાય પણ તે તો સંબંધે=પોતાનો પુત્ર છે, માટે. પણ કોઈ જાતના જન્ય-જનક સંબંધ વિના પણ કુમુદ-ચંદ્રવિકાસી કમળો ચંદ્રના તેજથી ખીલે અને ચંદ્રના તેજ વિના કરમાય એ ખરેખર વગર-સંબંધે પણ માત્ર ચંદ્રની શીતળતાના ગુણના આકર્ષણથી થાય છે. તે હકીકતમાં ઉચિત કહેવાયું.

**कर्ता : पूज्य श्री यशोविजयजी महाराज** -4

थासुं प्रेम बन्यो छे राज, निरवहेश्यो तो लेखे
में रागी प्रभु ! थे छो निरागी अणजुगते होए हांसी
एकपखो जे नेह निरवहवो, ते मांही कीसी शाबाशी ? थांसुं०(१)
नि-रागी सेवे कांई होवे, ईम मनमें नवि आणुं
फळे अ-चेतन पण जिम सुरमणि, तिम तुम भगति प्रमाणुं-थांसुं०(२)
चंदन शीतलता उपजावे, अगनि ते शीत मिटावे
सेवकनां तिम दुःख गमावे, प्रभु गुण-प्रेम स्वभावे-थांसुं०(३)
व्यसन उदय जलधी अनुहरे, शशिने तेज संबंधे
अणुसंबंधे कुमुद अणुहरे, शुद्ध-स्वभाव प्रबंधे-थांसुं०(४)
देव अनेरा तुमथी छोटा थें जगमां अधिकेरा
जश कहे धर्मजिणेसर ! थासुं, दिल मान्या है मेरा-थांसुं०(५)

**કર્તા : શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ**

ધર્મનાથનેં સેવતાં રે, હોયે ધર્મ અપાર
ધર્મથકી સુખ પામીયેં રે રે, એહ છે વાત નિરધાર
સખિ ! આવો જિનવર પૂજીએ રે !
સખિ ! કેસર ચંદન લાવ સખિ ! ફૂલનાં મૂલ કરાવિયેં હો–સખિ૦(૧)
પન્નરમો જિન પૂજવા રે, સુર–નર–કિન્નર કોડિ
આવેં ગાવેં પ્રભુ તણી રે, કીર્તિ બે કર જોડી–સખિ૦(૨)
ધન વન માતા સુવ્રતા રે, જેણે જોયો એ પૂત
સોભાગી સુખદાયકો રે, દોલત અતિ અદ્‌ભૂત–સખિ૦(૩)
ભાનુ રાય કુળ પુષ્કરે[1] રે, મેરો પ્રભુ ભાણ[2] સમાન
પ્રથમ દાન વરસી દીઉ રે, હવે દીયેં સમક્તિ દાન–સખિ૦(૪)
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે, વિનય નમે તુમ્હ પાય
બોધિબીજ દેજો સદા રે, માંગે છે એહ પસાય–સખિ૦(૫)

**कर्ता : श्री पूज्य विनयविजयजी महाराज**

धर्मनाथनें सेवतां रे, होये धर्म अपार
धर्मथकी सुख पामीयें रे रे, एह छे वात निरधार
सखि ! आवो जिनवर पूजीए रे !
सखि ! केसर चंदन लाव सखि ! फूलनां मूल करावियें हो-सखि०(१)
पन्नरमो जिन पूजवा रे, सुर-नर-किन्नर कोडि
आवें गावें प्रभु तणी रे, कीर्ति बे कर जोडी-सखि०(२)
धन धन माता सुव्रता रे, जेणे जायो ए पूत
सोभागी सुखदायको रे, दोलत अति अद्‌भूत-सखि-सखि०(३)
भानु राय कुळ पुष्करे रे, मेरो प्रभु भाण समान
प्रथम दान वरसी दीउ रे, हवे दीयें समकित दान-सखि०(४)
कीर्तिविजय उवजझायनो रे, विनय नमे तुम्ह पाय
बोधिबीज देजो सदा रे, मांगे छे एह पसाय-सखि०(५)

---

૧. કમળ ૨. સૂર્ય

**કર્તા : શ્રી પૂજ્ય રામવિજયજી મહારાજ**

ધરમ–જિણંદ ! તુમે લાયક સ્વામી, મુજ સેવકમાં પણ નહિ ખામી.
સાહિબા રંગીલા હમારા, મોહના રંગીલા,
જુગતિ[1] જોડી મળી છે સારી, જોજ્યો હિયડે આપ વિચારી–સાહિબા૦(૧)
ભગતવત્સલ એ બિરૂદ તુમારો, ભગતિ તણો ગુણ અચળ અમારા–સા૦
તેહમાં કો વિવરો[2] કરી કળશે[3], તો મુજ અવશ્યમાં ભળશે–સા૦(૨)
મૂળ ગુણ તું નિરાગ કહાવે, તે કિમ રાગ–ભુવનમાં આવે–સા૦
વળી છોટેઘટ[4] મોટો ન માવે, તે મેં આણ્યો સહજસભાવે–સા૦(૩)
અનુપમ અનુભવ રચના કીધી, ઈમ શાબાશી જગમાં લીધી–સા૦
અધિકું ઓછું અતિ આસંગે,[5] બોલ્યું ખમજ્યો પ્રેમ પ્રસંગ–સા(૪)
અમથી હોડ હુયે કિમ ભારી ? આશ ધરું અમ નેટ[6] તુમારી–સા૦
હું સેવક તું જગવિસરામ, વાચક વિમળતણો કહે રામ–સા૦(૫)

**कर्ता : पूज्य श्री रामविजयजी महाराज**

धरम–जिणंद ! तुमे लायक स्वामी, मुज सेवकमां पण नहि खामी.
साहिबा रंगीला हमारा, मोहना रंगीला,
जुगति जोडी मळी छे सारी, जोज्यो हियडे आप विचारी–साहिबा०(१)
भगवत्सल ए बिरूद तुमारो, भगति तणो गुण अचळ अमारो–सा०
तेहमां को विवरो करी कळशे, तो मुज अवश्यमां भळशे–सा०(२)
मूळ गुण तुं निराग कहावे, ते किम राग–भुवनमां आवे–सा०
वळी छोटेघट मोटो न मावे, ते में आण्यो सहजसभावे–सा०(३)
अनुपम अनुभव रचना कीधी, इम शाबाशी जगमां लीधी–सा०
अधिकुं ओछुं अति आसंगे, बोल्युं खमज्यो प्रेम प्रसंगे–सा०(४)
अमथी होड हुये किम भारी ? आश धरुं अम नेट तुमारी–सा०
हुं सेवक तुं जगविसराम, वाचक विमळतणो कहे राम–सा०(५)

---

૧. જોઈએ તેવી ૨. ખુલાસો ૩. સમજશે ૪. નાના ઘડામાં ૫. ભક્તિભર્યા ઉમંગમાં ૬. છેવટે

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**

ધર્મ જિણંદ ! તેરે ધર્મ કી મેરા[1], મેટત હે ભવભવકા ફેરા;
પરમ ધરમ હૈ સાહિબ તેરા - પરમ૦(૧)
ઘર ઘર ઢુંઢત[2] સબહી મેં હેરયા, ઐસા ન ધરમ-મરમકા બેરા-પરમ૦(૨)
નામ ધરમ કુછ કામ ન આવે, ઠવણધરમ તિમ સિદ્ધિ ન પાવે-પરમ૦(૩)
દ્રવ્યધરમ પણ મુક્તિ ન દેવે, ભાવધરમ પિણ કોઈક સેવે-પરમ૦(૪)
શબ્દધરમ જિઉ[3] કામ સુધારે, દુરગતિ પડતાં નિજ કરી ધારે-પરમ૦(૫)
ઉત્તમ થાનિક ઉનહિંકુ જોડે, પાપ કરમ સવિ ઉનકે તોડે-પરમ૦(૬)
ભાવધરમ તે સહી જે સાચે, મેરા મન ઉનહિસેં રાચે-પરમ૦(૭)
મિથ્યામતિ મોહે જૂઠેઈ માચે, પણ ઉન ધર્મસું કર્મ નિકાચે-પરમ૦(૮)
ભાવધરમ નિજ આતમ દેખે, કષ્ટક્રિયા સબહી તબ લેખે[4]-પરમ૦(૯)
ઉત્તમસાગર સાહિબ આગે, ન્યાયસાગર શિવ પદવી માગે-પરમ૦(૧૦)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज**

धर्मजिणंद ! तेरे धर्म की मेरा, मेटत हे भवभवका फेरा;
परम धरम है साहिब तेरा - परम०(१)
घर घर ढुंढत सबही में हेरया, ऐसा न धरम-मरमका बेरा-परम०(२)
नामधरम कछु काम न आवे, ठवणधरम तिम सिद्धि न पावे-परम०(३)
द्रव्यधरम पण मुक्ति न देवे, भावधरम पिण कोईक सेवे-परम०(४)
शब्दधरम जिउ काम सुधारे, दुरगति पडतां निज करी धारे-परम०(५)
उत्तम थानिक उनहिंकु जोडे, पाप करम सवि उनके तोडे-परम०(६)
भावधरम ते सही जे साचे मेरा मन उनहिसें राचे-परम०(७)
मिथ्यामति मोहे जूठेई माचे, पण उन धर्मसुं कर्म निकाचे-परम०(८)
भावधरम निज आतम देखे, कष्टक्रिया सबही तब लेखे-परम०(९)
उत्तमसागर साहिब आगे, न्यायसागर शिव पदवी मागे-परम०(१०)

---

૧. મર્યાદા ૨. શોધ્યા ૩. જેમ. ૪. સફળ

**કર્તા : શ્રી પૂજ્ય રૂચિરવિમલજી મહારાજ** -॥

ધર્મ જિનેસર વંદીએ, હેજ હીએ હરષત-પ્રભુજી ।
સમરથ નૂર ન આ જગે, ઉપગારી અરિહંત-પ્રભુજી-ધર્મ૦ ॥૧॥
ગુણ-ગિરૂઆશું ગોઠડી, કરતાં અતિ ઉછાહ-પ્રભુજી
નીચ નિવાહી સકૈ નહિ, પગ પગ હોઈ દાહ-પ્રભુજી-ધર્મ૦ ॥૨॥
રાય ભાનુ સુત પેખતાં, પામૈ મન આરામ-પ્રભુજી ।
જિમ ગજરેવા રીતડી, જિસ સીતા મન રામ-પ્રભુજી-ધર્મ૦ ॥૩॥
તિમ મોરે મન તું વસ્યો , ઓર ન સેવું દેવ-પ્રભુજી ।
તુમ ચરણે ચિત રંજીયું, કરશ્યું અરનિશિ સેવ-પ્રભુજી-ધર્મ૦ ॥૪॥
સાહિબ વિસારો રખે ! એતા દિનની પ્રીત-પ્રભુજી ।
અવસર પામી આપણો, સેવક ધરજ્યો ચિત-પ્રભુજી-ધર્મ ૦॥૫॥
અપણાયત જાણી કરી, મૂકોં કાંય નિરાશ ? -પ્રભુજી ।
રૂચિર, પ્રભુ પય સેવતં પામે અતિ ઉલ્લાસ-પ્રભુજી-ધર્મ૦ ॥૬॥

**कर्ता : पूज्य श्री रूचिरविमलजी महाराज**

धर्म जिनेसर वंदीए, हेज हीए हरषत-प्रभुजी ।
समरथ नूर न आ जगे, उपगारी अरिंहत-प्रभुजी-धर्म० ॥१॥
गुण-गिरूआशुं गोठडी, करतां अति उछाह-प्रभुजी ।
नीच निवाही सकै नहि, पग पग होई दाह-प्रभुजी-धर्म० ॥२॥
राय भानु सुत पेखतां, पामै मन आराम-प्रभुजी ।
जिम गजरेवा रीतडी, जिस सीता मन राम-प्रभुजी-धर्म० ॥३॥
तिम मोरे मन तुं वस्यो, ओर न सेवुं देव-प्रभुजी ।
तुम चरणे चित रंजीयुं, करश्युं अहनिशि सेव-प्रभुजी-धर्म० ॥४॥
साहिब विसारो रखे ! एता दिननी प्रीत-प्रभुजी ।
अवसर पामी आपणो, सेवक धरज्यो चित-प्रभुजी-धर्म० ॥५॥
अपणायत जाणी करी, मूकों कांय निराश ? - प्रभुजी ।
रूचिर, प्रभु पय सेवतां, पामे अति उल्लास-प्रभुजी-धर्म० ॥६॥

---


સુણો શાંતિજિનેશ્વર સાહિબા...
શ્રી શાંતિ જિનસ્તવના...
સ્વર સંગીત : દિલીપ ધોળકીયા



# સુણો શાંતિજિનેશ્વર સાહિબા...

## શ્રી શાંતિ જિનસ્તવના...

| | | | |
|---|---|---|---|
| ૧. | ધન દિન વેલા ! ધન ઘડી તેહ ! | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૨. | હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૩. | જગ જન મન રંજેરે, મનમથ | – | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૪. | શાંતિજિણંદ મહારાજ–જગતગુરૂ | – | શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ |
| ૫. | સુણ દયાનિધિ ! તુજ પદપંકજ | – | શ્રી પૂજ્ય જીવવિજયજી મહારાજ |
| ૬. | સુણો શાંતિ–જિનેસર ! સાહિબા ! | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ |
| ૭. | તાર ! મુજ તાર ! મુજ તાર | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |
| ૮. | શાંતિ જિનેશ્વર સાચો સાહિબ | – | શ્રી પૂજ્ય જિનરંગ વિ. મહારાજ |
| ૯. | તું પારંગત ! તું પરમેસર | – | શ્રી પૂજ્ય જિનવિજયજી મહારાજ |
| ૧૦. | શાન્તિ તેરે લોચન હૈ અણિયાળા | – | શ્રી પૂજ્ય કિર્તિવિજયજી મહારાજ |

## ૧૬. શ્રી શાંતિ જિનસ્તવના...

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ ।**

ધન દિન વેલા ! ધન ઘડી તેહ ! અચિરારો નંદન જિન જદી[1] ભેટશુંજી
લહેશું રે સુખ દેખી મુખ[2]-ચંદ, [3]વિરહ-વ્યથાના દુખ મેટશુંજી
-ધન૦ (૧)

જાણ્યો રે જેણે તુજ ગુણ-લેશ, બીજો રસ તેહને મન નવિ ગમેંજી
ચાખ્યો રે જેણે અમી લવ-લેશ, બાક્સ[4]-બુક્સ તસ ન રૂચે કિમેજી
-ધન૦(૨)

તુજ[5] સમકિત-રસ-સ્વાદનો જાણ, પાપ કુમતને (જે) બહુ-દિન સેવીઓજી
સેવે જા કરમને યોગે તોહિ, વાંછે તે સમકિત-અમૃત ધુરે લિખ્યું જી
- ધન૦(૩)

તાહરું ધ્યાન તે સમકિતરૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છે જી
તેહથીરે જાએ સઘળાં પાપ, ધ્યાતારે ધ્યેય-સ્વરૂપ હોયેં પછેજી
- ધન ૦ (૪)

દેખીરે અદ્ભુત તાહરું રૂપ, અચરિજ ભવિક અ-રૂપી-પદ વરેજી
તાહરી ગત તું જાણે દેવ, સમરણ-ભજન તે વાચક જશ કરેજી
- ધન૦(૫)

---

૧. જ્યારે ૨. મુખરૂપી ચંદ્ર ૩. વિયોગની પીડાના ૪. રસ હીન-કોરા ફોતરા, ૫. તારા સમકિતના રસનો સ્વાદ જેણે ચાખ્યો તે કદાચ કર્મવશ થઈ ઘણા કાળથી સેવેલ પાપની આચરણા કરે તો પણ સમક્તિ-અમૃતની જ ઈચ્છા મુખ્યપણે હોય.

कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज २

धन दिन वेला ! धन घडी तेह ! अचिरारो नंदन जिन जदी भेटशुंजी
लहेशुं रे सुख देखी मुख-चंद, विरह-व्यथाना दुख मेटशुंजी
-धन०(१)

जाण्यो रे जेणे तुज गुण-लेश, बीजो रे रस तेहने मन नवि गमेजी
चाख्यो रे जेणे अमी लव-लेश, बाक्स-बुक्स तस न रुचे किमेजी
-धन० (२)

तुज समकित-रस-स्वादनो जाण, पाप कुमतने (जे) बहु-दिन सेवीओजी
सेवे जा करमने योगे तोहि,, वांछे ते समकित-अमृत धुरे लिख्युं जी
-धन०(३)

ताहरुं ध्यान ते समकितरुप, तेहज ज्ञानने चारित्र तेह छे जी
तेहथीरि जाए सघळां पाप, ध्यातारे ध्येय-स्वरुप होयें पछेजी
-धन०(४)

देखीरे अद्‌भुत ताहरुं रुप, अचरिज भविक अ-रुपी-पद वरेजी
ताहरी गत तुं जाणे देव, समरण-भजन ते वाचक जश करेजी
-धन०(५)

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ** ૩

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, ધ્યાનમેં ધ્યાનમેં ધ્યાનમેં –હમ૦ ॥
બિસર ગઈ [1]દુવિધા તન–મનકી, અચિરા સુત ગણ ગાનમેં–હમ૦ ॥૧॥
હરિ–હર–બ્રહ્મ–[2]પુરંદરકી ઋદ્ધિ, આવત નહિં કોઉ માનમેં ।
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા–રસકે પાનમેં–હમ૦ ॥૨॥
ઈતને દિન તુમ નાહિં પિછાણ્યો, મેરો જનમ ગયો અ–જાણમેં ।
અબ તો અધિકારી હોઈ બૈઠે પ્રભુ ગણ અ–ખય–ખજાનમેં–હમ ૦ ॥૩॥
મિટ ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ ! તુજ સમકિત–દાનમેં ।
પ્રભુ–ગુણ–અનુભવ[3]–રસકે આગે, આવત નહિ કોઉ માનમેં–હમ૦ ॥૪॥
જિણહી પાયા તિણહી છીપાયા, કહત નહિ કોઉ કાનમેં ।
તાલી લાગી જબ અનુભવકી, તબ સમજેં કોઉ સાનમેં–હમ૦ ॥૫॥
પ્રભુ–ગુણ–અનુભવ–ચન્દ્રહાસ જ્યૌં, સો તો ન રહે મ્યાનમેં ।
વાચક જશ કહે મોહ મહા–અરિ, જીત લીયો હૈ મૈદાનમેં – હમ ૦ ॥૬॥

**कर्ता : पूज्य श्री यशोविजयजी महाराज** ५

हम गमन भये प्रभु ध्यानमें, ध्यानमें ध्यानमें ध्यानमें - हम०॥
बिसर गई दुविधा तन-मनकी, अचिरा, सुत गुण गानमें - हम०॥१॥
हरि-हर-ब्रह्म-पुरंदरकी ऋद्धि, आवत नहिं कोउ मानमें ।
चिदानंदकी मोज मची है, समता-रसके पानमे - हम० ॥२॥
ईतने दिन तुम नाहि पिछाण्यो, मेरो जनम गयो -अ-जाणमें ।
अब तो अधिकारी होई बैठे प्रभु गुण अ-खय-खजानमें-हम०॥३॥
मिट गई दीनता सबही हमारी, प्रभु ! तुज समकित-दानमें ।
प्रभु-गुण-अनुभव-रसके आगे, आवत नहि कोउ मानमें-हम०॥४॥
जिणही पाया तिणही छीपाया, कहत नहि कोउ कानमें ।
ताली लागी जब अनुभवकी, तब समजे कोउ सानमें -हम०॥५॥
प्रभु-गुण-अनुभव-चन्द्रहास ज्यौं, सो तो न रहे म्यानमें ।
वाचक जश कहे मोह महा-अरि, जीत लीयो है मैदानमें-हम० ॥६॥

---

૧. પીડા ૨. ઇંદ્રની ૩. તે નામની શ્રેષ્ઠ તલવાર

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ** 5

જગ જન મન રંજેરે, મનમથ[1] બળ ભંજે રે,
નવિ રાગ ન દોસ, તૂં અંજૈ[2] ચિત્તશ્યૂં રે... (૧)
શિર છત્ર વિરાજે રે, દેવદુંદુંભિ વાજે રે,
ઠકુરાઈ ઈમ છાજે, તોહિ અકિંચનો[3] રે.... (૨)
થિરતાં[4] ધૃતિ[5] સારી રે; વરી સમતા નારી રે,
બ્રહ્મચારી શિરોમણિ, તો પણ તું સુણ્યો રે... (૩)
ન ધરે ભવ-[6]રંગોરે, નવિ દોષ-[7]સંગોરે,
મૃગ-લંછન ચંગો, તો પણ તૂં સહી રે...(૪)
તુજ ગુણ કુણ આખે[8] રે, જગ કેવળી-પાખે રે,
સેવક જશ ભાખે, અચિરા-સુત જયો રે... (૫)

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** -6

जग जन मन रंजेरे, मनमनथ बळ भंजे रे,
नवि राग न दोस, तूं अंजै चित्तश्यूं रे...(१)
शिर छत्र विराजे रे, देवदुदुंभि वाजे रे,
ठकुराई ईम छाजे, तोहि अकिंचनो रे...(२)
थिरता धृति सारी रे; वरी समता नारी रे,
ब्रह्मचारी शिरोमणि, तो पण तुं सुण्यो रे...(३)
न धरे भव-रंगोरे, नवि दोष-संगोरे,
मृग-लंछन चंगो, तो पण तूं सही रे...(४)
तुज गुण कुण आखे रे, जग केवळी-पाखे रे,
सेवक जश भाखे, अचिरा-सुत ज्यो रे...(५)

---

૧. કામદેવ ૨.આંજી નાંખે છે ૩. નિષ્પરિગ્રહી ત્યાગી ૪. સ્વભાવની દૃઢતા ૫. પરિષહ-ઉપસર્ગ આદિમાં મક્કમતા ૬. સંસારનો રંગ ૭. દોષનો સંભવ ૮. કહી શકે ૯. વિના.

**કર્તા : શ્રી પૂજ્ય મોહનવિજયજી મહારાજ**

શાંતિજિણંદ મહારાજ–જગતગુરૂ ! શાંતિજિણંદ મહારાજ
અચિરાનંદન ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ–જગત૦(૧)
ગર્ભ થકી જિણે ઈતિ[1] નિવારી, હરષિત સુર નર કોડી
જનમ થયે ચોસઠ ઈંદ્રાદિક, પદ પ્રણમે કર જોડી – જગત૦ (૨)
મૃગલંછન ભવિક તુષ (દુઃખ) ગંજન કંચનવાન શરીર
પંચમનાણી પંચમ ચક્રી, સોળસમો જિન ધીર–જગત૦ (૩)
રત્નજડિત ભૂષણ અતિસુંદર, આંગી અંગી ઉદાર
અતિ ઉછરંગ ભગતિ નૌતન[2] ગતી, ઉપશમ રસ દાતાર – જગત ૦ (૪)
કરૂણાનિધિ ભગવાન કૃપાકર, અનુભવ ઉદિત[3] આવાસ[4]
રૂપ–વિબુધનો મોહન પભણે, દીજે જ્ઞાન–વિલાસ–જગત૦ (૫)

---

૧. ઉપદ્રવ ૨. નવી=ઉત્તમ ૩. ઊગ્યો ૪. મનરૂપ આવાસમાં

**कर्ता : पूज्य श्री मोहनविजयजी महाराज** ४

शांतिजिणंद महाराज-जगतगुरु ! शांतिजिणंद महाराज
अचिरानंदन भविमनरंजन, गुणनिधि गरीबनिवाज-जगत० (१)
गर्भ थकी जिणे ईति निवारी, हरषित सुर नर कोडी
जनम थये चोसठ ईंद्रादिक, पद प्रणमे कर जोडी जगत ० (२)
मृगलंछन भविक तुष (दुःख) गंजन कंचनवान शरीर
पंचमनाणी पंचम चक्री, सोळसमो जिन धीर-जगत० (३)
रत्नजडित भूषण अतिसुंदर, आंगी उदार
अति उछरंग भगति नौतन गती, उपशम रस दातार-जगत०(४)
करुणानिधि भगवान कृपाकर, अनुभव उदित आवास
रुप-विबुधनो मोहन पभणे, दीजे ज्ञान-विलास-जगत० (५)

---

**કર્તા : શ્રી પૂજ્ય જીવવિજયજી મહારાજ**

સુણ દયાનિધિ ! તુજ પદપંકજ મુન મન મધુકર લીનો ।
તું તો રાત દિવસ રહે સુખભીનો–સુણ૦ ॥
પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ પાયો,
એક ભવમાં દોય પદવી પાયો–સુણ૦... ॥૧॥
પ્રભુ ચક્રી–જિનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નીરોગી,
તુજ સમ અવર નહિ દુજો યોગી–સુણ૦... ॥૨॥
ષટ્–ખંડ તણો પ્રભુ ! તું ત્યાગી, નિજ આતમ–ઋદ્ધિ તણો–રાગી ।
તુજ સમ અવર નહિ વૈરાગી–સુણ૦... ॥૩॥
વડવીર થયા સંજમ–ધારી, લહે કેવળ–દુગ–કમળા સારી ।
તુજ સમ અવર નહિ ઉપકારી – સુણ૦... ॥૪॥
પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા ઉપર કરૂણા આણી,
નિજ–ચરણે રાખ્યો સુખખાણી – સુણ૦...॥૫॥
પ્રભુ કર્મકટક ભવ–ભય ટાળી, નિજ આતમ–ગુણને અજુઆળી ।
પ્રભુ પામ્યા – શિવવધૂ લટકાળી – સુણ૦...॥૬॥
સાહેબ ! એક મુજરો માની જે, નિજ સેવક ઉત્તમ–પદ દીજે,
રૂપ કીર્તિ કરે તુજ જીવવિજે–સુણ૦ ॥૭॥

**कर्ता : श्री पूज्य जीवविजयजी महाराज** *10*

सुण दयानिधि ! तुज पदपंकज मुन मन मधुकर लीनो ।

तुं तो रात दिवस रहे सुखभीनो-सुण० ॥

प्रभु अचिरा मातानो जायो, विश्वसेन उत्तम कुळ पायो,

एक भवमां दोय पदवी पायो-सुण०...॥१॥

प्रभु चक्री-जिनपदनो भोगी, शांति नाम थकी थाय नीरोगी,

तुज सम अवर नहि दुजो योगी-सुण०...॥२॥

षट्-खंड तणो प्रभु ! तुं त्यागी, निज आतम-ऋद्धि तणो-रागी ।

तुज सम अवर नहि वैरागी-सुण०...॥३॥

वडवीर थया संजम-धारी, लहे केवळ-दुग-कमळा सारी ।

तुज सम अवर नहि उपकारी-सुण०...॥४॥

प्रभु मेघरथ भव गुणखाणी, पारेवा उपर करुणा आणी,

निज-चरणे राख्यो, सुखखाणी-सुण०...॥५॥

प्रभु कर्मकटक भव-भय टाळी, निज आतम-गुणने अजुआळी ।

प्रभु पाम्या - शिववधू लटकाळी - सुण०...॥६॥

साहेब ! एक मुजरो मानी जे, निज सेवक उत्तम-पद दीजे,

रूप कीर्ति करे तुज जीवविजे-सुण०...॥७॥

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ**

સુણો શાંતિ-જિનેસર ! સાહિબા ! સુખકાર ! કરુણાસિંધુ રે !
પ્રભુ ! તુમ-સમ કો દાતા નહિ, નિષ્કારણ[1]-ત્રિભુવન-બંધુ રે-સુણો૦(૧)
જસ નામે અખય-સંપદ હોએ, વળી આધિ તણી હોયે શાંતિ રે,
દુઃખ-દુરિત ઉપદ્રવ સવિ મિટે, ભાંજે મિથ્યા-મતિ[2]-ભ્રાંતિ રે-સુણો૦ (૨)
તું રાગ-રહિત પણ રીઝવે, સવિ સજ્જન કેરાં ચિત્ત રે
નિર્દ્રવ્ય અને પરમેશ્વરૂ, વિણ નેહે તું જગ-મિત્ત રે-સુણો૦(૩)
તું ચક્રી પણ ભવ-ચક્રનો, સંબંધ ન કોઈ કીધ રે
તું તો ભોગી યોગી દાખિઓ, સહજે સમતા-રસ સિદ્ધ રે-સુણો ૦(૪)
વિણ-તેડયો નિત્ય સહાય છે, તુજ લોકોત્તર-આચાર રે
કહે જ્ઞાનવિમલ ગુણ તાહરા, લહિયેં ગણવે કિમ પાર રે-સુણો૦ (૫)

---

૧. વિના કારણે ત્રણે ભુવનના બંધુ ૨. મિથ્યા બુદ્ધિની ભ્રમણા.

**कर्ता : पूज्य श्री ज्ञानविमलजीसूरि महाराज** -१२

सुणो शांति-जिनेसर ! साहिबा ! सुखकार ! करुणासिंधु रे !
प्रभु ! तुम-सम को दाता नहि, निष्कारण-त्रिभुवन-बंधु रे-सुणो०(१)
जस नामे अखय-संपद होए, वळी आधि तणी होये शांति रे,
दुःख-दुरित उपद्रव सवि मिटे, भांजे मिथ्या-मति-भ्रांति रे-सुणो (२)
तुं राग-रहित पण रीझवे, सवि सज्जन केरां चित्त रे
निर्द्रव्य अने परमेश्वरुं,विण नेहे तुं जग-मित्त रे-सुणो०(३)
तुं चक्री पण भव-चक्रनो, संबंध न कोई कीध रे
तुं तो भोगी योगी दाखिओ, सहजे समता-रस सिद्ध रे-सुणो०(४)
विण-तेड्यो नित्य सहाय छे, तुज लोकोत्तर-आचार रे
कहे ज्ञानविमल गुम ताहरा, लहियें गणवे किम पार रे-सुणो०(५)

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ**

તાર ! મુજ તાર ! મુજ તાર ! જિનરાજ ! તું, આજ મેં તોહિ દીદાર પાયો ।
સકલ સંપત્તિ મિલ્યો આજ શુભ દિન વલ્યો,
સુરમણિ આણ હું [1]અણચિંત આયો-તાર૦ ॥૧॥

તાહરી આણ હું [2]શેષ પરે શિર વહું, [3]નિરતો સદા હું રહું ચિત્ત-શુદ્ધિ ।
ભમતાં ભવ-કાનને સુરતરૂની પરે, તું પ્રભુ ! ઓળખ્યો ! દેવબુદ્ધિ-તાર૦ ॥૨॥
અથિર-સંસારમાં સાર ! મુજ સેવનાં, દેવના દેવ ! તુઝ સેવ સારે ।
શત્રુને મિત્ર સમભાવી બેહું ગણે, ભક્ત-વત્સલ સદા બિરુદ ધારે - તાર ૦ ॥૩॥
તાહરા ચિત્તમાં દાસ-બુદ્ધિ સદા હું વસું, એહવી વાત દૂરે ।
પણ મુજ ચિત્તમાં તું હિ જો નિત વસે, તો કિશું કીજીયે મોહ શૂરે ? તાર૦ ॥૪॥
તું કૃપા-કુંભ ! ગતદંભ ! ભગવાન ! તું, સકલ-વિલોકને સિદ્ધિ - દાતા ।
ત્રાણ મુજ ! પ્રાણ મુજ ! શરણ આધાર તું
તુ સખા ! માત ! ને તાત ! ભ્રાતા ! - તાર૦ ॥૫॥
આતમરામ અભિરામ અભિધાન તુજ, સમરતાં જન્મનાં દુરિત જાવે ।
તુજ વદન-ચંદ્રમાં નિશ-દિન પેખતાં, નયન-ચકોર આનંદ પાવે-તાર૦ ॥૬॥
શ્રી વિશ્વસેન-કુળ-કમલ-દિનકર જિશ્યો, મન વસ્યો માત અચિરા મલ્હાયો ।
શાંતિ જિનરાજ ! શિરતાજ દાતારમાં, અભયદાની શિરે જશ ગવાયો - તાર૦ ॥૭॥

લાજ-જિનરાજ ! અબ દાસની [4]તો શિરે, અવસરે મોહશ્યું લાજ પાવે ।
પંડિતરાય કવિ-ધીરવિમલ તણો, સીસ ગુણ જ્ઞાનવિલાદિ ગાવે-તાર૦ ॥૮॥

---

૧. અચાનક ૨. પ્રસાદની જેમ ૩. તારી આજ્ઞામાં રક્ત ૪. તમારા માથે

कर्ता : श्री पूज्य ज्ञानविमलजी महाराज १५

तार ! मुज तार ! मुज तार ! जिनराज ! तुं, आज में तोहि दीदार पायो ।
सकल संपत्ति मिल्यो आज शुभ दिन वल्यो,
सुरमणि आज अणचिंत आयो-तार० ॥१॥
ताहरी आण हुं शेष परे शिर वहुं, निरतो सदा हुं रहुं चित्त-शुद्धि ।
भमतां भव-कानने सुरतरुनी परे, तुं प्रभु ! ओळख्यो ! देवबुद्धि-तार० ॥२॥
अथिर-संसारमां सार ! तुज सेवना, देवना देव ! तुझ सेव सारे ।
शत्रुने मित्र समभावी बेहुं गणे, भक्त-वत्सल सदा बिरुद धारे - तार० ॥३॥
ताहरा चित्तमां दास-बुद्धि सदा हुं वसुं, एहवी वात दूरे ।
पण मुज चित्तमां तुं हि जो नित वसे, तो किशुं कीजीये मोह शूरे ? तार० ॥४॥
तुं कृपा-कुंभ ! गतदंभ ! भगवान ! तुं, त्राण मुज ! प्राण मुज ! शरण आधार तुं,
तुं सखा !मात ! ने तात ! भ्रता ! - तार ० ॥५॥
आतमराम अभिराम अभिधान तुज, समरतां जन्मनां दुरित जावे ।
तुज वदन-चंद्रमां निश-दिन पेखतां, नयन-चकोर आनंद पावे-तार० ॥६॥
श्री विश्वसेन-कुळ-कमल-दिनकर जिश्यो, मन वस्यो मात अचिरा मल्हायो ।
शांति जिनराज ! शिरताज दातारमां, अभयदानी शिरे जश गवायो - तार० ॥७॥
लाज-जिनराज ! अब दासनी तो शिरे, अवसरे मोहश्युं लाज पावे !
पंडितराय कवि-धीरविमल तणो, सीस गुण ज्ञानविमलादि गावे-तार० ॥८॥

**કર્તા : શ્રી પૂજ્ય જિનરંગ વિ. મહારાજ** 15

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈન–કલિમેં હો જિનજી;
તું મેરા મનમેં... તું મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી.
ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં હો જિનજી.
નિર્મળ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં હો જિનજી.
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો જિનજી.
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં હો જિનજી.

**कर्ता : श्री पूज्य जिनरंग वि. महाराज** - 16

शांति जिनेश्वर साचो साहिब, शांतिकरण ईन–कलिमें हो जिनजी;
तुं मेरा मनमें... तुं मेरा दिलमें, ध्यान धरूं पल पलमें साहेबजी.
भवमां भमतां में दरिशन पायो, आशा पूरो एक पलमें हो जिनजी.
निर्मळ ज्योत वदन पर सोहे, निकस्यो ज्युं चंद बादलमें हो जिनजी.
मेरो मन तुम साथे लीनो, मीन वसे ज्युं जलमें हो जिनजी.
जिनरंग कहे प्रभु शांति जिनेश्वर, दीठोजी देव सकलमें हो जिनजी.

**કર્તા : શ્રી પૂજ્ય જિનવિજયજી મહારાજ**

તું પારંગત ! તું પરમેસર ! વાલા મારા ! તું પરમારથ-વેદી
તું પરમાતમ ! તું પુરૂષોત્તમ ! તુંહી અ[1]-છેદી અ[2]-વેદી રે મનના મોહનીયા;
તાહરી કીકી કામણગારી રે જગના સોહનીયા-મન૦(૧)
યોગી-અયોગી ભોગી-અભોગી, વાલા૦તું હી જ કામી-અકામી
તું હી અ-નાથ નાથ ! સહુ જગનો, આતમસંપદ રામી રે-મન૦(૨)
એક અસંખ્ય અનંત અનૂચર[3], વાલા૦ અ-કળ-સકળ અ-વિનાશી
અ-રસ અ-વર્ણ અ-ગંધ અ-ફાસી, તુંહીં અ[4]-પાશી અ-નાશી રે મન૦(૩)
મુખ-પંકજ ભમરી પરે અમરી, વાલા૦ તું હી સદા બ્રહ્મચારી
સમોસરણ-લીલા અધિકારી, તું હી જ સંયમ-ધારી રે - મન૦(૪)
અચિરા-નંદન અચરિજ એહી, વાલા૦ કહણીમાંહિ ન આવે
ક્ષમાવિજય જિન વયણ સુધારસ, પીવે તેહિજ પાવે રે-મન૦ (૫)

**कर्ता : पूज्य श्री जिनविजयजी महाराज**

तुं पारंगत ! तुं परमेसर ! वाला मारा ! तुं परमारथ-वेदी !
तुं परमातम ! तुं पुरुषोत्तम ! तुंही अ-छेदी अ-वेदी रे मनना मोहनीया;
ताहरी कीकी कामणगारी रे जगना सोहनीया-मन०(१)
योगी-अयोगी भोगी-अभोगी, वाला० तुं ही ज कामी-अकामी
तुं ही अ-नाथ नाथ ! सहु जगनो, आतमसंपद रामी रे - मन०(२)
एक असंख्य अनंत अनूचर, वाला० अ-कळ-सकळ अ-विनाशी
अ-रस अ-वर्ण अ-गंध अ-फासी, तुंहींअ-पाशी अ-नाशी रे-मन०(३)
मुख-पंकज भमरी परे अमरी, वाला० तुं ही सदा ब्रह्मचारी
समोसरण-लीला अधिकारी, तुं ही ज संयम-धारी रे-मन०(४)
अचिरा-नंदन अचरिज एही, वाला०कहणीमांही न आवे
क्षमाविजय जिन वयण सुधारस, पीवे तेहिज पावे रे - मन०(५)

---

૧. અખંડ=સંપૂર્ણ ૨. વેદના ઉદય વિનાના ૩. ન કહી શકાય તેવા ૪. પાશ=ફંદા રહિત

**કર્તા : શ્રી પૂજ્ય કિર્તિવિજયજી મહારાજ** [૧૫]

શાન્તિ તેરે લોચન હૈ અણિયાળા

કમલ જ્યું સુંદર, મીન જ્યું ચંચલ, મધુકરથી અતિકાળે...૧

જાકી મનોહરતા જિત વનમેં, ફિરતે હરિણ બિચારે...૨

ચતુર ચકોર પરાભવ નિરખત, બહું રે ચુગત અંગારે...૩

ઉપશમ રસકે અજબ કટોરે, માનું વિરંચી સંભારે...૪

કિર્તિવિજય વાચક વિનયી, પ્રભુ મુજકોં અતિ પ્યારે...૫

**कर्ता : पूज्य श्री किर्तिविजयजी महाराज** १०

शान्ति तेरे लोचन है अणियाळा
कमल ज्युं सुंदर, मीन ज्युं चंचल, मधुकरथी अतिकाळे....१
जाकी मनोहरता जित वनमें, फिरते हरिण बिचारे....२
चतुर चकोर पराभव निरखत, बहुं रे चुगत अंगारे रे....३
उपशम रसके अजब कटोरे, मानुं विरंची संभारे....४
किर्तिविजय वाचक विनयी, प्रभु मुजकों अति प्यारे....५

કુંથુજિન !
મનડું કિમહી ન બાજે...



કુંથુનાથ જિન સ્તવના

સ્વર સંગીત : શ્રી વિનોદકુમાર રાગી



## કુંથુજિન ! મનડું કિમહી ન બાજે...

# કુંથુનાથ જિન સ્તવના

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી કુંથુજિનરાજજી વિનવી | - | શ્રી પૂજ્ય ભાણવિજયજી મહારાજ |
| ૨. | કુંથુ-જિણંદ ! સદા મન-વસીઓ | - | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ |
| ૩. | સેવો ભાવે શ્રી કુંથુ-જિણેસર | - | શ્રી પૂજ્ય ભાવવિજયજી મહારાજ |
| ૪. | કુંથુજિન! મનડું કિમહી ન બાજે! | - | શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ |
| ૫. | ગજપુર નયરી સોહિયેંજી, | - | શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ |
| ૬. | કુંથુજિનેસર વંદીએ, | - | શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ |
| ૭. | કરૂણા કુંથુજિણંદની | - | શ્રી પૂજ્ય જિનવિજયજી મહારાજ |
| ૮. | કુંથુજિણેસર પ્રણમે પાય | - | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૯. | કુંથુજિનેસર પરમકૃપાગુરૂ | - | શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ |
| ૧૦. | કુંથુ જિનેશ્વર વિનંતી-મુજ | - | શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ |
| ૧૧. | હાંજી! સુરતરૂસમો વડ સાહેબો | - | શ્રી પૂજ્ય ચતુરવિજયજી મહારાજ |
| ૧૨. | કુંથુ-જિનેસર! સાંભળો, એક અરજ | - | શ્રી પૂજ્ય કેશરવિમલજી મહારાજ |
| ૧૩. | જિનરાયાજી કુંથુ-જિણંદ દયાલ | - | શ્રી પૂજ્ય કનકવિજયજી મહારાજ |

## ૧૭. કુંથુનાથ જિન સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય ભાણવિજયજી મહારાજ**

શ્રી કુંથુજિનરાજજી વિનવી કહું મનની વાત,
મહેર ધરી સેવક ભાગી, સુણો વિનતિ તો આવે ઘાત – શ્રી૦(૧)
અવસર પામી કહો પ્રભુ ! કુણઅહિલે તે ગમી જાય,
તિમ અવસર પામી તુમ પ્રતે, હું વિનવું છું જિનરાય–શ્રી૦(૨)
સજ્જન એકાંતે મળ્યાં, કહેવાએ મનની વાત;
પણ મુજ મનની જે વારતા, તે તો જાઓ છો સહુ અવદાત–શ્રી૦ (૩)
પણ એક–વચન જે કહું, તે તો માનો થઈ સુપ્રસન્ન;
અતુલો[૨] અમૃત પાઈએ, જિમ હરખિત હોય મુજ મન્ન–શ્રી૦(૪)
ભવ–ભવ તુમ પદ–સેવના, હવે દેજો શ્રી જિનરાય;
પ્રેમ વિબુધના ભાણને, તુમ દરિસણથી સુખ થાય–શ્રી૦(૫)

---

૧. વાતનો મેળ ૨. આત્માનું અનુપમ

**कर्ता : श्री पूज्य भाणविजयजी महाराज** 2

श्री कुंथुजिनराजजी विनवी कहुं मननी वात,
महेर धरी सेवक भागी, सुणो विनति तो आवे घात-श्री०(१)
अवसर पामी कहो प्रभु ! कुणअहिले ते गमी जाय,
तिम अवसर पामी तुम प्रते, हुं विनवुं छुं जिनराय-श्री०(२)
सज्जन एकांते मळ्यां, कहेवाए मननी वात;
पण मुज मननी जे वारता, ते तो जाणो छो सहु अवदात-श्री०(३)
पण एक-वचन जे कहुं, ते तो मानो थई सुप्रन्न;
अतुलो अमृत पाइए, जिम हरखित होय मुज मन्न-श्री०(४)
भव-भव तुम पद-सेवना, हवे देजो श्री जिनराय;
प्रेम विबुधना भाणने, तुम दरिसणथी सुख थाय-श्री०(५)

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ** ૩

કુંથુ-જિણંદ ! સદા મન-વસીઓ, તું તો દૂર જઈ પ્રભુ વસીઓ
સાહિબા ! રંગીલા ! હમારા, મોહના શિવ[1]-સંગી છઠ્ઠો ચક્રી ષટ-ખંડ સાધે,
અભ્યંતર[2] જિમ ષટ[3]-રિપુ બાંધે સાહિબ૦(૧)
ત્રિપદી[4] ગંગ[5] ઉપકંઠે[6], નવ નિધિ-સિદ્ધિ ઉતકંઠે સાહિબ૦
કોઈ અ-જેય રહ્યો નહિ દેશ, તિમ કો ન રહ્યા કર્મ-નિવેશ-સાહિબ૦(૨)
ધર્મ-ચક્રવર્તી પદવી પામી, એ પ્રભુ માહરો અંતરજામી-સાહિબ૦
સત્તર-ભેદશું સંયમ પાળી, સત્તરમો જિન મુગતિ-સંભાળી-સાહિબ૦(૩)
તેહને ધ્યાને જો નિતુ રહીએ, જો તેહની આણા નિરવહિએ-સાહિબ૦
તો ક્ષાઈક ભાવે ગુણ આવે, સાહિબ-સેવક ભેદ ન પાવે-સાહિબ૦(૪)
વારવાર સુ-પુરુષને કહેવું, તો તે ભરિયા ઉપર વહેવું-સાહિબ૦
જ્ઞાનવિમલ ભાવે કરી જોવે, તો સેવક-મનવંછિત હોવે-સાહિબ૦(૫)

**कर्ता : श्री पूज्य ज्ञानविमलसूरि महाराज** ५

कुंथु-जिणंद ! सदा मन-वसीओ, तुं तो दूर प्रभु वसीओ
साहिबा ! रंगीला ! हमारा, मोहना शिव-संगी छठ्ठो चक्री षट-खंड साधे,
अभ्यंतर जिन षट-रिपु बांधे साहिब० (१)
त्रिपदी गंग उपकंठे, नव निधि-सिद्धि उतकंठे साहिब०
कोई अ-जेय रह्यो नहि देश, तिम को न रह्या कर्म-निवेश-साहिब०(२)
धर्म-चक्रवर्ती पदवी पामी, ए प्रभु माहरो अंतरजामी-साहिब०
सत्तर-भेदशुं संयम पाळी, सत्तरमो जिन-मुगति-संभाळी-साहिब०(३)
तेहने ध्याने जो नितु रहीए, जो तेहनी आणा निरवहिए-साहिब०
तो क्षाईक भावे गुण आवे, साहिब-सेवक भेद न पावे-साहिब०(४)
वारवार सु-पुरुषने कहेवुं, ते तो भरिया उपर वहेवुं-साहिब०
ज्ञानविमल भावे करी जोवे, तो सेवक-मनवंछित होवे-साहिब०(५)

---

૧. શિવ=મોક્ષના કાયમી યોગવાળા ૨. અંદરના ૩. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર=ઈર્ષ્યા એ છ દુશ્મનો ૪. ત્રિપદીરૂપ ૫. ગંગાનદી ૬. કિનારે

**કર્તા : શ્રી પૂજ્ય ભાવવિજયજી મહારાજ** 5

સેવો ભાવે શ્રી કુંથુ–જિણેસર સ્વામી, રૂષભ–વંશભૂષણ ગત[1]–દૂષણ,
નિત પ્રણમું શિર નામી–સેવો૦(૧)
નિજ–તેજે જિત[2] સૂરસૂરનૃપ, અંગજ સુરગજગામી[3]
નંદન શ્રી[4]–નંદનજિણ જેણે, જિત્યોકામ હરામી–સેવો૦(૨)
અજ લંછન ગજપુરનો[5] નાયક, ત્રિભુવન–વનઆરામી
દેહતણે વાને કરી જીતી, અભિરામી અભિરામી–સેવો૦(૩)
અંગ તુંગ પણતીસ ધનુષ જસ, દેખત દુરમતિ વામી
વરસ સહસ પંચાણું જીવિત, ભોગવી શિવગતિગામી–સેવો૦(૪)
સુર ગંધર્વ અચ્યુત જસ સેવે જસકામી
સત્તરમો જિન–સત્તમ નમતાં, ભાવે શુભ મતિ પામી–સેવો૦(૫)

**कर्ता : श्री पूज्य भावविजयजी महाराज** 6

सेवो भावे श्री कुंथु-जिणेसर स्वामी, ऋषभ-वंशभूषण गत-दूषण
नित प्रणमुं शिर नामी-सेवो०(१)
निज-तेजे जित सूरसूरनृप, अंगज सुरगजगामी
नंदन श्री-नंदनजिण जेणे, जित्योकाम हरामी-सेवो०(२)
अज लंछन गजपुरनो नायक, त्रिभुवन-वनआरामी
देहतणे वाने करी जीती, अभिरामी-सेवो०(३)
अंग तुंग पणतीस धनुष जस, देखत दुरमति वामी
वरस सहस पंचाणुं जीवित, भोगवी शिवगतिगामी-सेवो०(४)
सुर गंधर्व अच्युत जस सेवे जसकामी
सत्तरमो जिन-सत्तम नमतां, भावे मति पामी-सेवो०(५)

---

૧. દૂષણરહિત ૨. જીત્યો છે સૂર્ય જેણે ૩. ઐરાવણ હાથી જેવી ગતિવાળા ૪. શ્રી માતાના પુત્ર એવા પ્રભુ
૫. હસ્તિનાપુરનો ૬. પાંત્રીસ

**કર્તાઃ શ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજ**

કુંથુજિન! મનડું કિમહી ન બાજે! જિમ-જિમ જતન[1] કરીને રાખું,
તિમ-તિમ અલગું[2]-ભાંજે[3] હો! કુંથુ૦॥૧॥
રજની-વાસર વસતી-ઉજડ, ગયણ પાયાલે જાય।
"સાપ[4] ખાયને મુખડું થોથું" એહ ઉખાણો-ન્યાય-હો! કુંથુ૦॥૨॥
મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે।
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે-હો! કુંથુ૦॥૩॥
આગમ આગમ-ધરને[5] હાથે, નાવે કિણ વિધ આંકું।
કિહાં-કણે જો હઠ કરી હટક્યું તો વ્યાલ[6] તણી પરે વાંકું - હો! કુંથુ૦॥૪॥
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પિણ નાંહિ।
"સર્વ માંહે ને સહુથી અલગું", એ અચરિજ મનમાંહિ-હો! કુંથુ૦॥૫॥
જે જે કહું તે કાન ન ધારે, આપ-મતે રહે કાલો[7]।
સુર-નર-પંડિત-જન સમજાવે, સમજે ન માહરો સાલો[8]-હો! કુંથુ૦॥૬॥
મેં જાણ્યું એ લિંગ-નપુંસક, સકળ-મરદને ઠેલે।
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે-હો ! કુંથુ૦॥૭॥
"મન સાધ્યું તિણે સઘળું સાધ્યું", એહ વાત નહિ ખોટી।
ઈમકહે "સાધ્યું" તે નવિ માનું, એક હી વાત છે મોટી-હો! કુંથુ૦॥૮॥
"મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું", તે આગમથી મતિ આણું।
આનંદ-ઘન-પ્રભુ માહરું આણો તો "સાચું" કરી જાણું-હો ! કુંથુ૦॥૯॥

---

૧. સાચવણી ૨. દૂર ૩. ભાગે ૪. સાપ ભક્ષ્ય પદાર્થ ગળી જાય છે તેમજ કરડે ત્યારે પણ દાઢનું ઝેર ચાલ્યું જાય. એટલે મળતુ કંઈ નથી તેમ મન ૫. મહા-જ્ઞાની ૬. સાપ ૭. સ્વચ્છંદી-ઘૂની ૮. લુચ્ચો અથવા કુમતિરૂપ સ્ત્રીનો ભાઈ એ રીતે મન આપણો સાળો પણ થાય.

**कर्ता श्री पूज्य आनंदघनजी महाराज**

कुंथुजिन! मनडुं किमही न बाजे! जिम-जिम जतन करीने राखुं,
तिम-तिम अलगुं-भांजे हो! कुंथु०।।१।।
रजनी-वासर वसती-उजड, गयण पायाले जाय।
''साप खायने मुखडुं थोथुं'' एह उखाणो-न्याय-हो! कुंथु०।।२।।
मुगतितणा अभिलाषी तपीया, ज्ञानने ध्यान अभ्यासे!
वयरीडुं कांई अेहवुं चिंते, नाखे अवळे पासे-हो! कुंथु०।।३।।
आगम आगम-धरने हाथे, नावे किण विध आंकुं।
किहां-कणे जो हठ करी हटकयुं तो व्याल तणी परे वांकुं-हो! कुंथु०।।४।।
जो ठग कहुं तो ठगतो न देखुं, शाहुकार पिण नांहि।
सर्व मांहे ने सहुथी अलगुं, अे अचरिज मनमांहि-हो ! कुंथु०।।५।।
जे जे कहुं ते कान न धारे, आप-मते रहे कालो।
सुर-नर-पंडित-जन समजावे, समजे न माहरो सालो-हो! कुंथु०।।६।।
में जाण्युं ए लिंग-नपुसक, सकळ-मरदने ठेले।
बीजी वाते समरथ छे नर, अेहने कोई न झेले-हो ! कुंथु०।।७।।
''मन साध्युं तिणे सघणुं साध्युं,'' अेह वात नहि खोटी।
ईम कहे ''साध्युं'' ते नवि मानुं, एक ही वात छे मोटी-हो ! कुंथु०।।८।।
''मनडुं दुराराध्य तें वश आण्युं, ते आगमथी मति आणुं।
आनंद-घन-प्रभु माहरुं आणो तो ''साचुं'' करी जाणुं - हो ! कुंथु०।।९।।

**કર્તા: શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ**

ગજપુર[1] નયરી સોહિયેંજી, સાહિબ! ગુણનીલો,
શ્રી કુંથુનાથ મુખ મોહિયેંજી સાહિબ! ગુણનીલો,
સૂર નૃપતિ કુલચંદલોજી સા૦ શ્રી-નંદન ભાવે વંદોજી સાહિબ૦(૧)
અજ[2]-લંછન વંછિત પૂરેજી સા૦ પ્રભુ સમરિઓ સંકટ ચૂરેજી-સાહિબ૦
પાંત્રીશ ધનુષ તનુ માનેજી સા૦ વ્રત એક સહસ અનુમાનેજી-સાહિબ૦(૨)
આયુ વરસ સહસ પંચાણુજી સા૦ તનુ સોવન વાન વખાણુંજી-સાહિબ૦
સમેતશિખર શિવ પાયાજી સા૦ સાઠ સહસ મુનીશ્વર રાયાજી-સાહિબ૦(૩)
ષટ શત વળી સાઠ હજારજી સા૦ પ્રભુ સાધ્વીનો પરિવારજી-સાહિબ૦
ગંધર્વ-બળા અધિકારજી સા૦ પ્રભુશાસન-સાનિધકારીજી-સાહિબ૦(૪)
સુખદાયક મુખને [3]મટકેજી સા૦ લાખેણે લોયણ લટકેજી[4]-સાહિબ૦
બુધ શ્રી નયવિજય મુણિંદોજી સા૦ સેવકને દિઓ આણંદોજી-સાહિબ૦(૫)

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज**

गजपुर[1] नयरी सोहियेंजी, साहिब! गुणनीलो,
श्री कुंथुनाथ मुख मोहियेंजी साहिब! गुणनीलो,
सूर नृपति कुलचंदलोजी सा० श्री-नंदन भावे वंदोजी साहिब०(१)
अज२-लंछन वंछित पूरेजीसा०, प्रभु समरिओ संकट चूरेजी-साहिब०
पांत्रीश धनुष तनु मानेजी सा०, व्रत एक सहस अनुमानेजी-साहिब०(२)
आयु वरस सहस पंचाणुजी सा०, तनु सोवन वान वखाणुंजी-साहिब०
समतेशिखर शिव पायाजी सा०, साठ सहस मुनीश्वर रायाजी-साहिब०(३)
षट शत वळी साठ हजारजी सा०, प्रभु साध्वीनो परिवारजी-साहिब०
गंधर्व-बळा अधिकारीजी सा०, प्रभुशासन-सानिधकारीजी-साहिब०(४)
सुखदायक मुखने मटकेजी सा०, लाखेणे लोयण लटकेजी-साहिब०
बुध श्री नयविजय मुणिंदोजी सा०, सेवकने दिओ आणंदोजी-साहिब०(५)

---

૧. હસ્તિનાપુર ૨. બકરો ૩. ચળકાટથી ૪.

**કર્તાઃ શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ**

કુંથુજિનેસર વંદીએ, સખિ! સત્તરમો દેવ રે
સખિ! દેવની સેવા કરો, મન-રંગશું એ...(૧)
પુરરાય સુત સુંદરૂ, શ્રીરાણીનો નંદ રે
સખિ! નંદને ચંદ જિશ્યું, મુખ શોભેયેંએ (૨)
નવ-નિધિ ચઉદ રયણ તણી, જેણે સંપદા છાંડી રે
સખિ! છાંડીને માંડિ પ્રીતિ, વિરતી સમીએ (૩)
નામ જપતાં જિન તણું, સખિ! પાતક જાયેં રે
સખિ! જાયેં ને થાયેં વંછિત મન તણુંએ (૪)
કીર્તિવિજય ઉવઝાયનો, સખિ! સેવક બોલે રે
સખિ! બોલેં ઈમ નહીં કો તોલે પ્રભુ તેણે એ (૫)

**कर्ता: श्री पूज्य विनयविजयजी महाराज**

कुंथुजिनेसर वंदीए, सखि! सत्तरमो देव रे
सखि! देवनी सेव करो, मन–रंगशुं ए.....(१)
पुरराय सुत सुंदरु , श्रीराणीनो नंद रे
सखि! नंदने चंद जिश्युं, मुख शोभेयेंए (२)
नव–निधि चउद रयण तणी, जेणे संपदा छांडी रे
सखि! छांडीने मांडि प्रीति, विरती समीए (३)
नाम जपतां जिन तणुं, सखि! पातक जायें रे
सखि! जायें ने थायें वंछित मन तणुंए (४)
कीर्तिविजय उवझायनो, सखि! सेवक बोले रे
सखि! बोलें ईम नहीं को तोले प्रभु तणे ए (५)

**કર્તાઃ શ્રી પૂજ્ય જિનવિજયજી મહારાજ**

કરૂણા કુંથુજિણંદની, ત્રિભુવન મંડળમાંહિ-લલના૦
પરમેશ પંચ કલ્યાણકે, પ્રગટ ઊધોત[1] ઉછાહ-લલના૦કરૂણા૦ (૧)
સુર-સુત તન ષટ[2]-કાયને, રાખે અચરિજ રૂપ-લલના૦
ભાવ અહિંસક ગુણતણો, એ વ્યવહાર અનૂપ[3] -લલના૦કરૂણા૦ (૨)
દીધો દુષ્ટ વ્યંતરથકી, છાગ[4] રહ્યો પગ આય-લલના૦
પરમકૃપાળુ પ્રભુ મિળે, કહો કિમ અળગો[5] થાય -લલના૦કરૂણા૦ (૩)
શાંત અનુમત વયતણો, લોકોત્તર આચાર-લલના૦
ઉદયિક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર-લલના૦કરૂણા૦ (૪)
અસંખ્ય પ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત-લલના૦
વાનગી અવની-મંડલે, વિહારે ઈતિ[6] સમતંત-લલના૦કરૂણા૦ (૫)
જગજંતુ જિનવરતણે, શરણે સિદ્ધિ લહંત -લલના૦
ક્ષમાવિજય-જિનદેશના, જલધરપરે વરસંત -લલના૦કરૂણા૦ (૬)

**कर्ता: श्री पूज्य जिनविजयजी महाराज**

करु णा कुंथुजिणंदनी, त्रिभुवन मंडळमांहि–ललना
परमेश पंच कल्याणके, प्रगट उद्योत उछाह–ललना० करु णा०(१)
सुर–सुत तन षट–कायने, राखे अचरिज रुप–ललना०
भाव अहिंसक गुणतणो, ए व्यवहार अनुप–ललना० करु णा०(२)
दीघो दुष्ट व्यंतरथकी, छाग रह्यो पग आय–ललना०
परम कृपाळु प्रभु मिळे, कहो किम अळगो थाय–ललना० करु णा०(३)
शांत अनुमत वयतणो, लोकोत्तर आचार–ललना०
उदयिक पण अरिहंतनो, न धरे विषय विकार–ललना० करु णा०(४)
असंख्य प्रदेशे परिणमे, अव्याबाध अनंत–ललना०
वानगी अवनी–मंड्ले, विहारे इति समतंत–ललना० करु णा०(५)
जगजंतु जिनवरतणे, शरणे सिद्धि लहंत–ललना०
क्षमाविजय–जिनदेशना, जलधरपरे वरसंत–ललना० करु णा०(६)

---

૧. અજવાળું ૨. છ કાયને ૩. અપૂર્વ ૪. બોકડો ૫. દૂર ૬. ઉપદ્રવ

**કર્તાઃ શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ** ૯૬

કુંથુજિણેસર પ્રણમે પાય, સકળ સુરાસુર રાયારાય પ્રભુપૂજીયે !
હાંરે મેરે ભવભયકળિમળ જાય, સવિ મંજીયે(૧)
સત્તર ભેદે સંયમ આરાધી, પામી રે જેણે સહજ સમાધિ-પ્રભુ૦ (૨)
મેષ લંછન મિસે કરતો રે સેવ, દીન પશુપણું ટાળો દેવ-પ્રભુ૦ (૩)
શ્રીનંદન પણ કામનો મર્મ, નહિ અચિરજ એ દિયેં સહુ શર્મ-પ્રભુ૦ (૪)
સુરપૂત્ર જિતે ષટ ખંડ, યુગતું છે જસ આણ અખંડ-પ્રભુ૦ (૫)
ચક્રી છઠ્ઠો સત્તરમો જિન દોય, ન્યાયસાગર કહેં સનમુખ જોય-પ્રભુ૦ (૬)

**कर्ता: श्री पूज्य न्यायसागरजी महाराज** ९६

कुंथुजिणेसर प्रणमे पाय, सकळ सुरासुर रायाराय प्रभुपूजीये !
हांरे मेरे भवभयकळिमळ जाय, सवि मंजीये (१)
सत्तर भेदे संयम आराधी, पामी रे जेणे सहज समाधि-प्रभु०(२)
मेष लंछन मिसे करतो रे सेव, दीन पशुपणुं टाळो देव-प्रभु०(३)
श्रीनंदन पण कामनो मर्म, नही अचिरज ए दियें सहु शर्म-प्रभ०(४)
सुरपूत्र जिते षट खंड, युगतुं छे जस आण अखंड-प्रभु०(५)
चक्री छठ्ठो सत्तरमो जिन दोय, न्यायसागर कहें सनमुख जोय-प्रभु०(६)

**કર્તાઃ શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ**

કુંથુજિનેસર પરમ કૃપાગુરૂ[1], જગગુરૂ જાગતી જ્યોત-સોભાગી
અરઘ પલ્યોપમ અંતર શાંતિથી, કુંથુ જિણંદ વિચે હોત - સો૦ (૧)
ચવીઆ શ્રાવણ વદિ નવમી દિને, વૈશાખ વદિમાં રે જન્મ-સો૦
ચૌદશને દિને તે પ્રભુ પ્રણમતાં, બાંધે નવિ કોય કમ્મ-સો૦(૨)
પાંત્રીશ ધનુષ પ્રમાણ દેહડી, કંચન વાને રે કાય-સો૦
વૈશાખ વદિ પાંચમે દીક્ષા ગ્રહી, તપ કરી કર્મ જલાય-સો૦(૩)
ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયું પંચાણું હજાર-સો૦
વરસ વૈશાખ વદિ પડવે શિવ વર્યા, અશરીરી અણહાર-સો૦(૪)
સુરઘટ[2] સુરગવી[3] સુરમણી[4] ઓપમા, જિન-ઉત્તમ લહે જેહ-સો૦
મુજ મન વંછિત પ્રભુજી! આપજો, પદ્મવિજય કહે એહ-સો૦(૫)

**कर्ता: श्री पूज्य पद्मविजयजी महाराज**

कुंथुजिनेसर परम कृपागुरु, जगगुरु जागती ज्योत–सोभागी
अरध पल्योपम अंतर शांतिथी, कुंथु जिणंद विचे होत–सो०(१)
चवीआ श्रावण वदि नवमी दिने, वैशाख वदिमां रे जन्म–सो०
चौदशने दिने ते प्रभु प्रणमतां, बांधे नवि कोय कम्म – सो०(२)
पांत्रीश धनुष प्रमाण देहडी, कंचन वाने रे काय–सो०
वैशाख वदि पांचमे दीक्षा ग्रही, तप करी कर्म जलाय:सो०(३)
चैत्र सुदि त्रीजे ज्ञानी थया, आयुं पंचाणुं हजार–सो०
वरस वैशाख वदि पड्वे शिव वर्या, अशरीरी अणहार–सा०(४)
सुरघट सुरगवी सुरमणी ओपमा, जिन–उत्तम लहे जेह–सो०
मुज मन वंछित प्रभुजी! आपजो, पद्मविजय कहे एह–सो० (५)

---

૧. કૃપાના દરિયા ૨. કામકુંભ ૩. કામધેનુ ૪. ચિંતામણિ રત્ન

**કર્તાઃ શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ**

કુંથુ જિનેશ્વર વિનંતી-મુજ મનનીજી
વિનતી કરૂં વારંવાર-સુણો ભવભવનીજી.......(૧)
ઘણા પુણ્યે તુમ્હ પામીયો-સુખદાતાજી
મુખ પંકજ દીદાર-થઈ મન શાતાજી............(૨)
મેં નિશ્ચય સેતી તું ધર્યો-ચિત્ત હરખેજી
નાણું લઈ જેમ કોઈ ખરો-નિજ પરખેજી.........(૩)
કંચન કસોટી ચાટતાં-ખરૂં ખોટું જી
તિમ તુંહી જ મુજ સ્વામી-માહત્મ્ય મોટુંજી .....(૪)
પ્રેમ ધરીને નિરખીયો-સુણ સ્વામીજી
મીઠી મહેર કરીરે, નવનિધ પામીજી............(૫)

**कर्ता: श्री पूज्य दानविमलजी महाराज**

कुंथु जिनेश्वर विनंती–मुज मननीजी
विनती करुं वारंवार–सुणो भवभवनीजी.......(१)
घणा पुण्ये तुम्ह पामीयो–सुखदाताजी
मुख पंकज दीदार–थई मन शाताजी.......(२)
में निश्चय सेती तुं धर्यो–चित्त हरखेजी
नाणुं लई जेम कोई खरो–निज परखेजी.......(३)
कंचन कसोटी चाटतां–खरुं खोटुं जी
तिम तुं ही ज मुज स्वामी–माहत्म्य मोटुंजी.......(४)
प्रेम धरीने निरखीयो–सुण स्वामीजी
मीठी महेर करीरे, नवनिध पामीजी.......(५)

**કર્તા: શ્રી પૂજ્ય ચતુરવિજયજી મહારાજ** ૨૧

હાંજી ! સુરતરૂસમો વડ સાહેબો, જિન કુંથુ હો ! કુંથુ ભગવાન કે
હું તુજ દરિશણ અલજ્યો, કર કરૂણા હો કરૂણા બહુમાન કે - સુર૦॥૧॥
જિમ શશિ સાયરની પરે, વધે વધતી હો જિમ વેલની રેલ કે
તિમ મુજ આતમ અનુભવે, નવિ મૂકે હો ! બહુલો તસ મેવ કે-સુર૦॥૨॥
છીલર જલ જબ ગ્રહી પીવે, મૂરખ હો ! કોઈ ચતુર સુજાણ કે ।
નિરમળ ચિત્તના ચિત્તધણી, જાણે માણે હો ! ગુણની ગુણખાણ કે-સુર૦॥૩॥
ચિત્ત ચોખે મનમોકળે, ધરે તાહરૂં હો ! નિરમળ જે ધ્યાન કે ।
તો તસ સવિ સુખ-સંપદા, લહે ખિણમાં હો ! ખિણ માંહે જ્ઞાન કે-સુર૦॥૪॥
મહેર કરો મહારા નાથજી ! જાણી પ્રાણી હો એ તુમચો દાસકે ।
નવલવિજય જિન સાહેબા, તુમે પૂરો હો ચતુરની આશ કે - સુર૦॥૫॥

**कर्ता: श्री पूज्य चतुरविजयजी महाराज** २२

हांजी! सुरतरुसमो वड साहेबो, जिन कुंथु हो! कुंथु भगवान के
हुं तुज दरिशण अलज्यो, कर करुणा हो करुणा बहुमान के-सुर०(१)
जिम शशि सायरनी परे, वधे वधती हो जिम वेलनी रेल के
तिम मुज आतम अनुभवे, नवि मूके हो! बहुलो तस मेव के-सुर०(२)
छीलर ज़ल जब ग्रही पीवे, मूरख हो! कोई चतुर सुजाण के ।
निरमळ चित्तना चित्तधणी, जाणे माणे हो! गुणनी गुणखाण के-सु०(३)
चित्त चोखे मनमोकळे, धरे ताहरुं हो! निरमळ जे ध्यान के ।
तो तस सवि सुख-संपदा, लहे खिणमां हो! खिण मांहे ज्ञान के-सुर०(४)
महेर करो महारा नाथजी! जाणी प्राणी हो अे तुमचो दासका ।
नवलविजय जिन साहेबा, तुमे पूरो हो चतुरनी आश के-सुर०(५)

**કર્તાઃ શ્રી પૂજ્ય કેશરવિમલજી મહારાજ** 23

કુંથુ-જિનેસર! સાંભળો, એક અરજ કરૂં કરજોડ રે-લાલા।
મહેર કરી મુજ સાહિબા! ભવ-ભવ-તણી ભાવઠ છોડ રે-લાલા-કુંથુ૦॥૧॥
અંતરજામી માહરા! હિયડાના જાણે ભાવ રે-લાલા।
ભક્ત-વચ્છલપણું તુમ-તણું, જણાવો! ભવ-જલ-નાવ રે-લાલા-કુંથુ૦॥૨॥
ભવ-દુઃખ વારો! ભવિતણાં, દેઈ દેઈ દરિસણ-નૂર રે લાલા।
નિશ-દિન નિ-વસો! મુજ મને, તો કાં! ન કરો! દુઃખ દૂર રે લાલા-કુંથુ૦॥૩॥
તું નિવસત મુજ હિયડલે, કહો! કિમરહે! દુરિત દુરંત રે-લાલા।
તિમિર-પટલ તિહાં કિમ રહે? જિહાં દિણયર-તેજ દીપત રે લાલા-કુંથુ૦॥૪॥
કુંથું-જિણંદ! મયા કરો, મન-વલ્લભ! જિન! જગદીશ રે! -લાલા।
કેશર-વિમલ ઈમ વિનવે, બુધ કનક-વિમલગુરૂ-સીસ રે-લાલા-કુંથુ૦॥૫॥

**कर्ता: श्री पूज्य केशरविमलजी महाराज** 24

कुंथु-जिनेसर! सांभळो, अेक अरज करुं करजोड रे-लाला।
महेर करी मुज साहिबा! भव-भव-तणी भावठ छोड रे लाला- कुंथु०(१)
अंतरजामी माहरा! हियडाना जाणे भाव रे-लाला।
भक्त-वच्छलपणु तुम-तणुं, जणावो! भव-जल-नाव रे-लाला-कुंथु०(२)
भव-दुःख वारो! भवितणां, देई देई दरिसण-नूर के लाला।
निश-दिन नि-वसो! मुज मने, तो कां! न करो! दुःख दूर रे लाला-कुंथु०(३)
तुं निवसत मुज हियडले, कहो! किम रहे! दुरित दुरंत रे-लाला।
तिमिर-पटल तिहां किम रहे? जिहां दिणयर-तेज दीपत रे लाला-कुंथु०(४)
कुंथु-जिणंद! मया करो, मन-वल्लभ! जिन! जगदीश रे!-लाला।
केशर-विमल ईम विनवे, बुध कनक-विमलगुरु -सीस रे लाला-कुंथु०(५)

**કર્તાઃ શ્રી પૂજ્ય કનકવિજયજી મહારાજ**૨૬

જિનરાયાજી કુંથુ-જિણંદ દયાલ, [1]મહિર કરોજી મુજ ઉપરઈ

-જિનરાયાજી જિનરાયાજી!

તું પ્રભુ! પરમ-કૃપાલુ! તું સેવક-જન સુખ કરઈ - જિન૦જિન૦॥૧॥

તુમ્હ ચરણે મુઝ વાસ, દાસ અછું હું તાહરો-જિન૦જિન૦

પલક ન છોડું પાસ[2], જિમ જાણો તિમ ઉદ્ધરો-જિન૦જિન૦॥૨॥

ચઉરાશી-લખયોનિ, ચઉ-ગતિમાં ભમતાં લહ્યો-જિન૦જિન૦

નિરુપમ તુમ્હ[3] દીદાર, મુઝ મનમાં થિર થઈ રહ્યો-જિન૦જિન૦॥૩॥

અવસરઈ લહી સંયોગ, જે મુરખ અ[4]-ફ્લો ગમે-જિન૦જિન૦

ફિરી પછિતા તેહ, નરક-નિગોદમાં હેં ભમે-જિન૦જિન૦॥૪॥

અ[5]-વિહડ જિમ[6] કરે-રેખ, તિમ લાગો નેહ તે નવિ ટલે-જિન૦જિન

પણિ પ્રભુ જો હુઈ તુમ્હ નેહ, તો કનકવિજય વંછિત ફ્લે-જિન૦જિન૦॥૫॥

---

૧. મહેરબાની ૨. પડખું ૩. ચેહરો ૪. નિષ્ફળ ૫. ન ફરે તેવી ૬. હાથની રેખા

**कर्ता: श्री पूज्य कनकविजयजी महाराज** 28

जिनरायाजी कुंथु-जिणंद दयाल, [1]महिर करोजी मुज उपरईं,
-जिनरायाजी जिनरायाजी ।
तुं प्रभु! परम-कृपाल! तुं सेवक-जन सुख करई - जिन०जिन० (१)
तुम्ह चरणे मुझ वास, दास अछुं हुं ताहरो-जिन०जिन०
पलक न छोडुं पास[2], जिम जाणो तिम उद्धार-जिन०जिन० (२)
चउराशी-लखयोनि, चउ-गतिमां भमतां लह्यो- जिन०जिन०
निरुपम तुम्ह[3] दीदार, मुझ मनमां थिर थई रह्यो-जिन०जिन०(३)
अवसरईं लही संयोग, जे मूरख अ[4]-फलो गमे-जिन०जिन०
फिरी पछिता तेह, नरक-निगोदमां हें भमे-जिन०जिन०(४)
अ[5]-विहड जिम[6] करे-रेख, तिम लागो नेह ते नवि टले-जिन०जिन०
पणि प्रभु जो हुई तुम्ह नेह, तो कनकविजय वंछित फले-जिन०जिन०(५)

---

શ્રી અરનાથ ભગવાન



# અરજ સુણો અરનાથજી કે

સ્વર સંગીત : શ્રી વિનોદકુમાર રાગી

## શ્રી અરનાથ ભગવાન



### શ્રી અરનાથ ભગવાન

| | | | |
|---|---|---|---|
| ૧. | વંદના વંદના વંદના રે, અરનાથકો સદા | – | કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૨. | અરજ સુણો અરનાથજીરે લાલ, દેવ | – | કર્તા : શ્રી પૂજ્ય આણંદવર્ધનજી મહારાજ |
| ૩. | કાગળ તુનેરે કીમ કરી મોકલું રે, લખતા | – | કર્તા : શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ |
| ૪. | અરનાથ જિનેસર વંદો, ભવભવના પાપ | – | કર્તા : શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ |
| ૫. | અરજ સુણો અરનાથજી, હાથ | – | કર્તા : શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ |
| ૬. | અલવેસર વધારિયેજી, જગ | – | કર્તા : શ્રી પૂજ્ય દાનવિજયજી મહારાજ |

## ૧૮. શ્રી અરનાથ ભગવાન સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**-1

વંદના વંદના વંદના રે, અરનાથકો સદા મેરી વંદના
વંદના તે પાપ નિકંદના રે, મેરે નાથકો સદા મેરી વંદના
જગ ઉપકારી ઘન જ્યોં વરસે, વાણી શીતલ ચંદના રે. અર. ૧
રૂપે રંભા રાણી શ્રી દેવી, ભૂપ સુદર્શન નંદના રે. અર. ૨
ભાવ ભગતિ શું અહનિશ સેવે, દુરિત હરે ભવ કંદના રે. અર. ૩
છ ખંડ સાધી ભીતિ દ્વિધા કીધી, દુર્જન શત્રુ નિકંદના રે. અર. ૪
ન્યાયસાગર પ્રભુ સેવા મેવા, માગે પરમાનંદના રે. અર. ૫

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज** - 2

वंदना वंदना वंदना रे, अरनाथको सदा मेरी वंदना

वंदना ते पाप निकंदना रे, मेरे नाथको सदा मेरी वंदना

जग उपकारी धन ज्यों वरसे, वाणी शीतल चंदना रे. अर. १

रुपे रंभा राणी श्री देवी, भूप सुदर्शन नंदना रे. अर. २

भाव भगति शुं अहनिश सेवे, दुरित हरे भव कंदना रे. अर. ३

छ खंड साधी भीति द्विधा कीधी, दुर्जन शत्रु निकंदना रे. अर. ४

न्यायसागर प्रभु सेवा मेवा, मागे परमानंदना रे. अर. ५

---

**કર્તા : શ્રી પૂજ્ય આણંદવર્ધનજી મહારાજ**

અરજ સુણો અરનાથજીરે લાલ, દેવી-નંદન દેવ; જાઉં વારીરે
ચાહ[1] ધરી ચિત્તમેં ખરી રે[2] લાલ, સેવ કરૂં નિતમેવ-જાઉં૦...(૧)
મોટે[3] પ્રભુકી ચાકરી રે લાલ, મોટે અવસર કાજ-જાઉં૦
માંગત બાલક બાઉરો[4] રે લાલ, દીજે અવિચલે, રાજ-જાઉં૦...(૨)
લાગત કોમલ મીઠરો[5] રે લાલ, કાચે[6] વચન અમોલ;-જાઉં૦
માતા તન-મન ઉલ્લસે રે લાલ, સુનિ બાલકકે બોલ-જાઉં૦...(૩)
મહેર[7] કરો મનમેં ધરીરે લાલ, રાખો મોહિ હજૂર-જાઉં૦
આણંદકે પ્રભુ માનીયે રે લોલ, આતમરામ સ-નૂર-જાઉં૦...(૪)

**कर्ता : श्री पूज्य आणंदवर्धनजी महाराज**

अरज सुणो अरनाथजीरे लाल, देवी-नंदन देव; जाउं वारीरे
चाह घरी चित्तमें खरी रे लाल, सेव करुं नितमेव-जाउं०....(१)
मोटे-प्रभुकी चाकरी रे लाल, मोटे अवसर काज-जाउं०
मांगत बालक बाउरो रे लाल, दीजे अविचले, राज-जाउं०...(२)
लागत कोमल मीठरो रे लाल, काचे वचन अमोल;-जाउं०
माता तन-मन उल्लसे रे लाल, सुनि बालकके बोल-जाउं०...(३)
महेर करो मनमें धरीरि लाल, राखो मोहि हजूर-जाउं०
आणंदके प्रभु मानीये रे लाल, आतमराम स-नूर-जाउं०...(४)

---

૧. લાગણી ૨. સાચી ૩. મોટા પ્રભુની સેવા મોટા અવસર-પ્રસંગ માટે નિવડે ૪. ગાંડો-ઘેલો ૫. મધુર
૬. કાચી બુદ્ધિ=બાળકતા ૭. દયા ૮. સેવામાં.

**કર્તા : શ્રી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ** 5

કાગળ તુનેરે કીમ કરી મોકલું રે, લખતાં કિમહી ન આવે દાય
અગન-સુભાવે રે વરતે જોગને રે, ત્રણ ગુણ ગુહિર ન કળિયો જાય-કાગળ૦..(૧)
ત્રિભુવન માંહેરે નહી કો ઉપમારે, જેહથી જોડું તુજ શોભાગ
તાગ[1] ન દીસેરે જહાં ખગમગ્ગનોરે[2], આગળ તિહાં કિમ લાગે લાગ-કાગળ૦..(૨)
અંજન ના હીરે જેહના રૂપમાં રે, તે અંજમાં આવે કેમ
વ્યંજન તોહીરે વ્યંજન વર્ણમાં રે, ન ચઢે નિરવ્યંજન થઈ તેમ-કાગળ૦...(૩)
યુ ગતિ[3] ઉપાઈ રે શુદ્ધ સુભાવની રે, રીઝવશ્યું દૂરાંથી નાથ
જેહથી જમાવે રે તેહની સાધના રે, રૂડે તે વિધિ કરીયેં હાથ-કાગળ૦....(૪)
અરજિન જાણો રે પ્રેમ જો સાચીલો રે, તો મુજને મૂકો ન વિસાર
કાંતિ પનોતેરે સેવક સ્વામીનો, વારૂ જગ સાચો વ્યવહાર-કાગળ૦...(૫)

**कर्ता : श्री पूज्य कांतिविजयजी महाराज** 6

कागळ तुनेरे कीम करी मोकलुं रे, लखतां किमही न आवे दाय
अगन-सुभावे रे वरते जोगन रे, त्रण गुण गुहिर न कळियो जाय-कागळ०.(१)
त्रिभुवन मांहेरे नही को उपमारे, जेहथी जोडुं तुज शोभाग
ताग न दीसेरे जहां खगमग्गनोरे, आगळ तिहां किम लागे-कागळ०..(२)
अंजन नाहीरे जेहना रुपमां रे, ते अंजमां आवे केम
व्यंजन तोहीरे व्यंजन वर्णमां रे, न चढे निरव्यंजन थई तेम-कागळ०..(३)
युगति उपाइ रे शुद्ध सुभावनी रे, रीझवश्युं दूरांथी नाथ
जेहथी जमावे रे तेहनी साधना रे, रुडे ते विधि करीयें हाथ-कागळ०..(४)
अरजिन जाणो रे प्रेम जो साचीलो रे, तो मुजने मूको न विसार
कांति पनोतेरे सेवक स्वामीनो, वारु जग साचो व्यवहार-कागळ०..(५)

---

૧. છેડો ૨. આકાશમાર્ગનો ૩. યુક્તિ

**કર્તા : શ્રી પૂજ્ય પદ્મવિજયજી મહારાજ**

અરનાથ જિનેસર વંદો, ભવભવના પાપ નિકંદો હો, ભાવે ભવિ પૂજો
કોડિ સહસ વરસ ઉણ કીજે, પા પલ્યનું અંતર લીજે હો-ભાવે૦ (૧)
ફાગુણ સુદિ ચ્યવન તે બીજે, સહુ જીવે સુખ લહીજે હો-ભાવે૦
માગશિર સુદિ દશમે જાયા, છપન્ન દિશકુમરી ગાયા હો-ભાવે૦ (૨)
ત્રીશ ધનુષતણી જસ કાયા, છોડી મમતાને માયા હો -ભાવે૦
અગીયારસ માગશિર સુદિ લિયેં, દીક્ષા જે સ્વયંબુદ્ધ હો - ભાવે૦ (૩)
કાતી સુદિ બારસે જ્ઞાન, પામ્યા પ્રભુ કંચનવાન હે-ભાવે૦
માગશિર સુદી દશમે જિણંદ, પામ્યા પરમાણંદ હો-ભાવે૦ (૪)
વરસ ચોરાસી હજાર, ભોગવી આયુ શ્રીકાર હો-ભાવે૦
ઉત્તમ પદ-પદ્મની સેવા, કરવી અક્ષયપદ લેવા હો-ભાવે૦(૫)

**कर्ता : श्री पूज्य पद्मविजयजी महाराज**

अरनाथ जिनेसर वंदो, भवभवना पाप निकंदो हो, भावे भवि पूजो
कोडि सहस वरस उण कीजे, पा पल्यनुं अंतर लीजे हो-भावे०(१)
फागुण सुदि च्यवन ते बीजे, सहु जीवे सुख लहीजे हो-भावे०
मागशिर सुदि दशमे जाया, छपन्न दिशकुमरी गाया हो-भावे०..(२)
त्रीश धनुषतणी जस काया, छोडी ममताने माया हो-भावे०
अगीयारस मागशिर सुदि लियें, दिक्षा जे स्वयंबुद्ध हो-भावे०..(३)
काती सुदि बारसे ज्ञान, पाम्या प्रभु कंचनवान हो-भावे०
मागशिर सुदी दशमे जिणंद, पाम्या परमाणंद हो-भावे०..(४)
वरस चोरासी हजार, भोगवी आयु श्रीकार हो-भावे०
उत्तम पद-पद्मनी सेवा, करवी अक्षयपद लेवा हो-भावे०..(५)

**કર્તા : શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ** -૯

અરજ સુણો અરનાથજી, હાથ ધર્યો મેં તારો રે
સાથ કર્યો શ્રીનાથનો, અર્થ સર્યો સહી મારો રે-અરજ૦(૧)
તું સાહેબ સ્વપ્નાંતરે, અલગો નહિ હિલમાંહી રે
દીલભરી દીલ હુવે સદા લોકરીતિ જ આંહી રે -અરજ૦ (૨)
આપ રૂખે પાર પામતે, તો શું સાહિબ આડ રે
માંગ્યા ધૃતનું ચૂરમું, જમવાનાં શા લાડ રે- અરજ૦ (૩)
આપે આપ વિચારતા, જે પોતામાં હોવે રે
ન ગણે રાજા ન રાંકને, લોક ન કોઈ વગોવે રે- અરજ૦ (૪)
માંગુ સાહિબ ઉપરે, મીઠી વાતો દાખો રે
દાનવિમલ પદ યગ તણી, સેવમાંહે રાખો રે- અરજ૦ (૫)

**कर्ता : श्री पूज्य श्री दानविमलजी महाराज** -10

अरज सुणो अलनाथजी, हाथ धर्यो में तारो रे
साथ कर्यो श्रीनाथनो, अर्थ सर्यो सही मारो रे-अरज०..(१)
तुं साहेब स्वप्नांतरे, अलगो नहि दिलमांही रे
दीलभरी दील हुवे सदा लोकरीति ज आंही रे- अरज०..(२)
आप रुखे पार पामते, तो शुं साहिब आड रे
मांग्या धृतनुं चूरमुं, जमवानां शा लाड रे-अरज०..(३)
आपे आप विचारता, जे पोतामां होवे रे
न गणे राजा न रांकने, लोक न कोई वगोवे रे-अरज०..(४)
मांगु साहिब उपरे, मीठी वातो दाखो रे
दानविमल पद युग तणी, सेवामांहे राखो रे-अरज०..(५)

**કર્તા : શ્રી પૂજ્ય દાનવિજયજી મહારાજ**

[1]અલવેસર વધારિયેજી, જગ-તારણ જિન-ભાણ ।

ચાહું છું તુજ ચાકરીજી, પણ ન મલે [2]અહિનાણ-

પ્રભુજી? છે મુજ તુજશું રે પ્રીતી, જ્યું ઘન-ચાતક-રીતિ-પ્રભુજી૦॥૧॥

દુશ્મન કર્મ એ માહરાંજી, ન તજે કેડ લગાર ।

આઠેને આપ-આપણોજી, અવર-અવર અધિકાર-પ્રભુજી૦॥૨॥

ઘેરી રહે મુજને ઘણુંજી, ન મિલે મિલણ ઉપાય ।

જીવ ઉદાસ રહે સદાજી, કળ ન પડે તિણે ક્યાંય-પ્રભુજી૦॥૩॥

શિર ઉપરે તુમ સારીખોજી, જો છે પ્રભુ ! જિનરાય ।

તો કરશું મન ચિંતવ્યુંજી, દેઈ દુશ્મન-શિર પાય-પ્રભુજી૦॥૪॥

સન્મુખ થઈ મુજ સાહિબાજી, દુશ્મન દૂર નિવાર ।

દાનવિજયની વિનતિજી, અર-જિનવર ! અવધાર-પ્રભુજી૦॥૫॥

---

૧. શ્રેષ્ઠ ૨. ઓળખાણ

**कर्ता : श्री पूज्य दानविजयजी महाराज** - 12

अलवेसर अवधारियेजी, जग-तारण जिन-भाण ।
चाहुं छुं तुज चाकरीजी, पण न मले अहिनाण
प्रभुजी ? छे मुज तुजशुं रे प्रीति, ज्युं घन-चातक-रीति-प्रभुजी०।।१।।
दुश्मन कर्म ए माहरांजी, न तजे केड लगार ।
आठेने आप-आपणोजी, अवर-अवर अधिकार-प्रभुजी०।।२।।
घेरी रहे मुजने धणुंजी, न मिले मिलण उपाय ।
जीव उदास रहे सदाजी, कळ न पडे तिणे क्यांय-प्रभुजी०।।३।।
शिर उपरे तुम सारीखोजी, जो थे प्रभु ! जिनराय !
तो करशुं मन चिंतव्युंजी, देई दुश्मन-शिर पाय-प्रभुजी०।।४।।
सन्मुख थई मुज साहिबाजी, दुश्मन दूर निवार ।
दानविजयनी विनतिजी, अर-जिनवर ! अवधार-प्रभुजी०।।५।।



શ્રી મલ્લિનાથ ભગવાન– ભોયણી



સ્વર સંગીત : વિનોદ રાગી

## શ્રી મલ્લિનાથ ભગવાન ભોયણી



## શ્રી મલ્લિનાથ ભગવાન

૧. તુજ-મુજ રીઝની રીઝ, અટપટ – કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ

૨. મલ્લિ-જિનેસર વંદીયે રે; પ્રહ-ઉગમતે – કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ

૩. કૌને રમે ચિત્ત કૌને રમે, મલ્લિનાથજી વિના – કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ

૪. મલ્લિનાથ મુજ ચિત્ત વસે, જિમ કુસુમમાં – કર્તા : શ્રી પૂજ્ય કીર્તિવિમલજી મહારાજ

૫. તુમે તીન ભુવનના સ્વામી રે, મલ્લિજિનજી – કર્તા : શ્રી પૂજ્ય ખુશાલમુનિજી મહારાજ

૬. ધર્મ કરતાં પાપ જ વલગું, એ ઉખાણો – કર્તા : શ્રી પૂજ્ય ભાવપ્રભસૂરિ મહારાજ

## ૧૯. શ્રી મલ્લિનાથ ભગવાન સ્તવના

**કર્તા : ઉપા. શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ.।**

તુજ-મુજ રીઝની[1] રીઝ[2], અટપટ[3] એહ ખરીરી
લટપટ નાવે કામ, ખટપટ-ભાંજ પરીરી...૧

મલ્લિનાથ તુજ[4] રીઝ, જન-રીઝ[5] ન હુયેરી
દો ! એ રીઝણનો ઉપાય, સાહમું કાંઈ ન જુયેરી...૨

દુરારાધ્ય[6] છે લોક, સહુને સમ[7] ન (શશીરી) સરીરી
એક[8] દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી...૩

લોક-લોકોત્તર વાત, રીઝ[9] દોઈ જુઈરી;
તાત[10] - ચક્રધર પૂજ, ચિંતા એહ હુઈરી...૪

રીઝવવો એક સાંઈ લોક તે વાત કરિરી
શ્રીનયવિજય સુ-શીશ, એહજ ચિત્ત ધરીરી...૫

---

૧. પ્રસન્નતા ૨. પ્રેમ. ૩. ગૂંચ ૪. તમારી-પ્રભુની પ્રસન્નતા, પરલોકની પ્રસન્નતાથી ૬. દુઃખે કરીને રાજ રાખી શકાય ૭. બધા શરીર = પ્રાણીઓ સમ = સરખા હોઈ શકતા નથી, બીજો અર્થ-રાશી=ચંદ્ર બધાને સરખો નથી હોતો, કોઈને બારમો પણ હોય છે ૮. એક ખૂબ દુઃખી થાય ૯. પ્રસન્નતાની રીતો જુદી છે ૧૦. ભરત ચક્રીને પિતાજી તીર્થંકરના કેવળજ્ઞાન અને ચક્ર રત્નની પૂજા સમકાળે ચિંતાનો વિષય બની.

कर्ता : उपा श्री पूज्य यशोविजयजी महाराज -2

तुज-मुज रीझनी रीझ, अटपट एह खरीरी
लटपट नावे काम, खटपट-भांज परीरी...१
मल्लिनाथ तुज रीझ, जन-रीझे न हुयेंरी
दो ! ए रीझणनो उपाय, साहमुं कांई न जुयेरी...२
दुराराध्य छे लोक, सहुने सम न (शशीरी) सरीरी
एक दुहवाए गाढ, एक जो बोले हसीरी...३
लोक-लोकोत्तर वात, रीझ दोई जुईरी;
तात - चक्रधर पूज, चिंता एह हुईरी...४
रीझववो एक सांई लोक ते वात करिरी
श्रीनयविजय सु-शीश, एहज चित्त धरीरी...५

**કર્તા : શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ** ૩

મલ્લિ-જિનેસર વંદીયે રે;[૧] પ્રહ-ઉગમતે સૂર;
મલ્લી-કુસુમ[૨] પરે વિસ્તર્યો રે; મહિમા અતિય હનૂર
ચતુર નર ! સેવો શ્રી જિનરાય; કુમરી રૂપે થાય-ચતુર૦(૧)
કુંભ-થકી[૩] જે ઉપનોરે; જે મુનિવર કહેવાય;
તે ભવ-જલનિધિ શોષવે રે; અચરિજ એહ કહાય-ચતુર૦(૨)
લંછન મિસિ[૪] સેવે સદા રે, પૂર્ણ-કલશ તુમ પાય;
તે તારક-ગુણ કુંભમાં રે; આજ લગે કહેવાય-ચતુર૦(૩)
માંગલિકમાં તે ભણી રે; થાપે કલશ મંડાણ;
શ્રી જિન-સેવાથી હોયે રે; આયતિ[૫] કોડિ-કલ્યાણ-ચુતર૦(૪)
પરમાતમ સુખ સાગરૂ રે; આગર ગુણનો એહ;
જગ જયવંતા જાણીયે રે; જ્ઞાનવિમલ કહે તેહ-ચતુર૦(૫)

**कर्ता : पूज्य श्री ज्ञानविमलसूरि महाराज** ५

मल्लि-जिनेसर वंदीये रे; प्रह-उगमते सूर;
मल्ली-कुसुम परे विस्तर्यो रे; महिमा अतिय हनूर
चतुर नर ! सेवो श्री जिनराय; कुमरी रूपे थाय-चतुर०(१)
कुंभ-थकी जे उपनोरे; जे मुनिवर कहेवाय;
ते भव-जलनिधि शोषवे रे; अचरिज एह कहाय-चतुर०(२)
लंछन मिसि सेवे सदा रे, पूर्ण-कलश तुम पाय;
ते तारक-गुण कुंभमां रे; आज लगे कहेवाय-चतुर०(३)
मांगलिकमां ते भणी रे; थापे कलश मंडाण;
श्री जिन-सेवाथी होये रे; आयति कोडि-कल्याण-चतुर०(४)
परमातम सुख सागरू रे; आगर गुणनो एह;
जग जयवंता जाणीये रे; ज्ञानविमल कहे तेह-चतुर०(५)

---

૧. સવારે ૨. મોગરાના ફૂલની જેમ ૩. પ્રભુજીના પિતાજીનું નામ છે. ૪. બહાનાથી ૫. ભવિષ્યમાં.

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ** 5

કૌને રમે ચિત્ત કૌને રમે, મલ્લિનાથજી વિના ચિત્ત કૌને રમે
માતા પ્રભાવતી રાણી જાયો, કુંભનૃપતિસુત કામ[1] દમે–મલ્લિ૦ (૧)
કામ કુંભ જિમ કામિત[2] પૂરે, કુંભ લંછન જિન મુખ ગમે–મલ્લિ૦(૨)
મિથિલાનયરી જનમ પ્રભુકો, દર્શન દેખત દુઃખ શમે–મલ્લિ૦(૩)
ઘેબર ભોજન સરસાં પીરસ્યાં, કુકસ[3] બાક્સ[4] કૌણ જિમે ?–મલ્લિ૦(૪)
નીલ વરણ પ્રભુ કાંતિ કે આગે, મરકત મણિ છબિ દૂર ભમેં–મલ્લિ૦(૫)
ન્યાયસાગર પ્રભુ જગનો પામી, હરિ હર બ્રહ્મા કૌણ નમે ?–મલ્લિ૦ (૬)

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज** 6

कौन रमे चित्त कौन रमे, मल्लिनाथजी विना चित्त कौन रमे
माता प्रभावती राणी जायो, कुंभनृपतिसुत काम दमे-मल्लि० (१)
काम कुंभ जिम कामित पूरे, कुंभ लंछन जिन मुख गमे-मल्लि० (२)
मिथिलानयरी जनम प्रभुको, दर्शन देखत दुःख शमे-मल्लि० (३)
घेबर भोजन सरसां पीरस्यां, कुकस बाक्स कौण जिमे ?-मल्लि० (४)
नील वरण प्रभु कांति के आगे, मरकत मणि छबि दूर भमें-मल्लि० (५)
न्यायसागर प्रभु जगनो पामी, हरि हर ब्रह्मा कौण नमे ?-मल्लि० (६)

---

૧. કાબૂમાં લે ૨. ઈષ્ટ ૩. હલકું ધાન્ય ૪. ફોતરાં

**કર્તા : શ્રી પૂજ્ય કીર્તિવિમલજી મહારાજ**

મલ્લિનાથ મુજ ચિત્ત વસે, જિમ કુસુમમાં વાસ-લલના
ઉત્તમ નર જિહાં કિણ વસે, તિહાં થાયે સહી ઉલ્લાસ
લલના-મલ્લિ૦(૧)

સૂર્ય વિના જેમ દિન નહિં, પુણ્ય વિના નહિ શર્મ-લલના
પુત્ર વિના સંતતિ નહિ, મન-શુદ્ધિ વિના નહિ ધર્મ
લલના-મલ્લિ૦(૨)

શુદ્ધ વિદ્યા ગુરૂ વિણ નહિ, ધન વિના નહિ માન-લલના
દાન વિના જિમ યશ નહિ, કંઠ વિના નહિ ગાન
લલના-મલ્લિ૦(૩)

સાહસ વિના સિદ્ધિ નહિ, ભોજન વિના નહિ દેહ-લલના
વૃષ્ટિ વિના સુભિક્ષ નહિ, રાગ વિના નહિ દ્વેષ
લલના-મલ્લિ૦(૪)

તેમ પ્રભુને સેવ્યા વિના મોક્ષ ન પામે કોય-લલના
મેં તો તુમ આણા વહી, જિમ ઋદ્ધિ-કીર્તિ હોય
લલના-મલ્લિ૦(૫)

**कर्ता : पूज्य श्री कीर्तिविमलजी महाराज**

मल्लिनाथ मुज चित्त वसे, जिम कुसुममां वास-ललना
उत्तम नर जिहां किण वसे, तिहां थाये सही उल्लास
-ललना-मल्लि०(१)

सूर्य विना जेम दिन नहिं, पुण्य विना नहि शर्म-ललना
पुत्र विना संतति नहि, मन-शुद्धि विना नहि धर्म
-ललना-मल्लि०(२)

शुद्ध विद्या गुरू विण नहि, धन विना नहि मान-ललना
दान विना जिम यश नहि, कंठ विना नहि गान
-ललना-मल्लि०(३)

साहस विना सिद्धि नहि, भोजन विना नहि देह-ललना
वृष्टि विना सुभिक्ष नहि, राग विना नहि द्धेष
-ललना-मल्लि०(४)

तेम प्रभुने सेव्या विना मोक्ष न पामे कोय-ललना
में तो तुम आणा वही, जिम ऋद्धि-कीर्ति होय
-ललना-मल्लि०(५)

**કર્તા : શ્રી પૂજ્ય ખુશાલમુનિજી મહારાજ**

તુમે તીન ભુવનના સ્વામી રે, મલ્લિજિનજી મુજને તારિયે
હવે આખું છું શિરનામી રે, મલ્લિજિનજી મુજને તારિયે
કાંઈ ખમજો ! માહરી ખામી રે, મલ્લિ૦ તુમે માહરા અંતર જામીરે-મલ્લિ૦
અતિ નેહ કરૂં હું તો અરજ કરૂં મલ્લિ૦ ફિરિ ફિરિને સાહિબ તોશું રે-મલ્લિ૦
તું તો ઉપશમ રયણાયરૂ, સેવે સુરનરના વૃંદા રે-મલ્લિ૦
તે માટે તુજને વિનવું, સહુ ટાળો કરમના ફંદારે-મલ્લિ૦ ॥૧॥
હું તો કાળ અનાદિ-અનંતનો, ઘણું વસિયો સુહમ નિગોદે રે,-મલ્લિ૦
વળી તિહાંથી બાદર આવીયો, વશ્યો કરમ તણે જ્યું વિનોદે-મલ્લિ૦॥૨॥
પુઢવી અપ તેઉ રહ્યો, હું તો વાયુ વનસ્પતિ માંહે રે-મલ્લિ૦
બિતિ-ચઉ-પંચેંદિ મણ વિણા, તિરિય નરય નિવાસ તિહાંયે રે-મલ્લિ૦॥૩॥
સુર-મનુષ થયો હું અનારજે, ઇમ ચિંહુ ગતિમાં રડવડીયો રે,-મલ્લિ૦
મેં તો જનમ મરણ બહુળાં કર્યાં, તું તો કહિયે હાથે ન ચઢિયો-મલ્લિ૦॥૪॥
કોઈ માહરા પુણ્યતણે બળે, હું તો તાહરે ચરણે આયોરે-મલ્લિ૦
શ્રીઅખયસૂરીશે કૃપા કરી, ખુશાલમુનિ સમજાયો રે-મલ્લિ૦ ॥૫॥

**कर्ता : श्री पूज्य खुशालमुनिजी महाराज**

तुमे तीन भुवनना स्वामी रे मल्लिजिनजी मुजने तारिये
हवे भाखुं छुं शिरनामी रे, मल्लिजिनजी मुजने तारिये
कांई खमजो ! माहरी खामी रे, मल्लि० तुमे माहरा अंतर जामीरे-मल्लि०
अति नेह करूं हुं तो अरज करूं मल्लि० फिरि फिरीने साहिब तोशुं रे-मल्लि०
तुं तो उपशम रयणायरू, सेवे सुरनरना वृंदा रे-मल्लि०
ते माटे तुजने विनवुं, सहु टाळो करमना फंदारे-मल्लि० ॥१॥
हुं तो काळ अनादि-अनंतनो, घणुं वसियो सुहम निगोदे रे,-मल्लि०
वळी तिहांथी बादर आवीयो, वश्यो करम तणे ज्युं विनोदे-मल्लि०॥२॥
पुढवी अप तेउ रह्यो, हुं तो वायु वनस्पति मांहेरे-मल्लि०
बिति-चउ-पंचेंदि मण विणा, तिरिय नरय निवास तिहांये रे-मल्लि० ॥३॥
सुर-मनुष थयो हुं अनारजे, ईम चिंहु गतिमां रडवडीयो रे,-मल्लि०
में तो जनम मरण बहुळां कर्यां, तुं तो कहिये हाथे न चढियो-मल्लि०॥४॥
कोई माहरा पुण्यतणे बळे, हुं तो ताहरे चरणे आयोरे-मल्लि०
श्रीअखयसूरीशे कृपा करी, खुशालमुनि समजायो रे-मल्लि० ॥५॥

**કર્તા : શ્રી પૂજ્ય ભાવપ્રભસૂરિ મહારાજ**

ધર્મ કરતાં પાપ જ વલગું, એ ઉખાણો સાચો રે
મલ્લિ-જિણેસર વચણ સુણીને, બાહિર-દૃષ્ટિ ન રાચો રે-ધર્મ૦ ॥૧॥
પૂરવ-ભવ માયા તપ કીધો, સ્ત્રી-વેદ તિહાં ઉપજાવ્યું રે
તપ-જપ ચારિત્ર કિરિયા [૧]વિચિમઈં, બલ માયાનું ફાવ્યું રે-ધર્મ૦ ॥૨॥
માયા તો જગ મીઠી પાલી, પ્રાણનઈં [૨]લ્યઈ [૩]ઉલ્લાલી રે
ક્રોધાદિક તો ચઢ્યા જણાઈ, એ ન જણાઈ સુઆલી રે-ધર્મ૦ ॥૩॥
સરસ આહાર-પૂજાના વાંછક, તે મુખઈ માયા ઘોલઈ રે
મુગ્ધ-નરને [૪]ભાંમઈ પાડી, બેઠા પેટ પંપોલઈ રે-ધર્મ૦ ॥૪॥
તપ-જપ વ્રત તેહનાં શુદ્ધ કહીઈ, જે માયા નવિ ધરસ્યઈ રે
શ્રી ભાવપ્રભ કહે તે તરસ્યઈ, મલ્લિ-જિનનું કહિઉં કરશ્યે રે-ધર્મ૦ ॥૫॥

---

૧. વચ્ચે ૨. લે ૩. અવ્યવસ્થિત ૪. ભ્રમણામાં.

**कर्ता : पूज्य श्री भावप्रभसूरि महाराज** १२

धर्म करतां पाप ज वलगुं, ए उखाणो साचो रे
मल्लि-जिणेसर वयण सुणीने, बाहिर-दृष्टि न राचो रे-धर्म०॥१॥
पूरव-भव माया तप कीधो, स्त्री-वेद तिहां उपजाव्युं रे
तप-जप चारित्र किरिया विचिमईं, बल मायानुं फाव्युं रे-धर्म०॥२॥
माया तो जग मीठी पाली, प्राणनईं ल्यई उल्लाली रे
क्रोधादिक तो चढ्या जणाई, ए न जणाई सुआली रे-धर्म ०॥३॥
सरस आहार-पूजाना वांछक, ते मुखई माया धोलई रे
मुग्ध-नरने भांमई पाडी, बेठा पेट पंपोलई रे-धर्म०॥४॥
तप-जप व्रत तेहनां शुद्ध कहीई, जे माया नवि धरस्यई रे
श्री भावप्रभ कहे ते तरस्यई, मल्लि-जिननुं कहिउं करश्ये रे-धर्म०॥५॥



# મુનિસુવ્રત મન મોહ્યું મારું...



## શ્રી મુનિસુવ્રત સ્વામીનાં સ્તવનો

સ્વર સંગીત : શ્યામલ-સૌમિલ મુનશી



# શ્રી મુનિસુવ્રત સ્વામીનાં સ્તવનો


| | | | |
|---|---|---|---|
| ૧. | મુનિસુવ્રત જિન વંદતાં | – | શ્રી પૂજ્ય જશવિજયજી મહારાજ |
| ૨. | મુનિસુવ્રત મન મોહ્યું મારૂં | – | શ્રી પૂજ્ય ઉદયરત્નજી મહારાજ |
| ૩. | જીવનો જીવન માહરો | – | શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ |
| ૪. | મન–મધુકર ! સુણ વાતડી | – | શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ |
| ૫. | શ્રી મુનિસુવ્રત સ્વામીજી રે | – | શ્રી પૂજ્ય ખુશાલમુનિજી મહારાજ |
| ૬. | જીનજી ! મુનિસુવ્રતશું માંડી | – | શ્રી પૂજ્ય જીવણવિજયજી મહારાજ |
| ૭. | શ્રી મુનિસુવ્રત જિન વીશમા; | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલસૂરી મહારાજ |
| ૮. | મુનિસુવ્રત જિન વીસમા | – | શ્રી પૂજ્ય કીર્તિવિમલજી મહારાજ |
| ૯. | મુનિસુવ્રત કીજે મયા રે | – | શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ |
| ૧૦. | પ્યારો મનભાવન મેરે દિલ | – | શ્રી પૂજ્ય અમૃતવિજયજી મહારાજ |

# ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામીનાં સ્તવનો

**કર્તા : શ્રી પૂજ્ય જશવિજયજી મહારાજ**–૧

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલસિત તન મન થાય રે ।
વદન અનુપમ નિરખતાં, મારા ભવભવના દુઃખ જાય રે–
મારા ભવભવના દુઃખ જાય, જગતગુરુ ! જાગતો સુખકંદ રે ।
સુખકંદ અમંદ આનંદ, પરમગુરુ ! દીપતો સુખકંદ રે... ॥૧॥
નિશદિન સૂતાં જાગતાં, હિયડાથી ન રહે દૂર રે ।
જબ ઉપગાર સંભારીયે, તબ ઉપજે આનંદ–પૂર રે–તબ૦ જગત૦॥૨॥
પ્રભુ–ઉપગાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે ।
ગુણ–ગણ અનુબંધી હુઆ, તે તો અક્ષય–ભાવ–કહાય રે–તે તો૦ જગત૦ ॥૩॥
અ–ક્ષય પદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ–રૂપ રે ।
અ–ક્ષય સ્વર–ગોચર નહિ, એ તો અ–કલ અ–માય અ–રૂપરે–એ૦ જગત૦ ॥૪॥
અ–ક્ષર થોડા ગુણ ઘણા સમજતા તે ન લખાય રે ।
વાચક જશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે–પણ૦ જગત૦॥૫॥

---

૧. સુખ, આનંદનો સમૂહ ૨. ગુણો ગુણની પરંપરાવાળા ૩. પ્રભુનો અનુભવ રૂપ જે પ્રેમ તે અક્ષયપદ આપે છે.

**कर्ता : श्री पूज्य जशविजयजी महाराज** -2

मुनिसुव्रत-जिन वंदतां, अति-उलसित तन-मन थाय रे

वदन अनोपम निरखतां, माहरा भव-भवनां दुःख जाय रे

मारा भवभवना दुःख जाय, जगतगुरु! जागतो सुखकंद रे।

सुखकंद अमंद आनंद, परमगुरु! दीपतो सुखकंद रे... ॥१॥

निशदिन सूतां जागतां, हियडाथी न रहे दूर रे।

जब उपगार संभारीये, तब उपजे आनंद-पूर रे-तब० जगत०॥२॥

प्रभु-उपगार गुणे भर्या, मन अवगुण एक न समाय रे।

गुण-गण अनुबंधी हुआ, ते तो अक्षय-भाव-कहाय रे - तो ते० जगत०॥३॥

अ-क्षय पद दीए प्रेम जे, प्रभुनुं ते अनुभव-रूप रे।

अ-क्षय स्वर-गोचर नहि, ए तो अ-कल अ-माय अ-रूपरे-ए० जगत०॥४॥

अ-क्षर थोडा गुण घणा समजता ते न लखाय रे।

वाचक जश कहे प्रेमथी, पण मनमांहे परखाय रे-पण० जगत० ॥५॥

**કર્તા : શ્રી પૂજ્ય ઉદયરત્નજી મહારાજ**

મુનિસુવ્રત મન મોહ્યું મારૂં, શરણ ગ્રહ્યું છે તમારૂ;
પ્રાતઃ સમય જ્યારે હુ જાગું, સ્મરણ કરૂ છું તમારૂં હો જિનજી,
તુજ મૂરતિ મન હરણી, ભવ સાયર જલ તરણી હો જિનજી...૧
આપ ભરોસો આ જગમાં છું, તારો તો ઘણું સારૂં રે;
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો છે મેં તારો... હો જિનજી...૨
ચું ચું ચું ચું ચિડીયા બોલે, ભજન કરે તે તમારૂ;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહીં તારૂં... હો... જિનજી...૩
ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રૂવે ન્યારૂ;
સુખીઓ સુવે દુઃખીઓ રૂવે, અકલ ગતિએ વિચારૂં... હો... જિનજી...૪
ખેલ ખલકનો બંધ નાટકનો, કુટુંબ કબિલો હું ધારૂં;
જ્યાં સુધી સ્વાર્થી ત્યાં સુધી સર્વે, અંત સમયે સહુ ન્યારૂં... હો... જિનજી...૫
માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારૂ રે;
ઉદયરત્ન કહે પ્રભુજી ત્હારૂં, શરણ ગ્રહ્યું છે મેં સાચુ... હો...જિનજી...૬

**कर्ता : पूज्य श्री उदयरत्नजी महाराज**-4

मुनिसुव्रत मन मोह्युं मारूं, शरण ग्रह्युं छे तमारुं;
प्रातः समय ज्यारे हुं जागुं, स्मरण करूं छुं तमारुं हो जिनजी,
तुज मूरति मन हरणी, भव सायर जल तरणी हो जिनजी...१
आप भरोसो आ जगमां छुं, तारो तो घणुं सारूं रे;
जन्म जरा मरणो करी थाक्यो, आशरो लीधो छे में तारो... हो जिनजी...२
चुं चुं चुं चुं चिडीया बोले, भजन करे छे तमारुं;
मूर्ख मनुष्य प्रमादे पड्यो रहे, नाम जपे नहीं तारूं... हो... जिनजी...३
भोर थतां बहु शोर सुणुं हुं, कोई हसे कोई रूवे न्यारू;
सुखीओ सुवे दुःखीओ रूवे, अकल गतिए विचारुं... हो... जिनजी...४
खेल खलकनो बंध नाटकनो, कुटुंब कबिलो हुं धारूं;
ज्यां सुधी स्वार्थी त्यां सुधी सर्वे, अंत समये सहु न्यारूं...हो...जिनजी...५
माया जाळ तणी जोई जाणी, जगत लागे छे खारुं रे;
उदयरत्न कहे प्रभुजी त्हारुं, शरण ग्रह्युं छे में साचु हो...जिनजी...६

**કર્તા : શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ**

જીવનો જીવન માહરો, મનનો મોહન મારો;
ભવનો રોધન[1] માહરો સાહિબો, પ્રભુ ! માહરા !
તીન ભુવન-શણગાર હો; તુમ દરસણ લહ્યા વિના,
પ્રભુ ! માહરા ! ભમિઓ બહુ સંસાર હો -જીવનો૦મન૦ભવ૦(૧)
ચર્તુદશ રજ્જુ[2] પૂરો કર્યો, પ્રભુ ! આતમ ફરસી જાણ હો૦
અનાદિ નિગોદ માંહિ વસ્યો, પ્રભુ૦ કાળ અનંત પ્રમાણ હો -જીવનો૦મન૦ભવ૦(૨)
ગોલા[3] અસંખ્યાતે ભર્યો, પ્રભુ ! પૂરણ લોકાકાશ હો;
ગોળા અસંખ્ય-નિગોદથી, પ્રભુ ! તિહાં જીવ અનંતા વાસ હો -જીવનો૦મન૦ભવ૦(૩)
સાસોસાસનું મૂકવું, પ્રભુ ! જનમ-મરણ સમકાળ હો;
આપ-સ્વરૂપ જાણ્યું નહીં, પ્રભુ ! અનુભવી જડતા[4]-જાળ હો -જીવનો૦મન૦ભવ૦(૪)
બાયર-નિગોદમાંહિ સહ્યો, પ્રભુ ! છેદન-ભેદન તાપ હો;
પુઢવી આઉ તેઉમાં, પ્રભુ૦ વાયુ વણસ્પતિ પેહો -જીવનો૦મન૦ભવ૦(૫)
બિ-તિ-ચઉરિંદિમાં રહ્યો, પ્રભુ૦ સંખ્યાતા મહાકાળ હો,
તિર્યચના ભવ મેં કિયા, પ્રભુ૦ દ્વીપ પંચાવન ચાળ હો -જીવનો૦મન૦ભવ૦(૬)
સાતે નરકે હું ભમ્યો, પ્રભુ૦ દીર્ઘકાળ અસરાળ[5] હો,
દુર્ભગ[6]-દેવની જાતિમાં, દુઃખ સહ્યું વિશાળ હો -જીવનો૦મન૦ભવ૦(૭)
મુનિસુવ્રત-કૃપાથકી, પ્રભુ૦ ભાંગ્યો સબ વિષવાદ હો,
કીર્તિ વિમલ-ગુરૂની ગ્રહી, પ્રભુ૦ શિવ-લચ્છી કરૂં સાદ[7], હો -જીવનો૦મન૦ભવ૦(૮)

---

૧. અટકાવનાર ૨. રાજલોક ૩. અસંખ્ય નિગોદ સમુદ્ર ૪. જડપણાની જાળ
૫. અકર્મી ૬. મંદ પુણ્યવાળા ૭. પોકાર

**कर्ता : श्री पूज्य लक्ष्मीविमलजी महाराज** 6

जीवनो जीवन माहरो, मननो मोहन मारो;
भवनो रोधन माहरो साहिबो, प्रभु ! माहरा !
तीन भुवन-शणगार हो; तुम दरसण लह्या विना,
प्रभु ! माहरा ! भमिओ बहु संसार हो -जीवनो०मन०भव०(१)

चर्तुदश रजु पूरो, प्रभु ! आतम फरसी जाण हो०
अनादि निगोद मांहि वस्यो, प्रभु० काळ अनंत प्रमाण हो -जीवनो०मन०भव०(२)

गोला असंख्याते भर्यो, प्रभु ! पूरण लोकाकाश हो;
गोळा-असंख्य-निगोदथी, प्रभु ! तिहां जीव अनंता वास हो -जीवनो०मन०भव०(३)

सासोसासनुं मूकवुं, प्रभु ! जनम-मरण समकाळ हो;
आप-स्वरूप जाण्युं नहीं, प्रभु ! अनुभवी जडता-जाळ हो -जीवनो०मन०भव०(४)

बायर-निगोदमांहि सह्यो, प्रभु ! छेदन-भेदन ताप हो;
पुंढवी आउ तेउमां, प्रभु० वायु वणस्पति पेहो -जीवनो०मन०भव०(५)

बि-ति-चउरिंदिमां रह्यो, प्रभु० संख्याता महाकाळ हो,
तिर्यंचना भव में किया, प्रभु० दीप पंचावन चाळ हो -जीवनो०मन०भव०(६)

साते नरके हुं भम्यो, प्रभु० दीर्घकाळ असराळ हो,
दुर्भग-देवनी जातिमां, दुःख सह्युं विशाळ हो -जीवनो०मन०भव०(७)

मुनिसुव्रत-कृपाथकी, प्रभु० भांग्यो सब विषवाद हो,
कीर्ति विमल-गुरूनी, प्रभु० शिव-लच्छी करूं साद, हो -जीवनो०मन०भव०(८)

**કર્તા : શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ**

મન[1]-મધુકર ! સુણ વાતડી, તજી[2] અવર સવાદ[3]
જિન[4]-ગુણ-કુસુમ સવાદથી ટળેં સવિ વિખવાદ-મન૦(૧)
વિષય[5] ધતૂરો મૂકિયે, તે માંહિ નથી ગંધ
નારી[6]-વિજયા પરિહરે, મ મ થાઈશ તું અંધ-મન૦(૨)
સોળ કષાય એ કેરડા[7], તેથી રહેજે દૂર
તે કંટક છે બાપડા, તુન્હે કરશેં ચૂર-મન૦(૩)
વિસમો[9] પણ તપ[10] - કેવડો, આદરિ[11] ગુણ[12] જાણ
જો પરિણામે રૂઅડો, તેહની મ કરસિ કાંણ[13]-મન૦(૪)
મુનિસુવ્રત પદ-પંકજે જો તું પૂરે વાસ
વિનય ભણે તો તાહરી, પોહેંચે સઘળી આશ-મન૦

**कर्ता : श्री पूज्य विनयविजयजी महाराज**

मन-मधुकर ! सुण वातडी, तजी अवर सवाद
जिन-गुण-कुसुम सवादथी टळें सवि विखवाद-मन०(१)
विषय धतूरो मूकिये, ते मांहि नथी गंध
नारी-विजया परिहरे, म म थाईश तुं अंध-मन०(२)
सोळ कषाय ए केरडा, तेथी रहेजे दूर
ते कंटक छे बापडा, तुन्हे करशें चूर-मन०(३)
विसमो पण तप-केवडो, आदरि गुण जाण
जो परिणाम रूअडो, तेहनी म करसि कांण-मन०(४)
मुनिसुव्रत पद-पंकजे जो तुं पूरे वास
विनय भणे तो ताहरी, पोहेंचे सघळी आश-मन०

---

૧. મનરૂપ ભમરા ! ૨. છોડી દે ૩. ચટકા ૪. પ્રભુના ગુણ રૂપ ફૂલના સ્વાદથી ૫. વિષયરૂપ ધતૂરાને
૬. સ્ત્રી રૂપવિજયા=ભાંગના ઝાડને ૭. કેરનું ઝાડ ૮. તને ૯. આકરો ૧૦. તપરૂપ કેવડાનું ઝાડ
૧૧. સ્વીકારજે ૧૨. ગુણ=ફાયદો જાણીને

**કર્તા : શ્રી પૂજ્ય ખુશાલમુનિજી મહારાજ**

શ્રી મુનિસુવ્રત સ્વામીજી રે,
મહેર કરો મહારાજ કે હું સેવક છું તાહરો ।
અહનિશ પ્રભુજીની ચાકરી રે, કરવી એહજ કાજકે,–હું૦ ॥૧॥
દુરલભ છે સંસારમાં રે, તુમ સરિખાનો સંગકે–હું ।
વળી તિમ દરિસણ દેખવું રે, તે આળસું આંગણે ગંગકે–હું૦ ॥૨॥
સમય છતાં નહીં સેવશેરે, તે મૂરખ શિરદાર કે,–હું૦।
સહી મનમેં પસતાયશેરે, સહશે દુઃખ અપાર કે–હું૦ ॥૩॥
સફળ થયો હવે માહરો રે, મનુષ્ય તણો અવતારકે–હું૦।
કલ્પતરૂ સમ તાહરો રે, પામ્યો છું દિદાર કે–હું૦ ॥૪॥
કરમ ભરમ દૂરે ટળ્યો રે, જબ તું મિળિયો જીનરાજ કે–હું૦ ।
અખયસૂરીશ કૃપા થકી રે, ખુશાલમુનિ સુખ થાય કે–હું૦ ॥૫॥

**कर्ता : पूज्य श्री खुशालमुनिजी महाराज**

श्री मुनिसुव्रत स्वामीजी रे,
महेर करो महाराज के हुं सेवक छुं ताहरो ।
अहनिश प्रभुजीनी चाकरी रे, करवी एहज काजके, –हुं० ॥१॥
दुरलभ छे संसारमां रे, तुम सरिखानो संगके–हु ।
| ૮. | નિરખી નિરખી સાહિબકી સૂરતિ | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૯. | વંદુ વીર જિનેસરરાયા | – | શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ |
| ૧૦. | સમવરણશ્રી વીર બિરાજે | – | શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ |
| ૧૧. | વધતી વેલી મહાવીરથી | – | શ્રી પૂજ્ય જીવણવિજયજી મહારાજ |
| ૧૨. | ત્રિશલા-નંદન વંદિયે રે | – | શ્રી પૂજ્ય દીપવિજયજી મહારાજ |

## ૨૪. શ્રી મહાવીર સ્વામી સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજ ।**

ગિરૂઆ રે [1]ગુણ તુમ-તણાં, શ્રી વર્ધમાન-જિનરાયા રે
સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મળ થાએ કાયા રે-ગિરૂઆ૦(૧)
તુમ ગુણ-ગણ ગંગા-જળે, હું ઝીલી [2]નિર્મળ થાઉં રે
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે-ગિરૂઆ૦(૨)
ઝીલ્યા જે ગંગા-જળે, તે છીલર[3] જળ નવિ પેસે રે
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે-ગિરૂઆ૦(૩)
એમ એમ તુમ ગુણ[4] ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યા રે
તે કેમ પરસુર આદરે જે, પરનારી-વશ રાચ્યા રે-ગિરૂઆ૦(૪)
તું ગતિ તું મતિ આશરો તું, આલંબન મુજ પ્યારો રે
વાચક યશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે-ગિરૂઆ૦(૫)

---

૧. શ્રેષ્ઠ ૨. ન્હાઈને ૩. છીછરા પાણીમા ૪. ગુણની ચર્ચાથી

**कर्ता : श्री पूज्य यशोविजयजी महाराज** 2

गिरूआ रे गुण तुम-तणां, श्री वर्धमान-जिनराया रे
सुणतां श्रवणे अमी झरे, माहरी निर्मळ थाए काया रे-गिरूआ०(१)
तुम गुण-गण गंगा-जळे, हुं झीली निर्मळ थाउं रे
अवर न धंधो आदरूं, निशदिन तोरा गुण गाउं रे-गिरूआ०(२)
झील्या जे गंगा-जळे, ते छीलर जळ नवि पेसे रे
जे मालती फूले मोहिया, ते बावळ जई नवि बेसे रे-गिरूआ०(३)
अेम अमे तुम गुण गोठशुं, रंगे राच्या ने वळी माच्या रे
ते केम परसुर आदरे जे, परनारी-वश राच्या रे-गिरूआ०(४)
तुं गति तुं मति आशरो तुं, आलंबन मुज प्यारो रे
वाचक यश कहे माहरे, तुं जीव-जीवन आधारो रे-गिरूआ(५)

**કર્તા : શ્રી પૂજ્ય ઉદયરત્નવિજયજી મહારાજ**

મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો, હું છું દુઃખીયો અપાર;
ભવોભવ ભટક્યો રે વેદના બહુ સહી, ચઉગતિ માં બહુવાર

મહાવીર.૧

જન્મમરણનું રે દુઃખ નિવારવા, આવ્યો આપ હજૂર;
સમ્યગ્દર્શન જો મુજને દિયો, તો લહુ સુખ ભરપુર.

મહાવીર. ૨

રખડી રઝડી રે પ્રભુજી હું આવીયો, સાચો જાણી તું એક;
મુજ પાપી ને રે પ્રભુ તુમે તારજો, તાર્યા જેન અનેક

મહાવીર. ૩

ના નહીં કહેજો રે મુજને સાહિબા, હું છું પામર રાંક;
આપ કૃપાળુ રે ખાસ દયા કરી; માફ કરો મુજ વાંક

મહાવીર. ૪

ભૂલ અંનતી રે વાર આવી હશે, માફ કરો મહારાજ;
શ્રી ઉદયરત્ન લળી લળી વિનવે, બાહ્ય ગ્રહો રાખી રાજ.

મહાવીર. ૫

**कर्ता : श्री पूज्य उदयरत्नजी महाराज** ५

महावीर स्वामी रे विनंती सांभळो, हुं छुं दुःखीयो अपार;
भवोभव भटक्यो रे वेदना बहु सही, चउगतिमां बहुवार

महावीर. १

जन्ममरणनुं रे दुःख निवारवा, आव्यो आप हजूर;
सम्यग् दर्शन जो मुजने दियो, तो लहु सुख भरपुर.

महावीर. २

रखडी रझडी रे प्रभुजी हुं आवीयो, साचो जाणी तुं एक;
मुज पापी ने रे प्रभु तमे तारजो, तार्या जेम अनेक

महावीर. ३

ना नहीं कहेजो रे मुजने साहिबा, हुं छुं पामर रांक;
आप कृपाळु रे खास दया करी; माफ करो मुज वांक.

महावीर. ४

भूल अंनती रे वार आवी हशे, माफ करो महाराज;
श्री उदयरत्न लळी लळी विनवे, बाह्य ग्रहो राखी लाज

महावीर. ५

**કર્તા શ્રી પૂજ્ય જ્ઞાનવિજયજી મહારાજ**

વીરજી સુણો એક વિનંતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે;
વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારો ને.
પરિભ્રમણ મેં અનેતા રે કીધાં, હજુએ ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિધ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ પામ્યા રે, વીર...૧
તમે અમે વારઅનંતી વેળા, રમીઆ સંસારીપણે રે;
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો હમને તુમ સમ કરો રે, વીર...૨
તુમ સમ હમને યોગ્ય ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે;
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે, વીર...૩
ઈંદ્રજાળીયો કહેતો રે આવ્યો, ગણધર પદ તેહને દીયો રે;
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જિન તમે ઉધ્ધર્યો રે, વીર...૪
ચંદનબાળઆએ અડદના બાકુળા, પડિલાભ્યા તમને પ્રભુ રે;
તેહને સાહૂણી સાચી રે કીધી, શિવ વધુ સાથે ભેળવી રે, વીર...૫
ચરણે ચંડકૌશીયો ડસીયો, કલ્પ આઠમે તે ગયો રે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યો રે, વીર...૬
નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરીખા ગણો રે;
ભેદભાવ પ્રભુ ! દૂર કરી, મુજશું રમો એકમે કશું રે, વીર...૭
મોડા વહેલા તુમ હી જ તારક, હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાન તણાં ભવનાં પાપ મિટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે, વીર...૮

**कर्ता : श्री पूज्य ज्ञानविजयजी महाराज** • ६

वीरजी सुणो एक विनंती मोरी, वात विचारो तुमे घणी रे;
वीर मने तारो महावीर मने तारो, भवजल पार उतारो ने.
परिभ्रमण में अनंता रे कीधां, हजुए न आव्यो छेडलो रे;
तुमे तो थया प्रभु सिध्ध निरंजन, अमे तो अनंता भव पाम्या रे, वीर...१
तमे अमे वार अनंती वेळा, रमीआ संसारी पणे रे;
तेह प्रीत जो पूरण पाळो, तो हमने तुम सम करो रे, वीर...२
तुम सम हमने योग्य न जाणो, तो कांई थोडुं दीजीए रे;
भवोभव तुम चरणोनी सेवा, पामी अमे घणुं रीझीए रे, वीर...३
ईंद्रजाळीयो कहेतो रे आव्यो, गणधर पद तेहने दीयो रे;
अर्जुनमाळी जे घोर पापी, तेहने जिन तमे उध्धर्यो रे, वीर...४
चंदनबाळाए अडदना बाकुळा, पडिलाभ्या तमने प्रभु रे;
तेहने साहूणई साची रे कीधी, शिव वधु साथे भळवी रे, वीर...५
चरणे चंडोकौशीयो डसीयो, कल्प आठमे ते गयो रे;
गुण तो तमारा प्रभु मुखथी सुणीने, आवी तुम सन्मुख रह्यो रे, वीर...६
निरंजन प्रभु नाम धरावो, तो सहुने सरीखा गणो रे;
भेदभाव प्रभु ! दूर करी, मुजशुं रमो एकमेकशुं रे, वीर...७
मोडा वहेला तुम ही ज तारक, हवे विलंब शा कारणे रे;
ज्ञान तणां भवनां पाप मिटावो, वारी जाउं वीर तोरा वारणे रे, वीर...८

**કર્તા : પૂજ્ય શ્રી શુભવીરવિજયજી મહારાજ** 7

ચઉમાસી પારણું આવે, કરી વિનંતી નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવે રે,
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે......૧
ઉભી શેરીએ જળ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે, મહાવીર પ્રભુ......૨
અરિહાને દાન જ દીજે, દેતાં જે દેખીને રીઝે;
ષટ્‌માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે, મહાવીર પ્રભુ......૩
જિનવરની સન્મુખ જાઉં, મુજ મંદિરીયે પધરાવું;
પારણું ભલી ભાતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે, મહાવીર પ્રભુ......૪
પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડીને સન્મુખ રહીશું;
નમી વંદીને પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે, મહાવીર પ્રભુ......૫
દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજજનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે, મહાવીર પ્રભુ......૬
એમ જીરણ શેઠ વંદતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમા ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે, મહાવીર પ્રભુ......૭
કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદનીય સુખ પાવે, શુભ વીર વચન રસ ગાવે રે... મહાવીર પ્રભુ......૮

कर्ता : श्री पूज्य शुभवीरविजयजी महाराज

चउमासी पारणुं आवे, करी विनंती निज घर जावे;
प्रिया पुत्रने वात जणावे, पटकुल जरी पथरावे रे,
महावीर प्रभु घेर आवे, जीरण शेठजी भावना भावे रे.... १
उभी शेरीए जळ छंटकावे, जाई केतकी फूल बिछावे;
निज घर तोरण बंधावे, मेवा मिठाई थाळ भरावे रे, महावीर प्रभु..... २
अरिहाने दान ज दीजे, देतां जे देखीने रीझे;
षट्मासी रोग हरीजे, सीझे दायक भव त्रीजे रे, महावीर प्रभु..... ३
जिनवरनी सन्मुख जाउं, मुज मंदिरीये पधरावुं;
पारणुं भली भाते करावुं, जुगते जिनपूजा रचावुं रे, महावीर प्रभु..... ४
पछी प्रभुने वोळावा जईशुं, कर जोडीने सन्मुख रहीशुं;
नमी वंदीने पावन थईशुं, विरति अति रंगे वरशुं रे, महावीर प्रभु..... ५
दया दान क्षमा शील धरशुं, उपदेश सज्जनने करशुं;
सत्य ज्ञानदशा अनुसरशुं, अनुकंपा लक्षण वरशुं रे, महावीर प्रभु..... ६
एम जीरण शेठ वंदता, परिणामनी धारे चढंता;
श्रावकनी सीमा ठरंता, देवदुंदुभि नाद सुणंता रे, महावीर प्रभु..... ७
करी आयु पूरण शुभ भावे, सुरलोक अच्युते जावे;
शातावेदनीय सुख पावे, शुभ वीर वचन रस गावे रे... महावीर प्रभु..... ८

**કર્તા : પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજ**

આજ જિનરાજ મુજ કાજ સીધાં સવે, તું કૃપાકુંભ જો મુજ તુઠો,
કલ્પતરૂ કામઘટ કામધેનુ મળ્યો, અંગણે અમિય-રસ[૧] મેહ વઠો —આજ ૦(૧)
વીર તું કુંડપુર-નયર[૨] ભૂષણ હુઓ, રાય સિદ્ધાર્થી ત્રિશલા તનુજો[૩]
સિંહ લંછન કનક વર્ણ કર-સપ્ત-તનુ[૪], તુજ સમો જગતમાં કો ન દૂજો —આજ ૦(૨)
સિંહ પરે એકલો ધીર સંયમ ગ્રહેં, આયુ બોહોત્તર વરસ પૂર્ણ પાળી,
પુરી અપાપાયેં[૫] નિઃપાપ શિવવહુ વર્યો, તિહાંથકી પર્વ પ્રગટી દિવાળી —આજ૦(૩)
સહસ તુજ ચઉદ મુનિવર મહાસંયમી, સાહુણી સહસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી, સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે —આજ૦(૪)
તુજ વચન-રાગ[૬]-સુખ-સાગરે ઝીલતો, પીલતો મોહ-મિથ્યાત-વેલી;
આવીઓ ભાવિઓ ધરમ-હાથ હું હવેં, દીજીયેં પરમ-પદ હોઈ બેલી[૭] —આજ૦(૫)
સિંહ નિશિ-દીહ જો હૃદય-ગિરિ મુજ રમેં, તું સુગુણ[૮]-લીહ અ-વિચલ નિરીહો,
તો કુમત-રંગ[૯]-માતંગના યુથથી મુજ નહીં કોઈ લવ-લેશે[૧૦] બીહો[૧૧] —આજ૦(૬)
શરણ તુજ ચરણ[૧૨] મેં ચરણ[૧૩]-ગુણનિધિ ગ્રહ્યા, ભવ[૧૪]-તરણ-કરણ-દમ[૧૫] શરમ દાખો;
હાથ જોડી કહેં જશવિજય બુધ ઈશ્યું, દેવ ! નિજ ભુવનમાં દાસ રાખો —આજ૦(૭)

---

૧. અમૃતરસ ૨. ક્ષત્રિયકુંડ ૩. પુત્ર ૪. સાતહાથની કાયાવાળા ૫. પાવાપુરમાં ૬. આજ્ઞા ઉપરનો પ્રેમ
૭. આધાર ૮. સારા ગુણવાળા-શ્રેષ્ઠ ૯. અન્યમતોના ઉદ્ધત હાથીઓના ૧૦. જરાપણ
૧૧. ભય ૧૨. પગને ૧૩. ચારિત્રગુણના ભંડારરૂપ ૧૪. સંસારથી તારનાર ૧૫. ઈન્દ્રિયોને દમનાર

**कर्ता : पूज्य श्री यशोविजयजी महाराज** - १०

आज जिनराज मुज काज सीधां सवे, तुं कृपाकुंभ जो मुज तुठो,
कल्पतरू कामघट कामधेनु मळ्यो, अंगणे अमिय-रस मेह वूठो -आज०(१)
वीर तुं कुंडपुर-नयर भूषण हुओ, राय सिद्धार्थ त्रिशला तनुजो,
सिंह लंछन कनक वर्ण कर-सप्त-तनु, तुज समो जगतमां को न दूजो -आज०(२)
सिंह परे एकलो धीर संयम ग्रहें, आयु बोहोत्तर वरस पूर्ण पाळी,
पुरी अपापायें निःपाप शिववहु वर्यो, तिहांथकी पर्व प्रगटी दिवाळी -आज०(३)
सहस तुज चउद मुनिवर महासंयमी, साहुणी सहस छत्रीश राजे;
यक्ष मातंग सिद्धायिका वर सुरी, सकळ तुज भविकनी भीति भांजे -आज०(४)
तुज वचन-राग-सुख-सागरे झीलतो, पीलतो मोह-मिथ्यात-वेरी;
आवीओ भाविओ धरम-पथ हुं हवें, दीजीयें परम-पद होई बेली -आज०(५)
सिंह निशि-दीह जो हृदय-गिरि मुज रमें, तुं सुगुण-लीह अ-विचल निरीहो
तो कुमत-रंग-मातंगना युथथी मुज नहीं कोई लव-लेशे-बीहो -आज०(६)
शरण तुज चरण में चरण-गुणनिधि ग्रह्या, भव-तरण-करण-दम-शरम दाखो;
हाथ जोडी कहें जशविजयजी बुध ईश्युं, देव ! निज भुवनमां दास राखो -आज०(७)

---

**કર્તા : શ્રી પૂજ્ય લક્ષ્મીવિમલજી મહારાજ** 11

ત્રિશલાનંદન ચંદન, શીતલ, સરીસ સોહે શરીર;
ગુણ-મણિસાગર નાગર[૧] ગાવે, રાગ ધન્યાશ્રી ગંભીર રે;
પ્રભુ વીર જિનેસર પામ્યો૦ (૧)
શાસન-વાસિત-[૨] બોધ[૩] ભવિકને, તારે સયલ સંસાર,
પાવન[૪] ભાવના ભાવતી કીજે, અમો પણ આતમ સાર રે-પ્ર૦ (૨)
નાયક લાયક તુમ વિણ બીજો, નવી મળિયો આ કાળ;
તારક પારક[૫] ભવ-ભય કેરો, તું જગ દીનદયાળ રે-પ્ર૦ (૩)
અકલ અમાય અમલ પ્રભુ ! તાહરો, રૂપાતીત વિલાસ;
ધ્યાનવત લાવત અનુભવ-મંદિર, યોગીસર શુભ ભાસ રે-પ્રભ૦(૪)
વીર ધીર શાસનપતિ સાધો, ગાતાં કોડિ કલ્યાણ રે,
કીરતિવિમલ પ્રભુ પરમ સોભાગી, લક્ષ્મી વાણી પ્રમાણ રે,
પ્રભુ વીર-જિનેસર પામ્યો-પ્રભુ૦(૫)

**कर्ता : पूज्य श्री लक्ष्मीविमलजी महाराज** -12

त्रिशलानंदन चंदन शीतल, सरीस सोहे शरीर;
गुण-मणिसागर नागर गावे, राग धन्याश्री गंभीर रे;
प्रभु वीर जिनेसर पाम्यो० (१)
शासन-वासित- बोधे भविकने, तारे सयल संसार,
पावन भावना भावती कीजे, अमो पण आतम सार रे-प्र० (२)
नायक लायक तुम विण बीजो, नवी मळियो आ काळ;
तारक पारक भव-भय केरो, तुं जग दीनदयाळ रे-प्र० (३)
अकल अमाय अमल प्रभु ! ताहरो, रुपातीत विलास;
ध्यावत लावत अनुभव-मंदिर, योगीसर शुभ भास रे-प्रभु०(४)
वीर धीर शासनपति साधो, गातां कोडि कल्याण,
कीरतिविमल प्रभु परम सोभागी, लक्ष्मी वाणी प्रमाण रे,
प्रभु वीर-जिनेसर पाम्यो-प्रभु० (५)

---

૧. ઉત્તમ લોકો ૨. શાસનથી સંસ્કારિત ૩. જ્ઞાનથી ૪. પવિત્ર ૫. પાર કરનાર = દૂર કરનાર

**કર્તા : શ્રી પૂજ્ય ભાવવિજયજી મહારાજ** -૧૩

વર્ધમાન પ્રભુ વંદીયે, ચોવીશમો જિનરાજ-ભવિજન
ક્ષત્રિયકુંડે અવતાર્યો, આપે ત્રિભુવન-રાજ-ભવિ૦વર્ધ (૧)
વંશઈક્ષાગ-સરોવરે, જે પ્રભુ હંસ સમાન-ભવિ૦
કનક-કમળને જીપતો,[1] જેહ તણો તનુ[2]-વાન-ભવિ૦વર્ધ(૨)
સુત સિદ્ધારથ રાયનો, ત્રિશલા[3]જાત પ્રધાન-ભવિ૦
વરસ બહોતેર આઉખું, સાત હાથ તનુ માન-ભવિ-વર્ધ (૩)
વર્તમાન-શાસન તણો, નાયક અ-કળ અ-બીહ-ભવિ૦
લંછન-મિસિ સેવે સદા, જસ સત્વે જીત્યો સિંહ-ભવિ૦વર્ધ૦(૪)
માતંગ યક્ષ સિદ્ધાયિકા, નિતુ સેવે જસ પાય-ભવિ૦
મહાવીર-જિનરાયના, ભાવવિજય ગુણ ગાય-ભવિ૦વર્ધ૦(૫)

**कर्ता : पूज्य श्री भावविजयजी महाराज** -१५

वर्धमान प्रभु वंदीये, चोवीशमो जिनराज-भविजन
क्षत्रियकुंडे अवतर्यो, आपे त्रिभुवन-राज-भवि०वर्ध०(१)
वंशईक्षाग-सरोवरे, जे प्रभु हंस समान-भवि०
कनक-कमळने जीपतो, जेह तणो तनु-वान-भवि०वर्ध०(२)
सुत सिद्धारथ रायनो, त्रिशला जात प्रधान-भवि०
वरस बहोतेर आउखुं, सात हाथ तनु मान-भवि०वर्ध०(३)
वर्तमान-शासन तणो, नायक अ-कळ अ-बीह-भवि०
लंछन-सिसि सेवे सदा, जस सत्वे जीत्यो सिंह-भवि०वर्ध०(४)
मातंग यक्ष सिद्धायिका, नितु सेवे जस पाय-भवि०
महावीर-जिनरायना, भावविजय गुण गाय-भवि०वर्ध०(५)

---

૧. જીતનાર ૨. શરીરનો રંગ ૩. પુત્ર

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ** ૧૫

નિરખી નિરખી સાહિબકી સૂરતિ, લોચન કેરે લટકે હો રાજ ! પ્યારા લાગો૦
માને બાવાજીરી આણ-પ્યા૦ માને દાદાજીરી આણ-પ્યારા૦(૧)
તુમ બાની મોહે-અમીય સમાની, મન મોહ્યું મુખ મટકે હો રાજ -
-પ્યારા૦(૨)
મુજમન ભમરી પરિમલ[1] સમરી, ચરણકમલ જઈ અટકો હો રાજ !
-પ્યારા૦(૩)
સૂરતિ દીઠી મુજમન મીઠી, પર સુર કિમ નવિ ખટકે હો રાજ !
-પ્યારા૦(૪)
જૈન ઉવેખી ગુણના દ્વેષી, ત્યાંથી મુજ મન છટકે હો રાજ !
-પ્યારા૦(૫)
ત્રિશલાનંદન તુમ પય વંદન, શીતલતા હુઈ ઘટકે હો રાજ !
-પ્યારા૦(૬)
ઉત્તમ-શીશે ન્યાય જગીસેં, ગુણ ગાયા રંગરટકે[2] હો રોજ !
-પ્યારા૦(૭)

---

૧. સુગંધ ૨. અત્યંત ઉત્સાહથી

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज** ¹6

निरखी निरखी साहिबकी सूरति, लोचन केरे लटके हो राज ! प्यारा लागो०

माने बावाजीरी आण - प्या०माने दादाजीरी आण-प्यारा०(१)

तुम बानी मोहे-अमीय समानी, मन मोह्युं मुख मटके हो राज

-प्यारा०(२)

मुजमन भमरी परिमल समरी, चरणकमल जई अटके हो राज !

-प्यारा०(३)

सूरति दीठी मुजमन मीठी, पर सुर किम नवि खटके हो राज !

-प्यारा०(४)

जैन उवेखी गुणना द्वेषी, त्यांथी मुज मन छटके हो राज !

-प्यारा०(५)

त्रिशलानंदन तुम पय वंदन, शीतलता हुई घटके हो राज !

-प्यारा०(६)

उत्तम-शीशे न्याय जगीसें, गुण गाया रंगरटके हो राज !

-प्यारा०(७)

---

**કર્તા : શ્રી પૂજ્ય ન્યાયસાગરજી મહારાજ**

વંદુ વીર જિનેસરરાયા, વર્ધમાન સુખદાયાજી,
શાસનનાયક જેહ કહાયા, જગ જશવાદ સવાયાજી-વંદુ૦
હરિ લંછન કંચનવન કાયા, સિદ્ધરથનૃપ તાયાજી
સિદ્ધારથ થયા કર્મ ખપાયા, ત્રિશલારાણી માયાજી-વંદુ૦
દુર્ધર મોહ જોહ જિતીને, જ્યોતિમેં જ્યોતિ મિલાયાજી-વંદું૦
જસ શાસનથી ખટ દ્રવ્ય પાયા, સ્યાદ્‌વાદ સમજાયાજી
અભિનવ નંદનવનની છાયા, દર્શન જ્ઞાન ઉપાયાજી-વંદું૦
જાસ વજીર છે ગૌતમરાયા, લબ્ધિનિધાન મન ભાયાજી
ન્યાયસાગર પ્રભુના ગુણ ગાયા, સુજશ સુબોધ સવાયાજી-વંદુ૦

**कर्ता : श्री पूज्य न्यायसागरजी महाराज**

वंदुं वीर जिनेसरराया, वर्धमान सुखदायाजी,
शासननायक जेह कहाया, जग जशवाद सवायाजी-वंदुं०
हरि लंछन कंचनवन काया, सिद्धारथनृप तायाजी
सिद्धारथ थया कर्म खपाया, त्रिशलाराणी मायाजी-वंदु०
लघु वयथी जेणे मेरु चळाया, वीर वेताळ हरायाजी
दुर्धर मोह जोह जितीने, ज्योतिमें ज्योति मिलायाजी-वंदुं०
जस शासनथी खट द्रव्य पाया, स्याद्‌वाद समजायाजी
अभिनव नंदनवननी छाया, दर्शन ज्ञान उपायाजी-वंदुं०
जास वजीर छे गौतमराया, लब्धिनिधान मन भायाजी
न्यायसागर प्रभुना गुण गाया, सुजश सुबोध सवायाजी-वंदुं०

**કર્તા : શ્રી પૂજ્ય દાનવિમલજી મહારાજ** - 19

સમવરણશ્રી વીર બિરાજે, સરસ મધુર ધ્વનિ ગાજે રે
પૂરી પરષદ બાર મનોહર, છત્ર ગત્ર શિર છાજે રે- જિ૦(૧)
અષ્ટ મહાપ્રાતિહાર જ સુંદર, દીઠે દારિદ્ર ભાજે રે
લૂણ ઉતારતી ભમરીય ફરતી, ઇંદ્રાણી નાટક છાજે રે - જિ૦(૨)
જયકારી દુઃખ પાર ઉતારણ, માલિમ[1] ધર્મ જહાજે રે
મુક્તિ તણું બંદર આપવા, સેવક ગરીબ નિવાજે રે-જિ૦(૩)
ઈંદ્ર છડી લઈ દરબારે, ઊભા સેવા કાજે રે
પ્રભુ મુખ પંકજ નિરખી નિરખી, હરખિત હોવે બાજે રે - જિ૦(૪)
વિમલ સ્વરૂપી વિલસતી જેની કીર્તિ મીઠી આજે રે
દાન દીયો અક્ષય સુખ સઘળાં, દિનદિન અધિક દિવાજે રે - જિ૦(૫)

**कर्ता : श्री पूज्य दानविमलजी महाराज** 20

समवरण श्री वीर बिराजे, सरस मधुर ध्वनि गाजे रे
पूरी परषद बार मनोहर, छत्र गत्र शिर छाजे रे - जि०(१)
अष्ट महाप्रातिहार ज सुंदर, दीठे दारिद्र भाजे रे
लूण उतारती भमरीय फरती, ईंद्राणी नाटक छाजे रे - जि०(२)
जयकारी दुःख पार उतारण मालिम धर्म जहाजे रे
मुक्ति तणुं बंदर आपवा, सेवक गरीब निवाजे रे - जि०(३)
इंद्र छडी लई दरबारे, ऊभा दरबारे, ऊभा सेवा काजे रे
प्रभु मुख पंकज निरखी निरखी, हरखित होवे बाजे रे - जि०(४)
विमल स्वरुपी विलसती जेनी कीर्ति मीठी आजे रे
दान दीयो अक्षय सुख सघळां, दिनदिन अधिक दिवाजे रे - जि०(५)

---

૧. કેપ્ટન-ખલાસી.

**કર્તા : શ્રી પૂજ્ય જીવણવિજયજી મહારાજ** ૨।

[1]વધતી વેલી મહાવીરથી, માહરે હવે થઈ મંગલમાલ કે ।
દિન-દિન દોલત દીપતી, [2]અળગી ટળી હો બહુ આળ-જંજાળ કે
વીર-જિણંદ જગ વાલ હો ૦ ॥૧॥

તારક ત્રિશલા-નંદનો, મુજ મળિયો હો મોટે સૌભાગ્ય કે ।
[3]કોડી ગમે વિધિ કેળવી, તુજ સેવીશ હો [4]લાયક પાય[5] લાગ્ય કે
-વીર૦ ॥૨॥

તાહરે જે તેહ માહરે, હેજે કરી હો વર-વાંછિત એહ કે ।
દીજે દેવ ! દયા કરી, તુજ સંપત્તિ હો મુજ [6]વલ્લભ તેહ કે
-વીર૦॥૩॥

સૂતાં સાહેબ સાંભરે, બેઠાં પણ હો દિન મેં બહુ વાર કે ।
સેવકને ન વિસરજો, વિનતડી હો પ્રભુ ! એ અવધાર કે
-વીર૦ ॥૪॥

સિદ્ધારથ-સુત વિનવ્યો કર, જોડી હો મદ-મચ્છર છોડકે ।
કહે જીવણ કવિ જીવનો, તુજ તૂઠે હો સુખ-સંપત્તિ કોડ કે
-વીર૦ ॥૫॥

---

૧. ચઢતી કલાએ ૨. દૂર ૩. ઘણા ૪. શ્રેષ્ઠ ૫. ચરણોએ લાગીને ૬. પસંદ

कर्ता : श्री पूज्य जीवणविजयजी महाराज 22

वधती वेली महावीरथी, माहरे हवे थई मंगलमाल के ।
दिन-दिन दोलत दीपती, अळगी टळी हो बहु आळ-जंजाळ के
वीर-जिणंद जग वाल हो ० ॥१॥

तारक त्रिशला-नंदनो, मुज मळियो हो मोटे सौभाग्य के ।
कोडी गमे विधि केळवी, तुज सेवीश हो लायक पाय लाग्य के
-वीर० ॥२॥

ताहरे जे तेह माहरे, हेजे करी हो वर-वांछित एक के ।
दीजे देव ! दया करी, तुज संपत्ति हो मुज वल्लभ तेह के
-वीर० ॥३॥

सूतां साहेब सांभरे, बेठां पण हो दिन में बहु वार के ।
सेवकने न विसरजो, विनतडी हो प्रभु ! ए वधार के
-वीर० ॥४॥

सिद्धारथ-सुत-विनव्यो कर, जोडी हो मद-मच्छर छोडके ।
कहे जीवण कवि जीवनो तुज तूठे हो सुख-संपत्ति कोड के
-वीर० ॥५॥

**કર્તા : શ્રી પૂજ્ય દીપવિજયજી મહારાજ** ૨૩

ત્રિશલા-નંદન વંદિયે રે, સિદ્ધારથકુલ-ચંદ-સલુણે !
દશમા કલ્પ થકી ચવ્યો રે, નંદન નામે મુણિંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૧॥
ઉત્તરા ફાલ્ગુને જનમીયા રે, સેવે સુર-નર વૃંદ-સલુણે૦ ।
વૃશભ જોનિ સોહામણી રે, માનવ ગણ નિ-સપંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૨॥
કન્યા રાશિ લંછન હરી રે, હેમ-વરણ સુખકંદ-સલુણે૦ ।
બાર વરસ મન સંવરી રે, વિરમી કર્મના દંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૩॥
ઉદયો શાલિ-તરુ તલે રે, કેવલ જ્ઞાન દિણંદ-સલુણે૦
સુંદર-મુખ-વર-પદ્મથી રે, પ્રસર્યો ગુણ-મકરંદ સલુણે ! ત્રિશલા ॥૪॥
સાગર સમ ગંભીરતા રે, ધીરજેં મેરુ-ગિરિંદ-સલુણે૦ ।
સેવકને પ્રતિ પાલવા રે, સાચો સુ-રમા-કંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૫॥
દીપવિજય કવિ કૃષ્ણનો રે, કહે ટાલો ભવ-ફંદ-સલુણે૦ ।
તુમ પદ-પદ્મની ચાકરી રે, આપજ્યો વીર-જિણંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૬॥

**कर्ता : श्री पूज्य दीपविजयजी महाराज** २५

त्रिशला-नंदन वंदिये रे, सिद्धारथकुल-चंद-सलुणे !

दशमा कल्प थकी चव्यो रे, नंदन नामे मुणिंद-सलुणे ! त्रिशला ० ॥१॥

उत्तरा फाल्गुने जनमीया रे, सेवे सुर-नर वृंद-सलुणे० ।

वृषभ जोनि सोहामणि रे, मानव गण नि-सपंद-सलुणे ! त्रिशला ॥२॥

कन्या रशि लंछन हरी रे, हेम-वरण सुखकद-सलुणे० ।

बार वरस मन संवरी रे, विरमी कर्मना दंद - सलुणे ! त्रिशला ० ॥३॥

उदयो शालि-तरु तले रे केवल ज्ञान दिणंद-सलुणे० ।

सुंदर-मुख-वर-पद्मथी रे, प्रसर्यो गुण-मकरंद-सलुणे ! त्रिशला० ॥४॥

सागर सम गंभीरता रे, धीरजें मेरु-गिरिंद-सलुणे० ।

सेवकने प्रति पालवा रे, साचो सु-रमा-कंद-सलुणे ! त्रिशला० ॥५॥

दीपविजय कवि कृष्णनो रे, कहे टालो भव-फंद-सलुणे० ।

तुम पद-पद्मनी चाकरी रे, आपज्यो वीर-जिणंद-सलुणे ! त्रिशला० ॥६॥



# જિન તેરે ચરણકી શરણ ગ્રહું

## શ્રી સામાન્ય જિનસ્તવના...

સ્વર : શ્રી પાર્થિવ ગોહિલ સંગીત : શ્રી ગૌરાંગભાઈ વ્યાસ



# જિન તેરે ચરણકી શરણ ગ્રહું

## શ્રી સામાન્યજિન સ્તવના...

| | | | |
|---|---|---|---|
| ૧. | જિણંદા ! વો દિન ક્યું ન સંભારે ? | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |
| ૨. | જીવ જીવન પ્રભુ મ્હારા, અબોલડાં | – | શ્રી પૂજ્ય દીપવિજયજી મહારાજ |
| ૩. | આજ મહારા પ્રભુજી સ્હામું જુઓને | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |
| ૪. | મનમાં આવજો રે નાથ ! હું થયો | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |
| ૫. | કામ સુભટ ગયો હારી રે, થાસું કામ | – | શ્રી પૂજ્ય નયવિમલજી મહારાજ |
| ૬. | વિનતડી મનમોહન મારી સાંભળો | – | શ્રી પૂજ્ય ધર્મરત્નત્રણ મહારાજ |
| ૭. | સકલ સમતા સુરલતાનો, તુંહી | – | શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ |
| ૮. | આનંદકી ઘડી આઈ, સખીરી આજ | – | શ્રી પૂજ્ય વત્સલ પ્રભુજી મહારાજ |
| ૯. | ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી; | – | શ્રી પૂજ્ય માનજિનજી મહારાજ |
| ૧૦. | જિન તેરે ચરણકી શરણ ગ્રહું | – | શ્રી પૂજ્ય જશવિજયજી મહારાજ |

## ૨૫. શ્રી સામાન્ય જિન સ્તવના

**જિણંદા ! વો દિન ક્યું ન સંભારે – શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ ।**

જિણંદા ! વો દિન ક્યું ન સંભારે ?
સાહિબ ! તુમ્હ–અમ્હ સમય અનંતો,
એકઠા ઈણે સંસારે – જિણંદા...૦॥૧॥
આપ નજર–અમર હોઈ બેઠા, સેવક કરીય કિનારે,
મોટા જેહ કરે તે છાજે,
તિહાં કુણ તુમ્હને વારે ? – જિ.. ૦॥૨॥
ત્રિભુવન–ઠકુરાઈ અબ પાઈ, કહો ! તુમ્હ કો કુણ સારે ?
આપ ઉદાસ–ભાવમેં આયેં,
દાસકુ ક્યું ન સુધારે ? – જિ..૦॥૩॥
તુંહી તુંહી તુંહી તુંહી, તુંહી, જે ચિત્ત ધારે,
ચાહી હેતુ જે આપ સભાવે,
ભવ–જલ પાર ઉતારે–જિ...૦॥૪॥
જ્ઞાનવિમલ–ગુણ પરમાનંદે, સકલ સમીહિત સારે,
બાહ્ય–અભ્યંતર ઈતિ–ઉપદ્રવ,
અરિયણ દૂર નિવારે–જિ...૦॥૫॥

## जिणंदा ! वो दिन क्युं न संभारे - श्री पूज्य ज्ञानविमलजी महाराज ८

जिणंदा ! वो दिन क्युं न संभारे ?

साहिब ! तुम्ह-अम्ह समय अनंतो,

एक्ठा ईणे संसारे - जिणंदा..०॥१॥

आप अजर-अमर होई बेठा, सेवक करीय किनारे,

मोटा जेह करे ते छाजे,

तिहां कुण तुम्हने वारे ? जि...०॥२॥

त्रिभुवन-ठकुराई अब पाई, कहो ! तुम्ह को कुण सारे ?

आप उदास-भावमें आयें,

दासकुं क्युं न सुधारे ? - जि...०॥३॥

तुंही तुंही तुंही तुंही, तुंही, जे चित्त धारे

भव-जल पार उतारे-जि...०।।४॥

ज्ञानविमल-गुण परमानंदे, सकल समीहित सारे,

बाह्य-अभ्यंतर ईति-उपद्रव,

अरियण दूर निवारे-जि...०॥५॥

**જીવ જીવન પ્રભુ મ્હારા, અબોલડાં – શ્રી પૂજ્ય દીપવિજયજી મહારાજ** -3

જીવ જીવન પ્રભુ મ્હારા, અબોલડાં શાનાં લીધાં છે રાજ;
તમે અમારા અમે તમારા, વાસ નિગોદમાં રહેતા અબોલડાં ૧
કાલ અનંત સ્નેહી પ્યારા, કદીય ન અંતર કરતા;
બાદર સ્થાવરમાં બેહુ આપણ, કાલ અસંખ્ય નિગમતા. અબો ૨
વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા, વિસર્યા નવિ વિસરતા;
નરકસ્થાને રહ્યા બહુ સાથે, તિહાં પણ બેહુ દુઃખ સહતાં. અબો ૩
પરમા ધામી સનમુખ આપણ, ટગ ટગ નજરે જોતાં;
દેવના ભવમાં એક વિમાને, દેવનાં સુખ અનુભવતા. અબો ૪
એકણ પાસે દવશય્યામાં, થેઈ થેઈ નાટક સુણતાં;
તિહાં પણ તમે અને અમે બેઉ સાથે, જિન જન્મ મહોત્સવ કરતા. અબો ૫
તિર્યંચ ગતિમાં સુખદુઃખ અનુભવતા, તિંહા પણ સંગ ચલંતા;
એક દિન સમવસરણમાં આપણ, જિન ગુણ અમૃત પીતા. અબો ૬
એક દિન તમે અને અમે બેઉ સાથે, વેલડીએ વળગીને ફરતા;
એક દિન બાળપણમાં આપણે, ગેડી દડે નિત્ય રમતા. અબો. ૭
તમે અમે બેઉ સિદ્ધ સ્વરૂપી, એવી કથા નિત્ય કરતા;
એક કુલ ગોત્ર એક ઠેકાણે, એક જ થાળીમાં જમતાં અબો ૮
એક દિન હું ઠાકોર તમે ચાકર. સેવા માહરી કરતાં;
આજ તો આપ થયા જગ ઠાકોર, સિદ્ધિ વધુના પનોતા. અબો ૯
કાલ અનંતનો સ્નેહ વિસારી, કામ કીધાં મનગમતાં;
હવે અંતર કીમ કીધું પ્રભુજી, ચૌદ રાજ જઈ પહોંત્યા. અબો ૧૦
દીપવિજય કવિરાજ પ્રભુજી, જગતારણ જગ નેતા;
નિજ સેવકેને યશપદ દીજે, અનંત ગુણી ગુણવંતા. અબો ૧૧

**जीव जीवन प्रभु म्हारा, अबोलडां – श्री पूज्य दीपविजयजी महाराज** - ५

जीव जीवन प्रभु म्हारा, अबोलडां शानां लीधां छे राज;

तमे अमारा अमे तमारा, वास निगोदमां रहेता अबोलडां १

काल अनंत स्नेही प्यारा, कदीय न अंतर करता;

बादर स्थावरमां बेहु आपण, काल असंख्य निगमता. अबो २

विकलेन्द्रियमां काल संख्याता, विसर्या नवि विसरता;

नरकस्थाने रह्या बहु साथे, तिहां पण बेहु दुःख सहता. अबो ३

परमा धामी सनमुख आपण टग टग नजरे जोता;

देवना भवमां एक विमाने, देवनां सुख अनुभवता. अबो ४

एकण पासे देवश्य्यामां थेई थेई नाटक सुणतां;

तिहां पण तमे अने अमे बेउ साथे, जिन जन्म महोत्सव करता. अबो ५

तिर्यंच गतिमां सुखदुःख अनुभवता, तिहां पण संग चलंता;

एक दिन समवसरणमां आपण, जिन गुण अमृत पीता. अबो ६

एक दिन तमे अने अमे बेउ साथे, वेलडीए वळगीने फरता;

एक दिन बाळपणमां आपणे, गेडी दडे नित्य रमता. अबो ७

तमे अमे बेउ सिद्ध स्वरूपी, एवी कथा नित्य करता;

एक कुल गोत्र एक ठेकाणे, एक ज थाळीमां जमता. अबो ८

एक दिन हुं ठाकोर तमे चाकर, सेवा माहरी करता;

आज तो आप थया जग ठाकोर, सिद्धि वधुना पनोता. अबो ९

काल अनंतनो स्नेही विसारी, काम कीधां मनगमता;

हवे अंतर कीम कीधुं प्रभुजी, चौद राज जई पहोंत्या, अबो १०

दीपविजय कविराज प्रभुजी, जगतारण जग नेता;

निज सेवकेने यशपद दीजे, अनंत गुणी गुणवतां. अबो ११

---

**મનમાં આવજો રે નાથ ! હું થયો – શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ** 5

મનમાં આવજો રે નાથ ! હું થયો આજ સનાથ. મન૦

જય જિનેશ નિરંજણો, ભંજણો ભવદુઃખરાશ;
રંજણો સવિ ભવિચિત્તનો, મંજણો પાપનો પાશ. મન.૧

આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર;
ભવભ્રમ સવિ ભાજી ગયા, તુંહિ ચિદાનંદ સનૂર. મન.૨

વીતરાગભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહેજો એ ટેવ. મન.૩

યદ્યપિ તુમે અતુલબલી, યશવાદ એમ કહેવાય;
પણ કબજે આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય. મન.૪

મન મનાવ્યા વિણ માહરું, કેમ બંધનથી છુટાય ?
મનવાંછિત દેતાં થકા કાંઈ, પાલવડો ના ઝલાય. મન.૫

હઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ !
ઝાઝું કહાવે શું હોવે, ગિરૂઆ ગરીબ નિવાજ. મન.૬

જ્ઞાનવિમલ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તો અક્ષય સુખ લીલા દીયો, હોવે સુજસ જમાવ. મન.૭

**मनमां आवजो रे नाथ ! हुं थयो – श्री पूज्य ज्ञानविमलजी महाराज** ૯

मनमां आवजो रे नाथ ! हुं थयो आज सनाथ. मन ०

जय जिनेश निरंजणो, भंजणो भवदुःखराश;

रंजणो सवि भविचित्तनो, मंजणो पापनो पाश. मन. १

आदि ब्रह्म अनुपम तुं, अब्रह्म कीधां दूर;

भवभ्रम सवि भाजी गया, तुंहि चिदानंद सनूर. मन. २

वीतरागभाव न आवही, जिहां लगी मुजने देव;

तिहां लगे तुम पद कमलनी, सेवना रहेजो ए टेव. मन. ३

यद्यपि तुमे अतुलबली, यशवाद एम कहेवाय;

पण कबजे आव्य मुज मने, ते सहजथी न जवाय. मन. ४

मन मनाव्या विण माहरुं, केम बंधनथी छुटाय ?

मनवांछित देतां थका कांई, पालवडो ना झलाय. मन. ५

हठ बालनो होय आकरो, ते लहो छो जिनराज !

झाझुं कहावे शुं होवे, गिरुआ गरीब निवाज. मन. ६

ज्ञानविमल गुणथी लहो, सवि भविक मनना भाव;

तो अक्षय सुख लीला दीयो, जिम होवे सुजस जमाव. मन. ७

**આજ મ્હારા પ્રભુજી સ્હામું જુઓને – શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ** - 7

આજ મ્હારા પ્રભુજી સ્હામું જુઓને સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાલ મનાવો. મોરા સાંઈ રે.
આજ૦૧

પતિત પાવન શરણાગત વચ્છલ, એ જશ જગમાં ચાવો રે;
મન મનાવ્યા વિણ નવિ મૂકું, એહિજ માહરો દાવો. મો.
આજ૦૨

કબજે આવ્યા સ્વામી હવે નહિ છોડું, જિહાં લગે તુમ સમ થાવો રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તેહી જ દાવ બતાવો. મો.
આજ૦૩

મહા ગોપ ને મહાનિર્યામક, એવા એવા બિરૂદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, ઘણું ઘણું શું કહેવરાવો. મો.
આજ૦૪

જ્ઞાનવિમલ ગુરૂનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ અભેદપણે અવલંબી, અહનિશ એહિ દિલ ધ્યાવો. મો.
આજ૦૫

**आज महारा प्रभुजी म्हामुं जुओने – श्री पूज्य ज्ञानविमलजी महाराज** ४

आज महारा प्रभुजी म्हामुं जुओने, सेवक कहीने बोलावो रे;
एटले हुं मनगमतुं पाम्यो, रूठडां बाल मनावो. मोरा सांईरे.

आज० १

पतित पावन शरणागत वच्छल, ए जश जगमां चावो रे;
मन मनाव्या विण नवि मूकुं, एहिज माहरो दावो. मो.

आज० २

कबजे आव्या स्वामी हवे नहि छोडुं, जिहां लगे तुम सम थावो रे;
जो तुम ध्यान विना शिव लहीए, तेही ज दाव बतावो. मो.

आज० ३

महा गोप ने महानिर्यामिक, एवा एवा बिरुद धरावो रे;
तो शुं आश्रितने उद्धरतां, घणुं घणुं शुं कहेवरावो. मो.

आज० ४

ज्ञानविमल गुरूनो निधि महिमा, मंगल एहि वधावो रे;
अचल अभेदपणे अवलंबी, अहनिश एहि दिल ध्यावो मो.

आज० ५

**કામ સુભટ ગયો હારી રે, થાસું કામ–શ્રી પૂજ્ય નયવિમલજી મહારાજ**

કામ સુભટ ગયો હારી રે, થાસું કામ સુભટ ગયો હારી;
રતિપતિ આણ વહે સૌ સુરનર, હરિહર બ્રહ્મ મુરારિ, થાસું૦૧
ગોપીનાથ વિગોપિત કીનો, હર અર્ધાંગત નારી રે. થાંસુ૦૨
તેહ અનંગ કીયો ચકચૂરણ, એ અતિશય તુજ ભારી રે, થાસું૦૩
તે સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી રે, થાસું૦૪
તે વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તબ પીવત સવિ વારિ રે, થાસું૦૫
એણી પરે તે દહવટ અતિ કીનો, વિષય અરતિ રતિ વારીરે. થાસું૦૬
નયવિમલ પ્રભુ તુંહી નિરાગી, મોટા મહાબ્રહ્મચારી રે. થાસું૦૭

**काम सुभट गयो हारी रे, थासुं काम – श्री पूज्य नयविमलजी महाराज**

काम सुभट गयो हारी रे, थासुं काम सुभट गयो हारी;
रतिपति आण वहे सौ सुरनर, हरिहर ब्रह्म मुरारि, थासुं०१
गोपीनाथ विगोपित कीनो, हर अर्धांगत नारी रे, थासुं०२
तेह अनंग कीयो चकचूरण, ए अतिशय तुज भारी रे, थांसु०३
ते साचुं जिम नीर प्रभावे, अग्नि होत सवि छारी रे. थासुं०४
ते वडवानल प्रबल जब प्रगटे, तब पीवत सवि वारि रे. थासुं०५
एणी परे ते दहवट अति कीनो, विषय अरति रति वारीरे. थासुं०६
नयविमल प्रभु तुंही निरागी, मोटा महाब्रह्मचारी रे. थासुं०७

**વિનતડી મનમોહન મારી સાંભળો–શ્રી પૂજ્ય ધર્મરત્નત્રણ મહારાજ ''**

વિનતડી મનમોહન મારી સાંભળો, હુંછુંપામર પ્રાણી નીપટ અબુઝજો;
લાંબું ટુંકું હું કાંઈ જાણું નહિ, ત્રિભુવનનાયક તાહરા ઘરનું ગુજ્જ જો. વિનતડી.૧
પેલા છેલ્લા ગુણઠાણાનો આંતરો, તુજ મુજ માંહે આબેહુબ દેખાયજો;
અંતર મેરૂ સરસવ બિંદુ સિંધુનો, શી રીતે હવે ઉભય સંઘ સંધાય જો. વિનતડી.૨
દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યા, ભાવ દિશા પણ દૂરે કીધ અઢાર જો;
સઘળા દુર્ગુણ પ્રભુજી મેં અંગીકર્યા, શી રીતે હવે થાઉં એકાકાર જો. વિનતડી.૩
ત્રાસ વિના પણ આણામાને તાહરી, જડ ચેતન જે લોકાલોક મંડાણ જો;
હું અપરાધી તુજ આણામાનું નહિ, કહો સ્વામી કિમ હું પામું પદ નિર્વાણજો વિનતડી.૪
અંતરની મુખની વાતો વિસ્તારી કરૂં પણ ભીતરમાં કોરો આપો આપજો;
ભાવ વિનાની ભકિત લુખીનાથજી, આશીષ આપો કાપો સઘળાં પાપ જો; વિનતડી.૫
યાદશ આણા સૂક્ષ્મતરપ્રભુ તાહરી તાદ્દશ રૂપેમુજથી કદીયે ન પળાય જો;
વાત વિચારી મનમાં ચિંતા મોટકી, કોઈ બતાવો સ્વામી સરળ ઉપાય જો. વિનતડી.૬
અતિશયધારી ઉપકારી પ્રભુ તું મલ્યો, મુજ મન માંહે પૂરો છે વિશ્વાસ જો;
ધર્મરત્નત્રણ નિર્મળ રત્ન આપજો, કરજો આતમ પરમાતમ પ્રકાશ જો. વિનતડી.૭

----------------------------------------------------------------

**विनतडी मनमोहन मारी सांभळो - श्री पूज्य धर्मरत्नत्रण महाराज** 12

विनतडी मनमोहन मारी सांभळो, हुं छुं पामर प्राणी नीपट अबुंझजो;
लांबुं टूंकुं हुं कांई जाणुं नहि, त्रिभुवननायक ताहरा घरनुं गुज्ज जो. विनतडी.१
पेला छेल्ला गुणठाणानो आंतरो, तुज मुज मांहे आबेहूब देखायजो;
अंतर मेरु सरसव बिंदु सिंधुनो, शी रीते हवे उभय संघ संधाय जो. विनतडी.२
दोष अढारे पाप अढारे तें तज्या, भाव दिशा पण दूरे कीध अढार जो;
सघळा दुर्गुण प्रभुजी प्रभुजी में अंगीकर्या, शी रीते हवे थाउं एकाकार जो. विनतडी.३
त्रास विना पण आणामाने ताहरी, जड चेतन जो लोकालोक मंडाण जो;
हुं अपराधी तुज आणामानुं नहि, कहो स्वामी किम हुं पामुंपदनिर्वाण जो विनतडी.४
अंतर मुखनी वातो विस्तारी करू. पण भीतरमां कोरो आपो आप जो;
भाव विनानी भक्ति लुखीनाथजी, आशीष आपो कापो सघळांपाप जो. विनतडी.५
यादश आणा सूक्ष्मतरप्रभु ताहरी तादृश रूपेमुजथी कदीये न पळाय जो;
वात विचारी मनमां चिंता मोटकी, कोई बतावो स्वामीसरळ उपाय जो. विनतडी.६
अतिशयधारी उपकारी प्रभु तुं मल्यो, मुज मन मांहे पूरो छे विश्वास जो;
धर्मरत्नत्रण निर्णळ रत्न आपजो, करजो आतम परमातम प्रकाश जो. विनतडी.७

**સકલ સમતા સુરલતાનો, તુંહી – શ્રી પૂજ્ય જ્ઞાનવિમલજી મહારાજ** 13

સકલ સમતા સુરલતાનો, તુંહી અનોપમ કંદ રે;
તુંહી કૃપારસ કનકકુંભો, તુંહી જિણંદ મુણિંદ રે...(૧)
પ્રભુ તુંહી તુંહી તુંહી તુંહી યુંહી ધરતા ધ્યાન રે;
તુજ સ્વરૂપી જે થયા તેણે, લહ્યું તાહરું તાન રે. પ્રભુ.૨
તુંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહિ અચરીજ ઠામ રે. પ્રભુ.૩
જન્મ પાવન આજ મારો, નીરખીઓ તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજુર રે. પ્રભુ.૪
એહ માહરો અખય આત્તમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશ રે ? પ્રભુ.૫
એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસ રે;
એમ કહી તુંજ સહજ મીલત, હોય જ્ઞાનપ્રકાશ રે. પ્રભુ.૬
ધ્યાન ધ્યાતા ધ્યેય, એકીભાવ હોયે એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક–ભાવ હોયે ક્ષેમ રે. પ્રભુ.૭
એક સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
જ્ઞાનવિમલ સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવ રે. પ્રભુ.૮

**सकल समता सुरलतानो, तुंही - श्री पूज्य ज्ञानविमलजी महाराज** -14

सकल समता सुरलतानो, तुंही अनोपम कंद रे;
तुंही कृपारस कनककुंभो, तुंही जिणंद मुणिंद रे...(१)
प्रभु तुंही तुंही तुंही तुंही युंही धरता ध्यान रे;
तुज स्वरुपी जे थया तेणे, लह्युं ताहरुं तान रे. प्रभु.२
तुंही अलगो भव थकी पण, भविक ताहरे नाम रे;
पार भवनो तेह पामे, एहि अचरीज ठाम रे. प्रभु.३
जन्म पावन आज मारो, नीरखीओ तुज नूर रे;
भवोभव अनुमोदना जे, हुओ आप हजुर रे. प्रभु.४
एह माहरो अखय आत्तम, असंख्यात प्रदेश रे;
ताहरा गुण छे अनंता, किम करुं तास निवेश रे ? प्रभु.५
एक एक प्रदेश ताहरे, गुण अनंतनो वास रे;
एम कही तुंज सहज मीलत, होय ज्ञानप्रकाश रे. प्रभु.६
ध्यान ध्याता ध्येय, एकीभाव होये एम रे;
एम करतां सेव्य सेवक-भाव होये क्षेम रे.प्रभु.७
एक सेवा ताहरी जो, होय अचल स्वभाव रे;
ज्ञानविमल सूरींद प्रभुता, होय सुजस जमाव रे. प्रभु.८

## આનંદકી ઘડી આઈ, સખીરી આજ – શ્રી પૂજ્ય વત્સલ પ્રભુજી મહારાજ 15

આનંદકી ઘડી આઈ, સખીરી આજ આનંદકી ઘડી આઈ;
કરકે કૃપા પ્રભુ દરિસણ દીનો, ભવકી પીડ મીટાઈ,
મોહનિદ્રાસે જાગૃત કરકે, સત્યકી સાન સુણાઈ,
તન મન હર્ષ ન માઈ. સખીરી.૧

નિત્યાનિત્યકા તોડ બતાકર, મિથ્યાદષ્ટિ હરાઈ;
સમ્યગજ્ઞાનકી દિવ્યપ્રભાકો, અંતરમેં પ્રગટાઈ;
સાધ્યસાધન દિખલાઈ. સખીરી.૨

ત્યાગ વૈરાગ્ય સંયમકે યોગસે, નિઃસ્પૃહ ભાવ જગાઈ;
સર્વસંગ પરિત્યાગ કરાકર, અલખધૂન મચાઈ;
અપગત દુઃખ કહલાઈ. સખીરી.૩

અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ;
વેદ તીનોંકા ક્ષય કરાકર, ક્ષીણમોહી બનવાઈ;
જીવન-મુક્તિ દિલાઈ, સખીરી.૪

ભક્ત વત્સલ પ્રભુ કરૂણાસાગર, ચરણશરણ સુખદાઈ,
જશ કહે ધ્યાન પ્રભુ કા ધ્યાવત, અજરામર પદપાઈ,
દ્વંદ્વ સકલ મીટ જાઈ, સખીરી.૫

**आनंदकी घडी आई, सखीरी आज – श्री पूज्य वत्सल प्रभुजी महाराज** -16

आनंदकी घडी आई, सखीरी आज आनंदकी घडी आई;
करके कृपा प्रभु दरिसण दीनो, भवकी पीड मीटाई,
मोहनिद्रासे जागृत करके, सत्यकी सान सुणाई,
तन मन हर्ष न माई. सखीरी.१

नित्यानित्यका तोड बताकर, मिथ्यादृष्टि हराई;
सम्यगज्ञानकी दिव्यप्रभाको, अंतरमें प्रगटाई;
साध्यसाधन दिखलाई. सखीरी.२

त्याग वैराग्य संयमके योगसे, निःस्पृह भाव जगाई;
सर्वसंग परित्याग कराकर, अलखधून मचाई;
अपगत दुःख कहलाई. सखीरी.३

अपूर्वकरण गुणस्थानक सुखकर, श्रेणी क्षपक मंडवाई;
वेद तीनोंका क्षय कराकर, क्षीणमोही बनवाई;
जीवन-मुक्ति दिलाई, सखीरी.४

भक्त वत्सल प्रभु करुणासागर, चरणशरण सुखदाई,
जश कहे ध्यान प्रभुका ध्यावत, अजरामर पदपाई,
द्वंद्व सकल मीट जाई, सखीरी.५

**ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી; – શ્રી પૂજ્ય માનવિજયજી મહારાજ** ૧૭

ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી;
ક્રોધ લોભ મદ માન વિષયરસ છાંડત ગેલ ન મેરી... ક્યું૦
કર્મ નચાવત તિમહી નાચત, માયાવશ નટ ચેરી... ક્યું૦
દૃષ્ટિરાગ દ્રઢ બંધન બાંધ્યો, નિકસત ન લહી સેરી... ક્યું૦
કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી... ક્યું૦
કહત માનજિન ભાવભક્તિ બિનું, શિવગતિ હોત ન તેરી... ક્યું૦

**क्युं कर भक्ति करूं प्रभु तेरी; – श्री पूज्य मानविजयजी महाराज** १८

क्युं कर भक्ति करूं प्रभु तेरी;
क्रोध लोभ मद मान विषयरस, छांडत गेल न मेरी... क्युं०
कर्म नचावत तिमही नाचत, मायावश नट चेरी... क्युं०
दृष्टिराग द्रढ बंधन बांध्यो, निकसतन लही सेरी... क्युं०
करत प्रशंसा सब मिल अपनी, परनिंदा अधिकेरी... क्युं०
कहत मानजिन भावभक्ति बिनुं, शिवगति होत न तेरी... क्युं०

**જિન તેરે ચરણકી શરણ ગ્રહું – શ્રી પૂજ્ય જશવિજયજી મહારાજ** - 19

જિન તેરે ચરણકી શરણ ગ્રહું,
હૃદયકમલમેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું. જિન .૧
તુજ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નાહિ કબ હુ;
તેરે ગુનકી જપું જપમાલા, અહનિશિ પાપ દહું. જિન.૨
મેરે મનકી તુમ સબ જાનો, ક્યા મુખ બહોત કહું ?
કહે જશવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહુંજિન .૩

**जिन तेरे चरणकी शरण ग्रहुं – श्री पूज्य जशविजयजी महाराज** २०

जिन तेरे चरणकी शरण ग्रहुं,
हृदयकमलमें ध्यान धरत हुं, शिर तुज आण वहुं. जिन.१
तुज सम खोळ्यो देव खलकमें, पेख्यो नाहि कब हु;
तेरे गुनकी जपुं जपमाला, अहनिशि पाप दहुं. जिन.२
मेरे मनकी तुम सब जानो, क्या मुख बहोत कहुं ?
कहे जशविजय करो त्युं साहिब, ज्युं भवदुःख न लहुंजिन.३


શ્રી શત્રુંજયધણી વિનતિરૂપ સ્તવના
સ્વર સંગીત : દક્ષેશ શાહ / વિનોદ રાગી (આદિજીન વિનતિ)



## શ્રી શત્રુંજયધણી શ્રી રિસહેસર વિનંતિરૂપ સ્તવના

૧. આદિજિન વિનતિ (૫૭ ગાથા) – શ્રી પૂજ્ય વિનયવિજયજી મહારાજ

# ૨૬. શ્રી શત્રુંજયઘણી વિનતિરૂપ સ્તવના

**કર્તા : શ્રી પૂજ્ય વિનયવિજય મહારાજ**

પામી સુગુરૂ પસાય રે, શત્રુંજય ધણી, શ્રી રિસહેસર વિનવું એ. (૧.)
ત્રિભુવન નાયક દેવ રે, સેવક વિનતિ, આદીશ્વર અવધારીયે એ. (૨.)
શરણે આવ્યો સ્વામી રે, હું સંસારમાં વિરૂએ વેરીએ નડ્યો એ. (૩.)
તાર તાર મુજ તાત રે, વાત કિશી કહું; ભવભવ એ ભાવક તણી એ. (૪.)
જન્મ મરણ જંજાલરે, બાલ તરૂણપણું, વલીવલી જરા દહે ઘણું એ. (૫.)
કેમે ન આવ્યો પાર રે, સાર હવે સ્વામી, શ્યેં ન કરો એ માહરી એ. (૬.)
તાર્યા તુમે અનંત રે, સંત સુગુણ વલી, અપરાધી પણ ઉદ્ધર્યા એ. (૭.)
તો એક દીનદયાલ રે, બાલ દયામણો, હું શા માટે વીસર્યો એ. (૮.)
જે ગિરૂઆ ગુણવંત રે, તારો તેહને, તે માંહે અચરિજ કિશ્યું એ. (૯.)
જે મુજ સરિખો દીન રે, તેહને તારતાં, જગ વિસ્તરશે જશ ઘણો એ. (૧૦.)
આપદે પડિયો આજ રે, રાજ તુમારડે, ચરણે હું આવ્યો વહી રે. (૧૧.)
મુજ સરિખો કોઈ દીન રે, તુજ સરિખો પ્રભુ, જોતાં જગ લાભે નહીં એ. (૧૨.)
તોયે કરૂણાસિંધુ રે, બંધુ ભુવન તણાં, ન ઘટે તુમ ઉવેખવું એ. (૧૩.)
તારણહારો કોઈ રે, જો બીજો હુવે, તો તુમ્હને શાને કહું એ. (૧૪.)
તુંહિજ તારીશ નેટ રે, પહિલાને પછે, તો એવડી ગાઢિમ કીસી એ. (૧૫.)
આવી લાગ્યો પાય રે, તે કેમ છોડશે, મન મનાવ્યા વિણ હવે એ. (૧૬.)
સેવક કરે પોકાર રે, બાહિ જ રહ્યા જશે, તો સાહિબ શોભા કીસી એ. (૧૭.)
અતુલ બલી અરિહંત રે, જગને તારવા સમરથ છો સ્વામી તુમે એ. (૧૮.)
શું આવે છે જોર રે, મુજને તારતાં, કે ધન બેસે છે કિશ્યું એ. (૧૯.)
કહેશો તુમે જિણંદરે, ભક્તિ નથી તેહવી, તો તે ભક્તિમુજને દીયો એ. (૨૦.)
વલી કહેશોભગવંત રે, નહિ મુજ યોગ્યતા, હમણાં મુક્તિ જાવાતણીએ. (૨૧.)
યોગ્યતા તે પણ નાથ રે, તુમહીંજ આપશો, તો તે મુજને દીયો એ. (૨૨.)
વલી કહેશો જગદીશ રે, કર્મ ઘણાં તાહરે, તો તેહજ ટાલો પરાં એ. (૨૩.)
કર્મ અમારાં આજ રે, જગપતિ વારવા; વલી કોણ બીજો આવશે એ. (૨૪.)
વલી જાણો અરિહંત રે, એહને વિનતિ; કરતાં આવડતી નથી એ. (૨૫.)
તો તેહિજ મહારાજ રે, મુજને શીખવો; જેમ તે વિધિશું વિનવું એ. (૨૬.)
માય તાત વિણ કોણ રે; પ્રેમે શીખવે; બાલકને કહો બોલવું એ. (૨૭.)

જો મુજ જાણો દેહ રે, એહ અપાવનો; ખરડયો છે કલિ કાદવે એ. (૨૮.)
કેમ લેવું ઉત્સંગ રે, અંગભર્યું એહનું, વિષય કષાય અશુચિશું એ. (૨૯.)
તો મુજ કરો પવિત્ર રે, કહો કોણ પુત્રને, વિણ માવિત્ર પખાલશે એ. (૩૦.)
કૃપા કરી મુજ દેવ રે, ઈહાં લગે આણીયો, નરકનિગોદાદિક થકી એ. (૩૧.)
આવ્યા હવે હજુર રે, ઉભો થઈ રહ્યો; સામું શ્યે જુઓ નહીં એ. (૩૨.)
આડો માંડી આજ રે, બેઠો બારણે, માવિત્ર તુમે મનાવશો એ. (૩૩.)
તુમે છો દયાસમુદ્ર રે, તો મુજને દેખી, દયા નથી શ્યે આણતાં એ. (૩૪.)
ઉવેખશ્યો અરિહંત રે જો આણી વેલા, તો મહારી શી વલે થશે એ. (૩૫.)
ઊભાં છે અનેક રે, મોહાદિક વૈરી, છલ જુએ છે માહરાં એ. (૩૬.)
તેહને વારો વેગે રે, દેવ દયા કરી; વલી વલી શું વીનવું એ. (૩૭.)
મરૂદેવી નિજમાય રે, વેગે મોકલ્યાં, ગજ બેસારી મુક્તિમાં એ. (૩૮.)
ભરતેસર નિજ નંદરે; કીધો કેવલી; આરીસો અવલોક્તાં એ. (૩૯.)
અઠ્ઠાણું નિજ પુત્ર રે, પ્રતિબોધ્યાં પ્રેમે, ઝૂઝ કરતાં વારીયા એ. (૪૦.)
બાહુબલિને નેટ રે, નાણકેવલ તમે, સામી સાહમું મોકલ્યું એ. (૪૧.)
ઈત્યાદિક અવદાત રે, સઘળા તુમ તણાં, હું જાણું છું મૂલગા એ. (૪૨.)
મ્હારી વેળા આજ રે, મૌનધરી બેઠાં, ઉત્તર શેં આપો નહીં એ. (૪૩.)
વીતરાગ અરિહંત રે, સમતાસાગરૂં, માહારાં તાહરાં શાં કરો એ. (૪૪.)
એકવાર મહારાજ રે, મુજને સ્વમુખે, બોલાવો સેવક કહી એ. (૪૫.)
એટલે સિદ્ધાં કાજ રે. સઘલાં માહરાં, મનના મનોરથ સવિ ફલ્યાએ. (૪૬.)
ખમજો મુજ અપરાધ રે, આસંગો કરી, અસમંજસ જે વીનવ્યું એ. (૪૭.)
અવસર પામી આજ રે, જો નવિ વિનવું; તો પસ્તાવો મન રહે એ. (૪૮.)
ત્રિભુવન તારણહાર રે, પુણ્યે માહરાં, આવી એકાંતે મલ્યા એ. (૪૯.)
બાલક બોલે બોલ રે, જેહ વિગતપણે, માય તાતને તે રૂચે એ. (૫૦.)
નયણે નિરખ્યો નાથ રે, નીભિ નરિંદનો, નંદન નંદનવનજિસ્યો એ. (૫૧.)
મરૂદેવીઉરહંસ રે, વંશ ઈખ્ખાગનો, સોહાકરૂ સોહામણો એ. (૫૨.)
માય તાય પ્રભુ મિત્ર રે, બંધવ માહરો; જીવ જીવન તું વાલહો એ. (૫૩.)
અવર નકો આધાર રે, ઈણેં જગ તુજ વિના, ત્રાણશરણ તું ધણી એ. (૫૪.)
વલી વલીકરૂં પ્રણામરે, શરણે તુમતણે; પરમેશ્વર સન્મુખ જુઓ એ. (૫૫.)
ભવ ભવ તુમ પાય સેવ રે, સેવકને દેજો; હું માગું છું એટલું એ. (૫૬.)
શ્રીકીર્તિવિજયઉવજ્ઝાય રે, સેવક એણિપેરે, વિનયવિનયકરીવિનવેએ. (૫૭.)

---

**कर्ता : श्री पूज्य विनयविजय महाराज**

पामी सुगुरु पसाय रे, शत्रुंजय धणी, श्री रिसहेसर विनवुं ए. (१.)
त्रिभुवन नायक देव रे, सेवक विनति, आदीश्वर अवधारीये ए. (२.)
शरणे आव्यो स्वामी रे, हुं संसारमां विरुए वेरीए नड्यो ए. (३.)
तार तार मुज तात रे, वात कशु कहु; भवभव ए भावक तणी ए. (४.)
जन्म मरण जंजालरे, बाल तरुणपणुं, वलीवली जरा दहे घणुं ए. (५.)
केमे न आव्यो पार रे, सार हवे स्वामी, श्यें न करो ए माहरी ए. (६.)
तार्या तुमे अनंत रे, संत सुगुण वली, अपराधी पण उद्धर्या ए. (७.)
तो एक दीनदयाल रे, बाल दयामणो, हुं शा माटे वीसर्यो ए. (८.)
जे गिरूआ गुणवंत रे, तारो तेहने, ते मांहे अचरिज किश्युं ए. (९.)
जे मुज सरिखो दीन रे, तेहने तारतां, जग विस्तरशे जश घणो ए. (१०.)
आपदे पडियो आज रे, राज तुमारडे, चरणे हुं आव्यो वही रे. (११.)
मुज सरिखो कोईदीनरे, तुज सरिखो प्रभु, जोतां जग लाभे नहीं ए. (१२.)
तोये करूणासिंधु रे, बंधु भुवन तणां, न घटे तुम उवेखवुं ए. (१३.)
तारणहारो कोई रे, जो बीजो हुवे, तो तुम्हने शाने कहुं ए. (१४.)
तुंहिज तारीश नेट रे, पहिलाने पछे, तो एवडी गाढिम कीसी ए. (१५.)
आवी लाग्यो पाय रे, ते केम छोडशे, मन मनाव्या विण हवे ए. (१६.)
सेवक करे पोकार रे, बाहिर रह्या जशे, तो साहिब शोभा कीसी ए. (१७.)
अतुल बली अरिंहंत रे, जगने तारवा समरथ छो स्वामी तुमे ए. (१८.)
शुं आवे छे जोर रे, मुजने तारतां, के धन बेसे छे किश्युं ए. (१९.)
कहेशो तुमे जिणंदरे, भक्ति नथी तेहवी, तो ते भक्तिमुजने दीयो ए. (२०.)
वली हेशोभगवंतरे, नहि मुज योग्यता, हमणां मुक्ति जावातणी ए. (२१.)
योग्यता ते पण नाथ रे, तुमहींज आपशो, तो ते मुजने दीयो ए. (२२.)
वली कहेशो जगदीश रे, कर्म घणां ताहरे, तो तेहज टालो परां ए. (२३.)
कर्म अमारां आज रे, जगपति वारवा; वली कोण बीजो आवशे ए. (२४.)
वली जाणो अरिंहत रे, एहने विनति; करतां आवडती नथी ए. (२५.)
तो तेहिज महाराज रे, मुजने शीखवो; जेम ते विधिशुं विनवुं ए. (२६.)
माय तात विण कोण रे; प्रेमे शीखवे; बालकने कहो बोलवुं ए. (२७.)
जो मुज जाणो देह रे, एह अपावनो; खरड्यो छे कलि कादवे ए. (२८.)

केम लेवुं उत्संग रे, अंगभर्यु एहनुं, विषय कषाय अशुचिशुं ए. (२९.)
तो मुज करो पवित्र रे, कहो कोण पुत्रने, विण मावित्र पखालशे ए. (३०.)
कृपा करी मुज देव रे, इहां लगे आणीयो, नरकनिगोदादिक थकी ए. (३१.)
आव्या हवे हजुर रे, उभो थई रह्यो; सामुं श्ये जुओ नहीं ए. (३२.)
आडो मांडी आज रे, बेठो बारणे, मावित्र तुमे मनावशो ए. (३३.)
तुमे छो दयासमुद्र रे, तो मुजने देखी, दया नथी श्ये आणतां ए. (३४.)
उवेखश्यो अरिहंत रे जो आणी वेला, तो महारी शी वले थशे ए. (३५.)
ऊभां छे अनेक रे, मोहादिक वैरी, छल जुए छे माहरां ए. (३६.)
तेहने वारो वेगे रे, देव दया करी; वली वली शुं वीनवुं ए. (३७.)
मरूदेवी निजमाय रे, वेगे मोकल्यां, गज बेसारी मुक्तिमां ए. (३८.)
भरतेसर निज नंद रे; कीधो केवली; आरीसो अवलोकतां ए. (३९.)
अट्ठाणुं निज पुत्र रे, प्रतिबोध्यां प्रेमे, झूझ करतां वारीया ए. (४०.)
बाहुबलिने नेट रे, नाणकेवल तमे, सामी साहमुं मोकल्युं ए. (४१.)
इत्यादिक अवदात रे, सघळा तुम तणां, हुं जाणुं छुं मूलगा ए. (४२.)
म्हारी वेळा आज रे, मौनधरी बेठां, उत्तर शें आपो नहीं ए. (४३.)
वीतराग अरिंहत रे, समतासागरुं, माहारां ताहरां शां करो ए. (४४.)
एकवार महाराज रे, मुजने स्वमुखे, बोलावो सेवक कही ए. (४५.)
अेटले सिद्धां काज रे. सघलां माहरां, मनना मनोरथ सवि फल्याए. (४६.)
खमजो मुज अपराध रे, आसंगो करी, असमंजस जे वीनव्युं ए. (४७.)
अवसर पामी आज रे, जो नवि विनवुं; तो पस्तावो मन रहे ए. (४८.)
त्रिभुवन तारणहार रे, पुण्ये माहरां, आवी एकांते मल्या ए. (४९.)
बालक बोले बोल रे, जेह विगतपणे, माय तातने ते रूचे ए. (५०.)
नयणे निरख्यो नाथरे, नीभि नरिंदनो, नंदन नंदनवनजिस्यो ए. (५१.)
मरुदेवीउरहंस रे, वंश ईख्खागनो, सोहाकरू सोहामणो ए. (५२.)
माय ताय प्रभु मित्र रे, बंधव माहरो; जीव जीवन तुं वालहो ए. (५३.)
अवर नको आधार रे, इणें जग तुज विना, त्राणशरण तुंधणी ए. (५४.)
वली वलीकरुं प्रणाम रे, शरणे तुमतणे; परमेश्वर सन्मुख जुओ ए. (५५.)
भव भव तुम पाय सेव रे, सेवकने देजो; हुं मागुं छुं एटलुं ए. (५६.)
श्रीकीर्तिविजय उवजझाय रे, सेवक एणिपेरे, विनयविनयकरीविनवे ए. (५७.)

---

**અંતિમ ભાવના :**

આટલું તો આપજે ભગવાન મને છેલ્લી ઘડી, ના રહે માયા તણાં બંધન મને છેલ્લી ઘડી...૧
આ જિંદગી મોંઘી મળી પણ જીવનમાં જાગ્યો નહીં, જાગૃતપણે મનમાં રહે તારું સ્મરણ છેલ્લી ઘડી...૨
અંગો બધાં ઢીલાં પડે ને શ્વાસ છેલ્લો સંચરે, તું આપજે શાંતિભરી નિદ્રા મને છેલ્લી ઘડી...૩
અગણિત પાપો મેં કર્યા તન મન વચન યોગે કરી, હે ક્ષમાસિંધુ ! આપજે ક્ષમા મને છેલ્લી ઘડી...૪
જ્યારે મરણ શય્યા તળે મિંચાય છેલ્લી આંખડી, હે દયાસિંધુ ! આપજે દરશન મને છેલ્લી ઘડી...
હે દયાસિંધુ ! આપજે દરશન મને છેલ્લી ઘડી...૫

**अंतिम भावना :**

आटलुं तो आपजे भगवान मने छेल्ली घडी, ना रहे माया तणां बंधन मने छेल्ली घडी...१

आ जिंदगी मोंघी मळी पण जीवनमां जाग्यो नहीं, जागृतपणे मनमां रहे तारुं स्मरण छेल्ली घडी...२

अंगो बधां ढीलां पडे ने श्वास छेल्लो संचरे, तुं आपजे शांतिभरी निद्रा मने छेल्ली घडी...३

अगणित पापो में कर्या तन मन वचन योगे करी, हे क्षमासिंधु ! आपजे क्षमा मने छेल्ली घडी...४

ज्यारे मरण शय्या तळे मिंचाय छेल्ली आंखडी, हे दयासिंधु ! आपजे दरशन मने छेल्ली घडी...
हे दयासिंधु ! आपजे दरशन मने छेल्ली घडी...५



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝેં.
- અરહિંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- ''નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી'' આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞતા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર. ૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો, સમરો સૌ સંગાથ. ૨

જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિશંક. ૩

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર. ૪

નવ પદ એના નવનિધિ આપે, ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે. ૫

નોંધ :



Serving JinShasan
160516
gyanmandir@kobatirth.org

પ્રાપ્તિ સ્થાન : શ્રી હસમુખભાઈ ચુડગર
૨જો માળ, ચીનુભાઈ સેન્ટર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ